
શ્રમની ગાથા...સંઘર્ષની કહાની...સ્વાભિમાનની વાણી

ધાગાઓમાં વણાયેલું સ્વાભિમાન

બ્રિટિશ શાસન સામે ભારતીય વણકરોનો સંઘર્ષ

(એક શંશોધનાત્મક, ઐતિહાસીક અને દસ્તાવેજી અભ્યાસ)



કરઘા ની ટક-ટક થી સ્વાતંત્ર ની ચેતના સુધી

નાથુ સોસા

લેખક • શંશોધક • સામાજિકચિંતક

ધાગાઓમાં વણાયેલું સ્વાભિમાન

બ્રિટિશ શાસન સામે ભારતીય વણકરોનો સંઘર્ષ

(એક સંશોધનાત્મક, ઐતિહાસિક અને દસ્તાવેજી અભ્યાસ)

નાથુ સોસા

લેખક • સંશોધક • સામાજિકચિંતક

Dhagao ma Vanayelu Swabhiman

The Struggle of Indian Weavers against British Rule

An exploratory, historical and documentary study

લેખક	:	**નાથુ સોસા** લેખક • સંશોધક • સામાજિકચિંતક
મોબાઈલ નંબર	:	+91-98251-46448
વેબસાઈટ	:	www.nathusosa.com
ઈમેલ	:	nathusosa@gmail.com
યુટ્યુબ	:	@nathusosa9781
ફેસબુક	:	facebook.com/nathu.sosa.9
ટ્વિટર (એક્સ)	:	@nathusosa
ઈન્સ્ટાગ્રામ	:	nathu.sosa.9

પ્રથમ આવૃત્તિ	:	૨૦૨૬
ભાષા	:	ગુજરાતી
ISBN	:	978-93-486200-19
કિંમત	:	₹ ૨૫૦/-
પ્રકાશક	:	સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદ-૩૮૦૦૫૮
પ્રાપ્તિ સ્થાન	:	શ્રીમતી નીરુબેન નાથુ સોસા ૧, રઘુનંદન, ચિત્રકૂટ બંગ્લોઝ, સી.કે પાર્ક પાસે, હની પાર્ક રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મુદ્રણ સંસ્કાર	:	મુદ્રેશ પુરોહિત, **સૂર્યા ઑફસેટ,** આંબલી બોપલ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮ E-mail : mail@suryaoffset.com

સર્વાધિકાર સુરક્ષિત :

- આ પુસ્તકના કોઈપણ ભાગનું લેખિત પરવાનગી વિના પુનમુર્દ્રણ, નકલ, સંગ્રહ, અનુવાદ અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક કે યાંત્રિક માધ્યમ દ્વારા પ્રસારણ કરવું કાયદેસર ગુનો ગણાશે.
- આ પુસ્તકમાં વ્યક્ત કરાયેલા વિચારો, અભિપ્રાયો અને તારણો માટે લેખક સંપૂર્ણપણે જવાબદાર છે. પ્રકાશક અથવા મુદ્રક તેના માટે જવાબદાર રહેશે નહીં.

અર્પણ

ભારતના તે તમામ જાણીતા અને અજાણ્યા વણકરોને,
જેમણે પોતાના શ્રમ, કૌશલ્ય અને સ્વાભિમાન દ્વારા ભારતીય સંસ્કૃતિને
સમૃદ્ધ બનાવી છે;
જેમણે કરઘાઓ પર માત્ર વસ્ત્રો જ નહીં, પરંતુ સંસ્કૃતિ, પરંપરા અને
આત્મનિર્ભરતાના સ્વપ્નો પણ વણ્યા છે;
જેમણે ગરીબી, શોષણ અને ઉપેક્ષા વચ્ચે પણ પોતાની કલાને જીવંત રાખી છે;
અને જેમના મૌન સંઘર્ષે સ્વદેશી ચેતના, ખાદી આંદોલન અને રાષ્ટ્રીય
પુનર્જાગરણને પ્રેરણા આપી છે,
તેવા ભારતના શ્રમજીવી વણકર સમાજને આ ગ્રંથ સવિનય અર્પણ કરું છું.

નાથુ સોસા

સમર્પણ

"કરઘાની ટક-ટકમાં મને ભારતની આત્માનો અવાજ સંભળાય છે."

આ ગ્રંથ સમર્પિત છે

મારા પૂજ્ય માતા-પિતા, પૂર્વજો અને પરિવારજનોને, જેમણે મને શ્રમનું ગૌરવ, સંસ્કૃતિનો આદર, માનવતા અને સમાજ પ્રત્યેની જવાબદારીના મૂલ્યો શીખવ્યા. તેમના સંસ્કારોએ જ મને મારા મૂળ સાથે જોડાયેલો રાખ્યો અને આ સંશોધનયાત્રા માટે પ્રેરણા આપી. ગુજરાતનાં ભાવનગર જિલ્લાના જૂના સાંગાણા, મહુવા, માંડવા, પાણીયાળી, બગદાણા, સેદરડા, ઠાડચ તથા ભારતના વિવિધ પ્રદેશોમાં વસતા તે તમામ વણકર પરિવારોને, જેમણે પોતાના જીવનના અનુભવો, સંઘર્ષો, સ્મૃતિઓ અને પરંપરાઓ મારી સાથે વહેંચીને આ ગ્રંથને માત્ર સંશોધન નહીં, પરંતુ જીવંત દસ્તાવેજ બનાવ્યો. વિશેષ કરીને તે વડીલો, કારીગરો, સમાજના આગેવાનો અને શ્રમજીવી પરિવારોને, જેમની વાતોમાં મને ઇતિહાસના વણલખાયેલા પાનાંઓ મળ્યા, જેમની સ્મૃતિઓમાં મેં એક સમગ્ર યુગને જીવંત અનુભવ્યો અને જેમના જીવનસંઘર્ષોએ આ પુસ્તકને હૃદયસ્પર્શી બનાવ્યું.

હું તે તમામ વિદ્વાનો, સંશોધકો, લેખકો અને ઇતિહાસકારો પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું, જેમના ગ્રંથો, દસ્તાવેજો, લોકસ્મૃતિઓ અને સંશોધનકાર્યોએ મને આ વિષયને વધુ ઊંડાણપૂર્વક સમજવાની દિશા આપી.

મારા મિત્રો, શુભેચ્છકો, સહયોગીઓ અને વાચકોનો પણ હું હૃદયપૂર્વક આભારી છું, જેમના સતત પ્રોત્સાહન અને વિશ્વાસ વિના આ કાર્ય શક્ય બન્યું ન હોત.

અંતે, આ ગ્રંથ હું ભારતના તમામ શ્રમજીવી સમાજોને સમર્પિત કરું છું.

તે ખેડૂતોને, જેમણે ધરતીને અન્ન આપ્યું;
તે કારીગરોને, જેમણે શ્રમને કળામાં રૂપાંતરિત કર્યો;

તે વણકરોને, જેમણે પોતાના ધાગાઓમાં સંસ્કૃતિ, સ્વાભિમાન અને સ્વદેશીની ચેતના વણી;

અને તે લાખો અજાણ્યા શ્રમિકોને, જેમના પરિશ્રમથી ભારતની આર્થિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક વારસા અને લોકશક્તિનું નિર્માણ થયું છે. આ ગ્રંથ તેમના શ્રમ, સંઘર્ષ, સર્જનશક્તિ અને સ્વાભિમાનને નમ્ર અભિવાદન છે.

ભારતના કરઘાઓએ માત્ર વસ્ત્રો નથી વણ્યાં;

તેમણે સંસ્કૃતિ વણી છે,

સ્વાભિમાન વણ્યો છે,

અને રાષ્ટ્રની આત્માને જીવંત રાખી છે.

જય ભીમ । જય ભારત । જય સંવિધાન ।

નાથુ સોસા
લેખક • સંશોધક • સામાજિકચિંતક

નિવેદન

"કરઘાની ટક-ટક માત્ર અવાજ નથી; તે ઈતિહાસની ધડકન છે."

"ધાગા માત્ર વસ્ત્રોને જોડતા નથી; તેઓ સંસ્કૃતિ, સ્મૃતિ અને સ્વાભિમાનને પણ વણી રાખે છે."

ભારતનો ઈતિહાસ માત્ર રાજાઓ, સામ્રાજ્યો, યુદ્ધો અને સત્તાના પરિવર્તનોનો ઈતિહાસ નથી. ભારતનો સાચો ઈતિહાસ તેના શ્રમજીવી સમાજના હાથોમાં લખાયેલો છે - તે હાથોમાં, જેમણે ધરતીને અન્ન આપ્યું, કારીગરીને કલા બનાવી, કરઘાઓને જીવન આપ્યું અને રાષ્ટ્રની સંસ્કૃતિને પેઢી દર પેઢી જીવંત રાખી.

આ ગ્રંથ "ધાગાઓમાં વણાયેલું સ્વાભિમાન : બ્રિટિશ શાસન સામે ભારતીય વણકરોનો સંઘર્ષ" લખવાનો મારો હેતુ માત્ર એક સમુદાયનો ઈતિહાસ લખવાનો નથી; પરંતુ ભારતીય ઈતિહાસના એવા અવગણાયેલા અને ઉપેક્ષિત અધ્યાયને પ્રકાશમાં લાવવાનો છે, જેને લાંબા સમય સુધી યોગ્ય સ્થાન મળ્યું નથી.

ભારતીય વણકરો માત્ર કપડાં બનાવનારા કારીગરો નહોતા. તેઓ ભારતની આર્થિક આત્મનિર્ભરતા, લોકસંસ્કૃતિ, સર્જનાત્મકતા અને સ્વાભિમાનના જીવંત આધારસ્તંભ હતા.

એક સમય એવો હતો જ્યારે ભારતના કરઘાઓમાંથી નીકળતા વસ્ત્રો વિશ્વના બજારોમાં ગૌરવ સાથે પહોંચતા હતા. બંગાળની મલમલ, ગુજરાતનું પટોળું, બનારસનું રેશમ, રાજસ્થાનની રંગકારી, કાશ્મીરની પશ્મીના અને ભારતના અનેક પ્રદેશોની વણાટ પરંપરાએ વિશ્વને ચકિત કર્યું હતું.

આ વસ્ત્રો માત્ર વેપારની વસ્તુઓ નહોતા.

તે ભારતીય કલા હતી.

તે ભારતીય સંસ્કૃતિ હતી.

તે ભારતીય કૌશલ્ય હતી.

અને તે ભારતના સ્વાભિમાનના જીવંત પ્રતીકો હતા.

પરંતુ બ્રિટિશ શાસનના આગમન સાથે આ ગૌરવશાળી પરંપરા પર એક સુનિયોજિત પ્રહાર શરૂ થયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વેપારી નીતિઓ, દદની પ્રથા, ગોમાસ્તા તંત્ર, બળજબરીના કરારો, અસમાન વેપાર વ્યવસ્થા અને મશીન નિર્મિત બ્રિટિશ કાપડના પ્રવાહે ભારતીય વણકરોની આર્થિક રીઢ તોડી નાખવાનો પ્રયાસ કર્યો.

જે હાથોએ વિશ્વને અદ્વિતીય વસ્ત્રો આપ્યાં હતા, તે જ હાથોને ગરીબી, કરજ, બેરોજગારી અને અપમાન તરફ ધકેલવામાં આવ્યા.

પણ ઇતિહાસનો સૌથી મહત્ત્વપૂર્ણ પાઠ એ છે કે,

"શોષણ ક્યારેય સર્જનાત્મકતાને સંપૂર્ણપણે પરાજિત કરી શકતું નથી."

ભારતીય વણકરોનો સંઘર્ષ માત્ર આર્થિક સંઘર્ષ નહોતો; તે અસ્તિત્વ, અસ્મિતા અને સ્વાભિમાન માટેની લડત હતી.

આ પુસ્તકમાં મેં વણકરોના ઇતિહાસને માત્ર આંકડાઓ અને દસ્તાવેજોની દૃષ્ટિએ નહીં, પરંતુ માનવીય પીડા, સાંસ્કૃતિક સ્મૃતિ, લોકપરંપરા અને શ્રમગૌરવની દૃષ્ટિએ સમજવાનો પ્રયાસ કર્યો છે.

વણકરોનો સંઘર્ષ ઘણીવાર તલવારોથી લડાયો નહોતો.

તે કરઘાની ટક-ટકમાં વ્યક્ત થયો હતો.

તે મૌન અસહકારમાં વ્યક્ત થયો હતો.

તે સ્વદેશી ચેતનામાં વ્યક્ત થયો હતો.

અને તે આત્મસન્માનની અડગ ભાવનામાં વ્યક્ત થયો હતો.

મહાત્મા ગાંધીજીએ જ્યારે ખાદી અને ચરખાને સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રતીક બનાવ્યું, ત્યારે તે માત્ર રાજકીય કૌશલ્ય નહોતું; તે ભારતના વણકર સમાજના શ્રમને રાષ્ટ્રીય સન્માન આપવાનો ઐતિહાસિક પ્રયાસ હતો.

ડૉ. ભીમરાવ આંબેડકરે શ્રમની ગરિમા, શ્રમિક અધિકારો અને સામાજિક ન્યાયની જે વિચારધારા આપી, તે વણકર સમાજના ઇતિહાસને સમજવા માટે અત્યંત પ્રાસંગિક છે. કોઈપણ સમાજ ત્યાં સુધી સાચી પ્રગતિ કરી શકતો નથી, જ્યાં સુધી તે પોતાના શ્રમિકો, કારીગરો અને ઉત્પાદનકર્તા વર્ગને યોગ્ય સન્માન ન આપે.

આ ગ્રંથ તૈયાર કરતી વખતે મેં માત્ર પુસ્તકો અને દસ્તાવેજોનો આધાર લીધો નથી. મેં ગામડાંઓની ધૂળમાં ચાલીને, વણકર પરિવારો સાથે સંવાદ કરીને, વડીલોની સ્મૃતિઓ સાંભળીને અને ક્ષેત્રિય અભ્યાસ દ્વારા આ ઇતિહાસને સમજવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાત, રાજસ્થાન, બંગાળ, મધ્યપ્રદેશ અને ભારતના વિવિધ પ્રદેશોમાં થયેલી મુલાકાતોએ મને સમજાવ્યું કે કરઘા માત્ર ઉત્પાદનનું સાધન નથી; તે એક જીવંત સંસ્કૃતિ છે.

આ પુસ્તક મારા માટે માત્ર સંશોધન નથી.

આ એક ઋણસ્વીકાર છે.

આ એક શ્રદ્ધાંજલિ છે.

આ લાખો જાણીતા અને અજાણ્યા વણકરોને સમર્પિત એક નમ્ર અર્પણ છે.

તેવા વણકરોને,

જેમણે ગરીબીમાં પણ કલાને જીવંત રાખી.

જેમણે શોષણ વચ્ચે પણ સ્વાભિમાન છોડ્યું નહીં.

જેમણે સંઘર્ષ વચ્ચે પણ સર્જન બંધ કર્યું નહીં.

અને જેમણે પોતાના ધાગાઓમાં ભારતની સંસ્કૃતિ, સ્વદેશી ભાવના અને રાષ્ટ્રીય ચેતનાને વણી રાખી.

હું માનું છું કે ભારતના ઈતિહાસને સમજવું હોય તો રાજમહેલો સાથે કરઘાઓને પણ સમજવા પડશે.

યુદ્ધભૂમિઓ સાથે કાર્યશાળાઓને પણ સમજવી પડશે.

રાજાઓ સાથે ખેડૂતો, કારીગરો અને વણકરોને પણ યાદ કરવા પડશે.

કારણ કે ભારતની આત્મા માત્ર સત્તાના કેન્દ્રોમાં વસતી નથી.

ભારતની આત્મા તેના શ્રમશીલ હાથોમાં વસે છે.

જો આ પુસ્તક વાંચ્યા પછી વાચકના મનમાં ભારતીય વણકર સમાજ પ્રત્યે સન્માન, સંવેદના અને ગૌરવની ભાવના જન્મે, જો નવી પેઢી પોતાના શ્રમશીલ પૂર્વજોના યોગદાનને સમજવા પ્રેરાય, અને જો સમાજમાં શ્રમ તથા શ્રમિકો પ્રત્યે વધુ માનવતાભર્યો દૃષ્ટિકોણ વિકસે, તો હું મારા આ પ્રયત્નને સાર્થક માનું છું.

અંતે માત્ર એટલું જ,
ભારતના કરઘાઓએ માત્ર વસ્ત્રો નથી વણ્યાં;
તેમણે સંસ્કૃતિ વણી છે,
સ્વાભિમાન વણ્યો છે,
સ્વદેશી વણી છે,
અને સ્વાતંત્ર્યની ચેતના વણી છે.
આ ગ્રંથ તે જ અમર ચેતનાને નમ્ર અર્પણ છે.
જય ભીમ । જય ભારત । જય સંવિધાન

નાથુ સોસા
લેખક • સંશોધક • સામાજિકચિંતક

અનુક્રમણિકા

૧. ભારતની પ્રાચીન વણાટ પરંપરા ૧

૨. બ્રિટિશ શાસન પૂર્વે ભારતીય વસ્ત્ર ઉદ્યોગની સ્વર્ણિમ પરંપરા ૫

૩. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું આગમન ૯

૪. ઔપનિવેશિક શોષણ અને ભારતીય વણકરો ૧૩

૫. બ્રિટિશ કાયદા અને ભારતીય વણકરોની પરાધીનતા ૧૯

૬. ઔદ્યોગિક ક્રાંતિ અને ભારતીય ઉદ્યોગનો વિનાશ ૨૩

૭. બંગાળના વણકરોની કરુણ ગાથા ૨૯

૮. વણકરોનો મૌન પ્રતિકાર ૩૫

૯. સ્વદેશી ચેતના અને વણકર સમાજ ૪૧

૧૦. કરઘાની ટક-ટકથી સ્વાતંત્ર્યની ચેતના સુધી ૪૭

૧૧. ભારતીય વણકરો અને ૧૮૫૭નો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ૫૧

૧૨. ઇતિહાસકારો અને વિચારકોની દૃષ્ટિએ ભારતીય વણકરો ૫૭

૧૩. આલૂદાઃ ખાદી અને રાષ્ટ્રધ્વજની ગૌરવગાથા ૬૫

૧૪. મહાત્મા ગાંધી અને ખાદી આંદોલન ૬૯

૧૫. ડૉ. ભીમરાવ આંબેડકર અને શ્રમની ગરિમા ૭૫

૧૬. સ્વતંત્ર ભારતમાં વણકર સમાજ ૮૧

૧૭. બદલાતા સમયમાં વણકર સમાજ ૮૯

૧૮. ગુજરાતના વણકરોનો ઇતિહાસ ૯૭


૧૯. રાજસ્થાનના કરઘાઓની જીવંત પરંપરા..... ૧૨૯

૨૦. જેબરોલના સંઘર્ષરત કરઘાઓની મૌન પુકાર ૧૪૫

૨૧. ભારતની સંસ્કૃતિના સૂત્રધારઃ વણકર સમાજ ૧૫૧

૨૨. વિશ્વાસની વારસાગાથા..... ૧૫૭

ધાગાઓમાં ગૂંથાયેલું ભારત ૧૬૨


1
ભારતની પ્રાચીન વણાટ પરંપરા
ભારતીય સંસ્કૃતિ, શ્રમ અને
આત્મનિર્ભરતાનો વૈભવી વારસો

૧. ભારતની પ્રાચીન વણાટ પરંપરા

ભારતીય સંસ્કૃતિ, શ્રમ અને આત્મનિર્ભરતાનો વૈભવી વારસો

ભારતનો ઇતિહાસ માત્ર રાજાઓ, સામ્રાજ્યો, યુદ્ધો અને રાજકીય ઘટનાઓનો ઇતિહાસ નથી. જો ભારતને સમજવાનો પ્રયત્ન માત્ર સિંહાસનો, વિજયો અને પરાજયોની કથાઓ સુધી મર્યાદિત રાખવામાં આવે, તો ભારતની વાસ્તવિક આત્માને ક્યારેય સમજી શકાશે નહીં. કોઈપણ રાષ્ટ્રની સાચી ઓળખ તેના શ્રમજીવી સમાજ, તેની સંસ્કૃતિ, તેની સર્જનાત્મકતા અને તેના જીવનમૂલ્યોમાં સમાયેલી હોય છે. ભારતની સભ્યતા અને સંસ્કૃતિનું ભવ્ય મકાન કરોડો ખેડૂતો, કારીગરો, મજૂરો અને વણકરોના પરિશ્રમના પાયા પર ઊભું થયું છે.

આ શ્રમશીલ સમાજે ક્યારેય પ્રસિદ્ધિની અપેક્ષા રાખી નથી. તેમણે કોઈ રાજમુકુટ પહેર્યા નથી, કોઈ સિંહાસન પર આરુઢ થયા નથી, પરંતુ તેમના પરિશ્રમે ભારતને સમૃદ્ધ, સાંસ્કૃતિક રીતે વૈભવી અને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવ્યું છે. ભારતીય વણકર સમાજ આ ગૌરવશાળી પરંપરાનો એક જીવંત અને અવિભાજ્ય ભાગ રહ્યો છે. જ્યારે વિશ્વના અનેક પ્રદેશો હજુ વિકાસના પ્રારંભિક તબક્કામાં હતા, ત્યારે ભારતના કરઘાઓમાંથી નીકળતા વસ્ત્રો વિશ્વના રાજદરબારો, વેપારી કેન્દ્રો અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પોતાની આગવી ઓળખ બનાવી ચૂક્યા હતા. ભારતીય કાપડ માત્ર વેપારની વસ્તુ નહોતું; તે ભારતીય કલા, સૌંદર્યબોધ, વૈજ્ઞાનિક સમજણ, તકનીકી કુશળતા અને સાંસ્કૃતિક વૈભવનું પ્રતીક હતું. ભારતના વિવિધ પ્રદેશોમાં વિકસેલી વણાટ પરંપરાઓ સ્થાનિક સંસ્કૃતિ, આબોહવા, ભૂગોળ અને જીવનશૈલી સાથે ગાઢ રીતે જોડાયેલી હતી. બંગાળની મલમલની નાજુકતા, ગુજરાતના પટોળાની ભવ્યતા, બનારસના રેશમની આભા, દક્ષિણ ભારતના સુતરાઉ વસ્ત્રોની ગુણવત્તા, રાજસ્થાનની રંગકલા અને કાશ્મીરની પશ્મીનાની નરમાઈ - આ બધું માત્ર કારીગરી નહોતું; તે ભારતની જીવંત સાંસ્કૃતિક અભિવ્યક્તિ હતી.

ભારતમાં વસ્ત્ર નિર્માણ અને વણાટની પરંપરા અત્યંત પ્રાચીન છે. સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી પ્રાપ્ત થયેલા પુરાતત્ત્વીય પુરાવાઓ દર્શાવે છે કે લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં પણ અહીં સૂત કાતવાની અને વસ્ત્ર બનાવવાની વિકસિત પરંપરા અસ્તિત્વમાં હતી. મોહેંજો-દડો અને હડપ્પામાંથી મળેલી તકલીઓ, સૂત કાતવાના સાધનો અને કપાસના અવશેષો એ વાતના સાક્ષી છે કે તે સમયના લોકો વસ્ત્ર નિર્માણની કલામાં નિપુણ હતા. વિશ્વના ઇતિહાસમાં કપાસના વ્યવસ્થિત ઉપયોગ અને તેની પ્રક્રિયાના પ્રારંભિક કેન્દ્રોમાં ભારતનું સ્થાન અગ્રણી રહ્યું છે. જ્યારે વિશ્વના અનેક પ્રદેશોમાં વસ્ત્ર નિર્માણ હજુ પ્રાથમિક અવસ્થામાં હતું, ત્યારે ભારતના શહેરોમાં સૂત કાતવાની, વસ્ત્ર બનાવવાની અને તેના વેપારની સુવ્યવસ્થિત પરંપરા વિકસી ચૂકી હતી.

વૈદિક સાહિત્યમાં પણ વણાટ અને વસ્ત્રોનો અનેક સ્થળે ઉલ્લેખ જોવા મળે છે. ઋગ્વેદ, અથર્વવેદ અને અન્ય વૈદિક ગ્રંથોમાં "તંતુ", "વાય" અને "વાયિત્રી" જેવા શબ્દો ધાગા અને વણકર માટે ઉપયોગમાં લેવાયા છે. ઋગ્વેદમાં તો જીવનની સરખામણી પણ વણાટની પ્રક્રિયા સાથે કરવામાં આવી છે. આ દર્શાવે છે કે તે સમયના સમાજમાં વણાટ માત્ર વ્યવસાય નહોતો, પરંતુ જીવન અને સંસ્કૃતિનો અભિન્ન ભાગ હતો. વસ્ત્રો માત્ર શરીર ઢાંકવાના સાધન નહોતા. તેઓ સામાજિક ઓળખ, સાંસ્કૃતિક પરંપરા અને ધાર્મિક જીવન સાથે જોડાયેલા હતા. પરિવારોમાં સ્ત્રીઓ સૂત કાતતી અને પુરુષો વણાટનું કાર્ય કરતા. આ રીતે વણાટ એક પારિવારિક, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિ તરીકે વિકસ્યો.

મૌર્યકાળ દરમિયાન વસ્ત્ર ઉદ્યોગ વધુ સંગઠિત સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. કૌટિલ્યના પ્રસિદ્ધ ગ્રંથ અર્થશાસ્ત્રમાં વસ્ત્ર નિર્માણ, કારીગરોની ભૂમિકા, ઉત્પાદન વ્યવસ્થા અને વેપાર સંબંધિત વિગતવાર માહિતી મળે છે. કૌટિલ્યએ સ્પષ્ટપણે સ્વીકાર્યું હતું કે કારીગરો અને શિલ્પીઓ રાજ્યની આર્થિક સમૃદ્ધિના મુખ્ય આધારસ્તંભ છે. વસ્ત્ર ઉદ્યોગને તે સમયના રાજ્ય માટે આવક અને વેપારનું મહત્ત્વપૂર્ણ સાધન માનવામાં આવતું હતું. વિવિધ પ્રકારના વસ્ત્રો, તેમની ગુણવત્તા,

ઉત્પાદન અને વેપાર અંગેના નિયમો દર્શાવે છે કે પ્રાચીન ભારતમાં વસ્ત્ર ઉદ્યોગ માત્ર સ્થાનિક જરૂરિયાતો પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ તે એક સુવ્યવસ્થિત આર્થિક પ્રવૃત્તિ તરીકે વિકસ્યો હતો. ભારતીય વસ્ત્રોની ખ્યાતિ માત્ર દેશની અંદર જ મર્યાદિત રહી નહોતી. પ્રાચીન કાળથી જ ભારતના કાપડની માંગ આંતરરાષ્ટ્રીય બજારોમાં હતી. ભારતના સમુદ્રી અને સ્થલમાર્ગીય વેપાર માર્ગોએ ભારતીય વસ્ત્રોને અરબ, મિસર, રોમ, ફારસ, દક્ષિણ-પૂર્વ એશિયા અને આફ્રિકા સુધી પહોંચાડ્યા હતા.

રોમન ઇતિહાસકારો અને પ્રવાસીઓએ ભારતીય કાપડની ગુણવત્તાની પ્રશંસા કરી છે. રોમન સામ્રાજ્યમાં ભારતીય સુતરાઉ વસ્ત્રો અત્યંત લોકપ્રિય હતા. ગુજરાતના બંદરો, દક્ષિણ ભારતના સમુદ્રી વેપાર કેન્દ્રો અને ઉત્તર ભારતના વેપારી માર્ગોએ ભારતીય કાપડને વૈશ્વિક ઓળખ અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતીય વણકરો દ્વારા બનાવવામાં આવતા વસ્ત્રો તેમની ઉત્તમ ગુણવત્તા, રંગોની ટકાઉતા, કલાત્મક ડિઝાઇન અને લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતાને કારણે વિશેષ લોકપ્રિય હતા. આ કારણે ભારત માત્ર એક ઉત્પાદન કેન્દ્ર નહોતું, પરંતુ વિશ્વના અગ્રણી વસ્ત્ર નિકાસકાર દેશોમાં સ્થાન પામ્યું હતું.

ભારતીય વણકરો માત્ર કાપડ બનાવતા કારીગરો નહોતા. તેઓ સંસ્કૃતિના સંવાહકો હતા. તેમના દ્વારા બનાવવામાં આવતા વસ્ત્રોમાં લોકપરંપરાઓ, ધાર્મિક પ્રતીકો, સામાજિક મૂલ્યો અને કલાત્મક અભિવ્યક્તિઓ જીવંત રહેતી હતી. દરેક પ્રદેશની પોતાની આગવી વણાટ પરંપરા હતી, જે પેઢી દર પેઢી વારસામાં મળતી હતી. વણાટ તેમના માટે માત્ર રોજગાર નહોતો; તે તેમની ઓળખ હતી, તેમનો ગૌરવ હતો અને તેમના પૂર્વજોની અમૂલ્ય ધરોહર હતી. આ જ પ્રાચીન અને સમૃદ્ધ પરંપરાએ ભારતને વિશ્વના મહાન વસ્ત્ર ઉત્પાદક દેશોમાં સ્થાન અપાવ્યું. પરંતુ ઇતિહાસનો એક કરુણ વળાંક એવો આવ્યો કે આ સમૃદ્ધિ જ વિદેશી વેપારી શક્તિઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની. ભારતના કરઘાઓમાંથી નીકળતી આ

આર્થિક શક્તિ આગળ જતાં ઔપનિવેશિક શોષણનું મુખ્ય લક્ષ્ય બની. આથી ભારતીય વણકરોના સંઘર્ષની ગાથા સમજવા માટે તેમની આ પ્રાચીન, સમૃદ્ધ અને ગૌરવશાળી વણાટ પરંપરાને સમજવી અનિવાર્ય બને છે.

ભારતીય કરઘાઓનો ઇતિહાસ માત્ર વસ્ત્રોનો ઇતિહાસ નથી.

તે ભારતની સંસ્કૃતિનો ઇતિહાસ છે.

તે શ્રમના ગૌરવનો ઇતિહાસ છે.

તે આત્મનિર્ભરતાનો ઇતિહાસ છે.


તે ભારતીય સર્જનાત્મકતાનો ઇતિહાસ છે.

અને સૌથી વધુ, તે એવા અસંખ્ય શ્રમજીવી હાથોની ગાથા છે, જેમણે પોતાના પરિશ્રમથી ભારતની આત્માને પેઢી દર પેઢી જીવંત રાખી છે.

"ધાગો નાનો હોઈ શકે,
પરંતુ જ્યારે તે કરઘા પર ચડે છે ત્યારે ઇતિહાસ બની જાય છે."

"કરઘાની ટક-ટક માત્ર અવાજ નથી;
તે ભારતીય સંસ્કૃતિની ધબકાર છે."

નાથુ સોસા


2
બ્રિટિશ શાસન પહેલાં
ભારતીય વસ્ત્ર ઉદ્યોગની
સ્વર્ણિમ પરંપરા
કૌશલ્ય, સમૃદ્ધિ, કલા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનો
ગૌરવશાળી યુગ
ભારતના વસ્ત્રની માંગ
સામગ વિશ્વમાં
યુરોપ
અરબ
ચીન
આફ્રિકા
દક્ષિણ પૂર્વ
એશિયા
મુલમુલ
હવામાં પણ હલકી,
સુકુમાર અને પ્રસિદ્ધ
પાટોલા
દ્વિ-ઈકત વણાટની
અદભૂત કલા
જામદાણી
સૂક્ષ્મ અને નાજુક
વણાટનું અજોડ ઉદાહરણ
કલમકારી
હસ્તચિત્રિત કલાકૃતિ
કિંખાબ
સોના-ચાંદીના તારથી
વણાયેલ વૈભવ
કાશ્મીરી શાલ
નર્મ ઊન, અદ્વિતીય
સુમાગય અને સૌંદર્ય

૨. બ્રિટિશ શાસન પૂર્વે ભારતીય વસ્ત્ર ઉદ્યોગની સ્વર્ણિમ પરંપરા

કૌશલ્ય, સમૃદ્ધિ, કલા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનો ગૌરવશાળી યુગ

ભારતીય વસ્ત્ર ઉદ્યોગનો ઇતિહાસ માત્ર ઉત્પાદન અને વેપારનો ઇતિહાસ નથી. તે ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિ, કલાત્મક વૈભવ, તકનીકી કુશળતા અને આર્થિક શક્તિનો પણ ઇતિહાસ છે. જો પ્રાચીન ભારતે વણાટ પરંપરાના પાયા મજબૂત બનાવ્યા હતા, તો મધ્યકાલીન ભારત, ખાસ કરીને મુઘલ યુગે, તેને વિશ્વની સર્વોત્તમ કક્ષાએ પહોંચાડી હતી. સોળમીથી અઢારમી સદીના મધ્ય સુધીનો સમય ભારતીય વસ્ત્ર ઉદ્યોગનો સ્વર્ણિમ યુગ માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ભારત વિશ્વના અગ્રણી વસ્ત્ર ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવતું હતું. ભારતીય વણકરોની કલા, તેમની તકનીકી કુશળતા, રંગોની સમજણ અને અદ્વિતીય સર્જનાત્મકતાએ વિશ્વભરમાં એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી કે તે સમયના કોઈપણ અન્ય દેશના વસ્ત્ર ઉદ્યોગ સાથે તેની સરખામણી કરવી મુશ્કેલ હતી. મુઘલ શાસકોએ વસ્ત્ર ઉદ્યોગને માત્ર વેપારની દૃષ્ટિએ નહીં, પરંતુ કલા અને સંસ્કૃતિના અભિન્ન અંગ તરીકે પણ પ્રોત્સાહન આપ્યું હતું. શાહી દરબારો, રાજપરિવારો, વેપારી નગરો અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય વસ્ત્રોની માંગ સતત વધતી રહી. પરિણામે ભારતના વિવિધ પ્રદેશોમાં વિશિષ્ટ વણાટ પરંપરાઓનો વિકાસ થયો, જેણે અનેક સદીઓ સુધી પોતાની આગવી ઓળખ જાળવી રાખી.

ઢાકાની મલમલ, હવામાં વણાયેલું અજાયબ વસ્ત્ર મુઘલ યુગમાં જો કોઈ ભારતીય વસ્ત્રે સમગ્ર વિશ્વને સૌથી વધુ આકર્ષિત કર્યું હોય, તો તે બંગાળની પ્રસિદ્ધ ઢાકાની મલમલ હતી. આજના બાંગ્લાદેશના ઢાકા પ્રદેશમાં નિર્મિત થતું આ વસ્ત્ર તેની અદભૂત નાજુકતા, કોમળતા અને સુક્ષ્મતાને કારણે વિશ્વવિખ્યાત બન્યું હતું. ઇતિહાસકારોના વર્ણન મુજબ મલમલ એટલી બારીક હતી કે તેનો આખો થાન એક વીંટીમાંથી પસાર કરી શકાય. અનેક વિદેશી પ્રવાસીઓએ લખ્યું છે કે આ કાપડ એટલું હલકું અને પારદર્શક હતું કે તેને અંગ્રેજીમાં “Woven Air” (હવામાં વણાયેલું કાપડ) તરીકે ઓળખવામાં આવતું હતું. મુઘલ સમ્રાટો,

નવાબો અને રાજપરિવારો માટે તૈયાર થતી મલમલની વિવિધ શ્રેણીઓ હતીઃ

આબ-એ-રવાં (વહેતા પાણી જેવી)

શબનમ (ઝાકળના ટીપાં જેવી)

મલમલ ખાસ

જામદાની

આવા વસ્ત્રોના નિર્માણ માટે અસાધારણ કુશળતા ધરાવતા વણકરોની જરૂર પડતી હતી. એક ઉત્તમ મલમલ તૈયાર કરવામાં ક્યારેક કેટલાય મહિનાઓ લાગી જતા. મલમલ માત્ર વસ્ત્ર નહોતું; તે ધીરજ, કૌશલ્ય અને કલાનું જીવંત પ્રતિક હતું.

બનારસી રેશમ, ભારતીય સૌંદર્ય અને શિલ્પકલાનું વૈભવ ઉત્તર ભારતનું બનારસ (આજનું વારાણસી) મુઘલ યુગ દરમિયાન રેશમી વસ્ત્રોનું અગ્રણી કેન્દ્ર બની ગયું હતું. અહીં નિર્મિત બનારસી રેશમ તેની ઝરી, બૂટેદાર ડિઝાઈન, સુવર્ણ કારીગરી અને કલાત્મક વૈભવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ બન્યું હતું. મુઘલ કલાત્મકતા અને ભારતીય પરંપરાના સંગમથી બનારસી વણાટમાં એક નવી શૈલી વિકસિત થઈ. ફૂલ, પાંદડા, વેલ-બૂટા અને જ્યોમેટ્રિક આકારોથી શોભતા આ વસ્ત્રો શાહી દરબારોની શોભા બન્યા. બનારસી રેશમ માત્ર ભારત પૂરતું મર્યાદિત નહોતું. અરબ દેશો, ફારસ, મધ્ય-એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયા સુધી તેની માંગ હતી. આજે પણ બનારસી સાડી ભારતીય સાંસ્કૃતિક ગૌરવ અને વૈભવનું પ્રતીક માનવામાં આવે છે.

ગુજરાતનું પટોળું, ગણિત, કલા અને ધીરજનો અદ્વિતીય સંગમ મુઘલ યુગમાં ગુજરાતનું પાટણ પટોળું વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અને કિંમતી વસ્ત્રોમાં સ્થાન ધરાવતું હતું. પાટણમાં વિકસેલી આ કલા "ડબલ ઈકત" તકનીક પર આધારિત હતી. પટોળું બનાવવાની પ્રક્રિયા અત્યંત જટિલ અને સમયસાધ્ય હતી. વણાટ શરૂ થાય તે પહેલાં જ તાણા અને વાણાના ધાગાઓને ચોક્કસ ગણતરી

અને ડિઝાઇન અનુસાર રંગવામાં આવતા. ત્યારબાદ અતિસૂક્ષ્મ સાવધાની સાથે વણાટ કરવામાં આવતો. એક ઉત્તમ પટોળું તૈયાર કરવામાં ઘણીવાર છ મહિના થી એક વર્ષ જેટલો સમય લાગી જતો. આ કારણે પટોળું રાજપરિવારો, સમૃદ્ધ વેપારીઓ અને વિદેશી અભિજાત વર્ગમાં અત્યંત લોકપ્રિય બન્યું. ઇન્ડોનેશિયા, થાઈલેન્ડ, મલક્કા અને દક્ષિણ-પૂર્વ એશિયાના અનેક પ્રદેશોમાં ગુજરાતના પટોળાને વિશેષ સામાજિક અને ધાર્મિક મહત્ત્વ પ્રાપ્ત હતું. પટોળું માત્ર વસ્ત્ર નહોતું; તે ભારતીય ગણિતીય ચોકસાઈ, કલાત્મકતા અને અસાધારણ કારીગરીનું જીવંત ઉદાહરણ હતું.

વૈશ્વિક વેપાર અને ભારતની આર્થિક સમૃદ્ધિ

"શાહી સંરક્ષણનો કાળ" દરમિયાન ભારતીય વસ્ત્ર ઉદ્યોગ માત્ર સ્થાનિક કે પ્રાદેશિક સ્તર સુધી મર્યાદિત નહોતો. ભારત વૈશ્વિક વસ્ત્ર વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું.

ભારતીય વસ્ત્રોની માંગઃ

અરબ દેશોમાં

ફારસમાં

મિસરમાં

તુર્કીમાં

આફ્રિકામાં

દક્ષિણ-પૂર્વ એશિયામાં

યુરોપના અનેક દેશોમાં

વિશાળ પ્રમાણમાં હતી.

સુરત, ખંભાત, કાલીકટ, મછલીપટ્ટનમ, હૂગલી અને અન્ય બંદરો ભારતીય વસ્ત્રોના નિકાસ માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્રો હતા. યુરોપિયન વેપારી કંપનીઓ ભારતીય કાપડ ખરીદવા માટે પરસ્પર સ્પર્ધા કરતી હતી. સત્તરમી સદી દરમિયાન ભારત વિશ્વના સૌથી મોટા વસ્ત્ર નિકાસકાર દેશોમાં સામેલ હતું. ભારતના લાખો પરિવારોની આજીવિકા વસ્ત્ર ઉદ્યોગ સાથે સંકલાયેલી હતી. ગામડાંઓ, નગરો અને વેપારી કેન્દ્રોમાં સૂત કાતવાથી લઈને રંગાઈ, વણાટ અને નિકાસ સુધીની એક વિશાળ આર્થિક સાંકળ વિકસિત થઈ ચૂકી હતી.

સ્વર્ણિમ યુગથી સંઘર્ષ તરફ

''શાહી સંરક્ષણનો કાળ'' ભારતીય વસ્ત્ર ઉદ્યોગનો સ્વર્ણિમ યુગ હતો.

ભારતના કરઘા સમૃદ્ધિના પ્રતીક હતા.

ભારતીય વણકરો વિશ્વભરમાં સન્માન પામતા હતા.

તેમની કલા ની પ્રશંસા દૂર-દૂર સુધી થતી હતી.

પરંતુ ઈતિહાસની ધારા હંમેશા એકસરખી રહેતી નથી. અઢારમી સદીના મધ્ય સુધી આવતાં રાજકીય પરિસ્થિતિઓ બદલાવા લાગી. યુરોપિયન વેપારી કંપનીઓનું પ્રભાવ વધવા લાગ્યું. વેપાર ધીમે ધીમે રાજકીય નિયંત્રણમાં પરિવર્તિત થવા લાગ્યો. ભારતની આર્થિક શક્તિ, જે સદીઓથી તેના કરઘાઓ, કારીગરો અને કૂટિર ઉદ્યોગોમાં સમાયેલી હતી, હવે વિદેશી શક્તિઓની નજરમાં આવી ગઈ. ભારતના વસ્ત્ર ઉદ્યોગનું વૈભવ, તેની સમૃદ્ધિ અને તેની વૈશ્વિક પ્રતિષ્ઠા હવે એક નવા પડકાર સામે ઊભી હતી. આ જ સમયથી ભારતીય વસ્ત્ર ઉદ્યોગના સ્વર્ણિમ યુગ પર સંકટના વાદળો મંડરાવા લાગ્યા.

> ''વણકર ક્યારેય માત્ર કપડું નથી વણતો;
> તે એક યુગની ઓળખ વણે છે.''
>
> નાથુ સોસા

3 ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું આગમન

વેપારથી સત્તા સુધી ભારતીય વસ્ત્ર ઉદ્યોગ પર ઔપનિવેશિક નિયંત્રણની શરૂઆત



વેપારના બહાને પ્રવેશ

1600માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના
ભારતમાં વેપારની મંજુરી મેળવી
સ્થાનિક શાસકો સાથે સંધિઓ
વેપાર કેન્દ્રો અને ફેક્ટરીઓની સ્થાપના

ભારતીય વસ્ત્રોની વૈશ્વિક માંગ

મુલમલ, કાલિકો, ચિંટઝ, પટ્ટા, જામદાની, પટોળા
જેવા વસ્ત્રોની યુરોપમાં ભારે માંગ
ભારતીય વસ્ત્રો ગુણવત્તામાં શ્રેષ્ઠ અને સ્પર્ધાત્મક કિંમતે



મુલમલ કાલિકો ચિંટઝ જામદાની પટોળા

વેપારથી સત્તા સુધી

- વેપારના બહાને રાજકીય હસ્તક્ષેપ
- સ્થાનિક રાજ્યોમાં ફુટ પાડી સત્તા હસ્તગત
- સેનાના બળથી પ્રદેશો પર કબજો
- કંપની બહાનું, શાસન હકીકત

ભારતીય વસ્ત્ર ઉદ્યોગ પર નિયંત્રણની શરૂઆત

- ભારતીય વણકરોને કંપની માટે કારીગરી કરવા મજબૂર
- નફો કંપનીનો, શોષણ વણકરોનું
- આગામી સમયમાં બળજબરી, અતીકર કરાર, કસ, દંડ અને દમન
- સ્થાનિક ઉદ્યોગને કમજોર બનાવી બ્રિટિશ મશીન ઉદ્યોગને પ્રોત્સાહન



"વેપારના નામે આવ્યા, સત્તાના માલિક બન્યા, અને ભારતીય વસ્ત્ર ઉદ્યોગની સ્વતંત્રતાની સૂતરી કાપવાની શરૂઆત કરી."

૩. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું આગમન

વેપારથી સત્તા સુધી ભારતીય વસ્ત્ર ઉદ્યોગ પર ઔપનિવેશિક નિયંત્રણની શરૂઆત

ભારતીય વણકરોના સંઘર્ષને સમજવા માટે એ જાણવું અત્યંત જરૂરી છે કે ભારતના આર્થિક ઇતિહાસમાં એવો નિર્ણાયક વળાંક ક્યારે આવ્યો, જેણે સદીઓથી સમૃદ્ધ અને વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવતા ભારતીય વસ્ત્ર ઉદ્યોગને ધીમે ધીમે પતન તરફ ધકેલી દીધો. આ પરિવર્તન અચાનક આવ્યું નહોતું. તેની પાછળ લાંબા ગાળાની અને સુનિયોજિત ઔપનિવેશિક નીતિ કાર્યરત હતી, જેનો પ્રારંભ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ભારત આગમનથી થયો. સત્તરમી સદીના પ્રારંભમાં જ્યારે અંગ્રેજ વેપારીઓ ભારત આવ્યા, ત્યારે તેમનો જાહેર હેતુ માત્ર વેપાર કરવાનો હતો. તે સમયનું ભારત વિશ્વના સૌથી સમૃદ્ધ અને આર્થિક રીતે શક્તિશાળી દેશોમાં સ્થાન ધરાવતું હતું. ભારતીય વસ્ત્રો, મસાલા, રેશમ, નીલ, કપાસ અને અન્ય ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારે માંગ હતી. યુરોપના વેપારીઓ માટે ભારત માત્ર એક બજાર નહોતું; તે અસીમ સંપત્તિ અને વેપારી તકોનું કેન્દ્ર હતું.

વેપારના બહાને પ્રવેશ ૩૧ ડિસેમ્બર, ૧૬૦૦ના રોજ ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ પ્રથમ દ્વારા અંગ્રેજ વેપારીઓને એક વિશેષ ચાર્ટર આપવામાં આવ્યું, જેના આધારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ. કંપનીનો પ્રારંભિક હેતુ પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો હતો. ભારતમાં તેમણે સુરત, મદ્રાસ, બોમ્બે અને કલકત્તા જેવા મહત્ત્વપૂર્ણ સ્થળોએ વેપારી મથકો સ્થાપિત કર્યા. તે સમયે ભારતીય વસ્ત્રોની ગુણવત્તા એટલી ઉત્તમ હતી કે યુરોપીય બજારોમાં તેમની ભારે માંગ હતી. બંગાળની મલમલ, ગુજરાતના સુતરાઉ કાપડ, બનારસનું રેશમ અને દક્ષિણ ભારતના વસ્ત્રો અંગ્રેજ વેપારીઓ માટે અતિશય નફાકારક સાબિત થઈ રહ્યા હતા. પરંતુ સમય જતાં વેપારી હિતો રાજકીય મહત્ત્વાકાંક્ષામાં પરિવર્તિત થવા લાગ્યા. કંપનીએ ટૂંક સમયમાં સમજી લીધું કે માત્ર વેપાર દ્વારા જેટલો લાભ મળી શકે, તેના કરતાં અનેકગણો વધુ લાભ રાજકીય નિયંત્રણ દ્વારા મેળવી શકાય છે. આથી વેપારી પ્રવૃત્તિઓની સાથે સાથે તેમણે ભારતીય રાજકારણમાં હસ્તક્ષેપ કરવાનું શરૂ કર્યું.

પ્લાસીનું યુદ્ધ (૧૭૫૭) એક નિર્ણાયક વળાંક, ૨૩ જૂન, ૧૭૫૭ના રોજ બંગાળના નવાબ સિરાજુદ્દૌલા અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સેના વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયું. કંપની તરફથી રોબર્ટ ક્લાઈવ નેતૃત્વ કરી રહ્યો હતો. આ યુદ્ધ માત્ર સૈન્ય અથડામણ નહોતું; તે ભારતના આર્થિક અને રાજકીય ભવિષ્યને બદલનારી ઐતિહાસિક ઘટના હતી. મીર જાફર અને અન્ય વિશ્વાસઘાતી તત્વોની મદદથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આ યુદ્ધમાં વિજય મેળવ્યો. પ્લાસીની જીત બાદ કંપનીને બંગાળની રાજનીતિ અને વહીવટમાં વ્યાપક હસ્તક્ષેપ કરવાનો માર્ગ મળી ગયો. ઘણા ઇતિહાસકારો પ્લાસીના યુદ્ધને ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદની વાસ્તવિક શરૂઆત માને છે. તે સમયે બંગાળ ભારતનો સૌથી સમૃદ્ધ પ્રદેશ હતો. વસ્ત્ર ઉત્પાદન, વેપાર, કૃષિ અને હસ્તકલા માટે તે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ હતો. ઢાકાની મલમલ અને બંગાળના સુતરાઉ કાપડ વિશ્વના શ્રેષ્ઠ વસ્ત્રોમાં ગણાતા હતા. પરંતુ પ્લાસી પછી અંગ્રેજોએ બંગાળની આર્થિક શક્તિને પોતાના નિયંત્રણ હેઠળ લેવાની પ્રક્રિયા શરૂ કરી. આનો સૌથી ગંભીર પ્રભાવ બંગાળના વણકરો, કારીગરો અને વેપારીઓ પર પડ્યો.

બક્સરનું યુદ્ધ (૧૭૬૪) આર્થિક સત્તાનો વિસ્તરણ, પ્લાસીની જીત પછી પણ કંપનીનું નિયંત્રણ સંપૂર્ણ નહોતું. તેથી તેમણે પોતાની સત્તાને વધુ મજબૂત બનાવવા પ્રયાસ કર્યો. ૨૨ ઓક્ટોબર, ૧૭૬૪ના રોજ બક્સરનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મુઘલ સમ્રાટ શાહ આલમ દ્વિતીય, અવધના નવાબ શુજાઉદ્દૌલા અને બંગાળના પૂર્વ નવાબ મીર કાસિમની સંયુક્ત સેનાને પરાજિત કરી. બક્સરની જીતનું મહત્ત્વ પ્લાસી કરતાં પણ વધુ માનવામાં આવે છે. આ યુદ્ધ પછી ઈસ્ટ ઈન્ડિયા કંપની માત્ર વેપારી સંસ્થા રહી નહોતી; તે ભારતની રાજકીય અને આર્થિક શક્તિ બની ગઈ હતી.

૧૭૬૫માં મુઘલ સમ્રાટ શાહ આલમ દ્વિતીયએ કંપનીને બંગાળ, બિહાર અને ઓડિશાની દીવાની એટલે કે મહેસૂલ વસૂલવાનો અધિકાર સોંપ્યો. અહીંથી ભારતની આર્થિક સંપત્તિ પર કંપનીનું સીધું નિયંત્રણ શરૂ થયું.

ભારતીય વસ્ત્ર ઉદ્યોગ પર આર્થિક નિયંત્રણ

દીવાની અધિકાર પ્રાપ્ત કર્યા પછી કંપનીની નીતિઓ વધુ કઠોર બનવા લાગી. હવે કંપની માત્ર વસ્ત્ર ખરીદનાર વેપારી નહોતી; તે કર વસૂલતી શાસક શક્તિ પણ બની ગઈ હતી.

આ તબક્કે સૌથી વધુ નુકસાન ભારતીય વણકરોને થયું.

કંપનીના અધિકારીઓ વણકરોને માત્ર કંપની માટે જ ઉત્પાદન કરવા માટે દબાણ કરતા.

તેમને ખુલ્લા બજારમાં સ્વતંત્ર રીતે વેપાર કરવાની છૂટ નહોતી.

ઘણા વિસ્તારોમાં વણકરોને અગાઉથી ધિરાણ અથવા એડવાન્સ રકમ આપવામાં આવતી, અને પછી તેમને ખૂબ જ ઓછી કિંમતે કાપડ વેચવા માટે મજબૂર કરવામાં આવતા.

આ જ વ્યવસ્થા આગળ જતાં "દદની પ્રથા" તરીકે કુખ્યાત બની.

જો કોઈ વણકર કંપનીની શરતો સ્વીકારતો નહીં, તો તેને દંડિત કરવામાં આવતો.

ઘણા સ્થળોએ તેમના કરઘા જપ્ત કરવામાં આવતા.

તેમને આર્થિક રીતે પાયમાલ કરવામાં આવતા. અને તેમના વેપારી અધિકારો પર નિયંત્રણ મૂકવામાં આવતું.

બંગાળના વણકરોની કરુણ સ્થિતિ, આ નીતિઓનો સૌથી વધુ પ્રભાવ બંગાળના વણકરો પર પડ્યો. અઢારમી સદીના અંતિમ ભાગમાં અનેક યુરોપીય પ્રવાસીઓ અને ઇતિહાસકારોએ બંગાળના વણકરોની દયનીય સ્થિતિનું વર્ણન કર્યું છે. જે વણકરો ક્યારેક વિશ્વના શ્રેષ્ઠ કાપડ ઉત્પાદકો ગણાતા હતા, તેઓ ધીમે ધીમે ગરીબી, કરજ અને શોષણના જાળમાં ફસાતા ગયા.

તેમની આવક ઘટી ગઈ.

તેમની આર્થિક સ્વતંત્રતા સમાપ્ત થઈ ગઈ.

અને તેમની કલા ઔપનિવેશિક નીતિઓનો ભોગ બની.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સૌથી મોટી સફળતા એ હતી કે તેણે વેપારને સત્તામાં પરિવર્તિત કરી દીધી.

સૌપ્રથમ તેમણે ભારતીય વસ્ત્રો દ્વારા નફો કમાવ્યો.

ત્યારબાદ ભારતીય રાજકારણમાં હસ્તક્ષેપ કર્યો.

પછી મહેસૂલ અને વહીવટી તંત્ર પર નિયંત્રણ સ્થાપિત કર્યું.

અને અંતે ભારતની સમગ્ર આર્થિક વ્યવસ્થાને પોતાના ઔપનિવેશિક હિતો અનુસાર ઢાળી દીધી.

ભારતીય વણકરો માટે આ માત્ર આર્થિક સંકટ નહોતું.

આ તેમના અસ્તિત્વનો પ્રશ્ન હતો.

સદીઓથી ભારતને સમૃદ્ધ બનાવનારા કરઘા હવે વિદેશી શોષણના ભાર હેઠળ દબાવા લાગ્યા હતા. તેમ છતાં ભારતીય વણકરોની ગાથા અહીં સમાપ્ત થતી નથી.

તેઓ સંપૂર્ણપણે પરાજિત થયા નહોતા.

તેમણે પોતાની કલા ને જીવંત રાખવાનો પ્રયાસ કર્યો.

તેમણે શ્રમની ગરિમાને જાળવી રાખી.

તેમણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઔપનિવેશિક આર્થિક નીતિઓનો વિરોધ કર્યો.

આ વિરોધ પછીથી ભારતીય સ્વાતંત્ર્ય ચેતનાની એક મહત્ત્વપૂર્ણ આધારભૂમિ બન્યો.

આથી પ્લાસી અને બક્સરના યુદ્ધો માત્ર બે ઐતિહાસિક યુદ્ધો નહોતા.

તે ભારતીય વણકરોના સંઘર્ષના નવા યુગની શરૂઆત હતા. આ યુદ્ધો પછી ભારતનો વસ્ત્ર ઉદ્યોગ ધીમે ધીમે વિદેશી નિયંત્રણ હેઠળ આવવા લાગ્યો અને આગળ જતાં એ જ પ્રક્રિયા ભારતીય હસ્તકરઘા ઉદ્યોગના વ્યાપક પતનનું મુખ્ય કારણ બન્યું.

4 ભારતીય વણકરો પર ઔપનિવેશિક પ્રહાર

આર્થિક શોષણ, દદની પ્રથા અને સ્વતંત્રતાનું હરણ



'અમારા હાથના કૌશલ્યને બજારમાંથી હટાવી દેવામાં આવ્યું, અમારી મહેનતનો ભાવ છીનવાઈ ગયો, અને અમારું જીવન દાસ્યમાં ધકેલી દેવામાં આવ્યું.'

ઔપનિવેશિક પ્રહારની પ્રમુખ રીતો

1. આર્થિક શોષણ
ભારતીય હસ્તવણિત કાપડ પર વધુ કર, બ્રિટિશ ઉત્પાદનો પર ઓછા કર. ભારતીય ઉદ્યોગોને નબળી પાડવી.

2. દદની પ્રથા (દાદણી સિસ્ટમ)
વણકરોને અગિયાર રૂપિયે એક દદની આપી, પછી તેમની પાસેથી બળજબરીથી ઓછા ભાવે તૈયાર માલ લેવો.


3. કરારબદ્ધ ગુલામી જેવી સ્થિતિ
વણકરોને કરારામાં બાંધીને તેમની સ્વતંત્રતા છીનવી લેવાઈ.


4. સ્વદેશી ઉદ્યોગોનો નાશ
મશીની રૂપે બનેલા બ્રિટિશ કાપડના આગમનથી ભારતીય હસ્તવણિત કાપડનું બજાર ખતમ કરવામાં આવ્યું.

5. સામાજિક-આર્થિક અસર
વણકરો ગરીબીમાં ધકેલાયા, રોજગાર છીનવાયો, ગામડાઓ ઉજડ્યા, કુટુંબો ભુખમરો ભોગવવા મજબૂર બન્યા.

વણકરોની દયનીય સ્થિતિ


યોગ્ય ભાવ નહીં, પરિશ્રમનું અપમાન


બળજબરીથી કરાર, પસંદગીનું સ્વાતંત્ર્ય નથી


દદનીના દેવામાં જકડાયેલા, પેઢી દર પેઢી શોષણ


ઉદ્યોગના નાશથી ગામડાંઓ ઉજડ્યા


ભુખ,ગરીબી અને દુઃખ વણકરોના ભાગ્ય બન્યા

પરિણામ

જ્યારે ભારતનો પરંપરાગત વસ્ત્ર ઉદ્યોગ ખતમ થયો, ત્યારે બ્રિટિને કર્યા ધન-સંપતિના, ઢગલા.


ભારતનો ઉદ્યોગ


બ્રિટિશ લાભ

"આ પ્રહાર માત્ર આર્થિક નહોતો, તે ભારતીય સ્વાભિમાન, કૌશલ્ય અને સ્વતંત્રતાના હરણ હતો."

૪. ઔપનિવેશિક શોષણ અને ભારતીય વણકરો

દદની પ્રથા, ગોમાસ્તા તંત્ર અને આર્થિક ગુલામીનું જાળ

આર્થિક શોષણ, દદની પ્રથા અને સ્વતંત્રતાનું હરણઃ ભારતીય વણકરોનો ઇતિહાસ માત્ર કલા, કૌશલ્ય અને સમૃદ્ધિનો ઇતિહાસ નથી. તે સંઘર્ષ, શોષણ અને અદમ્ય આત્મબળનો પણ ઇતિહાસ છે. અઢારમી સદીના મધ્ય સુધી ભારત વિશ્વના અગ્રણી વસ્ત્ર ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવતું હતું. બંગાળની મલમલ, ગુજરાતનું પટોળું, બનારસનું રેશમ, દક્ષિણ ભારતના સુતરાઉ વસ્ત્રો અને કાશ્મીરની પશ્મીના વિશ્વના બજારોમાં પોતાની આગવી ઓળખ ધરાવતા હતા. ભારતીય કરઘાઓમાંથી નીકળતા વસ્ત્રો માત્ર વેપારની વસ્તુઓ નહોતા; તેઓ ભારતની આર્થિક શક્તિ, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને તકનીકી કુશળતાના પ્રતીક હતા. પરંતુ આ જ સમૃદ્ધિ આગળ જતાં અંગ્રેજી વેપારીઓ અને ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે આકર્ષણનું કેન્દ્ર બની. તેઓએ સમજ્યું કે જ્યાં સુધી ભારતનો સ્થાનિક ઉદ્યોગ મજબૂત રહેશે, ત્યાં સુધી ભારત આર્થિક રીતે આત્મનિર્ભર રહેશે. તેથી ભારતીય વસ્ત્ર ઉદ્યોગને નબળો પાડવો તેમના ઔપનિવેશિક હિતો માટે અનિવાર્ય બની ગયો.

ભારતની સમૃદ્ધિ અંગ્રેજો માટે પડકાર કેમ બની? સત્તરમી અને અઢારમી સદી દરમિયાન ભારત વિશ્વ અર્થવ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતું હતું. અનેક ઇતિહાસકારોના મત મુજબ તે સમયગાળામાં વિશ્વના ઉત્પાદન અને વેપારમાં ભારતનો નોંધપાત્ર હિસ્સો હતો. અંગ્રેજ વેપારીઓ જ્યારે ભારતમાં આવ્યા, ત્યારે તેઓ ભારતીય વસ્ત્રોની ગુણવત્તા અને લોકપ્રિયતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. યુરોપના બજારોમાં ભારતીય કાપડની ભારે માંગ હતી. પરિણામે બ્રિટિશ ઉદ્યોગોને સ્પર્ધાનો સામનો કરવો પડતો હતો.

અંગ્રેજોએ ઝડપથી સમજી લીધું કે ભારતને જીતવા માટે માત્ર રાજકીય સત્તા પૂરતી નથી; ભારતની આર્થિક શક્તિનો પણ નાશ કરવો પડશે. આથી તેમણે ભારતીય વણકરો અને સ્થાનિક ઉદ્યોગોને નિયંત્રિત કરવાની નીતિઓ અપનાવવાનું શરૂ કર્યું.

દદની પ્રથા, આર્થિક ગુલામીની શરૂઆત

ભારતીય વણકરોના શોષણનું સૌથી મોટું સાધન બની દદની પ્રથા.

દદની એટલે વણકરોને અગાઉથી કેટલીક રકમ (Advance) આપીને તેમને કંપની માટે ઉત્પાદન કરવા માટે બાંધી દેવાની પદ્ધતિ. શરૂઆતમાં આ વ્યવસ્થા સહાયરૂપ લાગે તેવી હતી. પરંતુ વાસ્તવમાં તે આર્થિક ગુલામીનું જાળ હતું. વણકરને અગાઉથી થોડા રૂપિયા આપવામાં આવતા અને ત્યારબાદ તેને માત્ર કંપની માટે જ કાપડ તૈયાર કરવું પડતું. તે પોતાના ઉત્પાદનો અન્ય વેપારીઓને વેચી શકતો નહોતો. કિંમત પણ કંપની નક્કી કરતી. પરિણામે વણકરની વેપારી સ્વતંત્રતા સમાપ્ત થઈ ગઈ.

તે કંપની પર નિર્ભર બન્યો.

કરજનું બોજ વધતું ગયું.

સ્વતંત્ર ઉત્પાદકમાંથી તે નિયંત્રિત શ્રમિક બની ગયો.

દદની પ્રથાએ વણકરોની આર્થિક સ્વાયત્તતાને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું.

ગોમાસ્તા પ્રથા, શોષણનું સ્થાનિક તંત્ર ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના હિતોની રક્ષા માટે ગોમાસ્તા નામના સ્થાનિક એજન્ટોની નિમણૂક કરી.

ગોમાસ્તાઓનું કામ હતું:

વણકરો પર નજર રાખવી.

તેમને કંપની માટે કામ કરવા મજબૂર કરવું.

ઉત્પાદન અને પુરવઠા પર નિયંત્રણ રાખવું.

અન્ય વેપારીઓ સાથેના સંબંધો તોડવા.

ઘણા સ્થળોએ ગોમાસ્તાઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો.

વણકરોને ધમકાવવામાં આવતા.

બળજબરીથી કરાર કરાવવામાં આવતા.

ઓછી કિંમતે માલ સ્વીકારવા મજબૂર કરવામાં આવતા.

અને વિરોધ કરનારાઓને હેરાનગતિનો સામનો કરવો પડતો.

વિલિયમ બોલ્ટ્સ જેવા સમકાલીન નિરીક્ષકોએ પણ ગોમાસ્તાઓના અત્યાચારનો ઉલ્લેખ કર્યો છે.

આ પ્રથા વણકરો માટે આર્થિક શોષણ ઉપરાંત માનસિક યાતનાનું પણ કારણ બની.

ઓછી કિંમતે ખરીદી, શ્રમનું સંગઠિત શોષણ

ભારતીય વણકરોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય કિંમત મળતી નહોતી. કંપની બજારભાવ કરતાં ઘણી ઓછી કિંમતે કાપડ ખરીદતી.

એક તરફ સૂત મોંઘું થતું ગયું.

ઉત્પાદન ખર્ચ વધતો ગયો.

જીવન જરૂરીયાતોની કિંમત વધી રહી હતી.

બીજી તરફ વણકરોની આવક ઘટતી રહી.

કંપનીનો નફો વધતો રહ્યો.

આ પરિસ્થિતિએ લાખો પરિવારોને ગરીબી તરફ ધકેલી દીધા.

આ માત્ર વેપાર નહોતો.

તે શ્રમના સંગઠિત શોષણની વ્યવસ્થા હતી.

સ્વતંત્ર વેપાર પર પ્રતિબંધ

ભારતીય વણકરોની સૌથી મોટી શક્તિ તેમની વેપારી સ્વતંત્રતા હતી.

તેઓ પોતાના ઉત્પાદનો વિવિધ વેપારીઓને વેચી શકતા હતા.

સ્થાનિક બજારોમાં સ્પર્ધા હતી. અને યોગ્ય ભાવ મળવાની સંભાવના રહેતી હતી.

પરંતુ કંપનીએ આ વ્યવસ્થા તોડી નાંખી.

વણકરોને અન્ય વેપારીઓ સાથે વેપાર કરવાની મનાઈ કરવામાં આવી.

કંપની સિવાય માલ વેચવો જોખમી બની ગયો.

સ્થાનિક બજારો ધીમે ધીમે નબળા પડ્યા.

વેપારિક સ્વતંત્રતા સમાપ્ત થઈ. અને વણકરોનું આર્થિક જીવન કંપનીના નિયંત્રણમાં આવી ગયું.

કરવ્યવસ્થા અને આર્થિક દબાણ બ્રિટિશ શાસન હેઠળ ભારતીય ઉદ્યોગો માટે અસમાન પરિસ્થિતિ ઊભી કરવામાં આવી.

ભારતીય ઉત્પાદકો ઊંચા ખર્ચનો સામનો કરતા.

કરવેરાના બોજ હેઠળ દબાતા.

કાચા માલ માટે વધુ કિંમત ચૂકવતા.

જ્યારે બ્રિટિશ ઉત્પાદનોને શાસકીય સંરક્ષણ મળતું.

વિશેષ સવલતો મળતી.

બજારમાં સરળ પ્રવેશ મળતો.

આ અસમાન નીતિઓએ સ્થાનિક ઉદ્યોગોને ગંભીર નુકસાન પહોંચાડ્યું.

બંગાળના વણકરોની કરુણ સ્થિતિ ભારતીય વણકરો પર ઔપનિવેશિક પ્રહારનું સૌથી કરુણ ઉદાહરણ બંગાળમાં જોવા મળે છે.

એક સમય હતો જ્યારે ઢાકાની મલમલ વિશ્વના શ્રેષ્ઠ વસ્ત્રોમાં ગણાતી હતી.

તેની નાજુકતા, કલા અને ગુણવત્તાએ વિશ્વને મંત્રમુગ્ધ કર્યું હતું.

પરંતુ બ્રિટિશ નીતિઓના પરિણામે મલમલ ઉદ્યોગ નબળો પડ્યો.

વણકરો ગરીબીમાં ધકેલાયા.

કરજનું બોજ વધ્યું.

હજારો પરિવારો રોજગાર વિહોણા બન્યા.

સમકાલીન લેખકો અને પ્રવાસીઓએ બંગાળના વણકરોની દુર્દશાનું હૃદયદ્રાવક વર્ણન કર્યું છે.

મેનચેસ્ટરની સમૃદ્ધિ અને ભારતીય કરઘાઓનો અંધકાર ઔદ્યોગિક ક્રાંતિ પછી ઇંગ્લેન્ડના મેનચેસ્ટર અને લેન્કાશાયર વિશ્વના મોટા ઔદ્યોગિક કેન્દ્રો બની ગયા.

ભારતમાંથી સસ્તું કપાસ ઇંગ્લેન્ડ લઈ જવામાં આવતું.

ત્યાં મશીનો દ્વારા કાપડ બનાવવામાં આવતું.

અને પછી તે જ કાપડ ભારતના બજારોમાં વેચવામાં આવતું.

આ પરિસ્થિતિએ ભારતીય હસ્તકરઘા ઉદ્યોગને ભારે નુકસાન પહોંચાડ્યું.

ઘણા કારીગરો રોજગાર ગુમાવી બેઠા.

કરઘા છોડવા મજબૂર બન્યા.

મજૂરોમાં પરિવર્તિત થયા.

યોગ્ય રીતે કહેવામાં આવે તો,

"મેનચેસ્ટરની સમૃદ્ધિ ભારતીય કરઘાઓની ચૂપકીદી પર ઊભી હતી."

મૌન પ્રતિકાર અને આત્મસન્માનની રક્ષા

પરંતુ ભારતીય વણકરો સંપૂર્ણપણે પરાજિત થયા નહોતા.

તેઓએ પોતાની કલા જાળવી રાખી.

તેઓએ પોતાની પરંપરાઓને જીવંત રાખી.

તેઓએ પોતાની ઓળખને બચાવી રાખી.

તેમનો સંઘર્ષ તલવારોથી નહોતો.

તેમનો સંઘર્ષ કરઘાની ટક-ટકમાં હતો.

તેમનો સંઘર્ષ શ્રમની સાધનામાં હતો.

તેમનો સંઘર્ષ આત્મસન્માનમાં હતો.


આ જ મૌન પ્રતિકાર આગળ જતાં સ્વદેશી ચળવળ, ખાદી આંદોલન અને રાષ્ટ્રીય જાગૃતિ માટે પ્રેરણાસ્ત્રોત બન્યો.

ભારતીય વણકરો પર થયેલા ઔપનિવેશિક પ્રહાર માત્ર આર્થિક નીતિઓનું પરિણામ નહોતા. તે ભારતની આત્મનિર્ભર ઉત્પાદન વ્યવસ્થા, તેની સાંસ્કૃતિક શક્તિ અને શ્રમ આધારિત સમાજ પર કરવામાં આવેલ સુનિયોજિત આક્રમણ હતું. દદની પ્રથા, ગોમાસ્તા તંત્ર, વેપારિક પ્રતિબંધો, કરદબાણ અને અસમાન વેપાર નીતિઓ દ્વારા અંગ્રેજોએ ભારતીય વસ્ત્ર ઉદ્યોગને નબળો પાડવાનો પ્રયત્ન કર્યો. તેમ છતાં તેઓ ભારતીય વણકરોના આત્મસન્માનને સંપૂર્ણપણે નષ્ટ કરી શક્યા નહોતા. કરઘાઓ ભલે મૌન બનતા ગયા હોય, પરંતુ તેમની ટક-ટકમાં રહેલી સ્વાભિમાનની ચેતના જીવંત રહી.

ભારતીય વણકરોનો ઇતિહાસ આપણને શીખવે છે કે આર્થિક શોષણ સામેનો સૌથી મોટો પ્રતિરોધ આત્મસન્માન, શ્રમની પ્રતિષ્ઠા અને પોતાની સંસ્કૃતિ પ્રત્યેની અડગ શ્રદ્ધામાં રહેલો હોય છે. ભારતીય વણકરોએ માત્ર વસ્ત્રો જ નહીં વણ્યાં; તેમણે સંઘર્ષ વણ્યો, સ્વાભિમાન વણ્યો અને ઇતિહાસમાં અમર રહી જાય તેવી માનવ ગૌરવની ગાથા પણ વણી.


5 બ્રિટિશ કાયદા અને ભારતીય વણકરોની પરાધીનતા

દમન, નિયંત્રણ અને આર્થિક ગુલામીનું સુનિયોજિત તંત્ર



વણકરોની પરાધીનતાના મુખ્ય પાસાઓ

દમન અને બળજબરી



વણકરોને મનગમતા ભાવે માલ વેચવા માટે મજબૂર કરાયા, ઇનકાર કરતા શારીરિક દંડ આપવામાં આવતો.

દાદની પ્રથા (દાદની સિસ્ટમ)



મીઠી દાદની આપી વણકરોને બાંધી રાખવમાં આવતા, બાદમાં તૈયાર માલ ખુબ ઓછા ભાવમાં લેતા.

ભાવ નિયંત્રણ



ઉત્પાદનનો ખર્ચ વધારે, પણ વેચાણનો ભાવ બ્રિટિશ એજન્ટ નક્કી કરતા.

બજારમાં ભેદભાવ




ભારતીય માલ પર વિધાન કર, બ્રિટિશ માલને છૂટ, પરિણામે સ્થાનિક ઉદ્યોગો નષ્ટ.


બ્રિટિશ શાસને ભારતીય વસ્ત્ર ઉદ્યોગને નષ્ટ કરવા માટે કાયદા, નિયમો અને નીતિઓ દ્વારા વણકરોને આર્થિક રીતે ગુલામ બનાવ્યા અને તેમની સ્વતંત્રતા છિનવી લીધી.

પરિણામ

લાખો વણકરો બેરોજગાર બન્યા.
હસ્તકલા અને પરંપરાગત ઉદ્યોગો ધ્વસ્ત થયા.
ગામડાઓની આર્થિક સમૃદ્ધિ ખતમ થઈ.
ભારત બ્રિટિશ ઔદ્યોગિક ક્રાંતિ માટે કાચા માલનો પૂરવઠાકાર બન્યો.



"આ કાયદા માત્ર કાગળના નહીં, પણ લાખો વણકરોના આંસુઓથી લખાયેલા આર્થિક ગુલામીના દસ્તાવેજો હતા."



બ્રિટિશ કાયદાઓ : વણકરોની પરાધિનતાના હથિયાર

1. રેગ્યુલેટિંગ એક્ટ, 1773
ઈસ્ટ ઈંડિયા કંપનીને વહીવટ અને નાણાકીય નિયંત્રણનો અધિકાર.

2. પિટસ ઇન્ડિયા એક્ટ, 1784
બ્રિટિશ સરકારના નિયંત્રણને મજબૂત બનાવ્યું, ભારતની નીતિઓ કંપનીના હિતમાં ગોઠવાઈ.

3. ચાર્ટર એક્ટ, 1813
કંપનીના વેપાર એકાધિકારનો અંત (વેપાર સિવાય) પણ બ્રિટિશ માલના ભારતમાં પ્રવેશનો માર્ગ ખુલ્યો.

4. ચાર્ટર એક્ટ, 1833
ભારતીય હસ્તકલા અને ઉદ્યોગો પર નિયંત્રણ વધુ કડક, બ્રિટિશ માલને પ્રાધાન્ય.

5. કસ્ટમ્સ અને આયાત-નિકાસ નીતિઓ
ભારતમાંથી કાચા માલનો નિકાસ સરળ, બ્રિટિનમાં બનેલા માલ પર ઓછી ડ્યુટી.

6. ફોરેસ્ટ એક્ટ, 1865 અને આગળ
જંગલોના ઉપયોગ પર રોક, રંગ, કાઠ, કાચા માલની ઉપલબ્ધતા ઘટાડી-વણકરોને અસર.

7. ફેક્ટરી એક્ટ, 1878
મશીનચાલિત ઉદ્યોગોને પ્રોત્સાહન, હસ્તકલા ઉદ્યોગો માટે કોઈ સુરક્ષા નહિ.

8. ઈંડિયન પીનલ કોડ અને પોલીસ કાયદા
કોઈ પણ વિરોધ કે સંગઠન પર કડક કાર્યવાહી, સ્વતંત્રતાનો માર્ગ બંધ.

9. લેન્ડ રેવન્યુ નીતિઓ (પરોક્ષ અસર)
ખેડુતો પર કરનો બોજ, ખરીદી શક્તિ ઘટી, હસ્તકલા ઉત્પાદનોની માંગ ઘટી.

'અમારા હાથના કૌશલ્યને બજારમાંથી હટાવી દેવામાં આવ્યું, અમારી મહેનતનો ભાવ છીનવાઈ ગયો, અને અમારું જીવન દાસ્યમાં ધકેલી દેવામાં આવ્યું.'



૫. બ્રિટિશ કાયદા અને ભારતીય વણકરોની પરાધીનતા

દમન, નિયંત્રણ અને આર્થિક ગુલામીનું સુનિયોજિત તંત્ર

ભારતીય વણકરોના ઇતિહાસનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે અંગ્રેજોએ માત્ર વેપારી સ્પર્ધા દ્વારા ભારતીય વસ્ત્ર ઉદ્યોગને નબળો પાડવાનો પ્રયાસ કર્યો નહોતો. તેમણે કાયદા, વહીવટી નિયંત્રણ, આર્થિક દંડ અને વેપારી પ્રતિબંધોનું એવું જાળું રચ્યું કે જેના કારણે લાખો વણકરો ધીમે ધીમે પોતાની આર્થિક સ્વતંત્રતા ગુમાવતા ગયા. બ્રિટિશ શાસકોને સારી રીતે ખબર હતી કે ભારતીય વણકરો માત્ર કાપડ બનાવતા કારીગરો નથી. તેઓ ભારતની આર્થિક આત્મનિર્ભરતાના મુખ્ય આધારસ્તંભ છે. ભારતના સુતરાઉ, રેશમી અને હસ્તનિર્મિત વસ્ત્રો વિશ્વભરમાં પ્રસિદ્ધ હતા. તેથી અંગ્રેજી ઉદ્યોગોના વિકાસ માટે ભારતીય વણકરોને નબળા પાડવા જરૂરી માનવામાં આવ્યા. આ હેતુથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ એક પછી એક એવા કાયદા અને નિયમો અમલમાં મૂક્યા, જેના કારણે વણકરોની સ્વતંત્રતા સતત સીમિત થતી ગઈ.

૨૨ એપ્રિલ ૧૭૮૨નો અધિનિયમ આ કાયદા અનુસાર ભારતીય વણકરો અન્ય કોઈ યુરોપિયન વેપારી સાથે વેપાર કરી શકતા નહોતા. તેમને માત્ર ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે જ ઉત્પાદન કરવા માટે બાંધવામાં આવ્યા. જો કોઈ વણકર અન્ય વેપારીને કાપડ વેચતો જોવા મળતો, તો તેનો માલ જપ્ત કરવામાં આવતો અને તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવતી. આ કાયદો વાસ્તવમાં વેપારી નિયંત્રણ નહીં, પરંતુ આર્થિક ગુલામીની શરૂઆત હતી.

૧૯ જુલાઈ ૧૭૮૬નો અધિનિયમ આ અધિનિયમ હેઠળ દરેક વણકરને એક વિશેષ ઓળખપત્ર આપવામાં આવતું. તેમાં તેનું નામ, સરનામું, અગાઉ આપવામાં આવેલી રકમ તથા ઉત્પાદન પૂર્ણ કરવાની સમયમર્યાદા નોંધવામાં આવતી. બાહ્ય રીતે આ વ્યવસ્થા વહીવટી લાગતી હતી, પરંતુ વાસ્તવમાં

તે દેખરેખ અને નિયંત્રણનું સાધન હતી. વણકરો પર ચોકીદારો રાખવામાં આવતા જેથી તેઓ અન્ય વેપારીઓ સાથે સંપર્ક ન કરી શકે. સૌથી મોટી વિસંગતિ એ હતી કે આ ચોકીદારોનો ખર્ચ પણ વણકરો પાસેથી જ વસૂલવામાં આવતો.

૨૩ જુલાઈ ૧૭૮૬નો અધિનિયમ આ કાયદા દ્વારા વણકરોને નિર્ધારિત સમયમર્યાદામાં ઉત્પાદન પૂર્ણ કરવા માટે બાંધવામાં આવ્યા. જો કાપડ સમયસર તૈયાર ન થાય, તો આર્થિક દંડ ફટકારવામાં આવતો. મહેનતાણું મેળવવા માટે પણ વણકરને પૂર્વ અરજી કરવાની ફરજ પડતી. આ રીતે શ્રમ કરનાર વ્યક્તિ પોતાના જ શ્રમના વળતર માટે અંગ્રેજ અધિકારીઓ પર નિર્ભર બનતો ગયો.

૩૦ સપ્ટેમ્બર ૧૭૮૯નો અધિનિયમ આ અધિનિયમ વધુ કઠોર હતો. જો કોઈ વણકર નિર્ધારિત સમયમર્યાદામાં ઉત્પાદન પૂર્ણ ન કરી શકે, તો તેને અગાઉ આપવામાં આવેલી રકમ ૩૫ ટકા વ્યાજ સાથે પરત કરવાની ફરજ પડતી. પહેલેથી જ આર્થિક સંકટમાં જીવતા વણકરો માટે આ કાયદો કરજ, ભય અને પરાધીનતાનું ચક્ર બની ગયો.

૧૭૯૭નો અધિનિયમ આ કાયદા હેઠળ બંગાળના વણકરોને કંપની માટે કામ કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું. જો તેઓ કંપનીના આદેશોનું પાલન ન કરે, તો તેમને કારાવાસ સુધીની સજા થઈ શકતી હતી. આ રીતે સ્વતંત્ર કારીગરોને વાસ્તવમાં બંધુઆ શ્રમિકોમાં પરિવર્તિત કરવામાં આવ્યા.

૧૮૧૩નો ચાર્ટર અધિનિયમ વિનાશનો નિર્ણાયક વળાંક, ૧૮૧૩નો ચાર્ટર અધિનિયમ ભારતીય વસ્ત્ર ઉદ્યોગ માટે એક નિર્ણાયક વળાંક સાબિત થયો. આ અધિનિયમ પછી બ્રિટનમાં મશીનો દ્વારા બનાવાયેલા કાપડનો ભારત તરફ મોટા

પાયે પ્રવેશ શરૂ થયો. બીજી તરફ ભારતીય વસ્ત્રો પર ભારે શુલ્ક લાદવામાં આવ્યા. પરિણામે અંગ્રેજી કાપડ ભારતીય બજારોમાં સસ્તું અને ભારતીય કાપડ મોંઘું બન્યું. આ મુક્ત વેપાર નહોતો; તે ઔપનિવેશિક સત્તા દ્વારા સંચાલિત અસમાન વેપાર વ્યવસ્થા હતી.

કાયદાથી વેપાર સુધી શોષણનું સંગઠિત તંત્ર અંગ્રેજોએ માત્ર કાયદા જ બનાવ્યા નહોતા. તેમણે ન્યાયવ્યવસ્થા, કરવ્યવસ્થા, વેપારવ્યવસ્થા અને વહીવટી તંત્રને પણ પોતાના હિતો અનુસાર ઢાળી લીધું હતું.

જો કોઈ વણકર ફરિયાદ કરતો, તો તેની ફરિયાદને ઘણીવાર ખોટી ગણવામાં આવતી.

જો કોઈ અધિકારી અત્યાચાર કરતો, તો તેને શાસકીય રક્ષણ મળતું.

આ રીતે કાયદો ન્યાયનું સાધન ન રહી, શોષણનું હથિયાર બની ગયો.

મૌન પ્રતિકાર અને આત્મસન્માનની રક્ષા

આ તમામ અત્યાચાર છતાં ભારતીય વણકરો સંપૂર્ણપણે તૂટી પડ્યા નહોતા.

તેમણે પોતાના કરઘાઓને જીવંત રાખ્યા.

તેમણે પોતાની પરંપરા અને કલા ને બચાવી રાખી.

તેમણે શ્રમની ગરિમા જાળવી રાખી.

તેમનો વિરોધ તલવારોથી નહીં, પરંતુ કરઘાની ટક-ટક, શ્રમની સાધના અને આત્મસન્માનની રક્ષા દ્વારા વ્યક્ત થયો. બ્રિટિશ શાસન દ્વારા બનાવાયેલા આ કાયદાઓ માત્ર વહીવટી નિયમો નહોતા. તેઓ ભારતીય વસ્ત્ર ઉદ્યોગને

નિયંત્રિત કરવા અને અંગ્રેજી ઉદ્યોગોને લાભ પહોંચાડવા માટે રચાયેલી સુનિયોજિત ઔપનિવેશિક વ્યૂહરચનાનો ભાગ હતા.

પરંતુ ઇતિહાસનો સત્ય એ પણ છે કે આ કઠોર પરિસ્થિતિઓ વચ્ચે પણ ભારતીય વણકરોએ પોતાની સાંસ્કૃતિક ચેતના, શ્રમશીલતા અને આત્મસન્માનને જીવંત રાખ્યા. ભારતીય સ્વાતંત્ર્યનો ઇતિહાસ માત્ર યુદ્ધભૂમિમાં જ નહીં, પરંતુ કરઘાઓ, ચરખાઓ, શ્રમ અને મૌન પ્રતિકારની અગ્નિમાં પણ ઘડાયો હતો.

"જે સમાજ પોતાના કારીગરોને ભૂલી જાય છે,
તે ધીમે ધીમે પોતાની સંસ્કૃતિ ગુમાવી દે છે."

"કરઘો માત્ર રોજગારનું સાધન નથી;
તે સ્વાભિમાનનો જીવંત પ્રતીક છે."

"ભારતની સમૃદ્ધિ રાજમહેલોમાં નહીં,
પરંતુ વણકરોના કરઘાઓમાં ધબકતી હતી."

નાથુ સોસા

મેનચેસ્ટરની ચમક
યંત્રો, ઉત્પાદન અને સમૃદ્ધિનો યુગ

6

ભારતીય કરઘાઓનો અંધકાર
વિનાશ, બેરોજગારી અને ગરીબીનો યુગ

ઔદ્યોગિક ક્રાંતિ અને ભારતીય ઉદ્યોગનો વિનાશ

મેનચેસ્ટરની ચમક અને ભારતીય કરઘાઓનો અંધકાર



ઔદ્યોગિક ક્રાંતિ
(૧૮મી સદીના અંત – ૧૯મી સદી)

- મશીનો દ્વારા મોટા પ્રમાણમાં, ઝડપી અને સસ્તું ઉત્પાદન.
- મેનચેસ્ટર વિશ્વનું 'કપાસ અને કપડાંનું ઉત્પાદન કેન્દ્ર' બન્યું.
- ભારતીય કપાસ સસ્તું મળ્યું, અને ત્યાં તૈયાર કપડાં બને.

પરિમાણ	મેનચેસ્ટર (યંત્રો)	ભારત (હાથકતી)
ઉત્પાદનની ગતિ	ઝડપી, મોટા પ્રમાણમાં	ધીમી, મર્યાદિત
ઉત્પાદન ખર્ચ	ઓછો	વધુ
ગુણવત્તા	મધ્યમ ઉચ્ચ,	પ્રાકૃતિક અને ટકાઉ
રોજગારી	મશીનોને કારણે ઓછા લોકો	લાખો વણકરોને રોજગારી
બજાર	વિશ્વભરના બજારોમાં પ્રભાવ	સ્થાનિક બજારો અને રાજાશ્રય પર નિર્ભર

ભારતીય ઉદ્યોગ પર થયેલા પ્રભાવ

- ભારતમાંથી કાચા માલની નિકાસ વધી.
- યંત્રોથી બનેલા સસ્તા વિદેશી કપાસી કપડાં ભારતમાં ઠલવાયા.
- ભારતીય હસ્તકલા મોંઘી પડતાં બજારમાંથી બહાર થઈ.
- લાખો વણકરો ગરીબીમાં ધકેલાયા, રોજગારી ખોઈ.
- પરંપરાગત કૌશલ્ય અને કરઘાઓ નષ્ટ થવા લાગ્યા.
- આત્મનિર્ભર ભારત, વિદેશી વસ્તુઓ પર નિર્ભર બન્યું.


મેનચેસ્ટરના માળખા



યંત્રચાલિત મિલો | મોટા પાયે ઉત્પાદન | વિશ્વભરમાં નિકાસ

ભારતમાં કપડાં ઉદ્યોગનું પતન (આંકડાકીય દૃષ્ટાંત)

ભારતનું તૈયાર કપડાંની નિકાસ (લાખ રૂપિયામાં)



૧૯મી સદીના મધ્ય સુધીમાં ભારતીય હસ્તવણાટ માંથી લાખો લોકો બેરોજગાર બન્યા.

એક સમયનો સમૃદ્ધ ઉદ્યોગ, ઔદ્યોગિક નીતિઓના કારણે ધ્વસ્ત થયો.


"જ્યાં મેનચેસ્ટરની
મિલો ગાજી ઉઠી,
ત્યાં ભારતના કરઘાઓ રડી ઊઠ્યા.
યંત્રોની ચમક પાછળ,
ભારતના હાથોની
મહેનતનું અંધકાર ઘેરાયું."



ભારત પર થયેલા દીર્ઘકાલિન દુષ્પ્રભાવ



ભારતીય વણકરોની મહેનત, કૌશલ્ય અને કરઘાઓ – ઔદ્યોગિક લાલચનો ભોગ બન્યા.



આર્થિક શોષણના આ યુગે
ભારતીય ઉદ્યોગની
જીવનરોજી ચોરી લીધી.



૬. ઔદ્યોગિક ક્રાંતિ અને ભારતીય ઉદ્યોગનો વિનાશ

મેનચેસ્ટરની ચમક અને ભારતીય કરઘાઓનો અંધકાર

અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પ્રારંભમાં વિશ્વ ઇતિહાસમાં એવી ઘટના બની, જેણે માત્ર યુરોપની અર્થવ્યવસ્થાને જ નહીં, પરંતુ એશિયા, આફ્રિકા અને ખાસ કરીને ભારતના આર્થિક જીવનને પણ ઊંડે સુધી અસર કરી. આ ઘટના હતી ઔદ્યોગિક ક્રાંતિ (Industrial Revolution) સામાન્ય રીતે ઔદ્યોગિક ક્રાંતિને વિજ્ઞાન, તકનીક અને ઉત્પાદન ક્ષમતાના વિકાસનું પ્રતીક માનવામાં આવે છે. ખરેખર તેણે ઉત્પાદન, પરિવહન અને વેપાર ક્ષેત્રે અદભૂત પરિવર્તન લાવ્યાં. પરંતુ ભારત જેવા વસાહતી દેશો માટે તેના પરિણામો અત્યંત કરુણ અને પીડાદાયક સાબિત થયા. જે સમયે ઇંગ્લેન્ડની મિલોમાં મશીનોની ગતિ વધી રહી હતી, તે જ સમયે ભારતના કરઘાઓની ટક-ટક ધીમી પડી રહી હતી. જે સમયે મેનચેસ્ટર સમૃદ્ધ બની રહ્યું હતું, તે જ સમયે ઢાકા, સુરત, પાટણ, બનારસ અને મુર્શિદાબાદ જેવા વસ્ત્ર કેન્દ્રો ગરીબી અને પતન તરફ ધકેલાઈ રહ્યા હતા. ભારતીય વણકરો માટે ઔદ્યોગિક ક્રાંતિ માત્ર ટેકનિકલ પરિવર્તન નહોતી; તે તેમની આજીવિકા, તેમની કલા અને તેમની સાંસ્કૃતિક ઓળખ પર પડેલો ગહન પ્રહાર હતો.

સ્પિનિંગ જેની મશીન યુગની શરૂઆત સન ૧૭૬૪માં ઇંગ્લેન્ડના જેમ્સ હાર્ગ્રીવ્સે સ્પિનિંગ જેની (Spinning Jenny) નામની મશીનની શોધ કરી. આ મશીન એક સાથે અનેક ધાગા કાતી શકતી હતી. અગાઉ જ્યાં એક વ્યક્તિ એક સમયે માત્ર એક જ ધાગો તૈયાર કરી શકતો હતો, ત્યાં હવે એક સાથે અનેક ધાગા તૈયાર થવા લાગ્યા. આ શોધે બ્રિટિશ વસ્ત્ર ઉદ્યોગમાં ક્રાંતિ સર્જી. ઉત્પાદનની ગતિ વધી ગઈ. મજૂરી ખર્ચ ઘટી ગયો. અને મોટા પાયે કાપડનું ઉત્પાદન શક્ય બન્યું. ઇંગ્લેન્ડના ઉદ્યોગપતિઓએ ટૂંક સમયમાં સમજી લીધું કે મશીનોના આધારે તેઓ વિશ્વના વસ્ત્ર બજારો પર નિયંત્રણ સ્થાપિત કરી શકે છે. પરંતુ આ પ્રગતિનો બીજો ચહેરો પણ હતો. જે સમયે ઇંગ્લેન્ડમાં મશીનો ઉત્પાદન વધારી રહી હતી, તે સમયે ભારતના લાખો હસ્તકરઘા વણકરો પોતાના પરંપરાગત કૌશલ્ય સાથે સ્પર્ધા કરવા માટે મજબૂર બનતા હતા.

પાવર લૂમ ભારતીય કરઘાઓ સામે નવી પડકાર સ્પિનિંગ જેની પછી રિચર્ડ આર્કરાઇટની વોટર ફ્રેમ, સેમ્યુઅલ ક્રોમ્પટનની સ્પિનિંગ મ્યુલ અને એડમન્ડ કાર્ટરાઇટના પાવર લૂમ જેવી શોધોએ વસ્ત્ર ઉદ્યોગની સમગ્ર રચનાને બદલી નાખી. ખાસ કરીને પાવર લૂમે હસ્તકરઘા ઉદ્યોગ સામે અભૂતપૂર્વ પડકાર ઊભો કર્યો. ભારતીય વણકર એક કાપડ તૈયાર કરવામાં અનેક દિવસો વિતાવતો હતો, જ્યારે મશીનો એ જ સમયગાળામાં અનેકગણું વધુ ઉત્પાદન કરવા લાગી. પરિણામે મશીનથી બનેલા કાપડની કિંમત ઘટી ગઈ. બ્રિટિશ કાપડ સસ્તા બન્યા. અને ભારતીય હસ્તનિર્મિત કાપડ, તેમની શ્રેષ્ઠ ગુણવત્તા અને કલાત્મકતા હોવા છતાં, તુલનાત્મક રીતે મોંઘા દેખાવા લાગ્યા. ધીમે ધીમે બજાર મશીનો તરફ વળવા લાગ્યું.

મેનચેસ્ટરનું ઉદય અને ભારતનું બજાર ઓગણીસમી સદીના પ્રારંભ સુધી મેનચેસ્ટર, લેન્કાશાયર અને ઈંગ્લેન્ડના અન્ય ઔદ્યોગિક શહેરો વિશ્વના મુખ્ય વસ્ત્ર ઉત્પાદન કેન્દ્રો બની ચૂક્યા હતા. હજારો મજૂરો અને વિશાળ મશીનોની મદદથી અતિમોટા પ્રમાણમાં કાપડનું ઉત્પાદન થતું હતું. હવે બ્રિટિશ ઉદ્યોગોને વિશાળ બજારની જરૂર હતી. અને ભારત તેના માટે સૌથી યોગ્ય સ્થાન હતું.

કારણ કે,

ભારતની વિશાળ વસ્તી હતી,

કપડાંની સતત માંગ હતી, અને સૌથી મહત્ત્વપૂર્ણ, ભારત હવે બ્રિટિશ નિયંત્રણ હેઠળ હતું.

અંગ્રેજોએ પોતાના રાજકીય પ્રભુત્વનો ઉપયોગ કરીને ભારતીય બજારોને બ્રિટિશ માલ માટે ખોલી નાખ્યાં.

ભારતમાંથી કાચો કપાસ ઈંગ્લેન્ડ મોકલવામાં આવતો. ત્યાંથી મશીનોથી કાપડ બનાવવામાં આવતું. અને પછી એ જ કાપડ ભારતના બજારોમાં વેચવામાં આવતું.

આ વસાહતી અર્થવ્યવસ્થાનો સૌથી મોટો વિરોધાભાસ હતો.

જે દેશે વિશ્વને વસ્ત્ર નિર્માણની કલા શીખવી હતી, તે જ દેશ હવે વિદેશી કાપડનો ગ્રાહક બની રહ્યો હતો.

અસમાન વેપાર નીતિ, એક સુનિયોજિત આર્થિક આક્રમણ અંગ્રેજોએ માત્ર મશીનો દ્વારા જ સ્પર્ધા કરી નહોતી. તેમણે વેપાર અને કર નીતિઓને પણ પોતાના હિત મુજબ ઘડી હતી.

ભારતીય કાપડ પર બ્રિટનમાં ભારે આયાત શુલ્ક લાદવામાં આવ્યા.

જ્યારે બ્રિટિશ કાપડને ભારતમાં લગભગ મુક્ત પ્રવેશ આપવામાં આવ્યો.

આ સમાન સ્પર્ધા નહોતી.

આ એક એવી વ્યવસ્થા હતી જેમાં એક પક્ષને વિશેષ સવલતો અને બીજા પક્ષને સતત અવરોધો આપવામાં આવતા હતા.

ધીમે ધીમે ભારતીય બજારો મેનચેસ્ટરના કાપડોથી ભરાઈ ગયા.

અને ભારતીય વણકરો માટે અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થયો.

ઢાકાની મલમલથી મેનચેસ્ટરના કપડાં સુધી આ પરિવર્તનનું સૌથી દુઃખદ ઉદાહરણ બંગાળમાં જોવા મળ્યું.

જે ઢાકા ક્યારેય વિશ્વવિખ્યાત મલમલ માટે ઓળખાતું હતું, તે ધીમે ધીમે આર્થિક સંકટનું કેન્દ્ર બનવા લાગ્યું.

અસંખ્ય વણકરોએ પોતાનો પરંપરાગત વ્યવસાય છોડી દીધો.

ઘણા પરિવારો ગરીબીમાં ધકેલાઈ ગયા.

કેટલાક ખેતીમજૂર બન્યા.

કેટલાક રોજગારીની શોધમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા.

ઢાકા, મુર્શિદાબાદ, બનારસ, સુરત, પાટણ અને મછલીપટ્ટનમ જેવા અનેક કેન્દ્રોની આર્થિક રચના બદલાઈ ગઈ.

કરઘાઓની મૌન ચીસ ભારતીય ઉદ્યોગના પતનની અસર માત્ર અર્થતંત્ર પૂરતી મર્યાદિત રહી નહોતી.

તે સમાજના દરેક સ્તર સુધી પહોંચી.

લાખો પરિવારોની આજીવિકા જોખમમાં પડી.

પેઢીઓથી ચાલતી કૌશલ્ય પરંપરાઓ નબળી પડી.

ગામડાંઓની આર્થિક વ્યવસ્થા બદલાઈ ગઈ.

જ્યાં ક્યારેક કરઘાઓની ટક-ટક ગુંજતી હતી, ત્યાં ધીમે ધીમે સન્નાટો છવાવા લાગ્યો.

આ માત્ર ઉદ્યોગનો પતન નહોતો.

આ એક જીવનપદ્ધતિનો સંકટ હતો.

આ એક સંસ્કૃતિનો સંકટ હતો.

આ એક સભ્યતાના શ્રમ આધારિત માળખા પર પડેલો આઘાત હતો.

પીડા, પ્રતાડના અને કરઘાઓનો મૌન વિદ્રોહ,ભારતીય જનમાનસમાં એકલવ્યની કથા ત્યાગ અને સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે. ભારતીય વણકરોના ઈતિહાસમાં પણ એવી જ એક કરુણ સ્મૃતિ લોકકથાઓ અને જનશ્રુતિઓમાં જીવંત છે. કહેવામાં આવે છે કે કેટલાક વણકરોએ શોષણ અને બળજબરીથી મુક્તિ મેળવવા માટે પોતાના અંગૂઠા અથવા આંગળીઓને નુકસાન પહોંચાડ્યું. આ લોકસ્મૃતિ ભારતીય વણકરોની અસહ્ય પીડાનું પ્રતીક બની ગઈ છે.

મહત્ત્વની બાબત એ નથી કે આ ઘટના કેટલી વ્યાપક હતી.

મહત્ત્વની બાબત એ છે કે આવી લોકકથા જન્મી જ કેમ?

તે દર્શાવે છે કે વણકર સમાજે ઔપનિવેશિક યુગ દરમિયાન કેટલા ઊંડા આર્થિક અને સામાજિક કષ્ટો સહન કર્યા હતા.

કાર્લ માર્ક્સ અને ભારતનો આર્થિક વિનાશ, જર્મન વિચારક કાર્લ માર્ક્સે પણ ભારત પર બ્રિટિશ શાસનની અસરનું વિશ્લેષણ કરતાં લખ્યું હતું કે બ્રિટિશ ઔદ્યોગિકીકરણે ભારતીય હસ્તકરઘા અને કૂટિર ઉદ્યોગોને ગંભીર નુકસાન પહોંચાડ્યું. તેમના મત મુજબ મશીનથી બનેલા અંગ્રેજી કાપડોએ ભારતની પરંપરાગત ઉત્પાદન વ્યવસ્થાને નબળી બનાવી અને સમાજની આર્થિક રચનામાં મૂળભૂત પરિવર્તન લાવ્યું. ભલે માર્ક્સનું વિશ્લેષણ આર્થિક દૃષ્ટિકોણથી હતું, પરંતુ તેનાથી એક વાત સ્પષ્ટ થાય છે કે ઔદ્યોગિક ક્રાંતિનો ભારત પરનો પ્રભાવ અત્યંત ઊંડો અને વ્યાપક હતો.

છતાં સંઘર્ષ જીવંત રહ્યો

ભારતીય વણકરોની કથા માત્ર પરાજયની કથા નથી.

તેમણે વિપરીત પરિસ્થિતિઓમાં પણ પોતાની કલા ને જીવંત રાખી.

તેમણે પોતાની પરંપરાઓને નષ્ટ થવા દીધી નહીં.

તેમણે પોતાના શ્રમના ગૌરવને જાળવી રાખ્યું.

આજે પણ ભારતના અનેક વિસ્તારોમાં હસ્તકરઘા પરંપરા જીવંત છે.

કારણ કે,

હસ્તકરઘા માત્ર ઉદ્યોગ નથી.

તે ઇતિહાસ છે.

તે સંસ્કૃતિ છે.

તે સ્વાભિમાન છે. અને તે લાખો વણકરોની સ્મૃતિ છે, જેમણે ઔદ્યોગિક

ક્રાંતિ અને ઔપનિવેશિક શોષણના સૌથી કઠિન સમયમાં પણ પોતાના કરઘાઓને સંપૂર્ણપણે મૌન થવા દીધા નહોતા.

ઔદ્યોગિક ક્રાંતિએ ઇંગ્લેન્ડને સમૃદ્ધ બનાવ્યું, પરંતુ ભારત માટે તેના પરિણામો અત્યંત જટિલ અને પીડાદાયક રહ્યા. સ્પિનિંગ જેની, પાવર લૂમ અને બ્રિટિશ મિલોએ ઉત્પાદનની નવી દુનિયા ઊભી કરી, પરંતુ એ જ પ્રક્રિયાએ ભારતીય હસ્તકરઘા ઉદ્યોગને ગહન આઘાત પહોંચાડ્યો. મેનચેસ્ટરની ચમક પાછળ ભારતીય કરઘાઓનો અંધકાર છુપાયેલો હતો. પરંતુ ભારતીય વણકરોએ પોતાના શ્રમ, કૌશલ્ય અને સ્વાભિમાનની જ્યોતને સંપૂર્ણપણે બુઝાવા દીધી નહીં. આ જ તેમની સૌથી મોટી ઐતિહાસિક જીત હતી. અને આ જ સંઘર્ષ આગળ જઈને સ્વદેશી ચેતના, ખાદી આંદોલન અને આર્થિક આત્મનિર્ભરતાની તે વિચારધારાનું બીજ બન્યો, જેણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને નવી દિશા આપી. "ભારતીય વણકરો પર થયેલો ઔપનિવેશિક પ્રહાર માત્ર આર્થિક નીતિ નહોતો; તે ભારતની આત્મનિર્ભર ઉત્પાદન વ્યવસ્થા, તેની સાંસ્કૃતિક શક્તિ અને તેના શ્રમ આધારિત સમાજ પર કરવામાં આવેલ સુનિયોજિત આક્રમણ હતું."

"શ્રમથી વણાયેલું વસ્ત્ર શરીરને ઢાંકે છે,
પરંતુ સ્વાભિમાનથી વણાયેલું ઇતિહાસ પેઢીઓને પ્રેરણા આપે છે."

"ધાગો તૂટે તો વસ્ત્ર અધૂરું રહે;
શ્રમિક તૂટે તો રાષ્ટ્ર અધૂરું રહી જાય."

નાથુ સોસા

7 બંગાળના વણકરોની કરૂણ ગાથા

ઢાકાની મલમલના વૈભવથી ગરીબી સુધીની દાસ્તાન

એક સમયનો વૈભવ

ઢાકાની મલમલ દુનિયાભરમાં પ્રસિદ્ધ
વણકરોનો શ્રમ, કૌશલ્ય અને સ્વાભિમાન

BENGAL

Dhaka

Bengal

બ્રિટિશ શોષણ અને વિનાશ

- જબરદસ્તી દક્ષની પ્રથા
- ઓછા ભાવે માલ ખરીદી
- વધતા કર અને અનિયંત્રિત કાયદા
- મશીનવાળો કપડાની આયાત
- વણાટ ઉદ્યોગનો નાશ

"જેઓના હાથોએ દુનિયાને
સૌથી નરમ કપડું આપ્યું,
તેમના ભાગે ગરીબી અને
આંસુઓ આવ્યા."

- સૂક્ષ્મતા, નફાકારી અને આંતરરાષ્ટ્રીય માંગ
- મુગલ દરબારમાંથી યુરોપ સુધીની પ્રસિદ્ધિ
- વણકરોનું સમૃદ્ધ અને સન્માનભર્યું જીવન

વૈભવથી ગરીબી સુધી

- વ્યવસાયમાં ઘાટો અને કરજનો ભાર
- ભુખમરો, બેરોજગારી અને સ્થળાંતર
- વણકર સમાજની આર્થિક અને સામાજિક સ્થિતિનો પતન

૭. બંગાળના વણકરોની કરુણ ગાથા

ઢાકાની મલમલથી ગરીબી અને પરાધીનતા સુધી

વિનાશ અને વેદનાનો ઈતિહાસ, ભારતીય વસ્ત્ર ઉદ્યોગના ઈતિહાસમાં જો કોઈ પ્રદેશે વિશ્વવ્યાપી ખ્યાતિ પ્રાપ્ત કરી હોય, તો તે બંગાળ હતો. એક સમય એવો હતો જ્યારે બંગાળના કરઘાઓ પર તૈયાર થતી મલમલને વિશ્વનું સર્વોત્તમ વસ્ત્ર માનવામાં આવતું હતું. તેની ઝીણવટ, કોમળતા અને કલાત્મક સૌંદર્યે ભારતને વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવી હતી.

ઢાકાની મલમલ માત્ર એક કાપડ નહોતું.

તે ભારતીય કારીગરીનું ગૌરવ હતું.

તે શ્રમની સાધના હતી.

તે એક સમગ્ર સમાજની જીવનશૈલી હતી. અને તે ભારતની આર્થિક સમૃદ્ધિનું જીવંત પ્રતીક હતી. પરંતુ ઈતિહાસની સૌથી મોટી કરુણતાઓમાંની એક એ છે કે જે બંગાળે વિશ્વને શ્રેષ્ઠ વસ્ત્ર આપ્યાં, તે જ બંગાળ બ્રિટિશ ઔપનિવેશિક નીતિઓના કારણે ગરીબી, બેરોજગારી અને આર્થિક વિનાશનું પ્રતીક બની ગયું.

ઢાકાનો સુવર્ણ યુગ, અઢારમી સદી પહેલાં બંગાળ ભારતના સૌથી સમૃદ્ધ પ્રદેશોમાં ગણાતો હતો. ખાસ કરીને ઢાકા શહેર વિશ્વપ્રસિદ્ધ વસ્ત્ર ઉત્પાદન કેન્દ્ર હતું. અહીં બનતી મલમલ એટલી ઝીણી અને નાજુક હતી કે વિદેશી પ્રવાસીઓ તેને “Woven Air” (હવામાં વણાયેલું કાપડ) તરીકે વર્ણવતા હતા.

એવું કહેવાતું હતું કે મલમલનો આખો થાન એક વીંટીમાંથી પસાર થઈ શકે.

મોગલ દરબારમાં ઢાકાની મલમલને વિશેષ સ્થાન પ્રાપ્ત હતું.

રાજપરિવારો, નવાબો અને ઉચ્ચ વર્ગના લોકો માટે ખાસ મલમલ તૈયાર થતી હતી.

આ વસ્ત્રો માત્ર કાપડ નહોતા; તેઓ કલા, ધીરજ અને અદ્વિતીય કુશળતાના પ્રતિક હતા.

વણકરોના હાથમાં સમૃદ્ધિ, ઢાકાની મલમલનો ઉદ્યોગ લાખો લોકોના જીવન સાથે જોડાયેલો હતો.

મહિલાઓ સૂત કાતતી.

રંગરેજો રંગકામ કરતા.

વણકરો મહિનાઓ સુધી કરઘા પર બેસીને અદ્ભુત કાપડ તૈયાર કરતા.

વેપારીઓ તેને દૂર દૂરના દેશોમાં પહોંચાડતા.

આ સમગ્ર વ્યવસ્થા બંગાળની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ હતી.

બંગાળના અનેક ગામો મલમલના ઉત્પાદનથી સમૃદ્ધ બન્યા હતા.

ઘણા વણકર પરિવારોને સમાજમાં માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત હતી.

તેમના માટે વણાટ માત્ર રોજગાર નહોતો; તે જીવનનો ગૌરવ હતો.

બ્રિટિશ નિયંત્રણની શરૂઆત પ્લાસી (૧૭૫૭) અને બક્સર (૧૭૬૪) પછી બંગાળનું ભાગ્ય બદલાવા લાગ્યું.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ રાજકીય સત્તા સાથે આર્થિક નિયંત્રણ પણ પોતાના હાથમાં લઈ લીધું.

હવે તેમનો હેતુ ભારતીય ઉદ્યોગોના વિકાસનો નહોતો.

તેમનો હેતુ બ્રિટિશ ઉદ્યોગોને લાભ પહોંચાડવાનો હતો.

વણકરોને કંપની માટે જ ઉત્પાદન કરવા મજબૂર કરવામાં આવ્યા.

તેમને ઓછી કિંમતે માલ વેચવો પડતો.

સ્વતંત્ર વેપારના રસ્તાઓ બંધ કરવામાં આવ્યા.

અને ધીમે ધીમે વણકરોની આર્થિક સ્વતંત્રતા છીનવાઈ ગઈ.

એક સમયના સ્વાભિમાની કારીગરો હવે કંપનીના નિયંત્રિત શ્રમિકોમાં ફેરવાઈ રહ્યા હતા.

ઢાકાની મલમલનો પતન ઔદ્યોગિક ક્રાંતિ પછી ઈંગ્લેન્ડની મિલોમાં મશીનોથી મોટા પાયે કાપડ બનવા લાગ્યું.

ભારતમાંથી સસ્તા ભાવે કપાસ લઈ જવાતો.

ઇંગ્લેન્ડમાં કાપડ બનતું.

અને પછી એ જ કાપડ ભારતના બજારોમાં વેચવામાં આવતું.

આ સ્પર્ધા અસમાન હતી.

એક તરફ સદીઓની પરંપરા અને હાથની કલા હતી.

બીજી તરફ મશીનો, મૂડી અને શાસકીય સંરક્ષણ હતું.

પરિણામે ઢાકાની મલમલ ધીમે ધીમે બજારમાંથી અદૃશ્ય થવા લાગી.

ગરીબી તરફ ધકેલાતા વણકરો જે પરિવારો ક્યારેક સમૃદ્ધિ અને ગૌરવનું પ્રતીક હતા, તેઓ હવે જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરવા લાગ્યા.

ઘણા કરઘા બંધ થઈ ગયા.

ઘણા વણકરો ખેતી મજૂરો બન્યા.

ઘણાએ પોતાનો પૌત્રિક વ્યવસાય છોડી દીધો.

ઘણા પરિવારો દેવાના ભાર હેઠળ દબાઈ ગયા.

એક સમય જે હાથોને દુનિયા સલામ કરતી હતી, તે જ હાથ હવે રોજી-રોટી માટે સંઘર્ષ કરી રહ્યા હતા.

આ માત્ર આર્થિક સંકટ નહોતું.

આ એક સાંસ્કૃતિક દુર્ઘટના હતી.

કારણ કે દરેક બંધ થતા કરઘા સાથે એક પરંપરા પણ મરી રહી હતી.

મૌન થતી ઢાકાની ગલીઓ એક સમય ઢાકાની ગલીઓમાં કરઘાઓની ટક-ટક સતત સંભળાતી હતી.

વેપારીઓ દૂર દૂરથી અહીં આવતા.

ઘરોમાં વણાટનો અવાજ જીવનનું સંગીત લાગતો.

પરંતુ ધીમે ધીમે એ અવાજો મૌન થવા લાગ્યા.

ઉત્પાદન ઘટવા લાગ્યું.

વેપાર ઓછો થવા લાગ્યો.

અને એક સમયનું વિશ્વપ્રસિદ્ધ શહેર પોતાની ઓળખ ગુમાવવા લાગ્યું.

ઇતિહાસની બે કરુણ સ્મૃતિઓ

ઇતિહાસ ઘણીવાર રાજાઓ અને યુદ્ધોને યાદ રાખે છે.

ક્યારેક કોઈ નાની ઘટનાને પણ સ્થાન આપે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે શું ભારતીય વણકરોની પીડાને પણ ઇતિહાસે એટલી જ ગંભીરતાથી યાદ રાખી છે?

જે લોકોના હાથોએ વિશ્વને અદ્‌ભુત કલા આપી,

જે લોકોના કરઘાઓએ ભારતની સમૃદ્ધિ ગૂંથી,

જે લોકોએ પોતાના શ્રમથી રાષ્ટ્રની આર્થિક શક્તિ મજબૂત બનાવી,

તે જ લોકો ગરીબી અને અપમાનમાં ધકેલાઈ ગયા.

આ માત્ર એક સમુદાયની પીડા નહોતી.

આ ભારતની ઉત્પાદન શક્તિ પર થયેલો પ્રહાર હતો.

આ ભારતની સાંસ્કૃતિક વારસાને પહોંચાડવામાં આવેલું નુકસાન હતું.

મલમલ ગાયબ થઈ, સ્મૃતિ નહીં, ઢાકાની મલમલ આજે બજારોમાં ભાગ્યે જ જોવા મળે છે.

પરંતુ તેની સ્મૃતિ આજે પણ જીવંત છે.

તે ભારતીય વણકરોની પ્રતિભા, ધીરજ અને કલાત્મક ઉત્તમતાનું સર્વોચ્ચ પ્રતીક છે.

ઢાકાની મલમલનો ઇતિહાસ આપણને યાદ અપાવે છે કે કોઈ પણ રાષ્ટ્રની સમૃદ્ધિ માત્ર સંપત્તિથી બનતી નથી.

તે શ્રમથી બને છે.

તે કૌશલ્યથી બને છે.

તે ન્યાયપૂર્ણ નીતિઓથી બને છે.

અને તે પોતાના કારીગરો પ્રત્યેના સન્માનથી બને છે.

"ઢાકાની મલમલનું પતન માત્ર એક ઉદ્યોગનો પતન નહોતો; તે લાખો વણકર પરિવારોના સપનાઓનો પતન હતું. પરંતુ તેમના ધાગાઓમાં ગૂંથાયેલું કૌશલ્ય, તેમનો સંઘર્ષ અને તેમનો સ્વાભિમાન આજે પણ ભારતીય ઇતિહાસના પાનાઓમાં અમર છે."

"વણકરનો પરિશ્રમ બજારમાં વેચાય છે,
પરંતુ તેની કલા ક્યારેય વેચાતી નથી."

"ભારતીય કરઘા પર માત્ર કાપડ નહોતું બનતું;
ત્યાં સંસ્કૃતિ, સ્વદેશી અને સ્વાભિમાનનું ભવિષ્ય વણાતું હતું."

શ્રમનું ગૌરવ
"શ્રમથી ભીના થયેલા હાથ ક્યારેય ગરીબ નથી હોતા;
તેઓ રાષ્ટ્રની સમૃદ્ધિના સાચા સર્જકો હોય છે."

નાથુ સોસા



૪ વણકરોનો મૌન પ્રતિકાર

ઉત્પાદનનો બહિષ્કાર, વેપારી અસહકાર અને સ્વાભિમાનની રક્ષા

"અમે ભૂખ સહન કરીશું, પણ ગુલામીની શરતે વણાટ નહીં કરીએ."

- એક ભારતીય વણકર

શોષણ સામે સ્વાભિમાનનો સંકલ્પ

- બળજબરીથી ઓછા ભાવે માલ બનાવવવો, સમયસર પૈસા ન ચૂકવવા અને અન્ય વેપારીઓ સાથે વેપાર ન કરવા દબાણ – આ બધાના વિરોધમાં વણકરો મૌન પરંતુ મક્કમ બન્યા.
- તેમણે નક્કી કર્યું કે અન્યાયી શરતો પર ઉત્પાદન નહીં કરીએ.





અન્યાયી શરતો પર ઉત્પાદન નહીં કરીએ. આપણી મહેનતનું અપમાન સ્વીકાર્ય નથી.

અમારો કરઘો અમારી આજીવિકા છે, પણ અમારા સ્વાભિમાનથી પણ વધારે મૂલ્યવાન છે.

પરિણામ

- વ્યાપારીઓને આર્થિક નુકસાન થવા લાગ્યું.
- કંપની સરકારને હસ્તક્ષેપ કરવો પડ્યો.
- કેટલાક સ્થળોએ વણકરો પર દબાણ અને સજા થઈ, તેમ છતાં તેઓ ઝુક્યા નહીં.
- આ પ્રતિકાર આગળ જઈને સ્વદેશી અને સ્વાતંત્ર્ય સંગ્રામની પાયાનો પથ્થર બન્યો.



મૌન પ્રતિકારના સ્વરૂપો



ઉત્પાદનનો બહિષ્કાર
વણકરો એ દમનકારી વેપારીઓ માટે કાપડ બનાવવા ઈનકાર કર્યો.



વેપારી અસહકાર
ગુમાસ્તાઓ સાથે વાતચીત બંધ કરી, તેમના દબાણને અવગણ્યું.



સામૂહિક એકતા
ગામે ગામ વણકરો એક થયા અને એકબીજાને મજબૂત બનાવ્યા



સ્વાભિમાનની રક્ષા
"મહેનત અમારી, માલ અમારો, ભાવ પણ અમારો" આ ભાવનાને જીવંત રાખી.

ઈતિહાસ સાક્ષી છે

વણકરોનું આ મૌન પ્રતિકાર ભારતીય જનચેતનાનો પ્રારંભ હતો. તેમણે હિંસાથી નહીં, અડગતા અને એકતાથી શોષણ સામે લડત આપી.



આ મૌન પ્રતિકાર જ આગળ જઈને સ્વદેશી ચળવળ, ખાદી આંદોલન અને સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રેરણા બન્યો.

પેઢી દર પેઢી ચાલતી પ્રેરણા

આ પ્રતિકાર ફક્ત ઈતિહાસ નથી, એ વણકર સમાજના લોહીમાં વહેતું સ્વાભિમાન છે, જે આજે પણ તેમને ગૌરવ અને શક્તિ આપે છે.



'શોષણ સામે મૌન, પણ મનમાં અગ્નિ – આ છે ભારતીય વણકરોનો ગૌરવપૂર્ણ ઈતિહાસ.

૮. વણકરોનો મૌન પ્રતિકાર

ઉત્પાદનનો બહિષ્કાર, વેપારી અસહકાર અને સ્વાભિમાનની રક્ષા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ સામાન્ય રીતે યુદ્ધો, ક્રાંતિઓ, રાજકીય આંદોલનો અને મહાન નેતાઓના સંઘર્ષોથી ઓળખાય છે. પરંતુ ઇતિહાસનું એક એવું પાનું પણ છે, જે તલવારની ચમકમાં દેખાતું નથી અને યુદ્ધના ઘોષમાં સાંભળાતું નથી. તે છે લાખો શ્રમજીવી લોકોનો મૌન સંઘર્ષ, જેમણે કોઈ સત્તા, કોઈ સૈન્ય અને કોઈ રાજકીય મંચ વિના અન્યાય સામે પોતાના રીતે પ્રતિકાર કર્યો. ભારતીય વણકરોનો સંઘર્ષ પણ આવો જ એક મૌન પ્રતિકાર હતો. અંગ્રેજોની ઔપનિવેશિક નીતિઓએ જ્યારે ભારતીય હસ્તકરઘા ઉદ્યોગને વ્યવસ્થિત રીતે નબળો પાડવાનું શરૂ કર્યું, ત્યારે વણકરો પાસે ન તો રાજકીય સત્તા હતી, ન કોઈ સૈન્ય શક્તિ હતી અને ન તો વહીવટી અધિકારો હતા. તેમ છતાં તેમણે પરિસ્થિતિઓ સામે સંપૂર્ણ સમર્પણ કર્યું નહોતું. તેમનો પ્રતિકાર ક્યારેક ખુલ્લા અસંતોષ તરીકે દેખાયો, ક્યારેક વેપારી અસહકાર તરીકે, ક્યારેક ઉત્પાદન ઘટાડવાના સ્વરૂપમાં અને ક્યારેક પોતાની કલા તથા સ્વાભિમાનને જીવંત રાખવાના સંકલ્પ રૂપે. આ સંઘર્ષ કદાચ ઇતિહાસના મોટા ગ્રંથોમાં વિશેષ સ્થાન ન મેળવી શક્યો હોય, પરંતુ ભારતીય સ્વાતંત્ર્ય ચેતનાના પાયામાં તેનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ઉત્પાદન બંધ કરવું મૌન અસંમતિનો પ્રથમ અવાજ જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વણકરો પર બળજબરીભર્યા કરારો લાદ્યા, અત્યંત ઓછી કિંમતે કાપડ ખરીદવાનું શરૂ કર્યું અને તેમના વેપારી અધિકારોને મર્યાદિત કર્યા, ત્યારે ઘણા વિસ્તારોના વણકરોએ પોતાના સ્તરે વિરોધ વ્યક્ત કરવાનું શરૂ કર્યું. આ વિરોધનું સૌથી મહત્ત્વપૂર્ણ સ્વરૂપ હતું, ઉત્પાદન ઘટાડવું અથવા અસ્થાયી રીતે બંધ કરી દેવું. ઘણા વણકરોએ કંપની માટે કામ કરવાનું નકારી કાઢ્યું.

કેટલાક વિસ્તારોમાં કરઘાઓને થોડા સમય માટે બંધ રાખવામાં આવ્યા.

આ કોઈ રાષ્ટ્રીય સ્તરનું સંગઠિત આંદોલન નહોતું, પરંતુ તે તેમના અસંતોષ અને આત્મસન્માનની સ્પષ્ટ અભિવ્યક્તિ હતી. વણકરો સમજી ગયા હતા કે કંપનીનો હેતુ તેમના વિકાસનો નહીં, પરંતુ તેમના શ્રમ પર નિયંત્રણ સ્થાપિત કરવાનો છે.

તેમણે પોતાના શ્રમને જ પ્રતિકારનું હથિયાર બનાવ્યું. તેમની પાસે હથિયારો નહોતા, પરંતુ પોતાના કરઘાને મૌન કરવાની શક્તિ હતી.

વેપારી અસહકાર આર્થિક સ્વતંત્રતાની રક્ષા અંગ્રેજો ઇચ્છતા હતા કે ભારતીય વણકરો માત્ર કંપની માટે જ ઉત્પાદન કરે અને કંપની દ્વારા નક્કી કરાયેલી કિંમતો સ્વીકારે.

પરંતુ અનેક વિસ્તારોમાં વણકરોએ પરંપરાગત વેપારી સંબંધોને જાળવી રાખવાનો પ્રયાસ કર્યો.

તેઓ સ્થાનિક વેપારીઓ, પ્રાદેશિક બજારો અને પોતાના જૂના ગ્રાહકો સાથે સંપર્કમાં રહ્યા.

કેટલાક વણકરોએ કંપનીના ગોમાસ્તાઓથી અંતર રાખવાનો પ્રયાસ કર્યો.

કેટલાકે પોતાના ઉત્પાદનો ગુપ્ત રીતે અન્ય વેપારીઓ સુધી પહોંચાડ્યા.

આર્થિક રીતે તેઓ કદાચ શક્તિશાળી ન હતા, પરંતુ તેમણે પોતાની સ્વતંત્ર વેપારી ઓળખ જાળવી રાખવા માટે શક્ય તમામ પ્રયત્નો કર્યા.

આ વેપારી અસહકાર વાસ્તવમાં આર્થિક સ્વતંત્રતાની લડાઈ હતી.

સ્થાનિક વિરોધ અને જનઅસંતોષ વણકરોનો વિરોધ માત્ર વ્યક્તિગત સ્તર સુધી મર્યાદિત નહોતો. બંગાળ, બિહાર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને દક્ષિણ

ભારતના અનેક વિસ્તારોમાં વણકર સમાજે અંગ્રેજોની નીતિઓ સામે અસંતોષ વ્યક્ત કર્યો.

કેટલાક સ્થળોએ ગોમાસ્તાઓના અત્યાચાર સામે ફરિયાદો કરવામાં આવી.

કેટલાક વિસ્તારોમાં ઉત્પાદન અને પુરવઠો મર્યાદિત કરવામાં આવ્યો.

સ્થાનિક સમાજમાં અંગ્રેજી નીતિઓ પ્રત્યે વધતો અસંતોષ દેખાવા લાગ્યો.

આ વિરોધ કદાચ રાજકીય આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શક્યો નહોતો, પરંતુ તેણે રાષ્ટ્રીય ચેતનાના બીજ વાવી દીધાં.

સ્વાભિમાનની રક્ષા, સૌથી મોટો પ્રતિકાર

ભારતીય વણકરોનો સૌથી મોટો પ્રતિકાર આર્થિક નહોતો.

તે સ્વાભિમાનનો પ્રતિકાર હતો.

તેમના માટે વણાટ માત્ર વ્યવસાય નહોતો.

તે તેમની ઓળખ હતી.

તે તેમના પૂર્વજોની વારસાગત કલા-હતી.

તે તેમના અસ્તિત્વનું પ્રતીક હતું.

અંગ્રેજી નીતિઓએ તેમના શ્રમનું મૂલ્ય ઘટાડ્યું, પરંતુ તેમની કલા નું ગૌરવ નષ્ટ કરી શકી નહોતી.

આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ અનેક વણકરોએ પોતાની પરંપરા જીવંત રાખી.

તેમણે પોતાના સંતાનોને કૌશલ્ય શીખવ્યું.

તેમણે કરઘાઓને મૌન થવા દીધા નહીં.

આ માત્ર આર્થિક નિર્ણય નહોતો.

આ સાંસ્કૃતિક પ્રતિકાર હતો.

આ આત્મસન્માનની રક્ષા માટેનો સંઘર્ષ હતો.

કરઘાઓ પર લખાયેલો પ્રતિકારનો ઇતિહાસ

સામાન્ય રીતે પ્રતિકારને યુદ્ધભૂમિ સાથે જોડવામાં આવે છે.

પરંતુ ભારતીય વણકરોએ સાબિત કર્યું કે પ્રતિકાર માત્ર તલવારથી જ થતો નથી.

પ્રતિકાર કરઘા પર પણ થઈ શકે છે.

પ્રતિકાર શ્રમમાં પણ થઈ શકે છે.

પ્રતિકાર પોતાની કલા ને જીવંત રાખવામાં પણ થઈ શકે છે.

અને પ્રતિકાર પોતાની ઓળખને બચાવવામાં પણ થઈ શકે છે.

જ્યારે કોઈ સમાજ પોતાના અસ્તિત્વ, પોતાની સંસ્કૃતિ અને પોતાના આત્મસન્માનને બચાવવા માટે સંઘર્ષ કરે છે, ત્યારે તેનું દરેક શ્રમ પ્રતિકારનો અવાજ બની જાય છે.

ભારતીય વણકરોનું જીવન આ સત્યનું જીવંત ઉદાહરણ છે.

મૌન સંઘર્ષનું ઐતિહાસિક મહત્ત્વ, ઇતિહાસ ઘણીવાર મોટા યુદ્ધો અને મહાન નેતાઓને યાદ રાખે છે.

પરંતુ સમાજને અંદરથી બદલનારી શક્તિઓ ઘણીવાર મૌન હોય છે.

ભારતીય વણકરોનો મૌન પ્રતિકાર પણ એવી જ એક શક્તિ હતો.

તેમણે કોઈ સત્તા મેળવવાનો પ્રયાસ કર્યો નહોતો.

તેમણે કોઈ રાજકીય મંચ ઉભો કર્યો નહોતો.

તેમણે કોઈ વિશાળ સેના ઉભી કરી નહોતી.

તેમ છતાં તેમનો સંઘર્ષ મહત્ત્વપૂર્ણ હતો, કારણ કે તે આર્થિક ન્યાય, શ્રમના સન્માન અને આત્મગૌરવ માટે હતો.

આ જ ચેતના આગળ જતાં સ્વદેશી આંદોલન, ખાદી ચળવળ અને આર્થિક આત્મનિર્ભરતાની વિચારધારાનું આધારસ્તંભ બની.

જ્યારે મહાત્મા ગાંધીજીએ ચરખાને સ્વાતંત્ર્યનું પ્રતીક બનાવ્યું, ત્યારે તેની પાછળ માત્ર આર્થિક વિચાર નહોતો.

તેની પાછળ સદીઓથી સંઘર્ષ કરતા ભારતીય વણકરોની પરંપરા અને તેમનો સ્વાભિમાન પણ જોડાયેલો હતો.

ભારતીય વણકરોનો મૌન પ્રતિકાર સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસનું એવું પ્રકરણ છે, જેને લાંબા સમય સુધી યોગ્ય સ્થાન મળ્યું નથી. પરંતુ જો આપણે ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનની મૂળ ચેતનાને સમજવી હોય, તો તે લાખો વણકરોને યાદ કરવું જરૂરી છે, જેમણે કોઈ પ્રસિદ્ધિ વિના પોતાના શ્રમ અને આત્મસન્માનની રક્ષા માટે સંઘર્ષ કર્યો.

તેમણે ઉત્પાદન ઘટાડીને વિરોધ કર્યો.

તેમણે વેપારી અસહકાર કર્યો.

તેમણે સ્થાનિક સ્તરે અન્યાયનો પ્રતિકાર કર્યો.

અને સૌથી મહત્ત્વપૂર્ણ-તેમણે પોતાના સ્વાભિમાનને જીવંત રાખ્યો.

ભારતીય વણકરોએ માત્ર કાપડ જ વણ્યા નહોતા.

તેમણે પ્રતિકાર વણ્યો.

તેમણે સ્વાભિમાન વણ્યો.

તેમણે આત્મનિર્ભરતાનો સંદેશ વણ્યો.
અને આવનારી પેઢીઓ માટે આત્મસન્માનની એક અમર પરંપરા વણી.

એ જ મૌન પ્રતિકાર આગળ જઈને સ્વદેશી ચેતના અને રાષ્ટ્રીય જાગૃતિનો આધાર બન્યો.

"ભારતીય વણકરોએ માત્ર ધાગાઓને જ નહીં, પરંતુ સ્વાભિમાન, પ્રતિકાર અને સ્વાતંત્ર્યની ચેતનાને પણ પોતાના કરઘાઓ પર વણી હતી."

ભારતની ઓળખ
"ભારતની ઓળખ તેના સિંહાસનો કરતાં
વધુ તેના કરઘાઓએ વિશ્વમાં સ્થાપિત કરી છે."

કરઘાની ટક-ટક
"કરઘાની ટક-ટકમાં માત્ર ધાગા જોડાતા નથી; પેઢીઓ જોડાય છે."

સ્વાભિમાન
"જે ધાગો સ્વાભિમાનથી વણાય છે,
તેને કોઈ સામ્રાજ્ય તોડી શકતું નથી."

નાથુ સોસા


9 સ્વદેશી ચેતના અને વણકર સમાજ

આર્થિક શોષણથી રાષ્ટ્રીય જાગૃતિ સુધીનો પ્રવાસ

આર્થિક શોષણની વેદનાથી જાગી રાષ્ટ્રીય ચેતના

બ્રિટિશ શાસનના કાળમાં ભારતીય વણકરોનું આર્થિક શોષણ, ગરીબી અને અપમાન તેમને અંદરથી જલાવી રહ્યું હતું. પણ આ દુઃખ જ ધીમે ધીમે રાષ્ટ્રપ્રેમની જ્વાળામાં પરિવર્તિત થયું. વણકરો સમજી ગયા કે વિદેશી કાપડ માત્ર તેમના વ્યવસાયને નષ્ટ નથી કરતું, તે દેશને પણ ગુલામ બનાવે છે.





સ્વદેશી આંદોલનનો ઉદય


- 1905ના બંગાળ વિભાજન પછી સ્વદેશી આંદોલને સમગ્ર દેશમાં જાગૃતિ ફેલાવી.
- વિદેશી કપડાંના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓના ઉપયોગનો સંકલ્પ લેવાયો.
- વણકર સમાજ આ આંદોલનની આત્મા બન્યો.
- તેમણે પોતાના કરઘાઓ ફરી જીવંત કર્યા અને સ્વદેશી કાપડ ઉત્પાદનને રાષ્ટ્રીય ફરજ માની.



વણકરોનો સક્રિય ફાળો

- ઘણા વણકરો એ વિદેશી માલનું ઉત્પાદન બંધ કર્યું.
- સ્થાનિક કાચા માલનો ઉપયોગ વધાર્યો.
- ગામેગામ જાતે જઈને લોકોને સ્વાદેશીનું મહત્વ સમજાવ્યું.
- સ્વદેશી કાપડ, ખાદી અને ઘરેલું ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું.

> "સ્વદેશી એટલે માત્ર વિદેશીનો બહિષ્કાર નહીં, પણ સ્વાભિમાન, સ્વાવલંબન અને સ્વરાજનો માર્ગ."
> - મહાત્મા ગાંધી





સ્વદેશી અને વણકર સમાજનો સંબંધ

- સ્વદેશી આંદોલને વણકરોને આર્થિક સ્વતંત્રતાનો માર્ગ બતાવ્યો. તેમના ઉત્પાદનોને રાષ્ટ્રીય ગૌરવ મળ્યું.
- વણકરો માત્ર કારીગર નહોતા, તેઓ રાષ્ટ્રનિર્માતાઓ બન્યા.
- તેમના કરઘાના તાલે રાષ્ટ્રજાગૃતિનું ગીત ગુંજ્યું.

સ્વદેશી ચેતનાના મહત્ત્વના તબક્કા

1905	1906-1908	1910-1920	1920થી આગળ
બંગાળ વિભાજન અને સ્વદેશી આંદોલનનો પ્રારંભ	વિદેશી કપડાંનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર	ગામેગામ સ્વદેશી કાપડ ઉત્પાદન અને પ્રસાર	ખાદી,અસહકાર અને સ્વરાજ આંદોલનમાં ભૂમિકા વણકરોની આગવી ભૂમિકા

પરિણામ

- આર્થિક શોષણ સામેનો પ્રતિકાર
- સ્વાભિમાન અને આત્મવિશ્વાસમાં વધારો
- સ્વદેશી ઉદ્યોગોનું પુનર્જીવન
- રાષ્ટ્રીય એકતા અને જાગૃતિનો વિકાસ
- સ્વરાજ માટે મજબૂત પાયો

પ્રેરણાસ્ત્રોત મહાનુભાવો



મહાત્મા ગાંધી | બાળ ગંગાધર તિલક | લાલા લાજપત રાય | બિપિન ચંદ્ર પાલ

વણકરોના કરઘા પરથી નીકળેલું દરેક સ્વદેશી કાપડ - સ્વાભિમાન, સ્વાવલંબન અને સ્વરાજના સ્વપ્નનું વસ્ત્ર બન્યું.

૯. સ્વદેશી ચેતના અને વણકર સમાજ

આર્થિક શોષણથી રાષ્ટ્રીય જાગૃતિ સુધીનો પ્રવાસ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ માત્ર રાજકીય સંઘર્ષનો ઇતિહાસ નથી. તે આર્થિક શોષણ સામેના વિરોધ, સાંસ્કૃતિક અસ્મિતાની રક્ષા અને સ્વાભિમાનના પુનર્જાગરણનો પણ ઇતિહાસ છે. જ્યારે આપણે ભારતીય સ્વાતંત્ર્ય ચેતનાના ઉદ્ભવને સમજવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે સ્પષ્ટ થાય છે કે તેની શરૂઆત માત્ર રાજકીય નેતાઓના વિચારોમાંથી થઈ નહોતી. તેના મૂળ તો ભારતના ગામડાંઓમાં, કરઘાઓની ટક-ટકમાં, ખેડૂતના પરિશ્રમમાં અને કારીગરોના મૌન સંઘર્ષમાં રહેલા હતા. ભારતીય વણકરોનો સંઘર્ષ આ જ રાષ્ટ્રીય ચેતનાની પ્રારંભિક અભિવ્યક્તિઓ માંથી એક હતો. અંગ્રેજોના આગમન પહેલાં ભારત વિશ્વના સૌથી સમૃદ્ધ દેશોમાં ગણાતું હતું. કૃષિ, હસ્તકલા, વેપાર અને કૂટીર ઉદ્યોગો ભારતીય અર્થવ્યવસ્થાના મજબૂત આધારસ્તંભ હતા. ખાસ કરીને વસ્ત્ર ઉદ્યોગ ભારતની આર્થિક સમૃદ્ધિનું કેન્દ્ર હતો. પરંતુ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ રાજકીય સત્તા પ્રાપ્ત કર્યા બાદ ભારતીય અર્થવ્યવસ્થાને પોતાના હિતો અનુસાર ઢાળવાનું શરૂ કર્યું. ભારતીય વણકરોને બળજબરીપૂર્વક કંપની માટે કામ કરાવવામાં આવતું હતું. તેમની સ્વતંત્ર વેપાર વ્યવસ્થા નષ્ટ કરવામાં આવી. ઓછા ભાવે કાપડ ખરીદવામાં આવતું અને વધુ ભાવે વિદેશમાં વેચવામાં આવતું. બીજી તરફ બ્રિટનમાં બનેલા મશીન નિર્મિત કપડાં ભારતીય બજારોમાં ઠાલવવામાં આવ્યા. આ પરિસ્થિતિએ માત્ર આર્થિક નુકસાન જ પહોંચાડ્યું નહોતું; તેણે સમગ્ર સમાજમાં અસંતોષનું વાતાવરણ ઊભું કર્યું.

વણકરો, કારીગરો અને ખેડૂતોમાં વધતી જાગૃતિ ભારતીય સમાજના વિવિધ વર્ગોએ ધીમે ધીમે સમજવાનું શરૂ કર્યું કે અંગ્રેજી શાસન માત્ર રાજકીય પરિવર્તન નથી, પરંતુ આર્થિક શોષણની એક સુનિયોજિત વ્યવસ્થા છે.

વણકરોની આવક ઘટી રહી હતી.

કારીગરોની કલા બજારમાં ટકી શકતી નહોતી.

ખેડૂતો પર કરનો બોજ વધી રહ્યો હતો.

સ્થાનિક વેપારીઓનો વેપાર સીમિત થતો જતો હતો.

આ પરિસ્થિતિએ સમાજના વિવિધ વર્ગોમાં એક સામાન્ય સમજણ વિકસાવી, કે અંગ્રેજી શાસનથી દેશની સંપત્તિ ધીમે ધીમે વિદેશ લઈ જવામાં આવી રહી છે. આ જ સમજણ આગળ જઈને રાષ્ટ્રીય ચેતનાનું બીજ બની.

સ્થાનિક અસંતોષથી રાષ્ટ્રીય ચેતના સુધી ભારતના વિવિધ પ્રદેશોમાં ઉદ્ભવેલા નાના-મોટા વિરોધ આંદોલનો શરૂઆતમાં એકબીજાથી અલગ હતા. ક્યાંક ખેડૂતો વિરોધ કરતા હતા, ક્યાંક આદિવાસી સમાજ વિદ્રોહ કરતો હતો, તો ક્યાંક વણકરો અને કારીગરો પોતાની રીતે અસંતોષ વ્યક્ત કરતા હતા.

પરંતુ આ તમામ સંઘર્ષોમાં એક સામાન્ય તત્વ હતું, વિદેશી શોષણ સામેનો વિરોધ.

સમય જતાં આ વિવિધ અવાજો એક વિશાળ રાષ્ટ્રીય ચેતનામાં પરિવર્તિત થવા લાગ્યા.

લોકોને સમજાયું કે તેમની સમસ્યાઓ અલગ નથી.

તેમનો વિરોધ એક જ વ્યવસ્થા સામે છે. આ સમજણ ભારતીય રાષ્ટ્રવાદના ઉદ્ભવમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ.

સ્વદેશી વિચારધારાના બીજ ભારતીય વણકરોનો સંઘર્ષ માત્ર પોતાના વ્યવસાયને બચાવવાનો પ્રયાસ નહોતો. તે ભારતીય ઉત્પાદન, ભારતીય શ્રમ

અને ભારતીય આત્મનિર્ભરતાની રક્ષા માટેનો સંઘર્ષ હતો. જ્યારે વિદેશી કપડાં ભારતીય બજારોમાં છવાઈ રહ્યા હતા, ત્યારે ઘણા વિસ્તારોમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના વિચારો જન્મ લેવા લાગ્યા. લોકો સમજવા લાગ્યા કે જો દેશની આર્થિક સ્વતંત્રતા બચાવવી હોય, તો સ્થાનિક ઉદ્યોગોને બચાવવા જરૂરી છે. આ વિચારધારાએ જ આગળ જઈને સ્વદેશી આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું.

સને ૧૮૫૭ પૂર્વેનો સામાજિક અસંતોષ, ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ પહેલાં જ ભારતીય સમાજમાં અસંતોષનું વાતાવરણ સર્જાઈ ચૂક્યું હતું.

ખેડૂતો વધતા કરવેરાથી પરેશાન હતા.

કારીગરો રોજગાર ગુમાવી રહ્યા હતા.

વણકરો આર્થિક શોષણનો ભોગ બની રહ્યા હતા.

સ્થાનિક શાસકો પોતાની સત્તા ગુમાવી રહ્યા હતા.

આ અસંતોષ માત્ર કોઈ એક વર્ગ પૂરતો મર્યાદિત નહોતો.

તે સમગ્ર સમાજમાં વ્યાપી ગયો હતો.

આ જ પરિસ્થિતિએ ૧૮૫૭ના મહાસંગ્રામ માટે માનસિક અને સામાજિક પૃષ્ઠભૂમિ તૈયાર કરી.

ભારતીય ઉદ્યોગ અને રાષ્ટ્રવાદનો સંબંધ ભારતીય રાષ્ટ્રવાદ માત્ર રાજકીય સ્વતંત્રતાની માંગ નહોતો. તે આર્થિક સ્વતંત્રતાની માંગ પણ હતો.

ભારતીય વિચારકો અને સમાજસુધારકો સમજતા હતા કે રાજકીય સ્વતંત્રતા ત્યાં સુધી અધૂરી રહેશે જ્યાં સુધી દેશની અર્થવ્યવસ્થા આત્મનિર્ભર ન બને.

આથી ભારતીય ઉદ્યોગો, કૂટીર ઉદ્યોગો અને હસ્તકલા ક્ષેત્રને રાષ્ટ્રીય પુનર્જાગરણ સાથે જોડવામાં આવ્યા.

ભારતીય વણકરો આ વિચારધારાના કેન્દ્રમાં હતા.

કારણ કે તેમના કરઘાઓ માત્ર ઉત્પાદનના સાધન નહોતા; તેઓ આત્મનિર્ભર ભારતના પ્રતીક હતા.

આત્મનિર્ભરતા અને સ્વાભિમાનનો ઉદય અંગ્રેજી શાસનના સમયમાં ભારતીય સમાજે એક મહત્ત્વપૂર્ણ પાઠ શીખ્યો, આર્થિક પરાધીનતા અંતે રાજકીય પરાધીનતાને મજબૂત બનાવે છે.

આથી આત્મનિર્ભરતા માત્ર આર્થિક મુદ્દો નહોતો.

તે સ્વાભિમાનનો પ્રશ્ન બની ગયો.

ભારતીય વણકરો પોતાના શ્રમ દ્વારા આ આત્મનિર્ભરતાને જીવંત રાખી રહ્યા હતા.

તેઓ માત્ર કપડાં બનાવી રહ્યા નહોતા.

તેઓ સ્વાભિમાનનું સંરક્ષણ કરી રહ્યા હતા.

તેઓ ભારતીય કૌશલ્ય અને સર્જનાત્મકતાની પરંપરાને જીવંત રાખી રહ્યા હતા.

સ્વાતંત્ર્ય ચળવળની પૃષ્ઠભૂમિ તરીકે વણકર સમાજ ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના ઈતિહાસમાં વણકર સમાજનું યોગદાન ઘણી વખત પૂરતું પ્રકાશિત થયું નથી.

પરંતુ સત્ય એ છે કે વણકરોના સંઘર્ષે રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તેમણે આર્થિક શોષણનો અનુભવ સૌથી પહેલાં કર્યો.

તેમણે વિદેશી વેપાર નીતિઓના પરિણામો સૌથી પહેલાં ભોગવ્યા.

તેમણે પોતાના શ્રમ અને સ્વાભિમાનની રક્ષા માટે સતત સંઘર્ષ કર્યો.

આથી તેઓ ભારતીય સ્વાતંત્ર્ય ચેતનાના પ્રથમ સૈનિકોમાં ગણવા યોગ્ય છે.

સ્વદેશી, ખાદી અને રાષ્ટ્રીય પુનર્જાગરણ તરફ ઓગણીસમી અને વીસમી સદીમાં આ ચેતનાએ વધુ સંગઠિત સ્વરૂપ ધારણ કર્યું.

સ્વદેશી આંદોલને ભારતીય ઉત્પાદનને રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડ્યું.

મહાત્મા ગાંધીજીએ ચરખાને સ્વાતંત્ર્યનું પ્રતીક બનાવ્યું.

ખાદી માત્ર વસ્ત્ર રહી નહીં; તે સ્વાભિમાન, આત્મનિર્ભરતા અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બની.

આ રીતે કરઘાઓ પર જન્મેલી ચેતના આખા રાષ્ટ્રની ચેતના બની ગઈ.

ભારતીય વણકરોનો સંઘર્ષ માત્ર રોજગાર બચાવવાનો સંઘર્ષ નહોતો.

તે ભારતની આર્થિક સ્વતંત્રતા, સાંસ્કૃતિક અસ્મિતા અને રાષ્ટ્રીય સ્વાભિમાનને બચાવવાનો સંઘર્ષ હતો.

કરઘાઓ પર જન્મેલી આ ચેતના આગળ જઈને સ્વદેશી આંદોલન, ખાદી ચળવળ અને ભારતીય રાષ્ટ્રવાદની શક્તિશાળી ધારા બની. જો આપણે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના મૂળને સમજવા માંગતા હોઈએ, તો રાજકીય નેતાઓની સાથે

સાથે તે લાખો વણકરોને પણ યાદ કરવું પડશે, જેમણે પોતાના મૌન શ્રમ દ્વારા રાષ્ટ્રીય જાગૃતિના બીજ વાવ્યાં.

તેમણે માત્ર ધાગા જ નહોતા વણ્યા.

તેમણે સ્વાભિમાન વણ્યો.

તેમણે આત્મનિર્ભરતા વણી.

તેમણે સ્વાતંત્ર્યની ચેતના વણી.

અને તેમણે આવનારી પેઢીઓ માટે રાષ્ટ્રીય ગૌરવની એક અમર પરંપરા વણી.

"સ્વદેશી માત્ર કપડું પહેરવાનો વિચાર નથી;
તે આત્મસન્માનથી જીવવાનો સંકલ્પ છે."

વણકરની ઓળખ
"વણકરનું નામ કદાચ ઈતિહાસમાં ન લખાય,
પરંતુ તેનું સર્જન યુગો સુધી બોલતું રહે છે."

ભારતીય કારીગરી
"ભારતીય કારીગર હાથથી વસ્તુ બનાવતો નથી;
તે આત્માથી સર્જન કરે છે."

નાથુ સોસા

10 કરઘાઓની ટક-ટકથી સ્વાતંત્ર્યની ચેતના સુધી

જ્યારે ધાગાઓએ રાષ્ટ્રજાગૃતિનો માર્ગ બતાવ્યો



કરઘાથી ક્રાંતિ સુધીનો પ્રવાસ

- વિદેશી કાપડના આયાતે ભારતીય વણકરોને ઘેરા આર્થિક સંકટમાં ધકેલ્યા.
- વણકર સમાજે પોતાના દુઃખ અને શોષણને મૌનમાં સહન કર્યું, પણ હૃદયમાં સ્વાભિમાનની જ્વાળા પ્રગટતી રહી.
- જ્યારે રાષ્ટ્રજાગૃતિની લહેર ફૂંકાઈ, ત્યારે કરઘાની ટક-ટક આંદોલનનું સંગીત બની.
- સ્વદેશી અને બહિષ્કાર આંદોલનમાં વણકરો અને કારીગરોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.
- ખાદી, સ્વદેશી, રાષ્ટ્રીય શાળા, જનસભાઓ – દરેક સ્થળે કરઘાની મહત્તા ગુંજતી રહી.
- ધાગા-ધાગામાં સ્વાભિમાન વણાતું ગયું અને રાષ્ટ્રપ્રેમની ચાદર તૈયાર થતી ગઈ.

કરઘા બન્યો સંદેશવાહક

સ્વાવલંબનનો પ્રતીક
પોતાની મહેનતે પોતાના વસ્ત્ર બનાવવાનો સંકલ્પ.

બહિષ્કારનો હથિયાર
વિદેશી કાપડનો ત્યાગ અને સ્વદેશીનું સ્વીકાર.

એકતાનું સૂત્ર
હિંદુ-મુસ્લિમ, ગામ-શહેર, ગરીબ-અમીર સૌને એકસાથે લાવનાર સૂત્ર.

રાષ્ટ્રપ્રેમનો પ્રકાશ
કરઘાની ટક-ટક બની સ્વાતંત્ર્યના સ્વપ્નની પૂરાતી પ્રેરણા.



વણકરોનું યોગદાન

- ખાદી ઉત્પાદન દ્વારા આર્થિક સ્વાતંત્ર્યનો માર્ગ બનાવ્યો.
- સ્વદેશી ચળવળને મજબૂત બનાવી.
- સભાઓ, પ્રદર્શન અને રેલીઓમાં સક્રિય ભાગ લીધો.
- પોતાના જીવનમાં સોપણી, સંગ્રામ અને સમર્પણ દાખવ્યું.
- મૌન રહીને પણ ઇતિહાસ રચવામાં યોગદાન આપ્યું.

> “જ્યારે કરઘો બોલે છે,
> ત્યારે રાષ્ટ્ર જાગે છે.
> જ્યારે ધાગા વણાય છે,
> ત્યારે સ્વાતંત્ર્યની વણાટ
> શરૂ થાય છે.”

પ્રેરણાસ્થાનરૂપ વ્યક્તિઓ


મહાત્મા ગાંધી
ખાદી અને સ્વાવલંબનના પ્રણેતા


લોકમાન્ય તિલક
સ્વદેશી અને બહિષ્કારના પ્રબળ સમર્થક


લાલા લાજપત રાય
રાષ્ટ્રીય ચેતનાના અગ્રદૂત


રવીન્દ્રનાથ ટાગોર
સ્વદેશી વિચારધારાના સાંસ્કૃતિક પ્રેરક

કરઘાની ટક-ટકથી ઉદ્‌ભવેલી ક્રાંતિના મુખ્ય મુદ્દાઓ

- સ્વદેશીનો સ્વીકાર
- વિદેશીનો ત્યાગ
- આર્થિક સ્વાતંત્ર્ય
- સામાજિક એકતા
- રાષ્ટ્રીય જાગૃતિ
- સ્વાતંત્ર્યની પ્રેરણા

“કરઘાની ટક-ટક માત્ર ધાગાઓ નહીં, પણ રાષ્ટ્રના સ્વાભિમાનને વણતી હતી.”
કરઘા પર વાગતી દરેક ટક-ટક, વણકર સમાજના પરિશ્રમ અને સંઘર્ષની ગાથા છે.
આ ટક-ટકે જ રાષ્ટ્રને જગાડ્યું, આ ટક-ટકે જ સ્વાતંત્ર્યનો માર્ગ બતાવ્યો.
ધાગા વણાયા, સ્વપ્ન વણાયું અને ભારત જાગ્યું.

૧૦. કરઘાની ટક-ટકથી સ્વાતંત્ર્યની ચેતના સુધી

જ્યારે ધાગાઓએ રાષ્ટ્રજાગૃતિનો માર્ગ બતાવ્યો

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ માત્ર રાજકીય આંદોલનોનો ઇતિહાસ નથી. તે એક એવી સામૂહિક ચેતનાનો ઇતિહાસ છે, જે દેશના ગામડાઓ, ખેતરો, કાર્યશાળાઓ, ચરખાઓ અને કરઘાઓમાંથી જન્મી હતી. સ્વાતંત્ર્યની જ્યોત અચાનક પ્રગટ થઈ નહોતી; તે સદીઓથી ચાલતા શોષણ, સંઘર્ષ, આત્મસન્માન અને સ્વાવલંબનની ભાવનાઓમાંથી વિકસિત થઈ હતી.

ભારતીય વણકરો આ જ રાષ્ટ્રીય ચેતનાના અગત્યના વાહકો હતા. જ્યારે અંગ્રેજી શાસન ભારતની આર્થિક રચનાને કમજોર બનાવવાનું કાર્ય કરી રહ્યું હતું, ત્યારે વણકરોના કરઘાઓ પર માત્ર કપડાં જ બનતા નહોતા; ત્યાં એક નવી વિચારધારા જન્મ લઈ રહી હતી. તે વિચારધારા હતી. સ્વાભિમાનની, સ્વદેશીની અને સ્વતંત્રતાની.

કરઘા, માત્ર ઉત્પાદનનું સાધન નહીં, પરંતુ ચેતનાનું કેન્દ્ર ભારતીય સમાજમાં કરઘાનું સ્થાન માત્ર એક ઔદ્યોગિક સાધન તરીકે ક્યારેય રહ્યું નથી.

કરઘા સાથે પરિવાર જોડાયેલો હતો.

કરઘા સાથે પરંપરા જોડાયેલી હતી.

કરઘા સાથે આજીવિકા જોડાયેલી હતી.

અને કરઘા સાથે આત્મસન્માન પણ જોડાયેલું હતું.

એક વણકર જ્યારે ધાગાને કાપડમાં રૂપાંતરિત કરતો હતો, ત્યારે તે માત્ર એક ઉત્પાદન બનાવી રહ્યો ન હતો; તે પોતાની સંસ્કૃતિને જીવંત રાખી રહ્યો હતો. આથી જ જ્યારે અંગ્રેજોએ ભારતીય ઉદ્યોગોને નબળા પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે વણકરોનો સંઘર્ષ માત્ર આર્થિક સંઘર્ષ રહ્યો નહોતો; તે અસ્તિત્વનો સંઘર્ષ બની ગયો.

શોષણમાંથી જન્મેલી સ્વદેશી ચેતના અંગ્રેજી શાસનની આર્થિક નીતિઓએ લાખો વણકરોને ગરીબી તરફ ધકેલી દીધા.

વિદેશી કપડાં બજારોમાં છવાઈ ગયા.

સ્થાનિક ઉત્પાદનનું મૂલ્ય ઘટવા લાગ્યું.

પરંતુ આ પરિસ્થિતિએ ભારતીય સમાજને એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછવા માટે મજબૂર કર્યો,

"શું આપણે પોતાના દેશમાં બનેલી વસ્તુઓ છોડીને વિદેશી વસ્તુઓ પર નિર્ભર બની જઈશું ?"

આ પ્રશ્નમાંથી જ સ્વદેશી વિચારધારાનો જન્મ થયો.

વણકરોના દુઃખે સમાજને વિચારવા મજબૂર કર્યો.

વણકરોના સંઘર્ષે લોકોને આત્મનિર્ભરતાનું મહત્ત્વ સમજાવ્યું.

અને વણકરોના શ્રમે રાષ્ટ્રીય ચેતનાને નવી દિશા આપી.

કરઘાની ટક-ટકમાં છુપાયેલો સ્વાતંત્ર્યનો સંદેશ, ભારતના ગામડાઓમાં ચાલતા કરઘાઓની ટક-ટક માત્ર શ્રમની ધ્વનિ નહોતી.

તે એક સંદેશ હતો.

તે કહેતી હતી કે,

ભારત હજુ જીવંત છે.

ભારતનું કૌશલ્ય હજુ જીવંત છે.

ભારતનો આત્મસન્માન હજુ જીવંત છે.

અને ભારતની આત્મા હજુ જીવંત છે.

અંગ્રેજો ભારતીય બજારો પર કબજો મેળવી શક્યા, પરંતુ ભારતીય સર્જનાત્મકતા પર ક્યારેય કબજો મેળવી શક્યા નહીં. અંગ્રેજો વેપારને નિયંત્રિત કરી શક્યા, પરંતુ ભારતીય વણકરોની ચેતનાને દબાવી શક્યા નહીં.

મહાત્મા ગાંધી અને કરઘાનો રાષ્ટ્રીય પુનર્જન્મ વીસમી સદીમાં મહાત્મા ગાંધીજીએ જ્યારે ચરખાને સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રતીક બનાવ્યું, ત્યારે તે કોઈ સામાન્ય પસંદગી નહોતી.

ગાંધીજી જાણતા હતા કે ચરખો અને કરઘો ભારતીય આત્મનિર્ભરતાના પ્રતીક છે.

ખાદી માત્ર કપડું નહોતું.

તે એક વિચાર હતો.

તે સ્વરાજ્યનું પ્રતીક હતું.

તે આર્થિક સ્વતંત્રતાનું પ્રતીક હતું.

તે શ્રમના સન્માનનું પ્રતીક હતું.

ગાંધીજીએ ચરખાને રાષ્ટ્રીય આંદોલન સાથે જોડીને વણકરોના સદીઓ જૂના સંઘર્ષને રાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું.

વણકરો સ્વાતંત્ર્યના મૌન સૈનિકો, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણા એવા યોદ્ધાઓ હતા, જેમના નામ ઇતિહાસના પાનાઓમાં મોટા અક્ષરોમાં લખાયા. પરંતુ લાખો એવા યોદ્ધાઓ પણ હતા, જેમણે ક્યારેય પ્રસિદ્ધિ મેળવી નહીં.

ભારતીય વણકરો એ જ મૌન યોદ્ધાઓમાં સામેલ હતા.

તેમણે કોઈ સત્તાની માંગ કરી નહોતી.

તેમણે કોઈ સિંહાસન મેળવવાનો પ્રયાસ કર્યો નહોતો.

તેમણે માત્ર પોતાના શ્રમ, પોતાની કલા અને પોતાના સ્વાભિમાનને બચાવવા માટે સંઘર્ષ કર્યો હતો. અને એ જ સંઘર્ષ આગળ જઈને રાષ્ટ્રીય ચેતનાનો આધાર બન્યો.

કરઘાથી રાષ્ટ્ર સુધી, ભારતીય વણકરોનો ઈતિહાસ આપણને એક અગત્યનો પાઠ શીખવે છે,

રાષ્ટ્રનું નિર્માણ માત્ર રાજકીય નેતાઓથી થતું નથી.

તે ખેડૂતોના પરિશ્રમથી થાય છે.

તે કારીગરોની સર્જનાત્મકતાથી થાય છે.

તે મજૂરોના પરસેવાથી થાય છે.

અને તે વણકરોના કરઘાઓથી પણ થાય છે.

ભારતની સ્વાતંત્ર્ય ચેતનાના બીજ અનેક જગ્યાએ વાવવામાં આવ્યા હતા, પરંતુ તેમાં કરઘાઓનું યોગદાન અત્યંત વિશિષ્ટ હતું.

જ્યારે આપણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને યાદ કરીએ છીએ, ત્યારે માત્ર યુદ્ધભૂમિઓને જ નહીં, પરંતુ તે કરઘાઓને પણ યાદ કરવા જોઈએ, જ્યાં સ્વાભિમાનના ધાગા વણાયા હતા. કારણ કે ભારતની સ્વતંત્રતા માત્ર રાજકીય વિજય નહોતી.

તે શ્રમની જીત હતી.

તે આત્મનિર્ભરતાની જીત હતી.

તે સ્વદેશી ચેતનાની જીત હતી.

અને તે લાખો વણકરોના મૌન સંઘર્ષની જીત હતી.

જ્યાં સુધી ઈતિહાસમાં કરઘાઓની ટક-ટક સંભળાતી રહેશે, ત્યાં સુધી ભારતીય વણકરોનું યોગદાન, તેમનો સ્વાભિમાન અને તેમની સ્વાતંત્ર્ય ચેતના રાષ્ટ્રની સ્મૃતિમાં અમર રહેશે.

"ભારતની સ્વાતંત્ર્ય ગાથામાં તલવારનો અવાજ જેટલો મહત્ત્વનો છે, એટલો જ મહત્ત્વનો કરઘાની ટક-ટકનો અવાજ પણ છે."

11 ભારતીય વણકરો અને ૧૮૫૭નું પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ


જનચેતના, આર્થિક શોષણ અને મૌન યોદ્ધાઓની ગાથા

પૃષ્ઠભૂમિ : શોષણની પરાકાષ્ઠા



- બ્રિટિશ નીતિઓને કારણે વણકરોની આર્થિક સ્થિતિ દયનીય બની ગઈ.
- દાદીની પ્રથા, ગુમાસ્તાઓનો ત્રાસ, ઘટ દરે માલ ખરીદી અને વધુ કરવેરા.
- પરંપરાગત ઉદ્યોગોના પતનથી ગરીબી, ભૂખમરો અને આત્મસન્માનને ઠેસ.
- આ આર્થિક શોષણ લોકમનમાં રોષ અને અસંતોષનું કારણ બન્યું.

સ્વરાજ અમારો જન્મસિદ્ધ અધિકાર છે.



> "અમારી પાસે તલવાર નહીં,
> પણ અમારી પાસે કરાઘો છે.
> પણ જ્યારે આ કરાઘો મૌન થાય,
> ત્યારે સામ્રાજ્યનો પાયો ધ્રુજવા લાગે."
>
> - એક અજ્ઞાત વણકર

વણકર સમાજમાં પેદા થયેલી જનચેતના



- દેશભરમાં ફેલાયેલા આર્થિક શોષણની અસર વણકર સમાજે ઊંડાઈથી અનુભવી.
- ગામોગામો, બજારો, હાટ અને મેળાઓમાં બ્રિટિશ વિરોધી ચર્ચાઓ થવા લાગી.
- ધાર્મિક સ્થળો, અખાડાઓ અને સમાજસભાઓ રાષ્ટ્રપ્રેમના કેન્દ્ર બન્યાં.
- હિન્દુ-મુસ્લિમ વણકરોમાં એકતા અને સહયોગ મજબૂત બન્યો.

૧૮૫૭ના સંગ્રામમાં વણકરોની ભૂમિકા

સંદેશવાહક : ગુપ્ત રીતે સંદેશાઓ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડતા.

સામગ્રી સહાય : સૈનિકોને કપડા, પટા, દોરા, થેલાં વગેરે તૈયાર કરીને પૂરા પાડતા.

આશ્રય અને સહારો : ક્રાંતિકારીઓને આશ્રય, ખાદ્ય અને અન્ય મદદ પૂરી પાડતા.

સ્થાનિક નેતૃત્વ : ઘણા વણકરોએ સ્થાનિક સ્તરે જનતાને સંગઠિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

> વણકરોના કરઘા ભલે મૌન હતા,
> પણ તેમના દિલમાં સ્વાતંત્ર્યની ધૂન ગુંજી રહી હતી. તેમણે પોતાના શ્રમ, સંસાધન અને સહયોગથી આ સંગ્રામને મજબૂતી આપી.

મૌન યોદ્ધાઓની ગાથા



- ઘણા વણકરોના નામ ઇતિહાસમાં નોંધાયા નથી, પણ તેમનું યોગદાન અમૂલ્ય છે.
- તેમના ત્યાગ, હિંમત અને દેશપ્રેમે સંગ્રામને જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું.
- તેમણે હથિયાર નહીં, પણ એકતા, સહકાર અને સ્વાભિમાનથી લડત આપી.

૧૮૫૭ : એક જ્વલંત જ્વાળા



- મેરઠથી શરૂ થયેલી ચિંગારી દેશભરમાં ફેલાઈ.
- કાનપુર, લખનઉ, ઝાંસી, દિલ્હી સહિત અનેક કેન્દ્રો પર બળવો ભભૂક્યો.
- આ સંગ્રામ માત્ર સૈનિકોનો નહીં, પણ સામાન્ય જનતાનો પણ હતો.
- વણકરોએ આર્થિક રીતે પીડિત સમુદાયોએ આ બળવાને જનસમર્થન આપ્યું.

એકતા, સ્વાભિમાન અને સ્વરાજનો સંકલ્પ

આ નેતાઓ સાથે દેશના અસંખ્ય અજ્ઞાત યોદ્ધાઓ અને વણકર સમાજના સહયોગ વગર આ સંગ્રામ આધુરો રહી જતો.



બહાદુરશાહ ઝફર | નાના સાહેબ | તાંત્યા ટોપે | રાણી લક્ષ્મીબાઈ | ખાન બહાદુર ખાન

પરિણામ અને વારસા

- ૧૮૫૭નો સંગ્રામ ભલે સફળ ન રહ્યો, પણ તેણે સ્વાતંત્ર્ય ચેતનાનો દીવો પ્રગટાવ્યો.
- વણકરોનું મૌન ત્યાગ ભવિષ્યના રાષ્ટ્રીય આંદોલનો માટે મજબૂત પાયો પૂર્યો.
- આ સંગ્રામે પ્રેરણા આપી - સ્વદેશી, અસહકાર, ખાદી અને આત્મનિર્ભરતાના આંદોલનોને.





> વણકરોએ કરઘાથી માત્ર કપડાં નથી વણ્યાં,
> તેમણે સ્વાતંત્ર્યના સપનાં વણ્યાં.
> "તેમની મૌન લડતને ઇતિહાસમાં યોગ્ય સ્થાન આપવું,
> એ આપણી ઋણસ્વીકારની ફરજ છે."



૧૧. ભારતીય વણકરો અને ૧૮૫૭નો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ

જનચેતના, આર્થિક શોષણ અને મૌન યોદ્ધાઓની ગાથા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં સન ૧૮૫૭નું વર્ષ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન તરીકે ઓળખાય છે. તેને "પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ", "સિપાહી વિદ્રોહ", "જનવિદ્રોહ" અથવા "રાષ્ટ્રીય ચેતનાનો પ્રથમ વિસ્ફોટ"તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ૧૮૫૭ની ચર્ચા સૈનિકો, રાજાઓ, નવાબો અને ક્રાંતિકારીઓના સંદર્ભમાં કરવામાં આવે છે, પરંતુ આ મહાસંગ્રામની પાછળ ભારતીય સમાજના અસંખ્ય શ્રમજીવી વર્ગોની પીડા, અસંતોષ અને સંઘર્ષ પણ સમાન રીતે કાર્યરત હતા. ખેડૂતો, કારીગરો, મજૂરો અને વણકરો આ ઐતિહાસિક પરિવર્તનના મૌન સહભાગી હતા. ૧૮૫૭નો "પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ" માત્ર રાજકીય સત્તા સામેનો બળવો નહોતો; તે લગભગ એક સદીથી ભારતીય સમાજમાં પેઢી દર પેઢી સચવાતી આવેલી આર્થિક પરંપરા, સામાજિક અને સાંસ્કૃતિક વેદનાનો વિસ્ફોટ હતો. ભારતીય વણકરોનો સંઘર્ષ આ જ વ્યાપક પૃષ્ઠભૂમિનો એક અગત્યનો ભાગ હતો.

૧૮૫૭ પૂર્વેની પરિસ્થિતિ સમૃદ્ધિથી સંકટ સુધી, અઢારમી સદીના મધ્ય સુધી ભારત વિશ્વના અગ્રણી વસ્ત્ર ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવતું હતું. બંગાળની મલમલ, બનારસનું રેશમ, ગુજરાતનું પટોળું, રાજસ્થાનની દરીઓ, દક્ષિણ ભારતના સુતરાઉ વસ્ત્રો અને કાશ્મીરની પશ્મીના વિશ્વભરમાં પ્રસિદ્ધ હતા.

લાખો પરિવારો સીધા અથવા આડકતરી રીતે વસ્ત્ર ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા.

પરંતુ પ્લાસી (૧૭૫૭) અને બક્સર (૧૭૬૪) પછી પરિસ્થિતિ ઝડપથી બદલાઈ.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતની અર્થવ્યવસ્થા પર નિયંત્રણ સ્થાપિત કર્યું.

ભારતીય ઉદ્યોગોને નબળા પાડવા માટે નીતિઓ ઘડાઈ.

વણકરોને અત્યંત ઓછી કિંમતે માલ વેચવા માટે મજબૂર કરવામાં આવ્યા.

સ્વતંત્ર વેપાર પર પ્રતિબંધો લાદવામાં આવ્યા.

વિદેશી મશીન નિર્મિત કપડાં ભારતીય બજારોમાં ભરાયા.

અને ધીમે ધીમે ભારતીય કરઘાઓ પર સંકટના વાદળો ઘેરાવા લાગ્યા.

આર્થિક શોષણથી સામાજિક અસંતોષ સુધી, ઓગણીસમી સદીના મધ્ય સુધી અનેક વણકર પરિવારો ગંભીર આર્થિક મુશ્કેલીઓમાં ફસાઈ ગયા હતા.

ઘણાને પોતાનો પૈત્રિક વ્યવસાય છોડવો પડ્યો.

કેટલાક ખેતી મજૂરો બની ગયા.

કેટલાક શહેરોમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા.

અને અનેક પરિવારો દેવાના ભાર હેઠળ દબાઈ ગયા.

આ માત્ર આર્થિક પરિવર્તન નહોતું.

તે ભારતીય સમાજના પરંપરાગત માળખાને અસર કરનાર એક ગંભીર સંકટ હતું.

જ્યારે કોઈ સમાજની ઉત્પાદન શક્તિ નબળી પડે, ત્યારે તેની સાથે તેની સામાજિક સ્થિરતા પણ નબળી પડવા લાગે છે. ૧૮૫૭ પહેલાં ભારતના અનેક વિસ્તારોમાં આ જ પરિસ્થિતિ સર્જાઈ રહી હતી.

સૈનિકો, ખેડૂતો અને વણકરો એકબીજા સાથે જોડાયેલો સમાજ, ૧૮૫૭ના સંગ્રામને માત્ર સૈનિક બળવા તરીકે જોવું એ ઇતિહાસને મર્યાદિત દૃષ્ટિએ જોવા જેવુ છે.

તે સમયનો ભારતીય સમાજ પરસ્પર ગાઢ રીતે જોડાયેલો હતો.

સૈનિકો ખેડૂતોના પરિવારોમાંથી આવતા હતા.

ખેડૂતો કારીગરો અને વણકરો પર નિર્ભર હતા.

વણકરો સ્થાનિક અર્થવ્યવસ્થાનો આધાર હતા.

જ્યારે ખેડૂતો પર કરવેરાનો બોજ વધ્યો, જ્યારે કારીગરોની આવક ઘટી અને જ્યારે વણકરોના કરઘાઓ મૌન થવા લાગ્યા, ત્યારે સમગ્ર સમાજમાં અસંતોષ ફેલાયો.

સૈનિકો પોતાના ગામોની આ બદલાતી સ્થિતિને જોઈ રહ્યા હતા.

તેઓ સમજતા હતા કે અંગ્રેજી શાસન માત્ર રાજકીય નિયંત્રણ નહીં, પરંતુ આર્થિક વિનાશ પણ લાવી રહ્યું છે.

આથી સૈનિકોનો અસંતોષ અને જનતાની પીડા ધીમે ધીમે એકબીજા સાથે જોડાવા લાગી.

સ્થાનિક અર્થવ્યવસ્થાનો પતન, બ્રિટિશ શાસન પહેલાં ભારતીય ગામો મોટા ભાગે આત્મનિર્ભર આર્થિક એકમો હતા.

ખેડૂત અનાજ ઉત્પન્ન કરતા.

વણકરો વસ્ત્ર બનાવતા.

લુહાર સાધનો બનાવતા.

અને અન્ય કારીગરો જીવનની આવશ્યક વસ્તુઓ પૂરી પાડતા.

આ વ્યવસ્થા સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવતી હતી.

પરંતુ બ્રિટિશ નીતિઓએ આ સંતુલનને ખોરવી નાખ્યું.

વિદેશી કપડાંના આયાતથી સ્થાનિક ઉત્પાદનને ફટકો પડ્યો.

કૂટીર ઉદ્યોગો નબળા પડ્યા.

ગામડાંઓની ખરીદશક્તિ ઘટી.

અને આર્થિક અસુરક્ષા વધતી ગઈ.

આ પરિસ્થિતિએ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે સામાજિક જમીન તૈયાર કરી.

વણકરોની ભાગીદારી ઈતિહાસનો અવગણાયેલો અધ્યાય, ૧૮૫૭ના સંગ્રામમાં વણકરોની ભૂમિકા પ્રદેશ પ્રમાણે અલગ અલગ હતી.

એવું જરૂરી નથી કે દરેક વણકરે હથિયાર ઉઠાવ્યા હોય.

તેમની ભાગીદારી અનેક સ્વરૂપોમાં જોવા મળે છે.

કેટલાકે વિદ્રોહી જૂથોને સહાય પૂરી પાડી.

કેટલાકે માહિતી અને સંદેશાવ્યવહારનું કાર્ય કર્યું.

કેટલાકે આર્થિક સહયોગ આપ્યો.

કેટલાકે અંગ્રેજી વહીવટ સામે અસહકાર અપનાવ્યો.

અને કેટલાક વિસ્તારોમાં તેઓ સીધા સ્થાનિક વિદ્રોહોમાં પણ જોડાયા.

ખાસ કરીને ઉત્તર ભારત, અવધ અને બંગાળ પ્રદેશોમાં કારીગર અને વણકર સમાજના અનેક લોકો લોકપ્રતિકાર સાથે સંકળાયેલા જોવા મળે છે.

ભલે તેમના નામો ઈતિહાસના મુખ્ય દસ્તાવેજોમાં મોટા પ્રમાણમાં નોંધાયા ન હોય, તેમ છતાં તેમનું યોગદાન અવગણવું શક્ય નથી.

જનચેતનાનો વિકાસ, ૧૮૫૭નું સંગ્રામ ભારતીય જનચેતનાના વિકાસમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયું.

તેના દ્વારા ભારતીય સમાજે સમજ્યું કે વિદેશી શાસન માત્ર રાજકીય પ્રશ્ન નથી.

તે આર્થિક પ્રશ્ન છે.

તે સાંસ્કૃતિક પ્રશ્ન છે.

તે આત્મસન્માનનો પ્રશ્ન છે.

વણકરો આ સત્યનો અનુભવ સૌથી પહેલાં કરી ચૂક્યા હતા.

તેઓએ પોતાના શ્રમનું અપમાન જોયું હતું.

તેઓએ પોતાની આર્થિક સ્વતંત્રતા ગુમાવી હતી.

અને તેઓએ સ્થાનિક ઉદ્યોગોના વિનાશને પોતાની આંખે જોયો હતો.

આથી તેમનો અસંતોષ ધીમે ધીમે રાષ્ટ્રીય ચેતનાનો ભાગ બન્યો.

બ્રિટિશ દમન અને તેના પરિણામો, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને દબાવ્યા પછી અંગ્રેજોએ વ્યાપક દમનકારી નીતિઓ અપનાવી.

હજારો લોકોને સજા આપવામાં આવી.

ગામોનો નાશ કરવામાં આવ્યો.

મિલ્કતો જપ્ત કરવામાં આવી.

અને ઘણા પરિવારો આર્થિક રીતે તૂટી પડ્યા.

આ દમનનો પ્રભાવ વણકરો અને કારીગરો પર પણ પડ્યો.

પરંતુ દમન છતાં સ્વાતંત્ર્યની ભાવના મરી નહોતી.

તે વધુ ઊંડી બની.

અને આગળની પેઢીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની.

કરઘાઓમાં સળગતી ક્રાંતિ ભારતીય વણકરોનું યોગદાન ૧૮૫૭ના ઇતિહાસમાં કદાચ વિશાળ અક્ષરોમાં લખાયું નથી.

પરંતુ તે ઇતિહાસના પાયા નીચે અંકિત છે.

તેમની પીડાએ અસંતોષને જન્મ આપ્યો.

તેમના સંઘર્ષે સ્વદેશી ચેતનાનું બીજ વાવ્યું.

અને તેમના સ્વાભિમાને રાષ્ટ્રીય જાગૃતિને પ્રેરણા આપી.

૧૮૫૭ની ક્રાંતિની જ્વાળા માત્ર સૈનિક છાવણીઓમાં જ પ્રગટ થઈ નહોતી.

તેના અંગારા તે કરઘાઓ વચ્ચે પણ સળગી રહ્યા હતા, જ્યાં ભારતીય વણકરો પોતાના અસ્તિત્વ અને ગૌરવને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા.

"૧૮૫૭ના સંગ્રામમાં માત્ર સૈનિકો જ લડ્યા નહોતા; કરઘા પર બેઠેલો વણકર પણ પોતાના રીતે સ્વાતંત્ર્યના યુદ્ધનો સહભાગી હતો. કોઈએ વસ્ત્ર આપ્યાં, કોઈએ સહાય પૂરી પાડી, કોઈએ સંદેશા પહોંચાડ્યા અને કોઈએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું. ઇતિહાસ ભલે તેમના બધા નામો જાણતો ન હોય, પરંતુ ભારતની સ્વતંત્રતાના પાયામાં તેમના શ્રમ, ત્યાગ અને સાહસની અમિટ છાપ અંકિત છે."

આર્થિક સ્વતંત્રતા
"જે રાષ્ટ્ર પોતાના કારીગરોને મજબૂત બનાવે છે,
તે જ આર્થિક રીતે સાચો સ્વતંત્ર બને છે."

સંઘર્ષ
"અત્યાચાર સામે મૌન રહેવું સહેલું છે;
સંઘર્ષ કરવો ઇતિહાસ રચે છે."

નાથુ સોસા

12 ઈતિહાસકારો અને વિચારકોની દૃષ્ટિએ ભારતીય વણકરો

કરઘાઓથી સંસ્કૃતિ સુધી વિચારજગતમાં ભારતીય વણકરોનું સ્થાન



ભારતીય વણકર : માત્ર કારીગર નહીં, સંસ્કૃતિના સર્જક

- વણકરો ભારતીય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના આધારસ્તંભ રહ્યા છે.
- તેમણે માત્ર વસ્ત્રો જ નહીં, પરંતુ પરંપરાઓ, કલા, કૌશલ્ય અને સૌંદર્યની રચના કરી.
- ઈતિહાસકારો અને વિચારકોને ભારતીય વણકર સમાજના યોગદાનને ઊંડાણથી સમજ્યું છે.



વણકરો વિશે ઈતિહાસકારોની એકમત દૃષ્ટિ

- ભારતના પ્રાચીન વૈભવના મુખ્ય શિલ્પી
- ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો આધાર
- સાંસ્કૃતિક વૈવિધ્યના વાહક
- ઔપનિવેશિક શોષણના મુખ્ય ભોગ બનનાર
- રાષ્ટ્રીય આજબાદી ચેતનાના મૌન યોદ્ધા

પ્રમુખ ઈતિહાસકારો અને વિચારકોની દૃષ્ટિ

દાદાભાઈ નવરોજી



"ભારતના ગરીબ બનવાના પાછળ વણકરોનો વિનાશ એ મુખ્ય કારણ છે."

તેમણે ડ્રેન થિયરીમાં દર્શાવ્યું કે બ્રિટિશ શાસકોએ ભારતીય વણકરોની આજીવિકા છીનવીને દેશની સંપત્તિ લૂંટી

રમેશચંદ્ર દત્ત



"વણકરોના ઉદ્યોગનો નાશ એ ભારતની શાંતિનો નાશ છે."

તેમણે બ્રિટિશ નીતિઓ અને કર વ્યવસ્થાને વણકરોના પતન માટે જવાબદાર ગણાવ્યા.

કાર્લ માર્કસ



"ભારતીય વણકરોના ઉદ્યોગનો નાશ, ઔદ્યોગિક પૂંજીવાદની જીતનો એક ભાગ હતો."

તેમણે લખ્યું કે મશીનયુક્ત ઉદ્યોગોને બચાવવા માટે બ્રિટિશે ભારતીય હસ્તઉદ્યોગોને નષ્ટ કર્યા.

મહાત્મા ગાંધી



"હાથકરઘા અને કારીગરોનું પુનરુત્થાન સ્વરાજનો આધાર છે."

ગાંધીજીએ ચરખા અને ખાદી દ્વારા વણકરોને રાષ્ટ્રીય આર્થિક સ્વરાજ સાથે જોડ્યા.

રવીન્દ્રનાથ ટાગોર



"વણાટ એ માત્ર વ્યવસાય નહીં, એ કલા છે, એ જીવનની કવિતા છે."

તેમણે વણાટના સૌંદર્ય, સર્જનશીલતા અને માનવમૂલ્યને ઊચ્ચ માન આપ્યું.

ધર્મપાલ



"ભારતીય વણકરોની ગાથા એ મૌન ત્યાગ અને સંઘર્ષની ગાથા છે."

તેમણે પોતાના લખાણોમાં વણકરોના શોષણ અને પ્રતિકારને અગ્રીમ સ્થાન આપ્યું.

વિચારકોની દૃષ્ટિનો સાર


- વણકરો ભારતીય અર્થતંત્રના આધારશીલ પાયા હતા.
- તેમના વિનાશથી દેશની આર્થિક કરમ તૂટી ગઈ.
- તેમની કલા અને કૌશલ્ય ભારતની સંસ્કૃતિનો અવિનાશી ભાગ છે.
- તેમના સંઘર્ષમાં ભવિષ્યના સ્વરાજ્યનું બીજ છુપાયેલું હતું.



"કરઘાની દરેક ટક-ટકમાં, ભારતની સંસ્કૃતિ, શ્રમ, શક્તિ અને સ્વાભિમાનની ધ્વનિ ગુંજે છે."

આજના સમયમાં પ્રાસંગિકતા

- હસ્તકલા અને હેન્ડલુમનું સંરક્ષણ આર્થિક અને સાંસ્કૃતિક બંને રીતે જરૂરી.
- વણકરોના યોગદાનને માન્યતા આપવી એ આપણું ઐતિહાસિક કર્તવ્ય છે.
- સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવું એ આત્મનિર્ભર ભારતનો માર્ગ છે.





ઈતિહાસકારો અને વિચારકોનાં લેખનથી સ્પષ્ટ થાય છે કે ભારતીય વણકરો માત્ર આર્થિક એકમ નહોતાં, તેઓ સંસ્કૃતિના સર્જક, સમાજના પાયાના સ્તંભ અને રાષ્ટ્રીય ચેતનાના મૌન યોદ્ધાઓ હતા.

૧૨. ઇતિહાસકારો અને વિચારકોની દૃષ્ટિએ ભારતીય વણકરો

કરઘાઓથી સંસ્કૃતિ સુધી વિચારજગતમાં ભારતીય વણકરોનું સ્થાન

ભારતીય વણકરોનો ઇતિહાસ માત્ર એક વ્યવસાયિક સમુદાયનો ઇતિહાસ નથી. તે ભારતની આર્થિક શક્તિ, સાંસ્કૃતિક સમૃદ્ધિ, શ્રમપરંપરા અને રાષ્ટ્રીય અસ્મિતાનો અભિન્ન ભાગ છે. છતાં લાંબા સમય સુધી ઇતિહાસના મુખ્ય પ્રવાહમાં રાજાઓ, સામ્રાજ્યો અને યુદ્ધોને જેટલું મહત્ત્વ મળ્યું, એટલું મહત્ત્વ ઉત્પાદનશીલ વર્ગોને મળ્યું નહીં. ભારતના અનેક ઇતિહાસકારો, અર્થશાસ્ત્રીઓ, સમાજચિંતકો અને રાષ્ટ્રવાદી વિચારકોએ આ ખામી તરફ ધ્યાન દોર્યું છે. તેમના અભ્યાસો અને વિચારો આપણને સમજાવે છે કે ભારતની સાચી શક્તિ માત્ર સિંહાસનોમાં નહોતી, પરંતુ કરઘાઓ, ખેતરો અને કાર્યશાળાઓમાં પણ વસતી હતી.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ઇતિહાસ માત્ર રાજાઓનો નથી, પ્રખ્યાત સાહિત્યકાર અને વિચારક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય માનતા હતા કે ઇતિહાસને માત્ર રાજકીય ઘટનાઓ સુધી મર્યાદિત રાખવો યોગ્ય નથી. તેમના મતે કોઈ પણ રાષ્ટ્રનો સાચો ઇતિહાસ ત્યારે જ લખાઈ શકે જ્યારે તેમાં સામાન્ય લોકો, ખેડૂતો, કારીગરો અને શ્રમિકોના યોગદાનને સ્થાન આપવામાં આવે. ભારતીય વણકરોનો ઇતિહાસ આ વિચારને સાબિત કરે છે. જેમણે દેશની આર્થિક સમૃદ્ધિ સર્જી, તે જ લોકો લાંબા સમય સુધી ઇતિહાસના મુખ્ય પાનાઓમાંથી ગાયબ રહ્યા.

રવીન્દ્રનાથ ટાગોર સંસ્કૃતિના સાચા સર્જકો, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું માનવું હતું કે કોઈ પણ રાષ્ટ્રની આત્મા તેના લોકજીવનમાં વસે છે. તેમના મતે સંસ્કૃતિ માત્ર મહેલો, મંદિરો કે સાહિત્યમાં જ નથી વસતી; તે ગામડાંઓના જીવનમાં, હસ્તકલામાં અને કરઘાઓની ટક-ટકમાં પણ જીવંત રહે છે. ભારતીય વણકરો માત્ર કાપડ બનાવતા નહોતા; તેઓ સંસ્કૃતિના સંરક્ષક હતા.

દાદાભાઈ નવરોજી ગરીબીનું ઔપનિવેશિક કારણ, દાદાભાઈ નવરોજીએ પોતાની પ્રસિદ્ધ ''ડ્રેઇન થિયરી'' દ્વારા દર્શાવ્યું કે ભારતની ગરીબી કુદરતી નહોતી. ભારતની સંપત્તિ વ્યવસ્થિત રીતે બ્રિટન તરફ વહન કરવામાં આવી રહી હતી. આ આર્થિક નિકાસનો સૌથી વધુ પ્રભાવ ઉત્પાદનશીલ વર્ગો પર પડ્યો હતો. વણકરોની ગરીબી તેમના કૌશલ્યની નિષ્ફળતા નહોતી; તે ઔપનિવેશિક શોષણનું પરિણામ હતી.

રમેશચંદ્ર દત્ત આર્થિક વિનાશનો દસ્તાવેજ, રમેશચંદ્ર દત્તે બ્રિટિશ આર્થિક નીતિઓના પ્રભાવનું વિશ્લેષણ કરતાં લખ્યું હતું કે ભારતીય ઉદ્યોગોના પતન પાછળ માત્ર બજારની સ્પર્ધા જવાબદાર નહોતી. તે એક સુનિયોજિત ઔપનિવેશિક પ્રક્રિયા હતી. તેમના અભ્યાસ અનુસાર ભારતીય વસ્ત્ર ઉદ્યોગનું પતન લાખો પરિવારોના સામાજિક અને આર્થિક વિઘટન સાથે જોડાયેલ હતું.

મહાદેવ ગોવિંદ રાણાડે ઉત્પાદકો જ રાષ્ટ્રના આધારસ્તંભ, રાણાડેનું માનવું હતું કે કોઈ પણ રાષ્ટ્રની શક્તિ તેના ઉત્પાદક વર્ગોમાં વસે છે. તેમણે કુટીર ઉદ્યોગો અને સ્થાનિક ઉત્પાદનના સંરક્ષણ પર ભાર મૂક્યો. તેમના માટે વણકરો માત્ર આર્થિક એકમો નહોતા, પરંતુ રાષ્ટ્રીય સમૃદ્ધિના નિર્માતા હતા.

કાર્લ માર્ક્સ ઔદ્યોગિક ક્રાંતિની કિંમત, કાર્લ માર્ક્સે બ્રિટિશ ઔદ્યોગિક ક્રાંતિના વૈશ્વિક પ્રભાવનું વિશ્લેષણ કરતાં ભારતીય હસ્તકલા અને વસ્ત્ર ઉદ્યોગના વિનાશનો ઉલ્લેખ કર્યો છે. તેમણે નોંધ્યું કે બ્રિટનની ઔદ્યોગિક સમૃદ્ધિ પાછળ ભારત જેવા દેશોના પરંપરાગત ઉદ્યોગોના વિનાશનો પણ મોટો હિસ્સો હતો.

તેમની ટિપ્પણીઓ ભારતીય વસ્ત્ર ઉદ્યોગના ઇતિહાસને સમજવા માટે મહત્ત્વપૂર્ણ સ્રોત તરીકે માનવામાં આવે છે.

મહાત્મા ગાંધી કરઘાને રાષ્ટ્રની આત્મા બનાવનાર, મહાત્મા ગાંધીજીએ ભારતીય વણકરોના દુઃખને માત્ર આર્થિક પ્રશ્ન તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય પ્રશ્ન તરીકે જોયો.

તેમણે ચરખા અને ખાદીને રાષ્ટ્રીય પુનર્જાગરણનું પ્રતીક બનાવ્યા.

ગાંધીજી માટે ખાદી માત્ર કપડું નહોતું.

તે સ્વાભિમાન હતું.

તે સ્વરાજ્ય હતું.

તે આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન હતું.

ડૉ. ભીમરાવ આંબેડકર શ્રમની ગૌરવગાથા, ડૉ. આંબેડકરનું માનવું હતું કે સમાજની પ્રગતિનું માપદંડ એ છે કે તે પોતાના શ્રમિક વર્ગને કેટલું સન્માન આપે છે.

તેમણે વારંવાર ભારપૂર્વક જણાવ્યું કે ઉત્પાદન કરનાર સમુદાયોને આર્થિક અને સામાજિક ન્યાય મળવો જોઈએ.

ભારતીય વણકરોનો સંઘર્ષ તેમના વિચારોને જીવંત સ્વરૂપે પ્રતિબિંબિત કરે છે.

જવાહરલાલ નેહરુ ભારતની સર્જનાત્મક શક્તિ, જવાહરલાલ નેહરુએ ભારતીય શિલ્પ અને કુટીર ઉદ્યોગોને ભારતની સાંસ્કૃતિક સર્જનાત્મકતાના પ્રતીક તરીકે ગણાવ્યા.

તેમના મતે ભારતની સંસ્કૃતિનું નિર્માણ માત્ર રાજાઓએ નહીં, પરંતુ લાખો કારીગરો અને શ્રમિકોએ પણ કર્યું છે.

ધર્મપાલ આત્મનિર્ભર ગ્રામ્ય ભારતનો પુનઃઅભ્યાસ, ધર્મપાલના સંશોધનોએ બતાવ્યું કે ઔપનિવેશિક શાસન પહેલાં ભારતના ગામો ઘણી હદ સુધી આત્મનિર્ભર હતા.

આ વ્યવસ્થામાં વણકરો અને કારીગરોનું મહત્ત્વપૂર્ણ સ્થાન હતું.

તેમના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ઉત્પાદન વ્યવસ્થા વિશ્વની સૌથી મજબૂત સ્થાનિક અર્થવ્યવસ્થાઓમાંની એક હતી.

ઇરફાન હબીબ શિલ્પકાર વર્ગનું ઐતિહાસિક મહત્ત્વ, ઇરફાન હબીબે ભારતીય અર્થવ્યવસ્થા અને વેપારના અભ્યાસ દરમિયાન દર્શાવ્યું કે શિલ્પકારો અને વણકરો માત્ર ઉત્પાદકો નહોતા.

તેઓ વેપાર, બજાર અને સામાજિક માળખાના વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હતા.

રામવિલાસ શર્મા શ્રમ અને રાષ્ટ્રવાદ, રામવિલાસ શર્માનું માનવું હતું કે ભારતીય રાષ્ટ્રવાદ માત્ર રાજકીય વિચારધારાથી જન્મ્યો નહોતો.

તે શ્રમજીવી સમાજના યોગદાનથી પણ વિકસ્યો હતો.

તેમણે વણકરો અને કારીગરોને રાષ્ટ્રીય ચેતનાના મહત્ત્વપૂર્ણ વાહકો ગણાવ્યા.

પંડિત દિનદયાળ ઉપાધ્યાય, અંત્યોદય અને શ્રમજીવી સમાજ પંડિત દિનદયાળ ઉપાધ્યાયે "અંત્યોદય"નો સિદ્ધાંત રજૂ કરતાં જણાવ્યું હતું કે સમાજના અંતિમ વ્યક્તિનું કલ્યાણ જ રાષ્ટ્રના વિકાસનું સાચું માપદંડ છે. તેમની દૃષ્ટિએ કારીગરો, વણકરો અને શ્રમજીવી વર્ગો માત્ર ઉત્પાદનના સાધન નહોતા, પરંતુ

ભારતીય અર્થવ્યવસ્થાના જીવંત આધારસ્તંભ હતા. તેમના ''એકાત્મ માનવવાદ''ના દર્શનમાં સ્થાનિક કૌશલ્ય, કુટીર ઉદ્યોગો અને સ્વાવલંબી ગ્રામ્ય અર્થવ્યવસ્થાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જો આપણે ભારતીય વણકરોના ઇતિહાસને જોઈએ તો સમજાય છે કે તેઓ માત્ર વસ્ત્ર ઉત્પાદક નહોતા; તેઓ ગામડાંઓની આર્થિક વ્યવસ્થાના કેન્દ્રબિંદુ હતા.

કાકાસાહેબ કાલેલકર, હસ્તકલા અને ભારતીય જીવનદર્શન કાકાસાહેબ કાલેલકર માનતા હતા કે ભારતની આત્મા તેના ગામોમાં વસે છે. તેમણે વારંવાર ભારપૂર્વક જણાવ્યું કે હસ્તકલા અને કારીગર પરંપરાઓ માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની જીવંત અભિવ્યક્તિ છે. વણકરોના કરઘાઓ પર માત્ર કાપડ જ તૈયાર થતું નથી; ત્યાં લોકજીવન, પરંપરા અને સાંસ્કૃતિક સ્મૃતિઓનું પણ સર્જન થાય છે.

ડૉ. વર્ગીઝ કુરિયન, સ્થાનિક ઉત્પાદકની શક્તિ ભારતની શ્વેતક્રાંતિના જનક ડૉ. વર્ગીઝ કુરિયને સહકારી ચળવળ દ્વારા બતાવ્યું કે જ્યારે સ્થાનિક ઉત્પાદકોને યોગ્ય બજાર, સંગઠન અને તક મળે ત્યારે તેઓ વિશ્વસ્તરે સ્પર્ધા કરી શકે છે. તેમનો અનુભવ ભારતીય વણકર સમાજ માટે પણ પ્રેરણારૂપ છે. યોગ્ય નીતિઓ, સહકારી માળખા અને બજાર ઉપલબ્ધ થાય તો ભારતીય હેન્ડલૂમ ક્ષેત્ર ફરીથી વૈશ્વિક ઓળખ મેળવી શકે છે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, સર્જનાત્મક ભારત અને કૌશલ્યની શક્તિ ડૉ. કલામનું માનવું હતું કે ભારતની સૌથી મોટી શક્તિ તેના લોકોનું કૌશલ્ય છે. તેમણે કહ્યું હતું કે પરંપરાગત જ્ઞાન અને આધુનિક ટેક્નોલૉજીનો સમન્વય જ ભારતને આત્મનિર્ભર બનાવશે. આ વિચાર ભારતીય વણકર સમાજ માટે વિશેષ પ્રાસંગિક છે. કરઘાની પરંપરા અને ડિજિટલ યુગનું સંયોજન હેન્ડલૂમ ઉદ્યોગ માટે નવી તકો ઊભી કરી શકે છે.

યુનેસ્કો અને અમૂર્ત સાંસ્કૃતિક વારસો વિશ્વભરમાં પરંપરાગત હસ્તકલાઓને આજે માત્ર ઉદ્યોગ તરીકે નહીં, પરંતુ "અમૂર્ત સાંસ્કૃતિક વારસા" (Intangible Cultural Heritage) તરીકે જોવામાં આવે છે. ભારતીય વણાટ પરંપરાઓ, પટોળું, જમદાની, બનારસી વણાટ, કચ્છી વણાટ અને અન્ય અનેક હસ્તવણાટ કલાઓ માત્ર વ્યવસાય નથી; તે માનવજાતની સાંસ્કૃતિક સ્મૃતિનો ભાગ છે.

આ દૃષ્ટિકોણથી જોતા ભારતીય વણકરો માત્ર ઉત્પાદકો નથી, પરંતુ સંસ્કૃતિના સંરક્ષકો છે.

આધુનિક અર્થશાસ્ત્રીઓની દૃષ્ટિ, આધુનિક વિકાસ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે કુટીર અને હસ્તકલા આધારિત ઉદ્યોગો રોજગારી સર્જવામાં, મહિલાઓના સશક્તિકરણમાં અને સ્થાનિક અર્થવ્યવસ્થાના વિકાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય હેન્ડલૂમ ક્ષેત્ર આજે પણ લાખો પરિવારોને રોજગાર પૂરું પાડે છે. તેથી વણકરોનું સંરક્ષણ માત્ર પરંપરાનું સંરક્ષણ નથી; તે સામાજિક ન્યાય અને સમાન વિકાસનો પણ પ્રશ્ન છે.

બંકિમચંદ્રથી લઈને આંબેડકર સુધી, ગાંધીજીથી લઈને કલામ સુધી, ધર્મપાલથી લઈને આધુનિક અર્થશાસ્ત્રીઓ સુધી – વિચારધારાઓ ભલે અલગ હોય, પરંતુ એક સત્ય સૌએ સ્વીકાર્યું છેઃ

ભારતની સાચી શક્તિ તેના શ્રમજીવી સમાજમાં વસે છે.

વણકરો માત્ર કાપડ બનાવનારા લોકો નહોતા.

તેઓ સંસ્કૃતિના સર્જકો હતા.

તેઓ અર્થવ્યવસ્થાના આધારસ્તંભ હતા.

તેઓ આત્મનિર્ભર ભારતના પ્રણેતા હતા.

તેઓ સ્વદેશી ચેતનાના વાહકો હતા.

અને તેઓ ભારતની સભ્યતાના મૌન શિલ્પકાર હતા.

ભારતના કરઘાઓ પર માત્ર ધાગા જ વણાયા નહોતા; ત્યાં ઈતિહાસ વણાયો હતો, સંસ્કૃતિ વણાઈ હતી, સ્વાભિમાન વણાયો હતો અને રાષ્ટ્રની આત્માએ પોતાની સૌથી સુંદર અભિવ્યક્તિ મેળવી હતી.

"સામ્રાજ્યો રાજાઓએ ઊભા કર્યા હશે, પરંતુ રાષ્ટ્રની આત્માને જીવંત રાખવાનું કાર્ય તેના શ્રમજીવી સમાજે કર્યું છે. ભારતીય વણકરો એ આત્માના અમર શિલ્પકાર છે."

આ તમામ વિચારકોના અભ્યાસ અને વિચારોનું સંકલન કરીએ, તો એક સ્પષ્ટ સત્ય સામે આવે છે,

ભારતની સાચી શક્તિ તેના શ્રમજીવી સમાજમાં વસે છે.

વણકરો, કારીગરો અને શ્રમિકોએ માત્ર આર્થિક સમૃદ્ધિ જ સર્જી નથી; તેમણે ભારતની સાંસ્કૃતિક ઓળખને પણ જીવંત રાખી છે.

ઈતિહાસે તેમને કારીગર કહ્યા હશે, પરંતુ હકીકતમાં તેઓ ભારતની સભ્યતાના મૌન શિલ્પકારો હતા.

આજે જ્યારે આપણે ભારતીય ઈતિહાસનું પુનર્મૂલ્યાંકન કરીએ છીએ, ત્યારે તે મૌન નાયકોને યાદ કરવું જરૂરી બને છે, જેમણે કોઈ સત્તા, કોઈ પદ અને કોઈ પ્રસિદ્ધિ વિના રાષ્ટ્રના પાયા મજબૂત બનાવ્યા.

ભારતના કરઘાઓ પર માત્ર કપડાં જ વણાયા નહોતા.

ત્યાં સંસ્કૃતિ વણાઈ હતી.

ત્યાં સ્વાભિમાન વણાયો હતો.

ત્યાં આત્મનિર્ભરતા વણાઈ હતી.

અને ત્યાં ભારતના આત્માએ પોતાની સૌથી સુંદર અભિવ્યક્તિ મેળવી હતી.

"રાજાઓએ સામ્રાજ્યો બનાવ્યા હશે, પરંતુ ભારતના આત્માને જીવંત રાખવાનું કાર્ય તેના ખેડૂતો, કારીગરો અને વણકરોએ કર્યું છે."

વારસો
"કરઘા પર વણાયેલું દરેક વસ્ત્ર આપણા પૂર્વજોના
પરિશ્રમ અને સ્વાભિમાનનો જીવંત દસ્તાવેજ છે."

આર્થિક ગુલામી
"રાજકીય ગુલામી પહેલાં આર્થિક ગુલામી આવે છે; જ્યારે રોજગાર
છીનવાય છે, ત્યારે સ્વતંત્રતા પણ નબળી પડી જાય છે."

શોષણની નીતિ
"જે શાસન કારીગરનો પરિશ્રમ છીનવી લે છે, તે માત્ર અર્થતંત્ર
નહીં, સંસ્કૃતિને પણ નુકસાન પહોંચાડે છે."

નાથુ સોસા


13

અલૂદા: ખાદી અને રાષ્ટ્રધ્વજની ગૌરવગાથા

જ્યાં એક વણકરે સ્વતંત્ર ભારતના સ્વાભિમાનને ધાગાઓમાં વણ્યો

અલૂદા ગામ - ગૌરવની ધરતી

- ગુજરાતના જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં આવેલું નાનકડું ગામ – અલૂદા.
- અહીં રહેતા વણકર સમાજે પોતાના શ્રમ, કુશળતા અને દેશભક્તિ દ્વારા ઈતિહાસમાં અમીટ છાપ છોડી.
- અલૂદાએ માત્ર ખાદી જ નહીં, પણ સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજને પણ સાકાર કર્યો.



રાષ્ટ્રધ્વજનું પ્રથમ નિર્માણ – અલૂદાની ઐતિહાસિક ભૂમિકા

- 1947 માં સ્વતંત્ર ભારત માટેના રાષ્ટ્રધ્વજનું પ્રથમ નિર્માણ અલૂદા ગામના વણકરોએ કર્યું.
- કરઘા પર વણાયેલો તિરંગો માત્ર કાપડ નહોતો, એ ભારતના સ્વાભિમાન, સ્વતંત્રતા અને એકતાનું પ્રતિક હતો.
- આ ધ્વજ ૧૫ ઓગસ્ટ, 1947ના રોજ લાલકિલ્લા પર ફરકાવવામાં આવ્યો. 15 ઓગસ્ટ, 1947 લાલકિલ્લા પર ફરકતો અલૂદામાં વણાયેલો તિરંગો



અલૂદાના વણકર – રાષ્ટ્રસેવાના મૌન યોદ્ધા



- વણકરભાઈઓએ આ કાર્યને માત્ર કામ તરીકે નહોતું, પરંતુ દેશસેવા તરીકે સ્વીકાર્યું.
- તેઓએ ખાદી, સ્વદેશી અને ગાંધીજીના વિચારોથી પ્રેરાઈ રાષ્ટ્રના આ પવિત્ર કાર્યને સફળ બનાવ્યું.
- તેમની મહેનત, એકતા અને સમર્પણે ઈતિહાસ રચ્યો.

ખાદીથી રાષ્ટ્રની શક્તિ



- અલૂદાના વણકરો ખાદી આંદોલન સાથે ગાઢ રીતે જોડાયેલા હતા.
- ખાદી તેમના માટે સ્વાવલંબન, સ્વદેશી અને સ્વાભિમાનનું પ્રતિક હતી.

ખાદીનું વળતર – સ્વરાજનો આધાર

- ગાંધીજીએ ખાદીને સ્વરાજનું શસ્ત્ર બનાવ્યું, અલૂદાના વણકરોએ ખાદીના વસ્ત્રો તૈયાર કરીને આંદોલનને બળ પૂરું પાડ્યું.
- વિદેશી કપડાંના બહિષ્કારે સ્વદેશી ખાદીને લોકજીવનનો ભાગ બનાવ્યું.



> 'આ તિરંગો માત્ર કપડાનો નથી,
> આ તો આપણા લાખો વણકરોના શ્રમ, સપના
> અને સ્વાતંત્ર્યના સન્માનનું જીવંત પ્રતિક છે."
>
> - મહાત્મા ગાંધી



અલૂદા – એક પ્રેરણાસ્ત્રોત



- અલૂદા એ સાબિત કરે છે કે નાનકડું ગામ પણ રાષ્ટ્રના ઈતિહાસમાં મહાન યોગદાન આપી શકે.
- એક વણકરની કરઘા પરની મહેનતે સ્વતંત્ર ભારતના સ્વાભિમાનને ધાગાઓમાં વણ્યો.


**અલૂદા – જ્યાં કરઘા બોલ્યા,
અને દેશ ગૌરવથી લહેરાયો.**

આર્થિક શોષણ સામે મૌન પ્રતિકાર

- અંગ્રેજો દ્વારા ભારતીય વણકરોનું આર્થિક શોષણ કરીને તેમને ગરીબી તરફ ધકેલવામાં આવ્યા. તેમ છતાં, વણકર સમાજે હાર ન માની.
- ખાદી અને સ્વદેશી દ્વારા તેમણે રાષ્ટ્રજાગૃતિમાં મૌન યોગદાન આપ્યું.



અલૂદાની વારસા આજે પણ પ્રેરે છે



- અલૂદા ગામને આજે પણ ગૌરવ સાથે 'રાષ્ટ્રધ્વજનું જન્મસ્થળ" માનવામાં આવે છે.
- અહીં સ્મારક, સંગ્રહાલય અને ધ્વજ નિર્માણ કેન્દ્ર દ્વારા આ ગૌરવગાથા આગામી પેઢીને પ્રેરણા આપે છે.
- અલૂદાનો આ વારસો ભારતની સાંસ્કૃતિક એકતા અને શ્રમની મહત્તાનું પ્રતિક છે.

અલૂદાના વણકરોને કોટી કોટી વંદન, જેમણે પોતાના કરઘાથી રાષ્ટ્રધ્વજને સ્વરૂપ આપ્યું અને ભારતના સ્વાભિમાનને વિશ્વમાં ઊંચું રાખ્યું.

૧૩. આલૂદાઃ ખાદી અને રાષ્ટ્રધ્વજની ગૌરવગાથા

જ્યાં એક વણકરે સ્વતંત્ર ભારતના સ્વાભિમાનને ધાગાઓમાં વણ્યો

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ માત્ર રાજકીય આંદોલનો, ક્રાંતિકારીઓ અને મહાન નેતાઓની ગાથાઓ પૂરતો મર્યાદિત નથી. આ ઇતિહાસમાં એવા અસંખ્ય શ્રમશીલ હાથોનું યોગદાન પણ સમાયેલું છે, જેમણે પોતાના પરિશ્રમ, ત્યાગ અને રાષ્ટ્રપ્રેમ દ્વારા સ્વતંત્ર ભારતના નિર્માણમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. આવા જ ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયી અધ્યાયોમાં રાજસ્થાનના દૌસા જિલ્લાના આલૂદા ગામનું સ્થાન વિશેષ નોંધપાત્ર છે. આલૂદા કોઈ વિશાળ શહેર નથી. તે એક સામાન્ય ગ્રામ્ય વસાહત છે. પરંતુ રાષ્ટ્રીય ગૌરવના પરિપ્રેક્ષ્યમાં તેનું સ્થાન અસાધારણ છે. ઉપલબ્ધ સ્થાનિક પરંપરાઓ, પારિવારિક સ્મૃતિઓ અને ગ્રામ્ય લોકસાક્ષીઓ અનુસાર સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રધ્વજ માટે તૈયાર કરાયેલી ખાદીનો સંબંધ આલૂદા ગામના વણકર શ્રી ચોથમલ બૂનકર સાથે જોડાયેલો છે.

આ ઘટના માત્ર એક વ્યક્તિની સિદ્ધિ નથી; તે સમગ્ર ભારતીય વણકર સમાજના શ્રમ, સ્વાભિમાન અને રાષ્ટ્રભક્તિનું જીવંત પ્રતીક છે.

જ્યારે કરઘો રાષ્ટ્રધર્મ બની ગયો

વર્ષ ૧૯૪૭ ભારતના ઇતિહાસમાં એક અવિસ્મરણીય વર્ષ હતું. સદીઓની ગુલામી, સંઘર્ષ, બલિદાન અને ત્યાગ પછી ભારત સ્વતંત્રતા પ્રાપ્ત કરવા જઈ રહ્યું હતું. સમગ્ર દેશ આશા, ઉત્સાહ અને આત્મગૌરવથી ભરાઈ ગયો હતો. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર પ્રથમ વખત સ્વતંત્ર ભારતનો તિરંગો ફરકાવ્યો. તે માત્ર એક ધ્વજારોહણનો કાર્યક્રમ નહોતો; તે ભારતના પુનર્જન્મની ક્ષણ હતી. તે કરોડો ભારતીયોના સ્વપ્નો, બલિદાનો અને સ્વાભિમાનનું જાહેર પ્રતીક હતું. જ્યારે લાલ કિલ્લાની પ્રાચીર પર તિરંગો પવનમાં લહેરાઈ રહ્યો હતો, ત્યારે તેની સાથે સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ પણ આકાશમાં ઊંચું ઉઠી રહ્યું હતું.

સ્થાનિક પરંપરાઓ અનુસાર તે ઐતિહાસિક ધ્વજ માટેની ખાદી આલૂદા ગામના વણકર શ્રી ચોથમલ બૂનકરે પોતાના કરઘા પર તૈયાર કરી હતી. જો આ ઘટનાને માત્ર વસ્ત્ર નિર્માણ તરીકે જોવામાં આવે તો તેનું મહત્ત્વ સીમિત થઈ જાય. હકીકતમાં આ ભારતીય શ્રમ-સંસ્કૃતિની વિજયગાથા હતી.

આ કરઘાની જીત હતી.

આ ખાદીની જીત હતી.

આ સ્વદેશી ચેતનાની જીત હતી.

આ વણકર સમાજના સ્વાભિમાનની જીત હતી.

ચોથમલ બૂનકર એક મૌન રાષ્ટ્રનિર્માતા

શ્રી ચોથમલ બૂનકર કોઈ રાજકીય નેતા નહોતા.

તેઓ કોઈ ઉદ્યોગપતિ નહોતા.

તેઓ કોઈ સત્તાધીશ નહોતા.

તેઓ એક સામાન્ય વણકર હતા.

પરંતુ ઇતિહાસ વારંવાર સાબિત કરે છે કે રાષ્ટ્રનું નિર્માણ માત્ર સત્તાધીશો દ્વારા થતું નથી. અસંખ્ય સામાન્ય લોકો પોતાના અસાધારણ યોગદાનથી રાષ્ટ્રની આત્માને ઘડે છે.

ચોથમલજીએ પોતાના કરઘા પર માત્ર ખાદી તૈયાર કરી નહોતી.

તેમણે સ્વતંત્ર ભારતનો ગૌરવ વણ્યો હતો.

તેમણે રાષ્ટ્રધ્વજની ગરિમા વણી હતી.

તેમણે સ્વાભિમાનને ધાગાઓમાં પિરોયો હતો.

તેમણે સ્વતંત્રતાના સપનાને વસ્ત્રનું સ્વરૂપ આપ્યું હતું.

આલૂદાની મુલાકાત ઇતિહાસ સાથેનો જીવંત સંવાદ, આલૂદાની મારી મુલાકાત માત્ર એક સંશોધનયાત્રા નહોતી; તે ઇતિહાસ સાથેનો જીવંત સંવાદ હતો. આ અભ્યાસ દરમિયાન મને ચોથમલજીના પરિવારજનો અને ગામના વડીલો સાથે વિસ્તૃત ચર્ચા કરવાનો અવસર મળ્યો.

આ કાર્યમાં વિશેષ સહયોગ આપનાર વ્યક્તિઓમાં શ્રીમતી સુમન બૈરવા, સુશ્રી તનુ બૈરવા, શ્રીમતી મૂલી દેવી બૈરવા, શ્રી નાથુ બૈરવા, શ્રી છોટેલાલ બૈરવા, શ્રી કાલુરામ બૈરવા, શ્રીમતી શંકુતલા બૈરવા, શ્રીમતી માયા બૈરવા, સુશ્રી રાધિકા બૈરવા, સુશ્રી કાજલ બૈરવા તેમજ આલૂદા ગામના સરપંચ શ્રી રામસિલાડી બૈરવાનો સહયોગ વિશેષ ઉલ્લેખનીય રહ્યો. તેમણે પારિવારિક સ્મૃતિઓ, લોકપરંપરાઓ અને ઐતિહાસિક સંદર્ભોને સાચવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

તેમના સહકાર વિના આ અભ્યાસ પૂર્ણતા પ્રાપ્ત કરી શક્યો હોત નહીં.

વણકર સમાજનું રાષ્ટ્રીય યોગદાન, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની ચર્ચા ઘણીવાર રાજકીય ઘટનાઓ સુધી મર્યાદિત રહી જાય છે. પરંતુ સ્વદેશી આંદોલન, ખાદી આંદોલન અને આર્થિક આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં વણકર સમાજનું યોગદાન અસાધારણ રહ્યું છે.

જ્યારે વિદેશી કાપડનો બહિષ્કાર થઈ રહ્યો હતો ત્યારે ભારતીય વણકરો ખાદી તૈયાર કરી રહ્યા હતા.

જ્યારે સ્વરાજનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું હતું ત્યારે કરઘાઓ રાષ્ટ્રસેવામાં જોડાયેલા હતા.

જ્યારે રાષ્ટ્રધ્વજનું સ્વરૂપ ઘડાઈ રહ્યું હતું ત્યારે વણકર સમાજ તેના માટે શ્રમ અર્પણ કરી રહ્યો હતો.

આલૂદાની આ ગાથા સમગ્ર ભારતીય વણકર સમાજની ગાથા છે.

આલૂદા આપણને યાદ અપાવે છે કે ભારતનો ઇતિહાસ માત્ર રાજાઓ, યુદ્ધો અને સત્તાના પરિવર્તનોનો ઇતિહાસ નથી.

તે વણકરોનો ઇતિહાસ પણ છે.

તે મહિલાઓનો ઇતિહાસ પણ છે જેઓએ સૂત તૈયાર કર્યું. તે એવા પરિવારોનો ઇતિહાસ પણ છે જેમણે રાષ્ટ્રહિતને વ્યક્તિગત હિતથી ઉપર રાખ્યું.

તે એવા કરઘાઓનો ઇતિહાસ પણ છે જેમની ટક-ટકમાં સ્વતંત્ર ભારતનું સ્વપ્ન વણાયું હતું.

"ચોથમલ બૂનકરે માત્ર ખાદી નથી વણી; તેમણે સ્વતંત્ર ભારતના સ્વાભિમાનને ધાગાઓમાં પિરોયો હતો."

"લાલ કિલ્લા પર ફરકેલો તિરંગો માત્ર રાષ્ટ્રધ્વજ નહોતો; તે ભારતીય વણકર સમાજના શ્રમ, ત્યાગ અને રાષ્ટ્રપ્રેમનું જીવંત પ્રતીક હતો."

"જો દિલ્હીનો લાલ કિલ્લો સ્વતંત્રતાનું પ્રતીક છે, તો આલૂદાનો કરઘો તે સ્વતંત્રતાના સ્વાભિમાનનું પ્રતીક છે."

"ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ ત્યાં સુધી પૂર્ણ માનવામાં આવી શકે નહીં, જ્યાં સુધી તેમાં તે વણકરોનો ઉલ્લેખ ન થાય, જેમણે પોતાના કરઘા પર રાષ્ટ્રધ્વજનો ગૌરવ વણ્યો હતો."

કરઘાનો મૌન
"જ્યારે કરઘા મૌન થાય છે, ત્યારે માત્ર ધંધો નહીં,
એક સંસ્કૃતિ પણ રડતી હોય છે."

નાથુ સોસા

14

મહાત્મા ગાંધી અને ખાદી આંદોલન



સ્વદેશી, સ્વાવલંબન અને રાષ્ટ્રીય પુનઃ જાગરણ

ખાદી આંદોલનની પૃષ્ઠભૂમિ

- વિદેશી કપડાંના બહિષ્કારે ભારતની આર્થિક શક્તિ નાશ કરતી હતી.
- ગામડાંઓમાં બેરોજગારી, ગરીબી અને દૈનિક જીવનમાં પરાધીનતાનું પ્રતિક બની ગયું હતું.
- ગાંધીજીએ ખાદીને સ્વરાજ્યનો આધારસ્તંભ બનાવ્યો.
- ૧૬૨૦ના દાયકાથી ખાદી આંદોલન રાષ્ટ્રીય ચળવળ સાથે જોડાયું.



"કરઘો એ મારું શસ્ત્ર છે, ખાદી એ મારી ઢાળ છે,
સ્વદેશી એ મારો માર્ગ છે અને સ્વરાજ એ મારું લક્ષ્ય છે."

- મહાત્મા ગાંધી



વિદેશી કાપડનો બહિષ્કાર કરો ખાદી અપનાવો, સ્વરાજ લાવો

ખાદી આંદોલનના મુખ્ય ઉદ્દેશો

- સ્વદેશી દ્વારા આર્થિક સ્વતંત્રતા. ગ્રામજનોને રોજગારી અને આત્મનિર્ભર બનાવવું.
- વિદેશી માલનો બહિષ્કાર અને રાષ્ટ્રીય એકતા.
- ગરીબ અને અમીર વચ્ચેનો અંતર ઘટાડવો.
- રાષ્ટ્રીય પુનઃ જાગરણ અને સ્વરાજ માટે જનજાગૃતિ.



ખાદી આંદોલનની અસર

- લાખો લોકો રોજ ખાદી સાથે જોડાયા.
- ગામડાંઓમાં ચરખો પરિવર્તનનું પ્રતિક બન્યો.
- વણકરોને સન્માન અને રોજગારી મળી.
- રાષ્ટ્રીય આંદોલનને વ્યાપક જનઆધાર મળ્યો.
- સરળતા, સદાચાર અને સ્વાવલંબન રાષ્ટ્રીય મૂલ્યો બની ગયા.


ખાદીના પ્રચાર-પ્રસાર માટે ગાંધીજીના પ્રયત્નો


- પોતે ચરખા દ્વારા સૂત કાંતી આદર્શ સ્થાપ્યો. ખાદીને રાષ્ટ્રીય વસ્ત્ર તરીકે સ્વીકારવાનું આહ્વાન કર્યું.
- દરેક કોંગ્રેસ સત્રમાં ખાદીને પ્રાથમિકતા આપી.
- ખાદી બોર્ડની સ્થાપના કરી, ગુણવત્તા અને નિયમિતતા પર ભાર મૂક્યો.
- "એક તાર – એકતા માટે, એક તાર – સ્વરાજ માટે" નો સંદેશ આપ્યો.



વણકરો અને ગ્રામોદ્યોગની પુનઃ જાગૃતિ

- ખાદી આંદોલને વણકરોને નવું જીવન આપ્યું.
- હસ્તકલા, હાથવણાટ અને પ્રાકૃતિક સૂતને પ્રોત્સાહન.
- ગ્રામોદ્યોગોનું પુનઃજીવીત કરણ થયું.
- આર્થિક સ્વાવલંબન તરફ ગામડાંઓનો માર્ગ ખુલ્યો.






"દેશની આઝાદી માટે ખાદી અપનાવો, કારણ કે ખાદી ધારણ કરવું એટલે ગરીબના પરિશ્રમને સન્માન આપવું."

- મહાત્મા ગાંધી

ખાદી આંદોલનના મહત્ત્વના તબક્કાઓ



- 1920: અસહકાર આંદોલન સાથે ખાદીનો પ્રારંભ
- 1921: વિદેશી કપડાંના બહિષ્કારનો વ્યાપ
- 1925: ખાદી બોર્ડની સ્થાપના
- 1930: દાંડી કૂચમાં ખાદીનું પ્રતિકત્વ
- 1942: 'ભારત છોડો' આંદોલનમાં ખાદીનું પ્રતિક
- 1947: સ્વતંત્ર ભારતના સ્વાભિમાનનું પ્રતિક

ગાંધીજીનો સંદેશ

"ખાદી માત્ર કપાડું નથી,
તે એક વિચાર છે,
એક ભાવના છે,
એક આર્થિક ક્રાંતિ છે
અને એક રાષ્ટ્રીય
પુનર્જાગરણ છે."

- મહાત્મા ગાંધી

ખાદી એ માત્ર ભૂતકાળનો વારસો નથી,
તે ભારતના ભવિષ્યનું સ્વાવલંબન, સ્વાભિમાન અને સ્વરાજ્યનું જીવંત પ્રતિક છે.

૧૪. મહાત્મા ગાંધી અને ખાદી આંદોલન

સ્વદેશી, સ્વાવલંબન અને રાષ્ટ્રીય પુનર્જાગરણ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં મહાત્મા ગાંધીનું સ્થાન અનન્ય છે. તેમણે માત્ર રાજકીય સ્વતંત્રતા માટે જ સંઘર્ષ કર્યો નહોતો, પરંતુ રાષ્ટ્રના આર્થિક, સામાજિક અને નૈતિક પુનર્નિર્માણ માટે પણ એક વ્યાપક દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો. તેમના વિચારોમાં સ્વરાજ માત્ર અંગ્રેજ શાસનથી મુક્તિનું નામ નહોતું; તે આત્મનિર્ભરતા, શ્રમનું સન્માન, સ્થાનિક ઉત્પાદન અને માનવીય ગૌરવની સ્થાપનાનું સ્વપ્ન હતું.

આ જ વિચારધારાના કેન્દ્રમાં ખાદી અને ચરખો હતા.

ગાંધીજી માટે ખાદી માત્ર એક વસ્ત્ર નહોતું.

તે સ્વાભિમાન હતું.

તે સ્વદેશીનું પ્રતીક હતું.

તે આર્થિક સ્વતંત્રતાનો માર્ગ હતો.

અને તે ભારતના કરોડો ગરીબ, ખેડૂતો, કારીગરો અને વણકરોના જીવન સાથે જોડાયેલું રાષ્ટ્રીય આંદોલન હતું. ખાદી એક વસ્ત્રથી વધુ ભારતમાં સદીઓથી હસ્તકરઘા અને કાપડ ઉત્પાદનની સમૃદ્ધ પરંપરા રહી હતી. પરંતુ ઔપનિવેશિક શાસન દરમિયાન બ્રિટિશ નીતિઓના કારણે ભારતીય હસ્તઉદ્યોગોને ભારે નુકસાન પહોંચ્યું. લાખો વણકરો રોજગારી ગુમાવવા લાગ્યા. ગામડાંઓની આત્મનિર્ભર અર્થવ્યવસ્થા નબળી પડવા લાગી.

ગાંધીજીએ આ સ્થિતિને માત્ર આર્થિક સમસ્યા તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય સમસ્યા તરીકે જોઈ. તેમના મત મુજબ ભારતની ગરીબીનું એક મુખ્ય કારણ એ હતું કે ભારતીયો પોતાના ઉત્પાદનો છોડીને વિદેશી ઉત્પાદનો પર નિર્ભર બની ગયા હતા. તેથી તેમણે ખાદીને માત્ર કપડાં તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય પુનર્જાગરણના સાધન તરીકે સ્વીકારી.

સ્વદેશી આંદોલન અને વિદેશી કાપડનો બહિષ્કાર

ગાંધીજીએ સમગ્ર દેશમાં સ્વદેશીનો સંદેશ આપ્યો.

તેમણે લોકોને વિદેશી કાપડનો બહિષ્કાર કરવા અને ખાદી અપનાવવા અપીલ કરી.

દેશના અનેક શહેરો અને ગામોમાં વિદેશી કાપડની હોળીઓ કરવામાં આવી.

લોકોએ અંગ્રેજી મિલોમાં બનેલા કપડાંનો ત્યાગ કરીને સ્થાનિક વણકરો દ્વારા તૈયાર કરાયેલા વસ્ત્રોનો સ્વીકાર શરૂ કર્યો.

આ એક અનોખી ક્રાંતિ હતી.

અહીં હથિયારો નહોતા.

અહીં યુદ્ધ નહોતું.

અહીં ચરખો હતો.

અહીં કરઘો હતો.

અહીં શ્રમ હતો.

અને અહીં રાષ્ટ્રપ્રેમ હતો.

ખાદી આંદોલને સ્વાતંત્ર્ય સંગ્રામને સામાન્ય લોકોના ઘરો સુધી પહોંચાડ્યો.

ચરખો રાષ્ટ્રચેતનાનું પ્રતીક

ગાંધીજી માનતા હતા કે ભારતની આત્મા ગામડાંઓમાં વસે છે.

તેથી તેમણે ચરખાને માત્ર ઉત્પાદનનું સાધન નહીં, પરંતુ આત્મનિર્ભરતાનું પ્રતીક બનાવ્યું.

તેઓ પોતે નિયમિત રીતે ચરખો ચલાવતા હતા.

તેમણે દેશના દરેક નાગરિકને દરરોજ થોડો સમય સૂત કાતવા માટે પ્રેરિત કર્યો.

તેમના મત મુજબ ચરખો ચલાવવો એ માત્ર આર્થિક પ્રવૃત્તિ નહોતી; તે રાષ્ટ્રસેવાનો એક માર્ગ હતો.

ચરખાએ લાખો લોકોને સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે જોડ્યા.

તેના માધ્યમથી સામાન્ય માણસને પણ એવું લાગ્યું કે તે રાષ્ટ્રનિર્માણમાં પોતાનો ફાળો આપી શકે છે.

વણકર સમાજ અને ખાદી આંદોલન, ખાદી આંદોલનનો સૌથી મોટો લાભ ભારતીય વણકર સમાજને થયો.

ગાંધીજી સમજી ગયા હતા કે જો વણકરોને રોજગાર અને સન્માન નહીં મળે, તો ભારતની આર્થિક આત્મનિર્ભરતા શક્ય નહીં બને.

તેથી તેમણે હસ્તકરઘા અને કૂટીર ઉદ્યોગોના પુનર્જીવન પર વિશેષ ભાર મૂક્યો.

દેશના અનેક વિસ્તારોમાં વણકરો ફરી સક્રિય બન્યા.

ગામડાંઓમાં ઉત્પાદન વધવા લાગ્યું.

મહિલાઓ સૂત કાતવામાં જોડાઈ.

કારીગરોને નવા અવસર મળ્યા.

અને ખાદી એક સામાજિક - આર્થિક આંદોલન બની ગઈ.

આ રીતે ખાદીએ માત્ર કપડાં પૂરાં પાડ્યાં નહીં; તેણે લાખો પરિવારોને આશા અને રોજગારી પણ આપી.

ખાદી અને સામાજિક સમરસતા, ગાંધીજી માટે ખાદીનો એક મહત્ત્વપૂર્ણ સામાજિક અર્થ પણ હતો.

તેમના મત મુજબ ખાદી સમાજના દરેક વર્ગને એકસાથે જોડતી હતી.

ગરીબ હોય કે ધનિક.

શહેરી હોય કે ગ્રામ્ય.

પુરુષ હોય કે મહિલા.

બધા માટે ખાદી સમાન હતી.

ખાદીએ સમાનતા અને શ્રમના ગૌરવનો સંદેશ આપ્યો.

તે માનવીને તેના વસ્ત્ર દ્વારા નહીં, પરંતુ તેના શ્રમ દ્વારા ઓળખવાનો વિચાર પ્રસ્થાપિત કરતી હતી.

ખાદીનું આર્થિક મહત્ત્વ

ખાદી આંદોલન માત્ર રાજકીય ચળવળ નહોતું.

તે ભારતના આર્થિક પુનર્નિર્માણનો કાર્યક્રમ પણ હતો.

ગાંધીજી માનતા હતા કે ભારત જેવા વિશાળ દેશમાં રોજગારીનો પ્રશ્ન માત્ર મોટા ઉદ્યોગોથી ઉકેલી શકાશે નહીં.

તે માટે ગામડાંઓમાં નાના ઉદ્યોગો અને સ્થાનિક ઉત્પાદન જરૂરી છે.

ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા લાખો લોકોને રોજગારી મળી શકે છે.

આ વિચાર આજે પણ એટલો જ પ્રાસંગિક છે જેટલો સ્વાતંત્ર્ય સંગ્રામના સમયમાં હતો.

રાષ્ટ્રીય પુનર્જાગરણનો આધાર

ખાદી આંદોલને ભારતને માત્ર કપડાં આપ્યાં નહોતાં.

તેણે આત્મવિશ્વાસ આપ્યો.

તેણે સ્વાભિમાન આપ્યો.

તેણે આત્મનિર્ભરતાનો માર્ગ બતાવ્યો.

તેણે સામાન્ય માણસને રાષ્ટ્રનિર્માણ સાથે જોડ્યો.

અને તેણે સ્વાતંત્ર્ય સંગ્રામને લોકઆંદોલનમાં પરિવર્તિત કર્યો.

ખાદી દ્વારા ગાંધીજીએ ભારતને સમજાવ્યું કે કોઈપણ રાષ્ટ્રની સાચી શક્તિ તેના લોકોના શ્રમમાં વસે છે.

મહાત્મા ગાંધી અને ખાદી આંદોલનની ગાથા માત્ર રાજકીય ઇતિહાસનો એક અધ્યાય નથી.

તે ભારતના શ્રમશીલ સમાજના પુનર્જાગરણની ગાથા છે.

તે વણકર સમાજના ગૌરવની ગાથા છે.

તે સ્વદેશી, સ્વાવલંબન અને આત્મનિર્ભરતાની ગાથા છે.

ગાંધીજીએ ખાદીને રાષ્ટ્રધ્વજ જેટલું જ પવિત્ર સ્થાન આપ્યું હતું, કારણ કે તેઓ જાણતા હતા કે જે રાષ્ટ્ર પોતાના શ્રમને સન્માન આપતું નથી, તે સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકતું નથી.

આજે જ્યારે આપણે આત્મનિર્ભર ભારત, સ્થાનિક ઉત્પાદન અને સ્વદેશી અર્થવ્યવસ્થાની વાત કરીએ છીએ, ત્યારે ખાદી આંદોલનનું મહત્ત્વ ફરીથી સ્પષ્ટ થાય છે.

"ગાંધીજીએ માત્ર ચરખો નથી ફેરવ્યો; તેમણે ભારતના સ્વાભિમાનને ગતિ આપી હતી."

"ખાદી માત્ર વસ્ત્ર નથી; તે સ્વદેશી, સ્વાવલંબન અને રાષ્ટ્રીય ચેતનાનું જીવંત પ્રતીક છે."

"ભારતના વણકરોના કરઘાઓ પર માત્ર ધાગા જ નહોતા વણાતા; ત્યાં સ્વતંત્ર ભારતનું સ્વપ્ન પણ આકાર પામતું હતું."

અન્યાયી વેપાર
"સમાન વેપાર વિકાસ લાવે છે;
અસમાન વેપાર શોષણ જન્માવે છે."

વણકરનું દુઃખ
"વણકરનું સૌથી મોટું દુઃખ ગરીબી નહોતું;
પોતાના જ સર્જનનું મૂલ્ય ગુમાવવું હતું."

નાથુ સોસા


15

ડૉ. ભીમરાવ આંબેડકર અને શ્રમની ગરિમા

સામાજિક ન્યાય, શ્રમિક અધિકાર અને માનવ ગૌરવનો સંદેશ

વણકર – શ્રમ અને સર્જનની પ્રતિમા

- વણકર સમાજ સદીઓથી સર્જન, પરિશ્રમ અને યોગ્યતાનું પ્રતિક છે.
- પરંતુ જાતિઅન્યાય, આર્થિક શોષણ અને અજ્ઞાનતાને કારણે તેમની પ્રગતિ રોકાઈ.
- ડૉ. આંબેડકરે દરેક શ્રમિકના પરિશ્રામને રાષ્ટ્રીય સંપત્તિ ગણાવી.





શ્રમ પ્રત્યે આંબેડકરનો દૃષ્ટિકોણ
માનવ સમાજનું નિર્માણ શ્રમથી થાય છે.
શ્રમિકનું અપમાન એ માનવતાનું અપમાન છે.
દરેક શ્રમિકને ગૌરવપૂર્ણ જીવન
જીવવાનો અધિકાર છે.

શ્રમિક અધિકાર માટે આંબેડકરનો સંઘર્ષ

- 8 કલાકના કામનો સિદ્ધાંત – માનવને આરામ અને જીવનનો અધિકાર છે.
- ન્યાયસંગત વેતન - શ્રમિકને તેના પરિશ્રમનું યોગ્ય મૂલ્ય મળવું જોઈએ.
- કામની માનવીય પરિસ્થિતિ સુરક્ષા, આરોગ્ય અને સ્વચ્છતા.
- મજૂર કાયદા અને કલ્યાણ - પ્રસૂતિ લાભ, ગ્રેચ્યુઈટી, રોજગાર સુરક્ષા માટે પ્રયાશીલ.
- સંગઠન અને કાનૂની સુરક્ષા - મજૂરોને તેમના અધિકારો માટે સંગઠિત થવાનો હક્ક.



સામાજિક ન્યાય : આંબેડકરનો મૂળ મંત્ર

- જાતિવ્યવસ્થાનો અંત લાવી સમાનતા સ્થાપવી
- અસ્પૃશ્યતા અને ભેદભાવનો કડક વિરોધ કર્યો.
- શિક્ષણ, રોજગાર અને રાજકીય ભાગીદારી દ્વારા સશક્તિકરણ.
- માનવ ગૌરવ વિના સ્વતંત્રતા અધૂરી છે. દરેક મનુષ્યને સંવૈધાનિક સુરક્ષા મળવી જોઈએ.



સામાજિક ન્યાય : આંબેડકરનો મૂળ મંત્ર

1917
બોમ્બે લેજીસ્લેટિવ કાઉન્સિલમાં મજૂરોના પ્રશ્નો ઉઠાવ્યા.

1924
બહિષ્કૃત હિતકારીણી સભાની સ્થાપના

1928
ટ્રેડ યુનિયનો અને શ્રમિક સંગઠનોને ટેકો

1936
સ્વતંત્ર લેબર પાર્ટીની સ્થાપના.

1942-46
વાઇસરોય એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં શ્રમ સભ્ય તરીકે કાર્યભાર.

1949
ભારતના બંધારણમાં સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના સિદ્ધાંતોને સ્થાન આપ્યું.

શ્રમની ગરિમા – આંબેડકરનો સંદેશ

- કોઈપણ કામ નાનું નથી.
- શ્રમ વગર સમાજની પ્રગતિ અશક્ય છે.
- શ્રમિક પ્રત્યે આદર અને ન્યાય – એ જ સાચો રાષ્ટ્રધર્મ.



"હું એવા ધર્મને માનું છું જે સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વતાને શીખવે છે."

- ડૉ. આંબેડકર

વણકર સમાજ માટે આંબેડકરનું વિચારદર્શન

- શિક્ષણ એ મુક્તિનો માર્ગ છે.
- આર્થિક સ્વાવલંબન વિના સ્વાભિમાન શક્ય નથી.
- સંગઠન, સંઘર્ષ અને સ્વાભિમાન - પ્રગતિના ત્રણ સ્તંભ.





"રાજકીય લોકશાહી ત્યારે જ ટકશે, જ્યારે તે સામાજિક અને આર્થિક લોકશાહીને આધારિત હશે."

- ડૉ. આંબેડકર



આંબેડકરનો અમર વારસો

- માનવ ગૌરવ, સમાનતા અને ન્યાય માટેનું જીવન સમર્પિત.
- શ્રમિક, સ્ત્રી, દલિત, પીડિત અને વંચિતોના હક્કો માટે અવિરત સંઘર્ષ.
- આજે પણ તેમનું વિચારદાન રાષ્ટ્રીય પુનર્જાગરણનું પ્રેરણા સ્ત્રોત છે.



શ્રમને માનો, શ્રમિકને સન્માન આપો – એ જ છે સાચી પ્રગતિનો પંથ.

૧૫. ડૉ. ભીમરાવ આંબેડકર અને શ્રમની ગરિમા

સામાજિક ન્યાય, શ્રમિક અધિકાર અને માનવ ગૌરવનો સંદેશ

ભારતના સામાજિક, આર્થિક અને રાજકીય ઇતિહાસમાં ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનું સ્થાન અસાધારણ છે. તેઓ માત્ર ભારતીય બંધારણના મુખ્ય શિલ્પી જ નહોતા, પરંતુ શ્રમિકો, વંચિતો, પીડિતો અને ઉત્પાદનકર્તા સમાજના સશક્ત હિતરક્ષક પણ હતા. ડૉ. આંબેડકરે પોતાના સમગ્ર જીવન દરમિયાન એવા ભારતની કલ્પના કરી હતી, જેમાં માનવનું મૂલ્યાંકન તેની જાતિ, જન્મ કે સામાજિક સ્થિતિના આધારે નહીં, પરંતુ તેના શ્રમ, પ્રતિભા અને માનવીય ગૌરવના આધારે થાય.

તેમના વિચારોમાં શ્રમ માત્ર આર્થિક પ્રવૃત્તિ નહોતો.

શ્રમ માનવ ગૌરવનું પ્રતીક હતો.

શ્રમ સમાજ નિર્માણનો આધાર હતો.

શ્રમ રાષ્ટ્રની સમૃદ્ધિનું મૂળ હતું.

અને શ્રમનું સન્માન લોકશાહીની અનિવાર્ય શરત હતું.

શ્રમ અને સમાજ અંગે ડૉ. આંબેડકરની દૃષ્ટિ

ડૉ. આંબેડકર માનતા હતા કે કોઈપણ સમાજની પ્રગતિનું મૂલ્યાંકન એના સૌથી નબળા અને સૌથી વધુ શ્રમ કરનારા વર્ગોની સ્થિતિ પરથી થવું જોઈએ. તેઓ વારંવાર કહેતા હતા કે સમાજમાં ઉત્પાદન કરનારા વર્ગો-ખેડૂતો, શ્રમિકો, કારીગરો અને વણકરો-રાષ્ટ્રની આર્થિક રચનાના આધારસ્તંભ છે.

જો આ વર્ગોને સન્માન, સુરક્ષા અને સમાન તકો ન મળે, તો રાષ્ટ્રનો વિકાસ અધૂરો રહી જાય છે.

તેમની દૃષ્ટિએ શ્રમનું અપમાન માત્ર વ્યક્તિનું અપમાન નથી, પરંતુ સમગ્ર લોકશાહી વ્યવસ્થાનું અપમાન છે.

ઉત્પાદનકર્તા સમાજ અને વણકર સમુદાય. ભારતના ઇતિહાસમાં વણકર સમાજે દેશની આર્થિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક જીવનના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

બંગાળની મલમલથી લઈને ગુજરાતના પટોળા સુધી,

બનારસના રેશમથી લઈને રાજસ્થાનની હસ્તવણાટ સુધી,

ભારતના વણકરોની કલા એ વિશ્વને ચકિત કર્યું છે.

પરંતુ વિસંગતિ એ હતી કે જેમણે સમાજ માટે સંપત્તિનું સર્જન કર્યું, તેમને ઘણીવાર સામાજિક સન્માન અને આર્થિક સુરક્ષાથી વંચિત રાખવામાં આવ્યા.

ડૉ. આંબેડકરે આ અન્યાયને ખૂબ જ ઊંડાણથી સમજ્યા હતા.

તેમના મત મુજબ ઉત્પાદન કરનારા વર્ગોને સમાજના કેન્દ્રસ્થાને સ્થાન મળવું જોઈએ.

શ્રમિક અધિકારો માટેનો ઐતિહાસિક સંઘર્ષ, ડૉ. આંબેડકર જ્યારે વાઇસરોયની કાર્યકારી પરિષદમાં શ્રમમંત્રી તરીકે કાર્યરત હતા, ત્યારે તેમણે ભારતીય શ્રમિકોના હિતમાં અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા.

ભારતમાં આઠ કલાકના કામના દિવસની વ્યવસ્થા અમલમાં લાવવામાં તેમના યોગદાનને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. તે સમય પહેલાં ઘણા શ્રમિકોને લાંબા કલાકો સુધી કામ કરવું પડતું હતું.

ડૉ. આંબેડકરે શ્રમિકોને માનવીય પરિસ્થિતિઓમાં કામ કરવાનો અધિકાર અપાવવા માટે મહત્ત્વપૂર્ણ પ્રયાસો કર્યા.

તેમણે કામદારો માટે,

આઠ કલાક કામનો નિયમ

વેતન અને સુરક્ષા સંબંધિત સુધારા

મહિલા શ્રમિકોના અધિકારો

માતૃત્વ લાભ

કર્મચારી કલ્યાણની જોગવાઈઓ

શ્રમિક સંગઠનોને પ્રોત્સાહન

જેવા અનેક મહત્ત્વપૂર્ણ પગલાં લીધા.

આ સુધારાઓએ ભારતના શ્રમિક આંદોલનને નવી દિશા આપી.

સામાજિક ન્યાય અને આર્થિક લોકશાહી, ડૉ. આંબેડકર માનતા હતા કે રાજકીય લોકશાહી ત્યારે જ સફળ બની શકે, જ્યારે તેની સાથે સામાજિક અને આર્થિક લોકશાહી પણ સ્થાપિત થાય.

તેઓ કહેતા હતાઃ

''એક વ્યક્તિ, એક મત'' જેટલું મહત્ત્વપૂર્ણ છે, એટલું જ ''એક વ્યક્તિ, એક મૂલ્ય'' પણ મહત્ત્વપૂર્ણ છે.

તેમની દૃષ્ટિએ ગરીબી, અસમાનતા અને શ્રમના શોષણ વચ્ચે સાચી લોકશાહી વિકસી શકતી નથી.

તેથી તેમણે માત્ર રાજકીય અધિકારો માટે જ નહીં, પરંતુ આર્થિક ન્યાય માટે પણ સતત સંઘર્ષ કર્યો.

કારીગરો અને હસ્તઉદ્યોગો પ્રત્યેનો અભિગમ, ડૉ. આંબેડકર ઔદ્યોગિક વિકાસના સમર્થક હતા, પરંતુ તેઓ ક્યારેય પરંપરાગત કારીગરો અને હસ્તઉદ્યોગોની ભૂમિકાને નકારી કાઢતા નહોતા.

તેઓ માનતા હતા કે રાષ્ટ્રના વિકાસમાં મોટા ઉદ્યોગો અને પરંપરાગત કૌશલ્ય બંનેનું મહત્વ છે.

ભારતના હસ્તકરઘા, કારીગરો અને વણકરો પાસે સદીઓથી સંચિત જ્ઞાન અને કૌશલ્ય છે.

આ કૌશલ્ય માત્ર આર્થિક સંપત્તિ નથી, પરંતુ સાંસ્કૃતિક વારસો પણ છે.

તેથી આવા સમુદાયોને વિકાસની મુખ્ય ધારા સાથે જોડવા જરૂરી છે.

શ્રમની ગરિમા ડૉ. આંબેડકરનો મુખ્ય સંદેશ, ડૉ. આંબેડકરના સમગ્ર જીવન અને વિચારોનો સાર જો એક વાક્યમાં વ્યક્ત કરવો હોય, તો તે ''શ્રમની ગરિમા'' છે.

તેઓ માનતા હતા કે કોઈપણ કાર્ય નાનું કે મોટું નથી.

દરેક શ્રમનું પોતાનું સન્માન છે.

સમાજમાં જે લોકો ઉત્પાદન કરે છે, તેઓ જ વાસ્તવમાં રાષ્ટ્રના નિર્માતા છે.

આ વિચાર વણકર સમાજ માટે વિશેષ મહત્વ ધરાવે છે.

કારણ કે વણકરો માત્ર કાપડ બનાવતા નથી.

તેઓ સંસ્કૃતિનું સર્જન કરે છે.

તેઓ પરંપરાને જીવંત રાખે છે.

તેઓ સમાજની આર્થિક રચનામાં યોગદાન આપે છે.

અને તેઓ પોતાના શ્રમ દ્વારા રાષ્ટ્રને સમૃદ્ધ બનાવે છે.

વર્તમાન સંદર્ભમાં ડૉ. આંબેડકરની પ્રાસંગિકતા, આજે જ્યારે ભારત આત્મનિર્ભરતા, કૌશલ્ય વિકાસ અને સમાવેશી વિકાસની વાત કરે છે, ત્યારે

ડૉ. આંબેડકરના વિચારો વધુ પ્રાસંગિક બની જાય છે. જો આપણે વણકરો, કારીગરો અને શ્રમિકોના જીવનમાં સન્માન અને સમૃદ્ધિ લાવી શકીએ, તો તે ડૉ. આંબેડકરના સ્વપ્નના ભારત તરફનું મહત્ત્વપૂર્ણ પગલું બનશે.

તેમના વિચારો આપણને શીખવે છે કે વિકાસનો અર્થ માત્ર આર્થિક વૃદ્ધિ નથી.

વિકાસનો અર્થ છે,

માનવીય ગૌરવ,

સમાન તક,

સામાજિક ન્યાય,

અને શ્રમનું સન્માન.

ડૉ. ભીમરાવ આંબેડકરનું યોગદાન માત્ર બંધારણ નિર્માણ પૂરતું મર્યાદિત નથી.

તેઓ ભારતના શ્રમિકો, કારીગરો અને ઉત્પાદનકર્તા સમાજના મહાન હિતરક્ષક હતા.

તેમણે આપણને શીખવ્યું કે કોઈપણ રાષ્ટ્રની સાચી શક્તિ તેના શ્રમશીલ લોકોમાં વસે છે.

વણકર સમાજના સંઘર્ષ, શ્રમ અને યોગદાનને સમજવા માટે ડૉ. આંબેડકરના વિચારો અત્યંત માર્ગદર્શક છે.

"જે સમાજ પોતાના શ્રમિકોને સન્માન આપતો નથી, તે સમાજ સાચી પ્રગતિ કરી શકતો નથી."

“વણકરના કરઘા પર માત્ર કાપડ નથી વણાતું; ત્યાં રાષ્ટ્રની સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા અને સ્વાભિમાન પણ આકાર પામે છે.”

“ડૉ. આંબેડકરે આપણને માત્ર અધિકારોનો માર્ગ બતાવ્યો નથી; તેમણે શ્રમના ગૌરવને રાષ્ટ્રીય મૂલ્ય તરીકે સ્થાપિત કરવાનો માર્ગ પણ બતાવ્યો છે.”

આત્મનિર્ભરતા
“જે રાષ્ટ્ર પોતાનું ઉત્પાદન ભૂલી જાય છે,
તે પરાધીનતાની દિશામાં આગળ વધે છે.”

શ્રમિકનો પરસેવો
“શ્રમિકના પરસેવાના ટીપાંમાં રાષ્ટ્રની
સમૃદ્ધિના બીજ છુપાયેલા હોય છે.”

નાથુ સોસા

16 સ્વતંત્ર ભારતમાં વણકર સમાજ



આશાઓ, પડકારો અને વિકાસની નવી દિશાઓ

સ્વતંત્રતા બાદ ભારતના વણકર સમાજ સામે નવી આશાઓનાં દ્વાર ખૂલ્યા. પરંતુ સમયાંતરે બદલાતી આર્થિક સ્થિતિ, યાંત્રિકીકરણ, સ્પર્ધા, બજારના ઉતાર-ચડાવ અને નીતિગત પડકારો વચ્ચે પણ વણકર ભાઈઓએ પરંપરાને જાળવી રાખતાં વિકાસની નવી દિશાઓ શોધી.

સ્વતંત્રતા બાદ વણકર સમાજની ઉપલબ્ધિઓ

- પરંપરાગત કૌશલ્યનું સંરક્ષણ અને પેઢી દર પેઢી હસ્તાંતરણ.
- ખાદી, હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટને રાષ્ટ્રીય ઓળખ.
- સરકારની સહાયથી હેન્ડલૂમ બોર્ડ, સહકારી મંડળો, તાલીમ કેન્દ્રોની સ્થાપના.
- દેશ-વિદેશમાં ભારતીય હેન્ડલૂમની વધતી માંગ.
- અનેક વણકર પરિવારોમાં શિક્ષણ, જાગૃતિ અને જીવનશૈલીમાં સુધારો.

"ભારતનો આત્મા તેના ગામોમાં વસે છે અને તે આત્માને જીવન આપનારાઓમાં વણકર ભાઈઓનો મહત્ત્વમ ફાળો છે."

- જવાહરલાલ નહેરૂ



વણકર સમાજ સામેના મુખ્ય પડકારો

- મિલ કાપડ અને પાવરલૂમથી વધતી સ્પર્ધા.
- કાપડના કાચામાલના ભાવમાં વધારો.
- દલાલ પ્રથા, યોગ્ય ભાવ ન મળવો.
- આધુનિક ડિઝાઈન, માર્કેટિંગ અને ટેકનોલોજીની અછત.
- યુવાનોનું વણાટ કૌશલ્યથી અન્ય વ્યવસાય તરફ વળી જવું.

સ્વતંત્રતા બાદ વણકર સમાજની ઉપલબ્ધિઓ

- પરંપરાગત કૌશલ્યનું સંરક્ષણ અને પેઢી દર પેઢી હસ્તાંતરણ.
- ખાદી, હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટને રાષ્ટ્રીય ઓળખ.
- સરકારની સહાયથી હેન્ડલૂમ બોર્ડ, સહકારી મંડળો, તાલીમ કેન્દ્રોની સ્થાપના.
- દેશ-વિદેશમાં ભારતીય હેન્ડલૂમની વધતી માંગ. અનેક વણકર પરિવારોનું શિક્ષણ, જાગૃતિ અને જીવનમા તે સુધારો.

નવી દિશાઓ – આશાનો માર્ગ

- ઈ-કોમર્સ અને ઓનલાઈન માર્કેટિંગ
- નવતર ડિઝાઈન અને ઉત્પાદનમાં વૈવિધ્ય
- વિદેશી બજારમાં વધતી માંગ
- પ્રાકૃતિક રંગો અને પર્યાવરણમૈત્રી ઉત્પાદન
- સહકારી સંસ્થાઓ અને સામૂહિક Branding

વણકર સમાજનું યોગદાન



- ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવે છે.
- હસ્તકલાની પરંપરા અને સંસ્કૃતિનું સંવર્ધન.
- મહિલાઓ અને પરિવારોને કાયમી રોજગાર.
- સ્વદેશી વિચારધારા અને આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન.

કેટલાક મહત્ત્વપૂર્ણ આંકડા (અંદાજિત)

- ભારતમાં 35 લાખથી વધુ વણકર પરિવારો.
- 7 લાખથી વધુ હેન્ડલૂમ્સ
- સૌથી વધુ વણાટ કેન્દ્રો- ગુજરાત, તમિલનાડુ, તેલંગણા, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ
- હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ નિકાસમાં સતત વધારો.

ભવિષ્ય માટેના સંકલ્પ



પરંપરાનું સંરક્ષણ - ટેકનોલોજીનો ઉપયોગ - યુવાનોને જોડવા
યોગ્ય ભાવ અને બજાર - સામાજિક સુરક્ષા।

વણકર સમાજનું યોગદાન

- ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવે છે.
- હસ્તકલાની પરંપરા અને સંસ્કૃતિનું સંવર્ધન.
- મહિલાઓ અને પરિવારોને કાયમી રોજગાર.
- સ્વદેશી વિચારધારા અને આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન.



આશા છે કે શિક્ષણ, એકતા, નવીનતા અને સહકારથી વણકર સમાજ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધશે અને ભારતના વિકાસમાં પોતાનું ગૌરવપૂર્ણ સ્થાન જાળવી રાખશે.

૧૬. સ્વતંત્ર ભારતમાં વણકર સમાજ
આશાઓ, પડકારો અને વિકાસની નવી દિશાઓ

ભારતને ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે દેશ સામે અનેક પડકારો ઊભા હતા. સદીઓના ઔપનિવેશિક શોષણથી ભારતની અર્થવ્યવસ્થા નબળી પડી ગઈ હતી. કૃષિ, હસ્તઉદ્યોગો અને પરંપરાગત કારીગરીઓ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી હતી. ભારતીય વણકર સમાજ પણ આ પરિસ્થિતિથી અછૂત નહોતો. એક સમયે વિશ્વભરમાં પ્રસિદ્ધ રહેલો ભારતીય હસ્તકરઘા ઉદ્યોગ બ્રિટિશ નીતિઓના કારણે ઘણો નબળો પડી ગયો હતો. લાખો વણકર પરિવારો ગરીબી, બેરોજગારી અને અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા હતા. આવા સમયમાં સ્વતંત્ર ભારતે માત્ર રાજકીય સ્વરાજ જ નહીં, પરંતુ આર્થિક પુનર્નિર્માણનું કાર્ય પણ હાથ ધર્યું. દેશના વિકાસમાં ખેડૂતો, કારીગરો, વણકરો અને શ્રમિકોની ભૂમિકાને માન્યતા આપવામાં આવી. ભારતીય વણકર સમાજ માટે આ એક નવા યુગની શરૂઆત હતી.

સ્વતંત્ર ભારત અને હસ્તકરઘા ઉદ્યોગનું પુનર્જીવન, મહાત્મા ગાંધીના સ્વદેશી અને ખાદીવિષયક વિચારો સ્વતંત્ર ભારતની નીતિઓ પર ઊંડો પ્રભાવ ધરાવતા હતા. દેશના નીતિનિર્માતાઓ સમજી ગયા હતા કે હસ્તકરઘા ઉદ્યોગ માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ લાખો પરિવારોના જીવન અને રોજગારનો આધાર છે. સ્વતંત્રતા પછી સરકાર દ્વારા હસ્તકરઘા ઉદ્યોગના સંરક્ષણ અને વિકાસ માટે વિશેષ પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. હેતુ માત્ર ઉત્પાદન વધારવાનો નહોતો, પરંતુ ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાનો અને રોજગારીનું સર્જન કરવાનો પણ હતો. ભારતના અનેક વિસ્તારોમાં વણકર પરિવારો માટે નવી આશાઓ જન્મી. કરઘાઓ ફરીથી ગતિમાન થવા લાગ્યા અને પરંપરાગત કૌશલ્યને જાળવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી.

ઓલ ઇન્ડિયા હેન્ડલૂમ બોર્ડની સ્થાપના, વણકર સમાજના વિકાસ માટે ભારત સરકારે ૧૯૫૨માં ઓલ ઇન્ડિયા હેન્ડલૂમ બોર્ડની સ્થાપના કરી. આ

સંસ્થાનો હેતુ હસ્તકરઘા ઉદ્યોગની સમસ્યાઓનો અભ્યાસ કરવો, ઉત્પાદન વધારવું, બજારો ઉપલબ્ધ કરાવ અને કારીગરોને પ્રોત્સાહન આપવાનું હતું.

આ બોર્ડ દ્વારા હેન્ડલૂમ ક્ષેત્રને પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરે સંગઠિત દિશા મળી.

ઉત્પાદન સુધારણા

તાલીમ કાર્યક્રમો

ડિઝાઈન વિકાસ

બજાર વિસ્તરણ

કાચા માલની ઉપલબ્ધિ

જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર કાર્ય કરવામાં આવ્યું.

ખાદી અને ગ્રામોદ્યોગ આંદોલન, સ્વતંત્ર ભારતે ખાદી અને ગ્રામોદ્યોગને વિશેષ મહત્ત્વ આપ્યું. ગાંધીજીના વિચારો અનુસાર ખાદી માત્ર કપડું નહીં, પરંતુ આત્મનિર્ભરતાનું પ્રતીક હતી.

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) ની સ્થાપના દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

દેશભરમાં ખાદી ભંડારો સ્થાપિત થયા.

હજારો કારીગરોને રોજગાર મળ્યો.

મહિલાઓને ઘરઆધારિત કામ મળ્યું.

ગ્રામ્ય અર્થવ્યવસ્થાને નવી ઊર્જા મળી.

ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ખાદી ચળવળે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

વણકર સહકારી ચળવળનો વિકાસ, સ્વતંત્રતા પછીની સૌથી મહત્ત્વપૂર્ણ પહેલોમાં વણકર સહકારી મંડળીઓની સ્થાપના પણ સામેલ હતી. અગાઉ વણકરો મોટા વેપારીઓ અને વચેટિયાઓ પર નિર્ભર રહેતા હતા. ઘણીવાર તેમને પોતાના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય મળતું નહોતું.

સહકારી સંસ્થાઓએ આ પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો.

આ મંડળીઓ દ્વારાઃ

કાચો માલ ઉપલબ્ધ કરાવવો

ઉત્પાદનનું આયોજન કરવું

બજાર વ્યવસ્થા કરવી

નાણાકીય સહાય પૂરી પાડવી

કારીગરોને તાલીમ આપવી

જેવી કામગીરી હાથ ધરવામાં આવી.

આ સહકારી ચળવળે અનેક વિસ્તારોમાં વણકરોની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરી.

ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં વણકરોનું સ્થાન, સ્વતંત્ર ભારતના પ્રારંભિક દાયકાઓમાં હસ્તકરઘા ઉદ્યોગ ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ આધાર રહ્યો.

એક કરઘા સાથે માત્ર એક વ્યક્તિ નહીં, પરંતુ સમગ્ર પરિવાર જોડાયેલો રહેતો.

મહિલાઓ સૂત કાતતી.

રંગરેજો રંગાઈ કરતા.

વણકરો ઉત્પાદન કરતા.

વેપારીઓ વેચાણ કરતા.

આ રીતે એક સંપૂર્ણ આર્થિક સાંકળ રચાતી.

હસ્તકરઘા ઉદ્યોગે લાખો પરિવારોને રોજગાર પૂરો પાડ્યો અને ગામડાંઓમાં આર્થિક ગતિવિધિઓ જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

પાંચ વર્ષીય યોજનાઓ અને હસ્તકરઘા ક્ષેત્ર, ભારત સરકારે પોતાની પાંચ વર્ષીય યોજનાઓમાં હસ્તકરઘા અને કુટીર ઉદ્યોગોને વિશેષ સ્થાન આપ્યું.

હસ્તકરઘા ક્ષેત્રને શ્રમ આધારિત ઉદ્યોગ તરીકે ઓળખ આપવામાં આવી.

સરકાર દ્વારાઃ

તાલીમ કેન્દ્રો

ડિઝાઈન સંસ્થાઓ

માર્કેટિંગ સહાય

પ્રદર્શન અને મેળાઓ

સબસિડી યોજનાઓ

શરૂ કરવામાં આવી.

આ પહેલના કારણે હસ્તકરઘા ક્ષેત્રે અનેક વિસ્તારોમાં પુનર્જીવનનો અનુભવ કર્યો.

ગુજરાતમાં ખાદી અને ગ્રામોદ્યોગનો સુવર્ણ સમય, ગુજરાતમાં ખાદી અને ગ્રામોદ્યોગની પરંપરા વિશેષ રીતે વિકસિત થઈ.

ઘણા વિસ્તારોમાં ખાદી સંસ્થાઓ કાર્યરત બની.

વણકરોને પ્રોત્સાહન મળ્યું.

એક સમય એવો પણ આવ્યો જ્યારે ખાદી ઉત્પાદનો પર ૨૦ ટકાથી વધુ રિબેટ આપવામાં આવતું હતું.

આ સમયગાળામાંઃ

ઉત્પાદન વધ્યું

વેચાણમાં વધારો થયો

રોજગારી સર્જાઈ

ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂતી મળી

ઘણા વડીલ વણકરો આજે પણ તે સમયને ખાદીનો સુવર્ણકાળ ગણાવે છે.

વણકર કલ્યાણ માટેની યોજનાઓ, સમય જતાં સરકાર દ્વારા વણકરો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ શરૂ કરવામાં આવી.

તેમાં મુખ્યત્વેઃ

આવાસ સહાય

જીવન વીમા

આરોગ્ય સહાય

શિક્ષણ સહાય

સાધન સહાય

કાર્ય મૂડી સહાય

પેન્શન અને સુરક્ષા યોજનાઓ

નો સમાવેશ થાય છે.

આ યોજનાઓનો હેતુ વણકરોના જીવનસ્તરને સુધારવાનો હતો.

સ્વતંત્ર ભારતની ઉપલબ્ધિઓ

સ્વતંત્રતા પછી ભારતીય હસ્તકરઘા ક્ષેત્રે અનેક મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

ભારત આજે પણ વિશ્વના સૌથી મોટા હેન્ડલૂમ ઉત્પાદક દેશોમાંનો એક છે.

પાટણનું પટોળું,

બનારસી સાડી,

જમદાની,

કાંચીપુરમ રેશમ,

પશ્મીના,

ચંદેરી,

મહેશ્વરી,

જેવા પરંપરાગત ઉત્પાદનો આજે પણ વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે.

આ સફળતાઓ પાછળ લાખો વણકરોની મહેનત અને પેઢીઓથી સંચિત કૌશલ્ય રહેલું છે.

રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની નીતિઓ,

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સમયાંતરે હસ્તકરઘા ક્ષેત્ર માટે વિવિધ નીતિઓ ઘડી છે.

આ નીતિઓનો મુખ્ય હેતુ રહ્યો છેઃ

રોજગારીનું સંરક્ષણ

પરંપરાગત કૌશલ્યનું જતન

બજાર વિસ્તરણ

ટેક્નોલૉજી સુધારણા

નિકાસ વૃદ્ધિ

કારીગર કલ્યાણ

આ નીતિઓએ હસ્તકરઘા ઉદ્યોગને ટકાવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

સ્વતંત્ર ભારતમાં વણકર સમાજની યાત્રા સંઘર્ષ, આશા, વિકાસ અને પુનર્જાગરણની યાત્રા છે.

બ્રિટિશ શોષણથી નબળા પડેલા કરઘાઓને ફરીથી જીવંત કરવાનો પ્રયાસ થયો.

ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા નવી ઊર્જા મળી.

સહકારી ચળવળ દ્વારા સંગઠન મળ્યું.

સરકારી યોજનાઓ દ્વારા સહાય મળી.

અને લાખો વણકરોને પોતાના શ્રમ દ્વારા ફરીથી જીવન ઘડવાની તક મળી.

તેમ છતાં આ યાત્રા હજુ પૂર્ણ થઈ નથી. પડકારો હજુ પણ છે, પરંતુ આ સફર એ સાબિત કરે છે કે ભારતના વણકરો માત્ર ભૂતકાળની વારસાગત સ્મૃતિ નથી; તેઓ આજના ભારતના આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક જીવનના સક્રિય નિર્માતા છે.

"સ્વતંત્ર ભારતના વિકાસમાં વણકર સમાજનું યોગદાન માત્ર આર્થિક નથી; તે ભારતની સાંસ્કૃતિક ઓળખ, ગ્રામ્ય આત્મનિર્ભરતા અને શ્રમના ગૌરવનો જીવંત આધારસ્તંભ છે."

સ્વાભિમાનનો વેપાર નથી થતો
"સંપત્તિ ખરીદી શકાય, પરંતુ સ્વાભિમાન ક્યારેય વેચાતું નથી."

ઇતિહાસનો પાઠ
"જે સમાજ પોતાના આર્થિક ઇતિહાસને સમજે છે,
તે ભવિષ્યના શોષણથી બચી શકે છે."


ભારતનું વસ્ત્ર વૈભવ
"ભારતના કરઘાએ વિશ્વને માત્ર કપડું આપ્યું નહીં;
તેણે સૌંદર્યની નવી વ્યાખ્યા આપી."

નાથુ સોસા

17

બદલાતા સમયમાં વણકર સમાજ

આજની સમસ્યાઓ અને આવતીકાલની સંભાવનાઓ





સમય બદલાય છે, ટેકનોલોજી બદલાય છે, બજારો બદલાય છે, પણ વણકર સમાજની પરંપરા, પરિશ્રમ અને સર્જનશીલતા અવિચળ છે. આજના પડકારોને સમજતા, આવતીકાલ તરફ વિશ્વાસથી આગળ વધવાનો સમય છે.

આજની મુખ્ય સમસ્યાઓ

- સસ્તા પાવરલૂમ અને મિલકાપડ સાથે સ્પર્ધા
- કાચામાલના ભાવમાં વધારો
- યુવા પેઢીની આ વ્યવસાય તરફથી રૂચિ ઓછી
- મધ્યસ્થીઓ દ્વારા શોષણ અને યોગ્ય ભાવ ન મળવો
- માર્કેટિંગ અને ડિઝાઈનની માહિતીનો અભાવ
- આધુનિક ટેકનોલોજી અને સાધનોની અછત
- સરકારી યોજનાઓ વિશે અજ્ઞાનતા અને લાભ ન મળવો
- સામાજિક સુરક્ષા, આરોગ્ય અને શિક્ષણની અછત



આવતીકાલની સંભાવનાઓ

- હેન્ડલૂમ અને હેન્ડક્રાફ્ટ પ્રત્યે વધતી જતી ગ્રાહક રૂચિ
- સરકારની વિવિધ યોજનાઓ અને સહાય
- ઈ-કોમર્સ અને ડિજિટલ માર્કેટિંગની તકો
- ડિઝાઈન ઈનોવેશનથી નવા બજારો
- પર્યાવરણમૈત્રી અને સ્થાયી (Sustainable) ઉત્પાદનોની માંગ
- કૌશલ્ય વિકાસ અને તાલીમથી ગુણવત્તામાં વધારો
- સહકારી સંસ્થાઓ અને ઉત્પાદકોના સંગઠનો દ્વારા સશક્તિકરણ
- યુવાનોને જોડીને પરંપરા અને પ્રતિષ્ઠાનું સંકલન

આગળ વધવાનો માર્ગ

- સંગઠિત થવું અને એકતા મજબૂત બનાવવી
- નવા ડિઝાઈન અને નવીનતા અપનાવવી
- ડિજિટલ જ્ઞાન અને ઓનલાઈન માર્કેટિંગ
- કૌશલ્ય વિકાસ અને યુવાનોને વ્યવસાય સાથે જોડવા
- સરકારી યોજનાઓનો લાભ લઈ આર્થિક સશક્તિકરણ
- સામાજિક સુરક્ષા, શિક્ષણ અને આરોગ્ય પર વિશેષ ધ્યાન
- સ્થાનિકથી વૈશ્વિક બજાર સુધી પહોંચવાની દિશામાં પ્રસ્થાન

આજ ની હકીકત



- ઘણા વણકર પરિવારો હજુ પણ ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે.
- નફાકારક ભાવ ન મળવાથી કરજ અને દેવાના બોજા વધી રહ્યા છે .
- હસ્તતંતુઓનું જતન હોવા છતાં યોગ્ય પ્રોત્સાહનનો અભાવ છે.
- યુવાનો અન્ય રોજગારમાં જઈ રહ્યા છે.

આવતીકાલની દૃષ્ટિ

- સમૃદ્ધ, સ્વાભિમાની અને સશક્ત વણકર સમાજ
- આર્થિક રીતે મજબૂત અને સ્વાવલંબન
- સંસ્કૃતિ અને પરંપરાનું સંરક્ષણ સાથે આધુનિક વિકાસ
- ભારતના વિકાસમાં વણકર સમાજનું ગૌરવપુર્ણ યોગદાન.



"બદલાવ અનિવાર્ય છે, પરંતુ આપણું અસ્તિત્વ અડગ છે. સાથે મળીને આગળ વધીએ, તો આવતીકાલ વધુ ઉજ્જવળ છે."



યાદ રાખીએ...

* અમારી વણાટગી, અમારી ઓળખ છે.
* અમારો કરઘો , અમારી શાન છે.
* અમારો પરિશ્રમ , અમારી પૂંજી છે.
* અમારી એકતા , અમારું ભવિષ્ય છે.



પરંપરાની સાથે પ્રગતિ, એકતાની સાથે સમૃદ્ધિ, શિક્ષણની સાથે સશક્તિકરણ – એ જ વણકર સમાજનું ઉજ્જવળ ભવિષ્ય.

૧૭. બદલાતા સમયમાં વણકર સમાજ

આજની સમસ્યાઓ અને આવતીકાલની સંભાવનાઓ

ભારતીય વણકર સમાજનો ઇતિહાસ ગૌરવ, સંઘર્ષ અને સર્જનશીલતાનો ઇતિહાસ છે. સદીઓ સુધી ભારતીય કરઘાઓએ માત્ર વસ્ત્રોનું જ નિર્માણ કર્યું નહોતું, પરંતુ દેશની આર્થિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક જીવનને પણ આકાર આપ્યો હતો. જોકે એકવીસમી સદીમાં પ્રવેશ કર્યા પછી વણકર સમાજ નવી પરિસ્થિતિઓ અને નવા પડકારોનો સામનો કરી રહ્યો છે. વૈશ્વિકીકરણ, ટેક્નોલૉજી, બદલાતી ગ્રાહક પસંદગીઓ અને બજારની સ્પર્ધાએ પરંપરાગત વણાટ વ્યવસાય સામે નવા પ્રશ્નો ઊભા કર્યા છે. આ પડકારો વચ્ચે પણ નવી સંભાવનાઓના દ્વાર ખુલ્યા છે. આજનો સમય સંકટ અને તક બંનેનો સમય છે.

પાવરલૂમ અને મશીન યુગનો પ્રભાવ, ભારતીય હાથકરઘો ઉદ્યોગ માટે સૌથી મોટો પડકાર પાવરલૂમ અને મશીન આધારિત ઉત્પાદનનું વધતું પ્રભુત્વ છે. એક હસ્તકરઘા પર દિવસભર મહેનત કરીને જે ઉત્પાદન તૈયાર થાય છે, તે જ ઉત્પાદન પાવરલૂમ દ્વારા થોડા કલાકોમાં તૈયાર થઈ શકે છે.

મશીન દ્વારા તૈયાર થતા કાપડઃ

સસ્તા હોય છે,

ઝડપથી તૈયાર થાય છે,

મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે,

અને બજારમાં સરળતાથી પહોંચે છે.

પરિણામે હસ્તકરઘા ઉત્પાદનો માટે સ્પર્ધા વધી ગઈ છે.

ઘણા ગ્રાહકો કિંમતને પ્રાથમિકતા આપે છે, જ્યારે હસ્તવણાટ પાછળ રહેલા શ્રમ, કૌશલ્ય અને સાંસ્કૃતિક મૂલ્યને ઘણીવાર સમજવામાં આવતું નથી.

હેન્ડલૂમ સામે પાવરલૂમ, હેન્ડલૂમ અને પાવરલૂમ વચ્ચેનો તફાવત માત્ર ઉત્પાદન પદ્ધતિનો નથી.

તે બે જુદી જુદી વિચારધારાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

હેન્ડલૂમઃ

માનવીય કૌશલ્ય પર આધારિત છે.

દરેક ઉત્પાદન અનન્ય હોય છે.

સ્થાનિક રોજગારી સર્જે છે.

સાંસ્કૃતિક વારસાને જીવંત રાખે છે.

પાવરલૂમઃ

મશીન આધારિત છે.

મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે.

ખર્ચ ઘટાડે છે.

બજારની માંગને ઝડપથી પૂર્ણ કરે છે.

આ બંને વચ્ચે સંતુલન સ્થાપિત કરવું આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

વૈશ્વિકીકરણ અને બજાર સ્પર્ધા,

આજનો વિશ્વ એક વૈશ્વિક બજારમાં પરિવર્તિત થઈ ગયો છે.

ભારતીય વણકરોને હવે માત્ર સ્થાનિક ઉત્પાદકો સાથે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારો સાથે પણ સ્પર્ધા કરવી પડે છે.

ચીન, બાંગ્લાદેશ, વિયેતનામ અને અન્ય દેશોનાં સસ્તા ઉત્પાદનો બજારમાં ઉપલબ્ધ છે.

મોટા ઉદ્યોગો વિશાળ મૂડી, આધુનિક ટેક્નોલૉજી અને મજબૂત માર્કેટિંગ વ્યવસ્થા સાથે કાર્ય કરે છે.

પરિણામે નાના વણકરો માટે પોતાની ઓળખ જાળવવી વધુ મુશ્કેલ બની રહી છે.

વધતો ઉત્પાદન ખર્ચ, આજના સમયમાં વણકરો માટે કાચા માલની કિંમત સતત વધી રહી છે.

સૂત,

રંગો,

વીજળી,

પરિવહન,

અને અન્ય ખર્ચાઓમાં સતત વધારો થતો રહ્યો છે.

બીજી તરફ તૈયાર ઉત્પાદનોના ભાવમાં તે પ્રમાણમાં વધારો થતો નથી.

પરિણામે વણકરોનો નફો ઘટતો જાય છે.

ઘણા પરિવારો માટે પરંપરાગત વ્યવસાયથી જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બન્યો છે.

યુવાનોનું સ્થળાંતર,

વણકર સમાજ સામેનો એક ગંભીર પડકાર નવી પેઢીનું પરંપરાગત વ્યવસાયથી દૂર થવું છે.

આજના યુવાનોઃ

ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે,

શહેરોમાં જઈ રહ્યા છે,

નવી નોકરીઓ શોધી રહ્યા છે,

અને આધુનિક કારકિર્દી તરફ આકર્ષાઈ રહ્યા છે.

આ પરિવર્તન સ્વાભાવિક છે.

પરંતુ તેની સાથે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પણ ઊભો થાય છે,

જો આગામી પેઢી કરઘાથી દૂર થઈ જશે, તો સદીઓથી સંચિત કૌશલ્ય અને પરંપરાનું શું થશે?

આ પ્રશ્ન માત્ર વણકર સમાજનો નથી; તે ભારતની સાંસ્કૃતિક વારસાની સુરક્ષાનો પ્રશ્ન છે.

મહિલાઓની બદલાતી ભૂમિકા

હસ્તકરઘા ઉદ્યોગમાં મહિલાઓનું યોગદાન હંમેશાં મહત્ત્વપૂર્ણ રહ્યું છે.

સૂત કાતવું,

ધાગા તૈયાર કરવાં,

રંગાઈમાં સહયોગ,

ડિઝાઈન પ્રક્રિયામાં ભાગ લેવો,

અને ઉત્પાદનની અનેક પ્રક્રિયાઓમાં મહિલાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આજે ઘણી મહિલાઓ સ્વસહાય જૂથો, સહકારી સંસ્થાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા આર્થિક રીતે વધુ સશક્ત બની રહી છે.

આ એક આશાજનક પરિવર્તન છે.

જી. આઈ. ટેગ અને પરંપરાગત ઓળખ

તાજેતરના વર્ષોમાં ભૌગોલિક સંકેત (GI Tag) એ પરંપરાગત વસ્ત્રો અને હસ્તકલાઓને નવી ઓળખ આપી છે.

પાટણનું પટોળું,

જમદાની,

બનારસી સાડી,

કાંચીપુરમ રેશમ,

મહેશ્વરી,

ચંદેરી,

જેવા ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે વિશેષ ઓળખ મળી છે.

GI ટેગ માત્ર કાનૂની સુરક્ષા નથી.

તે પરંપરાગત કારીગરોની ઓળખ અને ગૌરવનું સંરક્ષણ પણ છે.

ડિજિટલ યુગની નવી તકો,

આજનો સમય ટેક્નોલૉજીનો સમય છે.

એક સમય હતો જ્યારે વણકરોને પોતાના ઉત્પાદનો વેચવા માટે વચેટિયાઓ પર નિર્ભર રહેવું પડતું હતું.

આજે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

ઈ-કોમર્સ પ્લેટફોર્મ,

સોશિયલ મીડિયા,

વોટ્સએપ બિઝનેસ,

ડિજિટલ પેમેન્ટ,

અને ઓનલાઈન માર્કેટિંગ દ્વારા નાના ઉત્પાદકો પણ સીધા ગ્રાહકો સુધી પહોંચી શકે છે.

ઘણા યુવા વણકરો આજેઃ

પોતાની બ્રાન્ડ બનાવી રહ્યા છે,

ઓનલાઈન વેચાણ કરી રહ્યા છે,

અને વૈશ્વિક ગ્રાહકો સુધી પહોંચી રહ્યા છે.

આ પરિવર્તન હસ્તકરઘા ક્ષેત્ર માટે નવી આશાઓ લઈને આવ્યું છે.

હેન્ડલૂમ બ્રાન્ડિંગની જરૂરિયાત,

આજના ગ્રાહકો માત્ર ઉત્પાદન નથી ખરીદતા.

તેઓ તેની પાછળની વાર્તા પણ જાણવા માંગે છે.

તેથી હેન્ડલૂમ ક્ષેત્ર માટે બ્રાન્ડિંગ અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયું છે.

દરેક વસ્ત્ર પાછળઃ

એક પરિવારનો ઈતિહાસ,

એક પરંપરા,

એક કૌશલ્ય,

અને એક સંસ્કૃતિ જોડાયેલી છે.

જો આ વાર્તાઓ યોગ્ય રીતે રજૂ કરવામાં આવે, તો હેન્ડલૂમ ઉત્પાદનોને વધુ સારું બજાર મળી શકે છે.

આત્મનિર્ભર ભારત અને વણકરોનું ભવિષ્ય,

ભારત આજે ''આત્મનિર્ભર ભારત''ના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

આ વિચારધારા સ્થાનિક ઉત્પાદન, સ્થાનિક કૌશલ્ય અને સ્થાનિક ઉદ્યોગોના મહત્ત્વને ફરીથી ઉજાગર કરે છે.

વણકર સમાજ આ વિચારધારાના કેન્દ્રમાં છે.

કારણ કેઃ

તેઓ સ્થાનિક ઉત્પાદન કરે છે,

પરંપરાગત કૌશલ્ય જાળવે છે,

રોજગારી સર્જે છે,

અને સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ કરે છે.

જો યોગ્ય નીતિઓ, તાલીમ, બજાર અને ટેક્નોલૉજીનો સમન્વય કરવામાં આવે, તો વણકર સમાજ ફરી એકવાર ભારતની આર્થિક પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

આવતીકાલની સંભાવનાઓ,

ભવિષ્ય સંપૂર્ણપણે નિરાશાજનક નથી.

હકીકતમાં નવી તકો ઝડપથી ઊભી થઈ રહી છે.

હેન્ડમેડ ઉત્પાદનોની વૈશ્વિક માંગ વધી રહી છે.

ટકાઉ (Sustainable) ઉત્પાદનો પ્રત્યે રસ વધી રહ્યો છે.

પરંપરાગત કલાઓનું મહત્ત્વ ફરીથી સ્વીકારવામાં આવી રહ્યું છે.

યુવાનો ડિઝાઈન અને ટેક્નોલૉજી સાથે હેન્ડલૂમને જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

હસ્તકલા પર આધારિત પર્યટન (Craft Tourism) નવી તકો ઊભી કરી રહ્યું છે.

આ તમામ પરિબળો વણકર સમાજ માટે આશાનું નવું દ્વાર ખોલે છે.

બદલાતા સમયના પડકારો વાસ્તવિક છે.

મશીનો છે.

સ્પર્ધા છે.

બજારનાં દબાણો છે.

નવી પેઢીના બદલાતાં સ્વપ્નો છે.

પરંતુ સાથે સાથે નવી સંભાવનાઓ પણ છે.

ટેક્નોલૉજી છે.

ડિજિટલ બજારો છે.

વૈશ્વિક ઓળખ છે.

અને સૌથી મહત્ત્વપૂર્ણ – સદીઓથી સંચિત કૌશલ્ય અને સર્જનાત્મકતા છે.

ભારતીય વણકર સમાજે ઇતિહાસમાં અનેક સંકટોનો સામનો કર્યો છે.

ઔપનિવેશિક શોષણ સામે ટક્યો છે.

આર્થિક પડકારો સામે ટક્યો છે.

અને આજે પણ નવી પરિસ્થિતિઓમાં પોતાને ઢાળવાનો પ્રયાસ કરી રહ્યો છે.

"સમય બદલાય છે, ટેક્નોલૉજી બદલાય છે, બજારો બદલાય છે; પરંતુ જે સમાજ પોતાના શ્રમ, પોતાની પરંપરા અને પોતાની સર્જનાત્મકતાને જીવંત રાખે છે, તેનું ભવિષ્ય ક્યારેય અંધકારમય નથી હોતું."

"ભારતીય વણકરોના કરઘાઓ આજે પણ માત્ર કાપડ નથી વણતા; તેઓ આવતીકાલની આશા, આત્મનિર્ભરતાનું સ્વપ્ન અને ભારતની સાંસ્કૃતિક ઓળખને પણ વણી રહ્યા છે."

18 ગુજરાતના વણકરોનો ઈતિહાસ

પરંપરા, શ્રમ, સમૃદ્ધિ અને સ્વાભિમાનની ગૌરવગાથા





"અમારા હાથનું કામ અમારી ઓળખ છે, અમારી પરંપરા છે, અમારું ગૌરવ છે."

ગુજરાતની ધરતી પર વણાટની પરંપરાએ હજારો વર્ષોથી માનવજીવનને સૌંદર્ય, સુખ-સગવડ અને સંસ્કૃતિનું મેલ આપ્યું છે. અહીંના વણકર સમાજે શ્રમ, સર્જનશીલતા અને સ્વાભિમાનથી ગુજરાતની આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક સમૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

વણકરોનો ઈતિહાસ – એક નજરે

પ્રાચીન કાળ
સિંધુ-સરસ્વતી સંસ્કૃતિના અવશેષોમાં વણાટના પુરાવા મળે છે.

મધ્યકાળ
સોલંકી, વાઘેલા અને અન્ય રજવંશોના સમયમાં વણાટને શાહી આશ્રય મળ્યો.

મુગલ કાળ
ગુજરાતના કાપડનો દેશ-વિદેશમાં ભારે વેપાર. સુરત, ખંભાત જેવા બંદરોથી નિકાસ.


બ્રિટિશ કાળ
મિલોના કાપડથી હસ્તકલા ઉપર સંકટ આવ્યું, તોય વણકરોએ પરંપરા જાળવી રાખી.

સ્વતંત્રતા બાદ
સહકારી આંદોલન, હેન્ડલૂમ બોર્ડ, નવી યોજનાઓ, પરંતુ પડકારો યથાવત.

આજ અને આવતીકાલ
પરંપરાનું ગૌરવ, નવી ડિઝાઈન, વૈશ્વિક બજાર અને ટકાઉ વિકાસ - નવી દિશાઓ તરફ આગળ.

ગુજરાતની પ્રસિદ્ધ વણાટ પરંપરાઓ

પટોળા	બાંધણી	પછેડી	ઘાબળા	મશરૂ	અજરખ
					
પાટણ, સિદ્ધપુર (ઉત્તર ગુજરાત)	જામનગર, રાજકોટ, કચ્છ, ભાવનગર	સૌરાષ્ટ્ર, ખાસ કરીને ભાલ અને પછેડી ગામો	મહેસાણા, પાટણ, સંખેડા વિસ્તાર	સુરત, અમદાવાદ, ખંભાત	કચ્છ, જામનગર, બનાસકાંઠા



દરેક વણાટ પાછળ છે – કુશળતા, ધીરજ, કલ્પના અનો પેઢીઓનો અનુભવ

ગુજરાતના વણકરોનું યોગદાન

આર્થિક સમૃદ્ધિ
ગ્રામ્ય અર્થતંત્રનો આધાર.

સાંસ્કૃતિક વારસા
લોકસંસ્કૃતિ અને પરંપરાનું જતન.

વેપાર અને નિકાસ
ભારતની અર્થવ્યવસ્થામાં ફાળો.

રોજગાર
લાખો પરિવારોને જીવનોપાર્જન.

હસ્તકલા અને કુશળતા
પેઢીથી પેઢી સુધીનું સંસરણ.

સામાજિક એકતા
સહકાર, ભાઈચારો અને પરસ્પર આધાર.

વેપાર અને ગુજરાતના વણાટ



ગુજરાતના બંદરો દ્વારા કાપડનો વેપાર અરબ દેશો, આફ્રિકા, યુરોપ અને પૂર્વ કોલિયા સુધી.

શ્રમ, કુશળતા અને સમર્પણ



સૌંદર્યસભર વસ્ત્રોના સર્જન પાછળ છે અવિરત શ્રમ, ચોકસાઈ અને સમર્પણની મિસાલ.

આજની મુખ્ય સમસ્યાઓ

- મિલ અને પાવરલૂમના સસ્તા કાપડની સ્પર્ધા.
- કાચામાલના ભાવમાં વધારો.
- નવી પેઢીમાં વણાટમાં ઘટતો રસ.
- વેચાણ અને માર્કેટિંગની મુશ્કેલી.
- વિત્ત અને સહાયની અપ્રાપ્ય માહિતી.
- ડિઝાઈન અને ટેક-નોલોજીનો અભાવ.

વણાટની ધરોહર - આપણા ગૌરવના કેન્દ્રો



પાટણ	ખંભાત	સુરત	જામનગર	કચ્છ	રાજકોટ, ભાલ વિસ્તાર
પટોળા પરંપરા	પ્રાચીન વેપારી બંદર	છાપા ઉદ્યોગનું કેન્દ્ર	બંધણી અને છાપા	અજરખ અને હેન્ડલૂમ	પછેડી અને અન્ય હેન્ડક્રાફ્ટ

આવતીકાલની સંભાવનાઓ

નવી દિશાઓ

- પ્રાકૃતિક રંગો અને ટકાઉ ઉત્પાદન
- વૈશ્વિક બજાર માટે જોડાણ
- ઈ-કોમર્સ અને ડિજિટલ માર્કેટિંગ
- નવી ડિઝાઈન અને વેરાયટી
- પ્રશિક્ષણ, શિબિર અને કુશળતા વિકાસ
- સહકારી સંસ્થાઓ મજબૂત બનાવવી

સ્વાભિમાનની ગૌરવગાથા



ગુજરાતના વણકરો માત્ર વસ્ત્ર નથી વણતા, તેઓ સંસ્કૃતિ, પરંપરા અને ગૌરવનું વર્ણન કરે છે.



અમારો શ્રમ, અમારી સંસ્કૃતિ, અમારી ઓળખ – ગુજરાતના વણકર સમાજનો ગૌરવશાળી ઈતિહાસ.



૧૮. ગુજરાતના વણકરોનો ઇતિહાસ

પરંપરા, શ્રમ, સમૃદ્ધિ અને સ્વાભિમાનની ગૌરવગાથા

ગુજરાતની પ્રાચીન વણાટ પરંપરાના ઐતિહાસિક મૂળઃ સિંધુ સંસ્કૃતિથી વૈશ્વિક પ્રતિષ્ઠા સુધીની ગૌરવગાથા

ભારતની વણાટ પરંપરાના ઇતિહાસમાં ગુજરાતનું સ્થાન અત્યંત ગૌરવપૂર્ણ અને વિશિષ્ટ રહ્યું છે. જો ભારતને પ્રાચીન કાળમાં વિશ્વનું કાપડગૃહ કહેવામાં આવતું હતું, તો તેમાં ગુજરાતનો ફાળો અત્યંત મહત્ત્વનો હતો. ગુજરાતની ધરતી માત્ર વેપાર, સમુદ્રી માર્ગો અને બંદરો માટે જ પ્રસિદ્ધ નહોતી, પરંતુ અહીં વિકસેલી વણાટ, રંગાઈ, છપાઈ અને વસ્ત્ર નિર્માણની પરંપરાએ સમગ્ર વિશ્વમાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી હતી. ગુજરાતના વણકરો માત્ર કારીગરો નહોતા. તેઓ સંસ્કૃતિના સર્જકો, વેપારના આધારસ્તંભો અને સમાજના ઉત્પાદનશીલ વર્ગના પ્રતિનિધિઓ હતા. તેમના હાથોમાં માત્ર ધાગા નહોતા, પરંતુ સમગ્ર સમાજની આર્થિક સમૃદ્ધિ, કલા, પરંપરા અને સર્જનાત્મકતાનું ભવિષ્ય વણાયેલું હતું.

ગુજરાતની વણાટ પરંપરાના મૂળ શોધવા જઈએ તો આપણે હજારો વર્ષ પાછળ સિંધુ ખીણની સંસ્કૃતિ સુધી પહોંચીએ છીએ. લોથલ, ધોળાવીરા અને રંગપુર જેવા પુરાતત્ત્વીય સ્થળોએ થયેલા ઉત્ખનનોમાં કપાસના ઉપયોગ, સૂત કાતવાનાં સાધનો અને વસ્ત્ર નિર્માણ સાથે સંકળાયેલા પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ પુરાવાઓ દર્શાવે છે કે ગુજરાતમાં કાપડ ઉત્પાદન અને વણાટની પરંપરા અત્યંત પ્રાચીન છે.

ખાસ કરીને લોથલનું નામ આ સંદર્ભમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. વિશ્વવિખ્યાત આ પ્રાચીન બંદર માત્ર વેપારનું કેન્દ્ર નહોતું, પરંતુ તે એક વિકસિત નાગરિક સંસ્કૃતિનું પ્રતીક હતું. અહીંથી મેસોપોટેમિયા, ઇજિપ્ત અને પશ્ચિમ એશિયાના અનેક પ્રદેશો સાથે વેપાર થતો હતો. ઇતિહાસકારો માને છે કે કપાસ અને કાપડ પણ આ આંતરરાષ્ટ્રીય વેપારનો મહત્ત્વપૂર્ણ ભાગ હતા. લોથલના પુરાતત્ત્વીય અવશેષો દર્શાવે છે કે તે સમયના લોકો માત્ર ખેતી અને વેપાર જ નહોતા કરતા, પરંતુ તેમને કાપડ ઉત્પાદન અને હસ્તકલા અંગે પણ ઊંડું જ્ઞાન હતું. આ હકીકત ગુજરાતની વણાટ પરંપરાની પ્રાચીનતાનો સૌથી મહત્ત્વપૂર્ણ પુરાવો છે.

સમય જતાં ગુજરાતમાં અનેક રાજવંશોનું શાસન આવ્યું. મૌર્ય, ગુપ્ત, મૈત્રક, ચાલુક્ય, સોલંકી અને વાઘેલા શાસકોના સમયગાળામાં વેપાર અને હસ્તકલાને પ્રોત્સાહન મળતું રહ્યું. પરિણામે કારીગરો અને વણકરો માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું. અનહિલવાડ પાટણ, ખંભાત, ભરૂચ અને પછીના સમયમાં સુરત જેવા નગરો વસ્ત્ર ઉત્પાદન અને વેપારના મહત્ત્વપૂર્ણ કેન્દ્રો તરીકે વિકસ્યા. ગુજરાતના વિવિધ પ્રદેશોમાં સ્થાનિક જરૂરિયાતો, આબોહવા અને સાંસ્કૃતિક પરંપરાઓને અનુરૂપ અલગ અલગ પ્રકારના વસ્ત્રોનું ઉત્પાદન થવા લાગ્યું. મધ્યયુગ દરમિયાન ખંભાત (કેમ્બે) વિશ્વના અગ્રણી વેપારી બંદરોમાંનું એક બની ગયું હતું. અરબી, પર્શિયન અને યુરોપીયન પ્રવાસીઓએ પોતાના પ્રવાસવર્ણનોમાં ખંભાતના કાપડની વિશેષ પ્રશંસા કરી છે.

"વિખ્યાત અરબી મુસાફર ઈબ્ન બતૂતાએ પોતાના પ્રવાસવર્ણનમાં ભારતના વસ્ત્રો, હસ્તકલા અને વેપાર અંગે મહત્વપૂર્ણ નોંધો કરી છે." ગુજરાતના વેપાર અને કાપડ ઉત્પાદનનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે અહીંના બજારો સમૃદ્ધ અને આંતરરાષ્ટ્રીય વેપારથી સમૃદ્ધ હતા. પર્શિયન વેપારીઓ ગુજરાતના રંગીન અને સુતરાઉ કાપડને ખૂબ પસંદ કરતા હતા. ત્યારબાદ પોર્ટુગીઝ, ડચ અને અંગ્રેજ વેપારીઓ પણ ગુજરાતના કાપડ વેપારથી પ્રભાવિત થયા.

ગુજરાતના કાપડની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેની ગુણવત્તા, રંગસંયોજન અને કારીગરી હતી. ગુજરાતના કારીગરો કુદરતી રંગોનો ઉપયોગ કરીને એવા વસ્ત્રો તૈયાર કરતા, જે લાંબા સમય સુધી ટકાઉ રહેતા. રંગાઈ અને છપાઈની વિવિધ પદ્ધતિઓએ ગુજરાતને વૈશ્વિક કાપડ નકશામાં વિશિષ્ટ સ્થાન અપાવ્યું.

ગુજરાતની વણાટ પરંપરાનો સૌથી વિશિષ્ટ પાસો તેની વૈવિધ્યતા છે.

ઉત્તર ગુજરાતમાં પટોળાની કલા વિકસતી ગઈ.

કચ્છમાં કલાત્મક વણાટ અને ભરતકામનો વિકાસ થયો.

સૌરાષ્ટ્રમાં ધાબળા, પછેડી અને ખાદી આધારિત વસ્ત્રોનું ઉત્પાદન થતું રહ્યું.

દક્ષિણ ગુજરાતમાં સુતરાઉ કાપડ અને વેપારિક વસ્ત્રોનું મહત્ત્વ વધતું ગયું.

આ વૈવિધ્યતા ગુજરાતની સંસ્કૃતિની જેમ જ સમૃદ્ધ અને રંગબેરંગી હતી.

ગુજરાતના વણકરો માત્ર સ્થાનિક જરૂરિયાતો પૂરતા મર્યાદિત નહોતા. તેઓ વૈશ્વિક બજારની માંગને પણ સમજી શકતા હતા. તેમની કલાએ ગુજરાતને માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર એશિયા, આફ્રિકા અને યુરોપમાં ઓળખ અપાવી. વણાટ તે સમયના સમાજજીવનનો અભિન્ન ભાગ હતી. લગ્ન પ્રસંગોમાં વિશિષ્ટ વસ્ત્રો તૈયાર થતા. ધાર્મિક તહેવારો માટે અલગ પ્રકારના કપડાં બનાવવામાં આવતા. સામાજિક સ્થાન અને આર્થિક સ્થિતિ અનુસાર પણ વસ્ત્રોની પસંદગી થતી. આમ, વસ્ત્રો માત્ર ઉપયોગની વસ્તુ નહોતા; તેઓ સમાજની સાંસ્કૃતિક ઓળખનો ભાગ હતા.

ગુજરાતનાં ગામડાંઓમાં વણાટ એક પારિવારિક વ્યવસાય હતો. પુરુષો કરઘા પર કામ કરતા, મહિલાઓ સૂત કાતતી, રંગાઈ અને અન્ય સહાયક કાર્યોમાં જોડાતી અને બાળકો બાળપણથી જ આ પરંપરાને જોઈને મોટા થતા. ઉત્પાદન અને જીવન વચ્ચે કોઈ ભેદ નહોતો. વણાટ જીવનનો જ એક ભાગ હતી. આ સમગ્ર પરંપરાએ ગુજરાતને આર્થિક રીતે સમૃદ્ધ બનાવ્યું. હજારો પરિવારોની આજીવિકા વણાટ અને સંબંધિત વ્યવસાયો સાથે જોડાયેલી હતી. વેપારીઓ, રંગરેજો, કપાસ ઉત્પાદકો, પરિવહનકારો અને કારીગરો મળીને એક વિશાળ આર્થિક સાંકળનું નિર્માણ કરતા હતા.

આ જ સમૃદ્ધિ પછી વિદેશી વેપારીઓને ગુજરાત તરફ આકર્ષવા લાગી.

ગુજરાતનાં બંદરો, બજારો અને કરઘાઓ પર વિશ્વની નજર પડી.

વેપારના બહાને આવેલા વિદેશી તત્ત્વોએ ધીમે ધીમે ભારતીય અર્થવ્યવસ્થામાં પોતાનો પ્રભાવ વધારવાનું શરૂ કર્યું.

પરંતુ તે પહેલાંનો સમય ગુજરાતના વણકરો માટે ગૌરવ, સમૃદ્ધિ અને વૈશ્વિક પ્રતિષ્ઠાનો સમય હતો.

ગુજરાતના કરઘાઓમાંથી માત્ર વસ્ત્રો જ બહાર આવતા નહોતા; ત્યાંથી એક સમગ્ર સંસ્કૃતિ વિશ્વ સુધી પહોંચતી હતી. તેથી ગુજરાતની પ્રાચીન વણાટ પરંપરાનો ઇતિહાસ માત્ર કાપડ ઉત્પાદનનો ઇતિહાસ નથી.

તે શ્રમનો ઇતિહાસ છે.

તે વેપારનો ઇતિહાસ છે.

તે સંસ્કૃતિનો ઇતિહાસ છે.

તે આત્મનિર્ભરતાનો ઇતિહાસ છે.

અને સૌથી વધુ, તે ગુજરાતના સર્જનાત્મક અને શ્રમશીલ સમાજની ગૌરવ ગાથા છે.

આ પ્રાચીન અને વૈભવી પરંપરાએ જ આગળ જતાં ગુજરાતને વિશ્વના અગ્રણી વસ્ત્ર ઉત્પાદક પ્રદેશોમાં સ્થાન અપાવ્યું અને ભારતીય વણકરોના સંઘર્ષ, સ્વાભિમાન અને યોગદાનની મહાગાથા માટે મજબૂત પાયો તૈયાર કર્યો.

ગુજરાત અને આંતરરાષ્ટ્રીય વસ્ત્ર વેપાર સમુદ્રના મોજાંઓ પર વણાયેલી સમૃદ્ધિની ગાથા : ગુજરાતનો ઇતિહાસ માત્ર રાજકીય ઘટનાઓ, રાજવંશો અને વેપારી કેન્દ્રોની ગાથા નથી. તે વિશ્વ સાથે જોડાયેલા એવા સમાજનો ઇતિહાસ છે, જેણે પોતાની મહેનત, કૌશલ્ય અને ઉદ્યોગશીલતાના બળ પર વૈશ્વિક ઓળખ પ્રાપ્ત કરી હતી. ગુજરાતના વણકરો અને કાપડ ઉદ્યોગે આ વૈશ્વિક ઓળખના નિર્માણમાં અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતના પશ્ચિમ કિનારે આવેલું ગુજરાત ભૌગોલિક રીતે એવી સ્થિતિમાં હતું કે જ્યાંથી અરબ દેશો, પર્શિયા, આફ્રિકા અને યુરોપ સાથે સરળતાથી વેપાર થઈ શકતો હતો. આ અનુકૂળ ભૌગોલિક સ્થિતિએ ગુજરાતને પ્રાચીન સમયથી જ આંતરરાષ્ટ્રીય વેપારનું પ્રવેશદ્વાર બનાવી દીધું હતું. ગુજરાતના કાપડની માંગ માત્ર ભારત પૂરતી મર્યાદિત નહોતી. તેના સુતરાઉ, રંગીન અને હસ્તનિર્મિત વસ્ત્રો વિશ્વના અનેક દેશોમાં પહોંચતા હતા. પરિણામે ગુજરાતના વણકરો માત્ર સ્થાનિક બજાર માટે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ગ્રાહકો માટે પણ ઉત્પાદન કરતા હતા.

ખંભાત વિશ્વવ્યાપી વેપારનું ધબકતું કેન્દ્ર, ગુજરાતના વેપાર ઇતિહાસમાં ખંભાત (કેમ્બે)નું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. મધ્યયુગ દરમિયાન ખંભાત સમગ્ર એશિયાના સૌથી વ્યસ્ત અને સમૃદ્ધ બંદરોમાંનું એક ગણાતું હતું. અરબ, પર્શિયન, તુર્ક, આફ્રિકન અને યુરોપીયન વેપારીઓ અહીં નિયમિત રીતે આવતા હતા. ખંભાત માત્ર એક બંદર નહોતું; તે વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ અને વેપારી

પરંપરાઓના મિલનનું કેન્દ્ર હતું. અહીંના બજારોમાં ગુજરાતના સુતરાઉ કાપડ, રંગીન વસ્ત્રો, કઢાઈયુક્ત કાપડ અને હસ્તવણાટનાં ઉત્પાદનોની વિશેષ માંગ હતી. વિદેશી વેપારીઓ ગુજરાતના કાપડને ગુણવત્તા, ટકાઉપણું અને રંગોની વિશિષ્ટતા માટે પસંદ કરતા હતા. ખંભાતના વેપાર દ્વારા ગુજરાતના કાપડ અરબ દેશો, પર્શિયા, મિસર, પૂર્વ આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના બજારો સુધી પહોંચતા હતા. આંતરરાષ્ટ્રીય વેપારના આ વિસ્તૃત જાળામાં ગુજરાતના વણકરો કેન્દ્રસ્થાને હતા.

સુરત મુઘલ યુગનું વૈશ્વિક વેપાર પ્રવેશદ્વારઃ જો ખંભાત મધ્યયુગના વેપારનું કેન્દ્ર હતું, તો મુઘલ યુગમાં સુરતે તે સ્થાન પ્રાપ્ત કર્યું. સુરતને તે સમયનું ''ભારતનું સમુદ્રી દ્વાર'' કહેવામાં આવતું હતું. સત્તરમી અને અઢારમી સદી દરમિયાન સુરત બંદર વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ વેપારી બંદરોમાંનું એક હતું. અહીંથી હજારો ટન કાપડ, મસાલા, રેશમ અને અન્ય વસ્તુઓ વિશ્વના વિવિધ દેશોમાં નિકાસ થતી હતી. અંગ્રેજ, ડચ, પોર્ટુગીઝ અને ફ્રેન્ચ વેપારીઓએ સુરતમાં પોતાની વેપારી કોઠીઓ સ્થાપી હતી. તેમનો મુખ્ય રસ ગુજરાતના કાપડમાં હતો. સુરતના વેપારીઓ અને વણકરો વચ્ચે ગાઢ સંબંધો વિકસ્યા હતા. વેપારીઓ આંતરરાષ્ટ્રીય બજારોની માંગ અનુસાર ઓર્ડર આપતા અને વણકરો તે મુજબ ઉત્પાદન કરતા. આ વ્યવસ્થાએ ગુજરાતમાં વિશાળ કાપડ ઉદ્યોગને જન્મ આપ્યો. સુરતના કાપડની પ્રતિષ્ઠા એટલી ઊંચી હતી કે ઘણા વિદેશી બજારોમાં તેને વૈભવ અને ગુણવત્તાનું પ્રતીક માનવામાં આવતું હતું.

અરબ દેશો અને પર્શિયા સાથેના વેપારી સંબંધો, ગુજરાતના કાપડની સૌથી મોટી માંગ અરબ દેશો અને પર્શિયામાં હતી. ઓમાન, યમન, બસરા, મસ્કત અને હોર્મુઝ જેવા બંદરોમાં ગુજરાતના કાપડ નિયમિત રીતે પહોંચતા હતા. અરબ વેપારીઓ ગુજરાતના સુતરાઉ કાપડને ખાસ પસંદ કરતા હતા. ગરમ આબોહવામાં ઉપયોગી એવા હલકા અને આરામદાયક કાપડની ત્યાં વિશેષ માંગ હતી.

પર્શિયાના રાજદરબારો અને વેપારી વર્ગમાં પણ ગુજરાતના રંગીન અને કલાત્મક વસ્ત્રો લોકપ્રિય હતા. ગુજરાતના વણકરો દ્વારા તૈયાર કરવામાં આવતા વિવિધ પ્રકારના કપડાં સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ પણ બનતા હતા. આ તેમની વ્યાવસાયિક કુશળતા અને બજાર સમજણનું ઉત્તમ ઉદાહરણ હતું.

આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા સુધી પહોંચેલી ગુજરાતની કારીગરી

ગુજરાતના વેપારનો વિસ્તાર માત્ર અરબ દેશો સુધી મર્યાદિત નહોતો.

પૂર્વ આફ્રિકાના કિનારાવર્તી પ્રદેશોમાં પણ ગુજરાતના કાપડની વિશાળ માંગ હતી.

ઝાંઝીબાર, મોમ્બાસા, મોઝામ્બિક અને અન્ય વિસ્તારોમાં ગુજરાતના વેપારીઓ સક્રિય હતા.

આફ્રિકાના અનેક પ્રદેશોમાં ગુજરાતના કાપડનો ઉપયોગ સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં થતો હતો.

તે જ રીતે ઈન્ડોનેશિયા, મલક્કા, જાવા, સુમાત્રા અને અન્ય દક્ષિણ-પૂર્વ એશિયાઈ વિસ્તારોમાં પણ ગુજરાતના કાપડ લોકપ્રિય હતા. ખાસ કરીને પાટણના પટોળાને ઈન્ડોનેશિયામાં વિશેષ પ્રતિષ્ઠા પ્રાપ્ત હતી. ઘણા વિસ્તારોમાં તેને પવિત્ર અને રાજકીય પ્રતિષ્ઠાના પ્રતીક તરીકે જોવામાં આવતું હતું. આ હકીકત દર્શાવે છે કે ગુજરાતના વણકરોની કલા માત્ર સ્થાનિક સ્તરે નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ સ્વીકારવામાં આવી હતી.

વણકરો, રંગરેજો અને વેપારીઓની જીવંત સાંકળ

ગુજરાતના આંતરરાષ્ટ્રીય વેપાર પાછળ માત્ર વેપારીઓનું યોગદાન નહોતું.

આ સફળતા પાછળ હજારો શ્રમજીવી પરિવારોનું પરિશ્રમ જોડાયેલું હતું.

એક કાપડ તૈયાર થવા પહેલાં અનેક લોકોની મહેનત લાગતી હતી.

ખેડૂત કપાસ ઉગાડતા.

મહિલાઓ સૂત કાતતી.

રંગરેજો કાપડને આકર્ષક રંગો આપતા.

વણકરો કરઘા પર કલાકો સુધી બેસીને વસ્ત્ર તૈયાર કરતા.

વેપારીઓ તેને બજારો સુધી પહોંચાડતા.

અને નાવિકો તેને સમુદ્ર પાર વિશ્વના વિવિધ દેશોમાં લઈ જતા.

આ સમગ્ર વ્યવસ્થા એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલી હતી.

આમ, ગુજરાતનો કાપડ વેપાર માત્ર ઉદ્યોગ નહોતો; તે એક વિશાળ સામાજિક અને આર્થિક વ્યવસ્થા હતી.

ગુજરાતના કાપડની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા, વિદેશી પ્રવાસીઓ અને વેપારીઓના વર્ણનોમાં ગુજરાતના કાપડની વિશેષ પ્રશંસા જોવા મળે છે. તેઓ ગુજરાતના કાપડને રંગ, ગુણવત્તા, કારીગરી અને ટકાઉપણું માટે યાદ કરતા હતા. ઘણા યુરોપીયન વેપારીઓએ પોતાના અહેવાલોમાં લખ્યું છે કે ભારતના પશ્ચિમ કિનારે તૈયાર થતા કાપડની ગુણવત્તા વિશ્વમાં અદ્વિતીય હતી.

ગુજરાતના વણકરો માટે આ માત્ર વેપાર નહોતો.

તે ગૌરવનો વિષય હતો.

તેમના કરઘાઓ માત્ર ધાગા નહોતા વણતા; તેઓ ગુજરાતની ઓળખ વિશ્વ સુધી પહોંચાડતા હતા.

સમૃદ્ધિથી સંઘર્ષ તરફ, ઇતિહાસ હંમેશાં એકસરખો રહેતો નથી. જે વેપાર અને સમૃદ્ધિએ ગુજરાતને વિશ્વના નકશા પર સ્થાપિત કર્યું, તે જ સમૃદ્ધિ આગળ જતાં યુરોપીયન વેપારી કંપનીઓના આકર્ષણનું કેન્દ્ર બની. વેપારના બહાને આવેલા વિદેશી તત્ત્વોએ ધીમે ધીમે વેપાર પર નિયંત્રણ મેળવવાનું શરૂ કર્યું. આગળ જતાં આ વેપારિક પ્રભાવ રાજકીય પ્રભાવમાં અને રાજકીય પ્રભાવ ઔપનિવેશિક શાસનમાં પરિવર્તિત થયો.

ગુજરાતના વણકરો માટે આ એક નવા યુગની શરૂઆત હતી.

એક એવો યુગ, જેમાં સમૃદ્ધિના સ્થાને સંઘર્ષ આવવાનો હતો. પરંતુ તે સંઘર્ષની શરૂઆત પહેલાં ગુજરાતના વણકરોએ વિશ્વને બતાવી દીધું હતું કે શ્રમ, કૌશલ્ય અને સર્જનાત્મકતાના બળ પર કોઈ સમાજ વૈશ્વિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે. ગુજરાતના કરઘાઓએ માત્ર વસ્ત્રો નહીં, પરંતુ વિશ્વવ્યાપી ગૌરવની ગાથા પણ વણી હતી.

પાટણનું પટોળું ગુજરાતની વૈશ્વિક ઓળખઃ ગુજરાતની વણાટ પરંપરાનો ઉલ્લેખ પટોળા વિના અધૂરો ગણાય. પાટણનું પટોળું માત્ર એક વસ્ત્ર નથી; તે ગુજરાતની કલા, સંસ્કૃતિ, ગણિતીય ચોકસાઈ, ધીરજ અને સર્જનાત્મકતાનું જીવંત પ્રતીક છે. વિશ્વભરમાં પ્રસિદ્ધ થયેલી આ કલા ગુજરાતની સૌથી ગૌરવશાળી હસ્તવણાટ પરંપરાઓમાંની એક છે. પાટણના પટોળાનો ઇતિહાસ લગભગ નવસો વર્ષથી પણ વધુ જૂનો માનવામાં આવે છે. સોલંકી યુગ દરમિયાન આ કલાને વિશેષ પ્રોત્સાહન મળ્યું હતું. ઇતિહાસકારોના મતે દક્ષિણ ભારતમાંથી સાલવી સમાજના કુશળ વણકરોને અણહિલવાડ પાટણમાં વસાવવામાં આવ્યા હતા. ત્યારથી આ કલા પેઢી દર પેઢી વિકસતી રહી અને આજે પણ પાટણમાં તેનું અસ્તિત્વ જીવંત છે. પટોળાની વિશેષતા તેની "ડબલ ઇકત" પદ્ધતિમાં રહેલી છે. વિશ્વમાં બહુ ઓછા સ્થળોએ આ પ્રકારની જટિલ વણાટ પદ્ધતિ જોવા મળે છે. સામાન્ય વણાટમાં ધાગા વણાયા પછી ડિઝાઇન દેખાય છે, પરંતુ પટોળામાં તાણો અને વાણો બંનેને વણાટ પહેલાં જ ચોક્કસ આયોજન મુજબ રંગવામાં આવે છે. ત્યારબાદ બન્નેને એવી અદભુત ચોકસાઈથી વણવામાં આવે છે કે તૈયાર થતી ડિઝાઇન સંપૂર્ણપણે પૂર્વનિયોજિત નકશા મુજબ જ દેખાય છે. આ પ્રક્રિયા એટલી જટિલ છે કે એક નાનકડી ભૂલ પણ આખી ડિઝાઇનને બગાડી શકે છે. તેથી પટોળાની વણાટ માત્ર કારીગરી નથી; તે એક પ્રકારની સાધના છે. એક ઉત્તમ પટોળું તૈયાર કરવામાં ઘણા મહિનાઓથી લઈને એક વર્ષ કે તેથી વધુ સમય પણ લાગી શકે છે. પટોળામાં વપરાતા રંગો, ભાતો અને આકૃતિઓ પણ અત્યંત અર્થસભર હોય છે. હાથી, પોપટ, ફૂલ, નારીકુંજર, ચાબડી ભાત, રત્નચોકડી, પાણીભાત જેવી પરંપરાગત ડિઝાઇનો માત્ર સૌંદર્ય માટે જ નથી, પરંતુ તેમાં લોકજીવન, પ્રકૃતિ અને સાંસ્કૃતિક પ્રતીકો પણ સમાયેલાં છે. એક સમય એવો હતો જ્યારે પટોળું રાજવી પરિવારો, ધનિક વેપારીઓ અને ઉચ્ચ વર્ગના લોકોમાં પ્રતિષ્ઠાનું પ્રતીક માનવામાં આવતું હતું. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતના રાજપરિવારોમાં પણ પટોળાની વિશેષ માંગ હતી. ગુજરાતના સમુદ્રી વેપારના વિકાસ સાથે પટોળું આંતરરાષ્ટ્રીય બજારો સુધી પણ પહોંચ્યું. ખાસ કરીને ઇન્ડોનેશિયા, જાવા, સુમાત્રા, બાલી અને દક્ષિણ-પૂર્વ એશિયાના અન્ય પ્રદેશોમાં પાટણના પટોળાને વિશેષ માન-સન્માન મળ્યું. ઇન્ડોનેશિયાના કેટલાક વિસ્તારોમાં પટોળાને પવિત્ર

અને શુભ માનવામાં આવતું હતું. રાજવી સમારંભો, ધાર્મિક વિધિઓ અને વિશેષ પ્રસંગોમાં તેનો ઉપયોગ થતો હતો. આ હકીકત દર્શાવે છે કે ગુજરાતના વણકરોની કલા માત્ર સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તરે મર્યાદિત નહોતી; તેણે આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક જીવનને પણ પ્રભાવિત કર્યું હતું.

મારા અભ્યાસ દરમિયાન જ્યારે મને પટોળા કલા અંગે વધુ જાણવાની તક મળી, ત્યારે એક વાત સ્પષ્ટ થઈ કે પટોળું માત્ર કાપડ નથી. તે ગણિત, કલા, વિજ્ઞાન અને માનવીય ધીરજનો અદભુત સમન્વય છે. પટોળાના એક-એક ધાગામાં વણકરની એકાગ્રતા, પરિવારની પરંપરા અને પેઢીઓનું સંચિત જ્ઞાન સમાયેલું હોય છે. આજે આધુનિક યુગમાં મશીન આધારિત ઉત્પાદનના વધતા પ્રભાવ વચ્ચે પણ પાટણના થોડાક પરિવારો આ પ્રાચીન કલાને જીવંત રાખવા માટે અવિરત પ્રયત્ન કરી રહ્યા છે. તેમની આ સાધના માત્ર એક વ્યવસાય નથી; તે ગુજરાતની સાંસ્કૃતિક વારસાની રક્ષા કરવાનો એક મહાન ઉપક્રમ છે.

વણકર સમાજ અને લોકસંસ્કૃતિ ધાગાઓમાં વણાયેલું જીવન, પરંપરા અને સામૂહિક સંસ્કાર ગુજરાતના વણકરોનો ઈતિહાસ માત્ર કરઘાઓ, કાપડ અને વેપારનો ઈતિહાસ નથી. તે લોકજીવન, સંસ્કૃતિ, સામાજિક સંબંધો અને પેઢીઓથી ચાલતી આવતી જીવનપદ્ધતિનો પણ ઈતિહાસ છે. વણાટ ગુજરાતના અનેક વિસ્તારોમાં માત્ર એક વ્યવસાય નહોતો; તે જીવનશૈલી હતી. તે સમાજની સાંસ્કૃતિક ઓળખ, આર્થિક વ્યવસ્થા અને પારિવારિક પરંપરાઓ સાથે ગાઢ રીતે જોડાયેલો હતો. એક સમય એવો હતો જ્યારે ગુજરાતના ગામડાંઓમાં કરઘાની ટક-ટક માત્ર ઉત્પાદનની ધ્વનિ નહોતી. તે ગામના જીવનની ધડકન હતી. સવારે સૂર્યોદય સાથે શરૂ થતી અને સાંજના અંધકાર સુધી ચાલતી આ ટક-ટક ગ્રામ્ય અર્થવ્યવસ્થાના સક્રિય હોવાનો સંકેત માનવામાં આવતી. વણકર સમાજમાં ઉત્પાદન કોઈ એક વ્યક્તિનું કાર્ય નહોતું. તે આખા પરિવારની સામૂહિક પ્રક્રિયા હતી. આમ, વણાટ માત્ર રોજગાર નહોતો; તે પરિવારની સંસ્કૃતિનો અભિન્ન ભાગ હતો.

લગ્ન પ્રસંગો અને વણાયેલા વસ્ત્રોની પરંપરા ગુજરાતના સામાજિક જીવનમાં વસ્ત્રોનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. લગ્ન પ્રસંગોમાં ખાસ પ્રકારના

હસ્તવણાટનાં વસ્ત્રો તૈયાર કરવામાં આવતા. કન્યાને આપવામાં આવતી સાડીઓ, ઓઢણીઓ, પછેડીઓ અને અન્ય પરંપરાગત વસ્ત્રો માત્ર પહેરવેશ નહોતા; તે પરિવારના સ્નેહ, ગૌરવ અને સામાજિક ઓળખના પ્રતીક હતા. ઘણા વિસ્તારોમાં લગ્ન પહેલાં ખાસ ઓર્ડર આપી વસ્ત્રો તૈયાર કરાવવામાં આવતા. કારીગરો અને વણકરોને પરિવારના સભ્ય જેવું માન આપવામાં આવતું. કારણ કે તેઓ માત્ર કપડાં બનાવતા નહોતા; તેઓ જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રસંગો માટે યાદગાર સંસ્કૃતિનું સર્જન કરતા હતા. પાટણનું પટોળું, કચ્છની શાલો, સૌરાષ્ટ્રની પછેડીઓ અને વિવિધ પરંપરાગત વસ્ત્રો લગ્ન અને શુભ પ્રસંગોમાં વિશેષ સ્થાન ધરાવતા હતા.

ધાર્મિક મેળાઓ અને હસ્તવણાટની પરંપરા, ગુજરાતના ધાર્મિક મેળાઓ અને લોકઉત્સવોમાં પણ વણકર સમાજનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ભવનાથનો મેળો, તરણેતરનો મેળો, માધવપુરનો મેળો, શામળાજીનો મેળો અને અન્ય લોકમેળાઓમાં હસ્તવણાટનાં ઉત્પાદનોનું વિશેષ સ્થાન હતું. આ મેળાઓ માત્ર વેપારનાં કેન્દ્ર નહોતા. તેઓ સંસ્કૃતિના મેળાવડા હતા. અહીં વણકરો પોતાના ઉત્પાદનો પ્રદર્શિત કરતા, નવા ગ્રાહકો સાથે સંપર્ક સાધતા અને વિવિધ વિસ્તારોની કલા અને પરંપરાઓનું આદાન-પ્રદાન કરતા. ઘણા વિસ્તારોમાં ધાર્મિક યાત્રાઓ માટે ખાસ વસ્ત્રો તૈયાર કરવામાં આવતા. સંતો, મહંતો અને ધાર્મિક સંસ્થાઓ પણ સ્થાનિક વણકરો પાસેથી જ વસ્ત્રો મંગાવતા.

મહિલાઓ વણાટ પરંપરાની અજાણી શક્તિ, વણાટના ઇતિહાસમાં મહિલાઓની ભૂમિકા ઘણીવાર ઇતિહાસનાં પાનાંઓમાં નોંધાઈ નથી, પરંતુ વાસ્તવમાં તેઓ સમગ્ર ઉત્પાદન પ્રક્રિયાની આધારશિલા હતી. ગામડાંઓમાં મહિલાઓ ઘરકામ સાથે સૂત કાતતી. ઊન તૈયાર કરતી. રંગાઈ માટે ધાગાઓ ગોઠવતી. કાપડની ગુણવત્તા જાળવવામાં મદદ કરતી. સાંજના સમયે ઘરના આંગણામાં કે ઓટલાં પર બેઠેલી મહિલાઓ ઊન કાતતી અને સાથે લોકગીતો ગાતી. આ દશ્યો માત્ર ઉત્પાદનના નહોતા; તે જીવંત લોકસંસ્કૃતિનાં દશ્યો હતાં. લોકગીતોમાં જીવનના સુખ-દુઃખ, ઋતુઓના પરિવર્તન, સામાજિક પ્રસંગો અને આધ્યાત્મિક ભાવનાઓનું પ્રતિબિંબ જોવા મળતું.

ઘણા વણકર પરિવારોમાં મહિલાઓના શ્રમ વિના ઉત્પાદન શક્ય જ નહોતું.

લોકગીતો અને શ્રમની સંસ્કૃતિ

વણકર સમાજની લોકસંસ્કૃતિમાં ગીતોનું વિશેષ સ્થાન રહ્યું છે.

સૂત કાતતી મહિલાઓનાં ગીતો,

લગ્ન પ્રસંગોનાં માંગલિક ગીતો,

મોસમ અને ખેતી સાથે જોડાયેલાં ગીતો,

ધાર્મિક ભજનો અને લોકવાણી,

આ બધું વણકર સમાજના સાંસ્કૃતિક જીવનનો અભિન્ન ભાગ હતું.

આ ગીતો માત્ર મનોરંજન માટે નહોતા. તેઓ જીવનમૂલ્યો, સામાજિક સંદેશાઓ અને સાંસ્કૃતિક સ્મૃતિઓના સંવાહક હતા.

એક પેઢીથી બીજી પેઢી સુધી પરંપરાઓના સંક્રમણમાં આ લોકગીતોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઘરગથ્થુ ઉત્પાદનની અનોખી વ્યવસ્થા આધુનિક કારખાનાઓના આગમન પહેલાં ગુજરાતના મોટા ભાગના વણકર પરિવારો ઘરઆધારિત ઉત્પાદન પદ્ધતિ પર આધારિત હતા.

ઘર જ કાર્યશાળા હતું.

આંગણું જ ઉત્પાદન કેન્દ્ર હતું.

પરિવાર જ મજૂરદળ હતો.

અને સમાજ જ બજાર હતો.

એક જ ઘરમાં સૂત તૈયાર થતું, રંગાઈ થતી, વણાટ થતો અને ઉત્પાદન પૂર્ણ થતું.

આ વ્યવસ્થા માત્ર આર્થિક રીતે જ નહીં પરંતુ સામાજિક રીતે પણ અત્યંત મજબૂત હતી. તેના કારણે પરિવારો આત્મનિર્ભર બનતા. સામાજિક સંબંધો મજબૂત બનતા અને સ્થાનિક અર્થવ્યવસ્થા સક્રિય રહેતી.

વણાટ અને માનવીય મૂલ્યો, વણકર સમાજની સૌથી મોટી વિશેષતા તેના જીવનમૂલ્યોમાં હતી.

પરિશ્રમ,

પ્રામાણિકતા,

ધીરજ,

સર્જનાત્મકતા,

સહકાર,

અને આત્મનિર્ભરતા,

આ બધા ગુણો વણકરોના જીવનમાં સ્પષ્ટપણે જોવા મળતા.

એક ઉત્તમ વસ્ત્ર તૈયાર કરવા માટે જે ધીરજ અને એકાગ્રતાની જરૂર પડે છે, તે જ ગુણો તેમના જીવનમાં પણ પ્રતિબિંબિત થતા.

કદાચ આ જ કારણ છે કે વણકર સમાજે અનેક મુશ્કેલીઓ છતાં પોતાની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખી છે.

ગુજરાતનો વણકર સમાજ માત્ર ઉત્પાદન કરતો સમાજ નથી.

તે લોકસંસ્કૃતિનો સંરક્ષક છે.

તે પરંપરાનો વારસદાર છે.

તે શ્રમના ગૌરવનો ઉપાસક છે.

તે પરિવાર, સમાજ અને સંસ્કૃતિ વચ્ચેના જીવંત સંબંધોનું પ્રતીક છે.

ગુજરાતના કરઘાઓએ માત્ર કાપડ નથી વણ્યા.

તેમણે લોકગીતો વણ્યા છે.

તેમણે સંસ્કાર વણ્યા છે.

તેમણે સંબંધો વણ્યા છે.

તેમણે સંસ્કૃતિ વણી છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે તેમણે પેઢીઓ સુધી જીવંત રહે તેવી લોકસ્મૃતિઓ અને માનવીય મૂલ્યો વણીને ગુજરાતના આત્માને સમૃદ્ધ બનાવ્યો છે. વણકર સમાજનો ઇતિહાસ માત્ર વસ્ત્રોનો ઇતિહાસ નથી; તે ગુજરાતના લોકજીવન, લોકસંસ્કૃતિ અને શ્રમગૌરવની જીવંત ગાથા છે.

જૂના સાંગાણાથી ગુજરાત સુધી : મારી સ્મૃતિઓ અને અનુભવો વણાટપરંપરા સાથેનો મારો આત્મીય સંબંધ, ગુજરાતના વણકરોના ઇતિહાસનો અભ્યાસ મારા માટે માત્ર સંશોધનનો વિષય નથી. આ વિષય મારા જીવન, મારી સ્મૃતિઓ અને મારા પરિવારના અનુભવો સાથે સીધો જોડાયેલો છે. ઇતિહાસકાર તરીકે મેં અનેક દસ્તાવેજો વાંચ્યા છે, અનેક ગામોની મુલાકાત લીધી છે અને અસંખ્ય વણકર પરિવારો સાથે સંવાદ કર્યો છે; પરંતુ વણકર સમાજને સમજવાની મારી પ્રથમ શાળા કોઈ પુસ્તક કે યુનિવર્સિટી નહોતી. તે મારું પોતાનું ગામ, મારું પરિવાર અને મારું બાળપણ હતું.

હું ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના જૂના સાંગાણા ગામનો વતની છું. મારા બાળપણની ઘણી સ્મૃતિઓ આજે પણ મને ગ્રામ્ય ગુજરાતના તે સમયની જીવંત ઝાંખી કરાવે છે, જ્યારે વણાટ માત્ર વ્યવસાય નહોતો, પરંતુ સમગ્ર ગ્રામ્ય જીવનનો એક અભિન્ન ભાગ હતો.

તે સમયના ગામડાંઓમાં આજની જેમ આધુનિક સુવિધાઓ નહોતી, પરંતુ લોકોના જીવનમાં સંતોષ, પરિશ્રમ અને પરસ્પર સહકારની ભાવના અત્યંત મજબૂત હતી. ગામની સવાર સાથે જ શ્રમજીવી જીવન શરૂ થઈ જતું. ખેડૂત ખેતરો તરફ જતા, કારીગરો પોતાના કાર્યમાં લાગી જતા અને વણકર પરિવારોમાં કરઘાની ટક-ટક ધીમે ધીમે સમગ્ર વાતાવરણમાં ગુંજવા લાગતી.

મારા બાળપણમાં મેં મારા પરિવારના વડીલોને ધાબળાના વ્યવસાય સાથે જોડાયેલા જોયા છે. ખાસ કરીને મારા મોટા બાપુજી શ્રી ખીમજીભાઈ દુદાભાઈ સોસાની સ્મૃતિ આજે પણ મારા મનમાં અવિસ્મરણીય રીતે જીવંત છે. તેઓ ગામેગામ ફરીને ધાબળાની ફેરી કરતા. પોતાના શ્રમ, પ્રામાણિકતા અને વિશ્વાસના બળે તેઓ સાયકલ પર ધાબળા લઈને દૂર દૂરના ગામોમાં જતા અને લોકો સુધી પહોંચતા.

તે સમયે મને આ માત્ર એક વેપાર લાગતો હતો, પરંતુ આજે જ્યારે હું ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ તે સમયને નિહાળું છું, ત્યારે સમજાય છે કે આ માત્ર ધાબળાના વેચાણનો વ્યવસાય નહોતો.

તે ગ્રામ્ય અર્થવ્યવસ્થાની જીવંત વ્યવસ્થા હતી.

તે વિશ્વાસ પર આધારિત વેપાર હતો.

તે માણસાઈ, પરસ્પર સહકાર અને સામાજિક સંબંધોની પરંપરા હતી.

શ્રી ખીમજીભાઈ દુદાભાઈ સોસા જેવા અસંખ્ય ગ્રામ્ય વેપારીઓ અને કારીગરોએ માત્ર પોતાના પરિવારનું ગુજરાન ચલાવ્યું નહોતું, પરંતુ ગામડાંઓની આર્થિક ગતિશીલતા જાળવવામાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓ ઉત્પાદન અને ઉપભોક્તા વચ્ચેની એક વિશ્વાસપૂર્ણ કડી હતા. તેમની પાસે કોઈ મોટી દુકાન નહોતી, કોઈ આધુનિક વ્યવસાયિક સાધનો નહોતા, પરંતુ તેમની ઓળખ તેમની વાણી, પ્રામાણિકતા અને વિશ્વાસ હતી. આજે જ્યારે હું વણકર સમાજના ઇતિહાસનો અભ્યાસ કરું છું, ત્યારે મને વારંવાર એવો અનુભવ થાય છે કે મારા મોટા બાપુજી જેવા લોકો પણ આ ઇતિહાસના મૌન નાયકો હતા. તેમણે પોતાના શ્રમ દ્વારા માત્ર ધાબળા જ નહીં, પરંતુ વિશ્વાસ, સંબંધો અને ગ્રામ્ય જીવનની એક સમૃદ્ધ પરંપરા પણ પેઢી દર પેઢી જીવંત રાખી હતી. ઘણા પરિવારો ધાબળા કે અન્ય વસ્ત્રો તરત પૈસા આપીને ખરીદી શકતા નહોતા. પરંતુ વેપારી અને ગ્રાહક વચ્ચેનો વિશ્વાસ એટલો મજબૂત હતો કે વ્યવહાર વર્ષો સુધી ચાલતો રહેતો. પૈસા કરતાં વિશ્વાસનું મૂલ્ય વધુ હતું. આજના ઝડપી અને સ્પર્ધાત્મક સમયમાં કદાચ આ વાત અચરજજનક લાગે, પરંતુ તે સમયના ગ્રામ્ય સમાજની આ એક મોટી શક્તિ હતી. ભાવનગર જિલ્લાના અનેક ગામમાં તેમજ પંથક અને આસપાસના વિસ્તારોમાં મારી બાળપણની મુલાકાતો દરમિયાન મેં અનેક મહિલાઓને ઊન કાતતી જોઈ છે. સાંજના સમયે ઘરના આંગણામાં કે ઓટલા પર બેઠેલી મહિલાઓ હાથમાં તકલી કે અન્ય સાધનો લઈને ઊન તૈયાર કરતી.

તે માત્ર ઉત્પાદનની પ્રક્રિયા નહોતી.

તે એક જીવંત સાંસ્કૃતિક પરંપરા હતી.

ઊન કાતતા કાતતા મહિલાઓ લોકગીતો ગાતી. કોઈ ભજન ગાતું. કોઈ લગ્નગીતો ગાતું. કોઈ પોતાના જીવનના અનુભવોને ગીતોમાં વ્યક્ત કરતું.

આ ગીતોમાં ગામડાંઓનું જીવન હતું.

પ્રકૃતિ હતી.

સંબંધો હતા.

દુઃખ અને સુખની વાતો હતી.

અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ હતી કે તેમાં જીવન પ્રત્યેની આશા અને શ્રદ્ધા હતી.

આજે પણ જ્યારે હું તે દૃશ્યોને યાદ કરું છું, ત્યારે મને લાગે છે કે તે માત્ર ઊન કાતતી મહિલાઓ નહોતી; તેઓ ગુજરાતની લોકસંસ્કૃતિને જીવંત રાખતી સંસ્કૃતિની વહનકર્તાઓ હતી. મારા બાળપણના સમયમાં ઘરોમાં ઉત્પાદન અને જીવન વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદ નહોતો. ઘર જ કાર્યસ્થળ હતું. પરિવાર જ ઉત્પાદનની એકમ હતો. દરેક સભ્ય પોતાની ક્ષમતા અનુસાર તેમાં યોગદાન આપતો.

બાળકો પોતાના વડીલોને જોઈને કામ શીખતા.

કોઈ ઔપચારિક તાલીમ કેન્દ્ર નહોતું.

કોઈ મેનેજમેન્ટ સંસ્થા નહોતી.

પરંતુ પેઢી દર પેઢી જ્ઞાન અને કુશળતાનું સંક્રમણ સતત થતું રહેતું.

આજના સમયમાં જ્યારે "સ્કિલ ડેવલપમેન્ટ" અને "વોકેશનલ ટ્રેનિંગ"ની ચર્ચા થાય છે, ત્યારે મને વારંવાર મારા બાળપણના તે દૃશ્યો યાદ આવે છે, જ્યાં જીવન જ સૌથી મોટી શાળા હતું. મારા સંશોધન કાર્ય દરમિયાન જ્યારે મેં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વણકર પરિવારો સાથે મુલાકાતો શરૂ કરી, ત્યારે વારંવાર મને મારા બાળપણની યાદો તાજી થતી. અન્ય ગામોમાં મળેલા અનેક વડીલ વણકરોની વાતોમાં મને મારા પોતાના ગામના લોકોના અનુભવોનું પ્રતિબિંબ જોવા મળ્યું.

સ્થળ અલગ હતાં.

લોકો અલગ હતાં.

પરંતુ તેમની જીવનયાત્રા, તેમની મહેનત અને તેમની સંસ્કૃતિ એકસરખી હતી.

તેમની આંખોમાં પોતાના વ્યવસાય માટે ગૌરવ હતું.

તેમના ચહેરા પર શ્રમની શાંતિ હતી. અને તેમના જીવનમાં પરંપરાની સુગંધ હતી. આ અનુભવો મને વારંવાર સમજાવે છે કે વણકર સમાજનો ઇતિહાસ માત્ર આંકડાઓ અને દસ્તાવેજોમાં સમાયેલો નથી.

તે લોકોની સ્મૃતિઓમાં જીવંત છે.

તે પરિવારોની પરંપરાઓમાં જીવંત છે.

તે ગામડાંઓની સંસ્કૃતિમાં જીવંત છે.

અને તે લાખો શ્રમશીલ હાથોમાં જીવંત છે, જેઓએ પેઢીઓ સુધી પોતાની મહેનતથી સમાજને વસ્ત્રો, સંસ્કૃતિ અને સ્વાભિમાન આપ્યું છે.

જ્યારે હું આજે જૂના સાંગાણાની ધૂળભરી ગલીઓ, ગુજરાત પંથકના ગામડાંઓ, ઊન કાતતી મહિલાઓ, ધાબળાની ફેરી કરતા મારા વડીલો અને કરઘાની ટક-ટકને યાદ કરું છું, ત્યારે મને સ્પષ્ટ અનુભવ થાય છે કે આ માત્ર સ્મૃતિઓ નથી.

આ મારા જીવનનો વારસો છે.

આ મારી ઓળખનો એક ભાગ છે. અને આ જ અનુભવો મને વણકર સમાજના ઇતિહાસને સમજવા, લખવા અને આગામી પેઢીઓ સુધી પહોંચાડવા માટે સતત પ્રેરણા આપે છે. જૂના સાંગાણાથી ભાવનગર સુધીની આ સ્મૃતિઓ માત્ર મારા બાળપણની યાદો નથી; તે ગુજરાતના વણકર સમાજની જીવંત સંસ્કૃતિ, શ્રમગૌરવ અને આત્મનિર્ભર પરંપરાના અમૂલ્ય દસ્તાવેજો છે.

જ્યારે હું મારા ભૂતકાળને યાદ કરું છું,

ત્યારે મને સમજાય છે કે વણકર સમાજે માત્ર વસ્ત્રો જ નથી વણ્યા;
તેણે માણસાઈ વણી છે,
સંબંધો વણ્યા છે,

વિશ્વાસ વણ્યો છે અને એક એવી સંસ્કૃતિ વણી છે જે આજે પણ મારા જીવનમાં ધબકે છે.

ક્ષેત્રિય અભ્યાસ જીવંત પરંપરાના સાક્ષીઓ સાથેનો સંવાદ, ભારતીય વણકર સમાજના ઇતિહાસનો અભ્યાસ માત્ર પુસ્તકો, દસ્તાવેજો અને સંશોધન લેખોના આધારે સંપૂર્ણ બની શકતો નથી. કોઈ પણ સમાજની સાચી ઓળખ તેના લોકો, તેમની જીવનશૈલી, તેમની સ્મૃતિઓ અને તેમના અનુભવોમાં વસેલી હોય છે. આ માન્યતાને આધારે મેં વર્ષો દરમિયાન ગુજરાતનાં અનેક ગામોની મુલાકાત લીધી અને વણકર સમાજના વડીલો, કારીગરો તથા પરંપરાગત હસ્તવણાટ સાથે જોડાયેલા પરિવારો સાથે વિસ્તૃત સંવાદ કર્યો. આ ક્ષેત્રિય અભ્યાસ દરમિયાન અનેક ગામોની મુલાકાતો મારા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને યાદગાર રહી. આ મુલાકાતોએ મને માત્ર ઐતિહાસિક માહિતી જ આપી નહીં, પરંતુ વણકર સમાજના જીવનદર્શન, શ્રમસંસ્કૃતિ અને બદલાતી પરિસ્થિતિઓને નજીકથી સમજવાની તક પણ આપી.

માંડવા, પાણીયાળી, ઠાડચ, સેદરડા અને સુરેન્દ્રનગર : પરંપરા, કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાની જીવંત ગાથા

ભાવનગર જિલ્લા પંથકમાં આવેલું માંડવા ગામ વણકર સમાજની પરંપરાઓને સમજવા માટે મહત્ત્વપૂર્ણ સ્થળ રહ્યું છે. મારી મુલાકાત દરમિયાન અહીંના અનુભવી કારીગરો અને વડીલો સાથે લાંબા સમય સુધી ચર્ચા કરવાનો અવસર મળ્યો. ખાસ કરીને શ્રી ત્રિકમભાઈ મારૂ, શ્રી રાઘવભાઈ મારૂ, શ્રી માવજીભાઈ ભાણાભાઈ મારૂ, શ્રી બીજલભાઈ મારૂ તથા શ્રી શામજીભાઈ મારૂ સાથે થયેલા સંવાદો અત્યંત માહિતીસભર રહ્યા. તેમણે પોતાના બાળપણના દિવસોથી લઈને વર્તમાન સમય સુધીના પરિવર્તનોનું વિગતવાર વર્ણન કર્યું.

તેમની વાતોમાંથી જાણવા મળ્યું કે એક સમય એવો હતો જ્યારે ગામના મોટા ભાગના પરિવારો સીધી કે આડકતરી રીતે વણાટ વ્યવસાય સાથે જોડાયેલા હતા. ઘરોમાં કરઘાઓ ચાલતા, મહિલાઓ ઊન કાતતી, યુવાનો વણાટ શીખતા અને સમગ્ર ગામનું આર્થિક જીવન આ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું હતું. તે સમયગાળામાં વણાટ માત્ર આવકનું સાધન નહોતું; તે ગામની ઓળખ, ગૌરવ અને સાંસ્કૃતિક અસ્મિતાનો આધારસ્તંભ હતું.

મારા ક્ષેત્રિય અભ્યાસ દરમિયાન પાણીયાળી, ઠાડચ અને સેદરડા ગામોની મુલાકાત પણ અત્યંત મહત્ત્વપૂર્ણ રહી. આ ગામોમાં થયેલી ચર્ચાઓએ સ્પષ્ટ કર્યું કે વણાટ અને પરંપરાગત હસ્તકલા માત્ર રોજગારનું સાધન નહોતી, પરંતુ ગ્રામ્ય જીવન અને લોકસંસ્કૃતિનો અભિન્ન ભાગ હતી.

પાણીયાળી ગામમાં શ્રી પાલજીભાઈ માવજીભાઈ અણજારા અને શ્રી અરજણભાઈ અણજારા સાથે થયેલી ચર્ચામાં ઊની ધાબળાની પરંપરા અંગે મહત્ત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ. તેમના જણાવ્યા મુજબ એક સમય એવો હતો જ્યારે પાણીયાળી અને આસપાસના વિસ્તારોમાં તૈયાર થતા ધાબળાઓની વિશેષ માંગ રહેતી હતી. સ્થાનિક ઊન, પરંપરાગત કૌશલ્ય અને પરિવાર આધારિત ઉત્પાદન વ્યવસ્થાએ આ પરંપરાને મજબૂત બનાવી હતી.

ઠાડચ ગામના શ્રી માવજીભાઈ લક્ષ્મણભાઈ સોસા ઉત્કૃષ્ટ ગુણવત્તાની પછેડી અને ચોફળ તૈયાર કરવા માટે જાણીતા હતા. તેમની કારીગરીમાં પરંપરા, સૌંદર્ય અને ઉપયોગિતાનો અનોખો સમન્વય જોવા મળતો હતો. આસપાસના વિસ્તારોમાં તેમની રચનાઓ વિશ્વાસ અને ગુણવત્તાના પ્રતીક તરીકે ઓળખાતી હતી.

સેદરડા ગામમાં થયેલી મુલાકાત દરમિયાન શ્રી દેવશીભાઈ ખોડાભાઈ વિરાસનું નામ વિશેષ આદર સાથે સાંભળવા મળ્યું. સ્થાનિક લોકો આજે પણ તેમના દ્વારા તૈયાર કરવામાં આવતા ધાબળાઓની ગુણવત્તા, ટકાઉપણું અને પરંપરાગત કારીગરીને ગૌરવપૂર્વક યાદ કરે છે.

આ સંદર્ભમાં સુરેન્દ્રનગર જિલ્લાના અનુભવો પણ અત્યંત નોંધપાત્ર રહ્યા. અહીં શ્રી ખીંજીભાઈ સિંધવ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપું તો, ખાદી અને પરંપરાગત વસ્ત્રોના સંગ્રહ, જતન અને વેપાર ક્ષેત્રે તેમની આગવી દૃષ્ટિ અને અનોખી વ્યવસાયિક કુશળતા વિશેષ પ્રેરણાદાયક રહી છે. ખાદી પ્રત્યેનો તેમનો અભિગમ માત્ર વેપારી ન હતો, પરંતુ એક સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતના સાથે જોડાયેલો હતો. ખાદી કલેક્શનને લોકો સુધી પહોંચાડવાની તેમની આવડત અને ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમને વિશિષ્ટ સ્થાન અપાવે છે. તે જ રીતે શ્રી કરસનભાઈ જાદવ દ્વારા આજના સમયમાં પણ વણાટ ઉત્પાદનની પરંપરાને જીવંત રાખવાનો પ્રયાસ પ્રશંસનીય છે. બદલાતા સમય, વધતી સ્પર્ધા અને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ વચ્ચે પણ તેઓ પરંપરાગત વણાટ ઉદ્યોગને જાળવી રાખવા માટે સતત કાર્યરત છે. તેમની પ્રવૃત્તિઓ દર્શાવે છે કે વણાટ માત્ર ભૂતકાળનો વારસો નથી, પરંતુ વર્તમાન અને ભવિષ્યની સંભાવનાઓ સાથે જોડાયેલું જીવંત ક્ષેત્ર છે.

આ ગામો અને જિલ્લાઓના અનુભવો એક જ સત્ય તરફ નિર્દેશ કરે છે, ગુજરાતના પરંપરાગત કારીગરો પોતાના કાર્યને માત્ર વ્યવસાય તરીકે નહોતા જોતા. તેમના માટે કરઘો, ધાબળો, પછેડી, ચોફળ કે ખાદી માત્ર જીવનનિર્વાહનું સાધન નહોતું; તે તેમની પરંપરા, ઓળખ, કૌશલ્ય અને સ્વાભિમાનનું જીવંત પ્રતીક હતું. પાણીયાળીના ધાબળા, ઠાડચની પછેડી અને ચોફળ, સેદરડાની કારીગરી તથા સુરેન્દ્રનગરની ખાદી પરંપરા આજે પણ ગુજરાતની સમૃદ્ધ વણાટ સંસ્કૃતિના ગૌરવશાળી અધ્યાય તરીકે યાદ કરવામાં આવે છે. આ પરંપરાઓ સાબિત કરે છે કે ગ્રામ્ય સમાજના મૌન કારીગરોએ પોતાના શ્રમ, સર્જનશક્તિ અને સમર્પણ દ્વારા માત્ર વસ્ત્રો જ નહીં, પરંતુ સંસ્કૃતિ, સ્મૃતિ અને વારસાને પણ પેઢી દર પેઢી જીવંત રાખ્યા છે.

તેમના માટે ગુણવત્તા સૌથી મોટું મૂલ્ય હતું, અને કારીગરી માત્ર વ્યવસાય નહીં પરંતુ જીવનધર્મ હતો.

ઘણા યુવાનો શિક્ષણ અને રોજગાર માટે શહેરો તરફ વળ્યા.

પરિણામે પરંપરાગત કલા અને કુશળતાનું સંક્રમણ ધીમું પડતું ગયું.

તેમ છતાં ગામના કેટલાક પરિવારો આજે પણ પોતાની પરંપરાને જીવંત રાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આ દૃશ્ય માત્ર સેદરડાનું નથી; તે સમગ્ર ગુજરાતના અનેક વણકર ગામોની સ્થિતિનું પ્રતિબિંબ છે.

અન્ય ગામોના અનુભવો

સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક ગામોની મુલાકાત લીધી.

દરેક ગામની પોતાની વિશેષતા હતી.

ક્યાંક ઊની ધાબળાની પરંપરા હતી.

ક્યાંક ખાદીનું ઉત્પાદન હતું.

ક્યાંક ઘરગથ્થુ કરઘાઓ હજુ પણ કાર્યરત હતા.

ક્યાંક માત્ર સ્મૃતિઓ જ બચી હતી.

પરંતુ એક વાત તમામ જગ્યાએ સમાન જોવા મળી,

વણકર સમાજ પ્રત્યેનો ગૌરવભાવ.

વડીલોની વાતોમાં પોતાના પૂર્વજો પ્રત્યે આદર હતો.

તેમની યાદોમાં કરઘાની ટક-ટક આજે પણ જીવંત હતી.

અને તેમની આશાઓમાં આ પરંપરા આગામી પેઢીઓ સુધી જીવંત રહે તેવી ઇચ્છા સ્પષ્ટ દેખાતી હતી.

સંશોધનમાંથી મળેલો સૌથી મોટો પાઠ

આ સમગ્ર ક્ષેત્રિય અભ્યાસે મને એક મહત્ત્વપૂર્ણ પાઠ શીખવ્યો.

વણકર સમાજનો ઇતિહાસ માત્ર આર્થિક ઇતિહાસ નથી.

તે માનવીય સંબંધોનો ઇતિહાસ છે.

તે શ્રમનો ઇતિહાસ છે.

તે સંસ્કૃતિનો ઇતિહાસ છે.

અને સૌથી વધુ, તે આત્મગૌરવનો ઇતિહાસ છે.

આ ગામોમાં મળેલા દરેક વડીલ, દરેક કારીગર અને દરેક પરિવાર મારા માટે એક જીવંત પુસ્તક સમાન હતા.

તેમના અનુભવોમાં ઇતિહાસ હતો.

તેમની યાદોમાં સંસ્કૃતિ હતી.

અને તેમના જીવનમાં તે શ્રમગૌરવ હતું, જેના કારણે ગુજરાતની વણાટ પરંપરા સદીઓ સુધી જીવંત રહી શકી.

આ યાત્રા માત્ર સંશોધનયાત્રા નહોતી.

તે મારી માટે સમાજની આત્માને સમજવાની યાત્રા હતી.

આ ગામોના વત્રકારોએ મને સમજાવ્યું કે કરઘો માત્ર ઉત્પાદનનું સાધન નથી.

તે પરંપરાનો રક્ષક છે.

તે સંસ્કૃતિનો સંવાહક છે.

તે આત્મનિર્ભરતાનો પ્રતીક છે.

અને તે શ્રમના ગૌરવનું જીવંત સ્મારક છે.

આ ગામોના વણકરોએ માત્ર ધાગા નથી વણ્યા; તેમણે પેઢીઓની સ્મૃતિઓ, સંસ્કૃતિ અને સ્વાભિમાનને પણ વણીને જીવંત રાખ્યા છે. ગુજરાતના વણકરોનો ઇતિહાસ સમજવો હોય, તો આવા ગામોની ધૂળ, લોકોની યાદો અને કરઘાની ટક-ટકને સાંભળવી જરૂરી છે, કારણ કે ત્યાં જ આ ઇતિહાસનું સાચું હૃદય ધબકે છે.

ખાદી, ગ્રામોદ્યોગ, પાવરલૂમ અને બદલાતો સમય પરંપરાથી આધુનિકતા સુધીની સંઘર્ષયાત્રા, ગુજરાતના વણકરોનો ઇતિહાસ માત્ર સમૃદ્ધિ અને ગૌરવની ગાથા નથી. તે પરિવર્તન, પડકારો, સંઘર્ષ અને સતત અનુકૂલનનો ઇતિહાસ પણ છે. એક સમય એવો હતો જ્યારે ગુજરાતના ગામડાંઓમાં કરઘાની ટક-ટક ગ્રામ્ય અર્થવ્યવસ્થાની ધડકન ગણાતી હતી. પરંતુ સમયના પ્રવાહ સાથે ટેક્નોલૉજી, બજારવ્યવસ્થા અને જીવનશૈલીમાં આવેલા પરિવર્તનોએ વણાટ પરંપરાને પણ ઊંડો પ્રભાવિત કરી. આ પરિવર્તનની ગાથામાં ખાદી, ગ્રામોદ્યોગ, પાવરલૂમ અને આધુનિક બજારવ્યવસ્થાના વિવિધ તબક્કાઓનો સમાવેશ થાય છે.

ખાદી સ્વાવલંબન અને સ્વાભિમાનનું પ્રતીક

ભારતના સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન ખાદી માત્ર કાપડ નહોતું.

તે સ્વદેશીનું પ્રતીક હતું.

તે આર્થિક આત્મનિર્ભરતાનો સંદેશ હતો.

તે શ્રમના ગૌરવનું પ્રતીક હતું.

મહાત્મા ગાંધીજીએ જ્યારે ચરખાને સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રતીક બનાવ્યું, ત્યારે તેની પાછળ માત્ર રાજકીય વિચાર નહોતો. તેઓ સમજતા હતા કે ભારતના લાખો વણકરો, કારીગરો અને ગ્રામ્ય પરિવારોની આજીવિકા કુટિર ઉદ્યોગો સાથે જોડાયેલી છે.

ગુજરાતમાં પણ ખાદી આંદોલનનો વ્યાપક પ્રભાવ પડ્યો.

સાબરમતી આશ્રમથી શરૂ થયેલી આ વિચારધારા ગામેગામ સુધી પહોંચી.

હજારો પરિવારો ખાદી ઉત્પાદન સાથે જોડાયા.

ખાદીએ માત્ર રોજગાર આપ્યો નહીં, પરંતુ વણકર સમાજને નવી સામાજિક પ્રતિષ્ઠા પણ આપી.

ખાદીએ વણકરોને યાદ અપાવ્યું કે તેમનું શ્રમ માત્ર ઉત્પાદન નથી; તે રાષ્ટ્રનિર્માણનો ભાગ છે.

ગ્રામોદ્યોગનો સુવર્ણકાળ

સ્વાતંત્ર્ય પછીના દાયકાઓમાં ગુજરાતમાં ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો.

ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, સહકારી મંડળીઓ અને વિવિધ સરકારી યોજનાઓ દ્વારા વણકરોને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આ પ્રોત્સાહનના કારણે ખાદી અને હસ્તવણાટના ઉત્પાદનોની માંગમાં વધારો થયો.

ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી સર્જાઈ.

વણકરોની આવકમાં વધારો થયો.

ઘણા પરિવારોને આર્થિક સ્થિરતા મળી.

તે સમયગાળાને ઘણા વડીલ વણકરો આજે પણ ખાદી અને ગ્રામોદ્યોગનો સુવર્ણ યુગ માને છે.

ઘણા ગામોમાં ઉત્પાદન કેન્દ્રો શરૂ થયા.

મહિલાઓને રોજગાર મળ્યો.

યુવાનોને સ્થાનિક સ્તરે કામ મળ્યું.

અને ગામડાંઓની અર્થવ્યવસ્થામાં નવી ગતિ આવી.

સહકારી ચળવળ અને વણકરો

ગુજરાતમાં સહકારી ચળવળો પણ વણકરોના જીવનમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું.

સહકારી મંડળીઓ દ્વારા કાચામાલની ઉપલબ્ધતા, ઉત્પાદન, માર્કેટિંગ અને નાણાકીય સહાય સરળ બની.

અગાઉ જે વણકરો વ્યક્તિગત રીતે બજાર સાથે સંઘર્ષ કરતા હતા, તેમને સામૂહિક શક્તિ મળી.

ઘણા વિસ્તારોમાં સહકારી સંસ્થાઓએ પરંપરાગત વણાટ પરંપરાને જીવંત રાખવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

આ સંસ્થાઓ માત્ર આર્થિક એકમો નહોતી.

તેઓ ગ્રામ્ય વિકાસ અને સામાજિક સશક્તિકરણનાં કેન્દ્રો બની.

સમય જતાં ઔદ્યોગિકીકરણનો પ્રભાવ વધવા લાગ્યો.

નવી ટેક્નોલૉજી આવી.

મશીન આધારિત ઉત્પાદન વધ્યું.

અને પાવરલૂમનો યુગ શરૂ થયો.

પાવરલૂમના આગમનથી કાપડ ઉદ્યોગમાં ઉત્પાદન ક્ષમતા અનેકગણી વધી ગઈ.

જે કામ એક પરંપરાગત કરઘા પર દિવસો લેતું હતું, તે હવે કલાકોમાં શક્ય બન્યું.

ઉત્પાદન ખર્ચ ઘટ્યો.

બજારમાં મોટા પાયે માલ ઉપલબ્ધ થવા લાગ્યો.

ગ્રાહકો માટે કિંમતો ઓછી થઈ.

પરંતુ આ વિકાસ સાથે નવી સમસ્યાઓ પણ ઊભી થઈ.

હેન્ડલૂમ સામે પાવરલૂમ

પાવરલૂમ અને હેન્ડલૂમ વચ્ચેની સ્પર્ધાએ પરંપરાગત વણકરો માટે નવા પડકારો ઊભા કર્યા.

મશીનથી બનતા કાપડ સસ્તા હતા.

ઉત્પાદન ઝડપી હતું.

મોટા વેપારીઓને વધુ નફો મળતો હતો.

પરિણામે હસ્તવણાટના ઉત્પાદનોની માંગમાં ઘટાડો થવા લાગ્યો.

ઘણા વણકરો માટે પરંપરાગત વ્યવસાય જાળવવો મુશ્કેલ બન્યો.

કેટલાક પરિવારોને કરઘા બંધ કરવા પડ્યા.

ઘણાએ અન્ય વ્યવસાય અપનાવ્યા.

અને કેટલાક શહેરોમાં મજૂરી માટે સ્થળાંતર કરવા મજબૂર બન્યા.

પરંતુ તેમ છતાં હેન્ડલૂમનું મહત્ત્વ સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી.

હેન્ડલૂમની વિશેષતા તેની કલા, ગુણવત્તા અને માનવીય સ્પર્શમાં રહેલી છે.

મશીન ઉત્પાદન ઝડપ આપી શકે છે, પરંતુ હસ્તકલા દ્વારા સર્જાતી આત્મીયતા સર્જી શકતી નથી.

બદલાતા સમયની સૌથી મોટી અસર નવી પેઢી પર પડી.

શિક્ષણનો વ્યાપ વધ્યો.

રોજગારીના નવા વિકલ્પો ઊભા થયા.

યુવાનો શહેરો તરફ વળવા લાગ્યા.

આ પરિવર્તન સ્વાભાવિક હતું.

દરેક પરિવાર પોતાના બાળકો માટે વધુ સારી તકો ઇચ્છતો હતો.

પરંતુ તેની સાથે એક નવી ચિંતા પણ ઊભી થઈ,

પરંપરાગત કલાનું સંક્રમણ કોણ જાળવશે?

ઘણા ગામોમાં આજે પણ વડીલો પાસે અસાધારણ કૌશલ્ય છે, પરંતુ તે કૌશલ્ય શીખવા તૈયાર યુવાનોની સંખ્યા ઘટી રહી છે.

આ પરિસ્થિતિ માત્ર ગુજરાતમાં જ નહીં, સમગ્ર ભારતના હસ્તકલા ક્ષેત્રમાં જોવા મળે છે.

પડકારો વચ્ચે નવી આશાઓ

જોકે પડકારો ગંભીર છે, તેમ છતાં આશા હજુ જીવંત છે.

આજે હેન્ડલૂમ અને હસ્તકલાને ફરીથી વૈશ્વિક માન્યતા મળી રહી છે.

લોકો હસ્તનિર્મિત ઉત્પાદનોનું મૂલ્ય સમજવા લાગ્યા છે.

પર્યાવરણમૈત્રી ઉત્પાદનોની માંગ વધી રહી છે.

પરંપરાગત કલા અને સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે નવી પેઢીમાં રસ વધતો જોવા મળે છે.

આ પરિસ્થિતિ વણકર સમાજ માટે નવી તકોનું દ્વાર ખોલી શકે છે.

ખાદીથી લઈને પાવરલૂમ સુધીની આ યાત્રા માત્ર ટેક્નોલૉજીના પરિવર્તનની ગાથા નથી.

તે માનવીય સંઘર્ષની ગાથા છે.

તે અનુકૂલનની ગાથા છે.

તે પરંપરા અને આધુનિકતા વચ્ચેના સંવાદની ગાથા છે.

ગુજરાતના વણકરોએ સમય સાથે અનેક પડકારોનો સામનો કર્યો છે.

તેમણે સમૃદ્ધિ જોઈ છે.

તેમણે સંઘર્ષ જોયો છે.

તેમણે પરિવર્તન સ્વીકાર્યું છે.

અને છતાં તેમણે પોતાની ઓળખને જીવંત રાખવાનો પ્રયાસ ચાલુ રાખ્યો છે.

ખાદીનો ચરખો હોય કે આધુનિક પાવરલૂમ – વણકર સમાજનો મૂળ આધાર હંમેશાં શ્રમ, સર્જનાત્મકતા અને આત્મનિર્ભરતા રહ્યો છે.

સમય બદલાય છે, સાધનો બદલાય છે, બજારો બદલાય છે; પરંતુ જે હાથ ધાગાઓમાં સ્વાભિમાન વણી શકે છે, તેમની પરંપરા ક્યારેય સમાપ્ત થતી નથી.

નવી આશાઓ અને ગુજરાતના કરઘાઓનું ભવિષ્ય પરંપરાના ધાગાઓથી ભવિષ્યના સપનાઓ સુધી ગુજરાતના વણકરોનો ઇતિહાસ ગૌરવ, સંઘર્ષ, સર્જનાત્મકતા અને આત્મનિર્ભરતાની એક અવિરત યાત્રા છે. સમયના પ્રવાહમાં અનેક પરિવર્તનો આવ્યા. કરઘાઓની ગુંજતી ટક - ટક ધીમે ધીમે મશીનોના ઘોંઘાટમાં દબાવા લાગી. પરંપરાગત વ્યવસાયોને પડકારોનો સામનો કરવો પડ્યો. અનેક વણકર પરિવારોને આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું. તેમ છતાં આ સમગ્ર યાત્રાનો સૌથી પ્રેરણાદાયક પાસો એ છે કે આશા આજે પણ જીવંત છે. ઇતિહાસ સાક્ષી છે કે જે સમાજ પાસે કૌશલ્ય, પરંપરા અને શ્રમની શક્તિ હોય છે, તે સમાજ ક્યારેય સંપૂર્ણપણે પરાજિત થતો નથી. ગુજરાતના વણકર સમાજે પણ વારંવાર આ સત્યને સાબિત કર્યું છે. બદલાતા સમય સાથે તેમણે પોતાને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને આજે નવી તકો તેમના માટે નવા દ્વાર ખોલી રહી છે.

આજના સમયમાં માત્ર ઉત્પાદન પૂરતું નથી.

ઓળખ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે.

ગુજરાતના હેન્ડલૂમ અને હસ્તવણાટ ઉત્પાદનોમાં ગુણવત્તા, વૈવિધ્યતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિ છે, પરંતુ ઘણી વખત તેની યોગ્ય બ્રાન્ડિંગ થતી નથી.

જો પાટણનું પટોળું,

કચ્છની શાલ,

સૌરાષ્ટ્રના ધાબળા,

ખાદી આધારિત ઉત્પાદનો, અને પરંપરાગત વસ્ત્રોને મજબૂત બ્રાન્ડ તરીકે

રજૂ કરવામાં આવે, તો તેઓ આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ મજબૂત સ્થાન મેળવી શકે.

વિશ્વના ગ્રાહકો આજે માત્ર ઉત્પાદન ખરીદતા નથી.

તેઓ તેની પાછળની વાર્તા ખરીદે છે.

તેઓ તેની સંસ્કૃતિ ખરીદે છે.

તેઓ તેની વિશિષ્ટતા ખરીદે છે.

ગુજરાતના વણકરો પાસે આ તમામ બાબતો ભરપૂર પ્રમાણમાં છે.

જરૂર છે તો માત્ર યોગ્ય રજૂઆત અને માર્કેટિંગની.

નવી પેઢી ભવિષ્યની સૌથી મોટી આશા છે.

ઘણા લોકો માને છે કે નવી પેઢી પરંપરાગત વ્યવસાયોથી દૂર જઈ રહી છે.

આ વાત અમુક અંશે સાચી પણ છે.

પરંતુ બીજી બાજુ એક નવી હકીકત પણ સામે આવી રહી છે.

શિક્ષિત યુવાનો હવે પરંપરાને આધુનિકતાની સાથે જોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

કેટલાક યુવાનો ડિઝાઈન, ફૅશન અને ટેક્નોલૉજીનું જ્ઞાન મેળવીને હેન્ડલૂમ ક્ષેત્રમાં નવીનતા લાવી રહ્યા છે.

કેટલાક પોતાના પરિવારની પરંપરાગત કલાને નવા બજારો સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

કેટલાક ડિજિટલ માર્કેટિંગ અને સોશિયલ મીડિયા દ્વારા પોતાના ઉત્પાદનોને વૈશ્વિક ગ્રાહકો સુધી પહોંચાડી રહ્યા છે.

આ યુવાનો પરંપરા અને આધુનિકતાની વચ્ચેનો સેતુ બની શકે છે.

આત્મનિર્ભર ભારત અને હેન્ડલૂમ

તાજેતરનાં વર્ષોમાં ''આત્મનિર્ભર ભારત'' અને ''વોકલ ફોર લોકલ'' જેવી પહેલોએ સ્થાનિક ઉત્પાદન અને હસ્તકલાને નવી પ્રેરણા આપી છે.

આ પહેલો માત્ર આર્થિક કાર્યક્રમો નથી.

તેઓ ભારતના પરંપરાગત કારીગરો અને વણકરો પ્રત્યેના વિશ્વાસની પુનઃસ્થાપના છે.

જ્યારે દેશ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપે છે, ત્યારે તે માત્ર બજાર ઊભું કરતો નથી.

તે હજારો પરિવારોની આજીવિકાને મજબૂત બનાવે છે.

તે સંસ્કૃતિનું સંરક્ષણ કરે છે.

તે પરંપરાને ભવિષ્ય સાથે જોડે છે.

ગુજરાતના વણકરો માટે આ એક નવી તક છે.

કરઘાઓનું ભવિષ્ય પડકાર અને સંભાવનાઓમાં સમાયેલું છે.

આજના સમયમાં પડકારો હજુ પણ છે.

કાચા માલના વધતા ભાવ,

બજારની સ્પર્ધા,

યુવાનોનું સ્થળાંતર,

અને મશીન આધારિત ઉત્પાદન,

આ બધું વણકરો માટે ચિંતાનો વિષય છે.

પરંતુ સાથે સાથે તકો પણ છે.

પર્યાવરણમૈત્રી ઉત્પાદનોની વધતી માંગ,

હેન્ડમેડ વસ્તુઓ પ્રત્યેનું વધતું આકર્ષણ,

સાંસ્કૃતિક પર્યટન,

ડિજિટલ બજાર,

અને વૈશ્વિક સ્તરે હસ્તકલાને મળતું મહત્ત્વ,

આ બધું વણકરો માટે નવા માર્ગો ખોલી રહ્યું છે.

કરઘાની ટક-ટક ક્યારેય બંધ નહીં થાય

મારા વર્ષોના અભ્યાસ, પ્રવાસ અને વણકર પરિવારો સાથેના સંવાદોના આધારે હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે ગુજરાતના કરઘાઓનું ભવિષ્ય હજુ પણ ઉજ્જવળ છે.

હા, પડકારો છે.

હા, પરિસ્થિતિઓ બદલાઈ છે.

પરંતુ જે સમાજે હજારો વર્ષથી પોતાની પરંપરાને જીવંત રાખી છે, તે સમાજ પાસે ભવિષ્ય ઘડવાની શક્તિ પણ છે.

ગુજરાતના કરઘાઓ માત્ર ભૂતકાળની યાદ નથી.

તેઓ ભવિષ્યની સંભાવના છે.

તેઓ સર્જનાત્મકતાનું પ્રતીક છે.

તેઓ આત્મનિર્ભરતાનું પ્રતીક છે.

અને તેઓ ગુજરાતની જીવંત સાંસ્કૃતિક આત્માના પ્રતીક છે.

સમયના વંટોળોમાં ઘણું બદલાયું છે, પરંતુ કરઘા પર બેઠેલા કારીગરના હાથમાં આજે પણ એ જ સર્જનશક્તિ છે, જેણે ક્યારેક ગુજરાતને વિશ્વના કાપડ નકશા પર ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું હતું.

જ્યાં સુધી કરઘાની ટક-ટક સંભળાતી રહેશે, ત્યાં સુધી ગુજરાતની સંસ્કૃતિ, તેનું શ્રમગૌરવ અને તેનો સ્વાભિમાન પણ જીવંત રહેશે.

ગુજરાતના વણકરોનો ઇતિહાસ માત્ર ભૂતકાળની ગાથા નથી; તે ભવિષ્ય માટેની પ્રેરણા છે.

ગુજરાતના કરઘાઓની ગૌરવગાથા લોથલની પ્રાચીન સંસ્કૃતિથી શરૂ થઈને ખંભાત અને સુરતના વૈશ્વિક વેપાર કેન્દ્રો સુધી પહોંચે છે, પાટણના પટોળાની વૈભવી કલામાં ઝળહળે છે, સૌરાષ્ટ્રના ગામડાંઓના કરઘાઓમાં ધબકે છે અને આજે પણ આધુનિક યુગના પડકારો વચ્ચે જીવંત રહેવા માટે સંઘર્ષ કરી રહી છે. ગુજરાતના વણકરો માત્ર કારીગરો નહોતા. તેઓ સમાજના આર્થિક જીવનના સર્જકો હતા. તેઓ લોકસંસ્કૃતિના સંરક્ષકો હતા. તેઓ એવા શ્રમયોગીઓ હતા, જેમણે પોતાના હાથોની મહેનતથી માત્ર વસ્ત્રો જ નહીં, પરંતુ સમગ્ર સમાજના જીવનને આવરી લેતી સંસ્કૃતિનું નિર્માણ કર્યું. લોથલના પુરાતત્ત્વીય અવશેષોથી લઈને પાટણના પટોળા સુધી, ખંભાતના આંતરરાષ્ટ્રીય વેપારથી લઈને સુરતના બંદરો સુધી, ગામડાંઓની ઊન કાતતી મહિલાઓથી લઈને કરઘા પર બેસેલા કુશળ વણકરો સુધી — ગુજરાતની વણાટ પરંપરાનો દરેક અધ્યાય ગૌરવ, સર્જનાત્મકતા અને પરિશ્રમની સાક્ષી આપે છે.

આજે જ્યારે આપણે વિકાસ, આધુનિકતા અને વૈશ્વિકીકરણની વાત કરીએ છીએ, ત્યારે આ શ્રમશીલ સમાજના યોગદાનને ભૂલી શકાય નહીં. કારણ કે કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય ત્યારે જ મજબૂત બની શકે, જ્યારે તે પોતાના શ્રમિકો, કારીગરો અને પરંપરાગત જ્ઞાનના વારસદારોને સન્માન આપે. ગુજરાતના વણકરોની ગાથા આપણને શીખવે છે કે શ્રમ ક્યારેય નાનો નથી હોતો. કરઘા પર બેસેલો કારીગર માત્ર કાપડ નથી બનાવતો; તે સંસ્કૃતિનું સંરક્ષણ કરે છે. તે ઇતિહાસને જીવંત રાખે છે. તે સમાજને આત્મનિર્ભર બનાવે છે. અને તે ભવિષ્યની પેઢીઓ માટે વારસો તૈયાર કરે છે.

ગુજરાતના કરઘાઓએ માત્ર ધાગા નથી વણ્યા; તેમણે સમૃદ્ધિ વણી છે, સંસ્કૃતિ વણી છે, લોકસ્મૃતિઓ વણી છે, આત્મનિર્ભરતા વણી છે અને સૌથી મહત્ત્વપૂર્ણ – સ્વાભિમાન વણ્યો છે. આથી ગુજરાતના વણકરોનો ઇતિહાસ માત્ર વસ્ત્રોનો ઇતિહાસ નથી; તે શ્રમના ગૌરવનો ઇતિહાસ છે, સંસ્કૃતિના સંરક્ષણનો ઇતિહાસ છે અને માનવીય સર્જનાત્મકતાના અદમ્ય બળનો ઇતિહાસ છે.

જ્યાં સુધી ગુજરાતના કોઈ ગામમાં કરઘાની ટક-ટક સંભળાતી રહેશે, ત્યાં સુધી ગુજરાતની સંસ્કૃતિ, તેની લોકપરંપરા અને તેનું સ્વાભિમાન પણ જીવંત રહેશે.


સ્વતંત્રતાનો સાચો અર્થ
"સ્વતંત્રતા ત્યારે પૂર્ણ થાય છે, જ્યારે શ્રમિકનો પરિશ્રમ અને
કારીગરની કળા બંનેને યોગ્ય સન્માન મળે."

ઢાકાની મલમલ
"જે મલમલને વિશ્વે અજાયબી કહી,
તે ભારતના વણકરના પરિશ્રમની નિઃશબ્દ કવિતા હતી."
નાથુ સોસા

19

રાજસ્થાનના કરઘાઓની જીવંત પરંપરા





કરઘો માત્ર રોજગારનું સાધન નહિ, પરંતુ અમારી સંસ્કૃતિ, પરંપરા, શ્રમ અને સ્વાભિમાનનું પ્રતિક છે.

ઇતિહાસથી વર્તમાન સુધી

રાજસ્થાનની ધરતી પર કરઘાનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. અહીંના વણકરો એ પોતાના કુશળ હાથો, કલાત્મકતા અને સમર્પણથી દેશ-વિદેશમાં રાજસ્થાનની અલગ ઓળખ બનાવી.

ઇતિહાસના પડખા

- **સિંધુ-સરસ્વતી સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વ 2500-1500)** વસ્ત્ર નિર્માણ અને સુતરાં કાપડના પુરાવા મળે છે.
- **મધ્યકાલ (૭મી થી 15મી સદી)** રાજપૂત રાજવીઓના સમયગાળામાં વણકરોને રાજાશ્રય પ્રાપ્ત થયો.
- **સિંધુ-સરસ્વતી સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વ 2500-1500)** વસ્ત્ર નિર્માણ અને સુતરાં કાપડના પુરાવા મળે છે.
- **સિંધુ-સરસ્વતી સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વ 2500-1500)** વસ્ત્ર નિર્માણ અને સુતરાં કાપડના પુરાવા મળે છે.
- **સિંધુ-સરસ્વતી સંસ્કૃતિ (ઈ.સ. પૂર્વ 2500-1500)** વસ્ત્ર નિર્માણ અને સુતરાં કાપડના પુરાવા મળે છે.

ઇતિહાસના પડખા



ઘાબળા	પટ્ટુ અને પોઠરણ	ફ્લિમ	મશરૂ	બ્લોક પ્રિન્ટ
મોટાં, ગરમ અને ટકાઉ ઊનનું વણાટ	પરંપરાગત ડિઝાઇન વાળું સુક્ષ્મ વણાટ	ફ્લેટ વણાટ, આકર્ષક અને રંગબેરંગી પેટર્ન	રેશમ અને કપાસનું મિશ્રણ, શાહી વસ્ત્રો માટે	હાથથી છાપાયેલું કાપડ, વિશ્વવિખ્યાત



"આ કરઘો અમારી ઓળખ છે, આપણી મહેનત અમારી પૂંજી છે, અને અમારી પરંપરા અમારું ગૌરવ છે."



રાજસ્થાનના વણકરોની વિશેષતાઓ

- અપાર કૌશલ્ય અને ધીરજ
- પરંપરા સાથે જોડાયેલું જીવન
- સંયુક્ત પરિવાર અને સહકારની ભાવના
- રંગ, ડિઝાઇન અને પ્રાકૃતિક તત્વોની સુંદર ઉપયોગ
- રાજાશ્રયથી લોકાશ્રય સુધીની ગૌરવશાળી સફર

આજની સમસ્યાઓ

- બજારમાં મશીનથી બનેલા સસ્તા કાપડની સ્પર્ધા
- કાચા માલના ભાવમાં વધારો
- યોગ્ય માર્કેટિંગ અને વેચાણની અછત
- યુવાપેઢીનું આ વ્યવસાયથી દૂર થવું
- આર્થિક સહાય, લોન અને તાલીમની અછત



મુખ્ય વણાટ કેન્દ્રો



- **જોધપુર-** ઘાબળા, પટ્ટુ, મશરૂ
- **બીકાનેર-** ઊની વણાટ, ફ્લિમ
- **જયપુર-** બ્લોક પ્રિન્ટ, સુત કાપડ
- **બાડમેર-** અજરક પ્રકારની છાપાઈ
- **નાગૌર-** પરંપરાગત સુત વણાટ
- **પાળી/ભીલવાડા-** ફ્લિમ, દરીઓ
- **ઉદયપુર/ઝેવાડ-** આદિવાસી વણાટ

કરઘાથી કપડાં સુધીની સફર



1. કપાસ/ઉનની પસંદગી
2. સૂત કાતવું અને રંગવું
3. તાણા (વર્પ) તૈયાર કરવું
4. વણાટ (કરઘા પર)
5. ધોવું, ફિનિશિંગ અને તૈયાર કપડું

આવતીકાલની સંભાવનાઓ

- વિશ્વ બજારમાં હેન્ડમેડની વધતી માંગ
- ડિઝાઇન ઈનોવેશન અને આધુનિક ઉપયોગ
- ઈ-કોમર્સ અને ડિજિટલ પ્લેટફોર્મ
- તાલીમ, સંશોધન અને નવી પેઢીને પ્રોત્સાહન
- પ્રાકૃતિક રંગ અને પર્યાવરણમિત્ર ઉત્પાદન





પરંપરા અમારો વારસો છે, શ્રમ અમારો ધર્મ છે,
સમૃદ્ધિ અમારી ઓળખ છે અને સ્વાભિમાન અમારી શાન છે.

૧૯. રાજસ્થાનના કરઘાઓની જીવંત પરંપરા

ઇતિહાસથી વર્તમાન સુધી

ભારતીય વણકર સમાજના ઇતિહાસનો અભ્યાસ કરતાં કરતાં મારી સંશોધનયાત્રા જ્યારે રાજસ્થાનની ધરતી પર પહોંચી, ત્યારે મને એવું અનુભવાયું કે હું માત્ર એક રાજ્યની મુલાકાત નથી લઈ રહ્યો, પરંતુ ભારતની જીવંત લોકસંસ્કૃતિના એક વિશાળ અધ્યાયમાં પ્રવેશી રહ્યો છું.

રાજસ્થાનની ધરતી રંગોની ધરતી છે. અહીંનો ઇતિહાસ શૌર્યનો છે, લોકજીવન પરંપરાનું છે અને શ્રમ જીવનનું ગૌરવ છે. અહીંના કિલ્લાઓ, હવેલીઓ અને સ્મારકો જેટલા પ્રસિદ્ધ છે, એટલી જ સમૃદ્ધ તેની લોકકલા, હસ્તકલા અને વણાટ પરંપરા પણ છે. મારા માટે આ પ્રવાસ માત્ર સંશોધન નહોતો; તે ભારતીય વણકર સમાજની જીવંત પરંપરાને નજીકથી સમજવાની એક મહત્ત્વપૂર્ણ તક હતી. પાલી જિલ્લાના સોજતથી લઈને બિલાવાસ, રેણવાલ અને અન્ય ગામો સુધીની યાત્રા દરમિયાન મેં અનુભવ્યું કે અહીં કરઘા માત્ર કાપડ બનાવતા નથી; તેઓ ઇતિહાસ, પરંપરા, સંસ્કૃતિ અને માનવીય શ્રમની ગાથા પણ વણે છે. રાજસ્થાનના ગામડાંઓમાં આજે પણ એવા અનેક પરિવારો છે, જેમણે બદલાતા સમય અને બજારની કઠિન સ્પર્ધા વચ્ચે પણ પોતાની પરંપરાગત કલા ને જીવંત રાખી છે. તેમના ઘરોમાં કરઘાની ટક-ટક માત્ર ઉત્પાદનનો અવાજ નથી; તે પેઢીઓથી ચાલતી આવતી એક સાંસ્કૃતિક પરંપરાનો સ્પંદન છે. આ યાત્રા દરમિયાન મને અનેક વણકર પરિવારો સાથે બેસવાનો, તેમના જીવનને નજીકથી જોવાનો અને તેમના સંઘર્ષોને સમજવાનો અવસર મળ્યો. તેમના અનુભવો સાંભળતાં વારંવાર એવું લાગતું હતું કે ભારતીય વણકરોનો ઇતિહાસ હજુ પણ પૂર્ણ થયો નથી; તે આજે પણ જીવંત છે, સતત લખાઈ રહ્યો છે.

રાજસ્થાન પ્રવાસની પૃષ્ઠભૂમિ,ભારતીય વણકર સમાજના ઇતિહાસ પર કાર્ય કરતી વખતે મને ખૂબ જલ્દી એવો અનુભવ થયો કે માત્ર પુસ્તકો, દસ્તાવેજો અને અભિલેખોના આધારે આ વિષયને સંપૂર્ણ રીતે સમજવો શક્ય નથી. ઇતિહાસના ઘણા મહત્ત્વપૂર્ણ પાસાં એવા હોય છે, જે સરકારી દસ્તાવેજોમાં જોવા મળતા નથી, પરંતુ લોકોની સ્મૃતિઓ, લોકપરંપરાઓ, પારિવારિક અનુભવો અને

જીવંત સાંસ્કૃતિક વારસામાં સુરક્ષિત રહે છે. આ જ વિચાર મને રાજસ્થાનની યાત્રા સુધી લઈ ગયો. વર્ષોથી ભારતીય વણકર સમાજનો ઇતિહાસ, તેમનો સંઘર્ષ, તેમની સામાજિક સ્થિતિ અને ભારતના આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસમાં તેમના યોગદાનનો અભ્યાસ કરતાં કરતાં મારા મનમાં એક પ્રશ્ન વારંવાર ઉદ્ભવતો હતો કે, જેમણે સદીઓ સુધી ભારતીય વસ્ત્ર પરંપરાને જીવંત રાખી, તે સમાજની આજની સ્થિતિ શું છે? શું આજે પણ તેમના કરઘાઓની ટક-ટક સંભળાય છે? શું નવી પેઢી આ પરંપરાને આગળ ધપાવી રહી છે? અને જેમણે ભારતની આર્થિક સમૃદ્ધિના પાયાને મજબૂત બનાવ્યો, તેમને આજે પણ તે માન-સન્માન પ્રાપ્ત છે કે નહીં જેના તેઓ અધિકારી છે?

આ પ્રશ્નોના જવાબ શોધવાના હેતુથી મેં રાજસ્થાનની સંશોધનયાત્રાનો નિર્ણય કર્યો. અહીંની બાંધણી, લહેરિયા, ખાદી, ઊની વસ્ત્રો, હસ્તવણાટ અને રંગકારીની પરંપરાઓએ ભારતીય સંસ્કૃતિને વિશિષ્ટ ઓળખ આપી છે. તેથી ભારતીય વણકરોના ઇતિહાસને ઊંડાણપૂર્વક સમજવા માટે રાજસ્થાનનો અભ્યાસ અનિવાર્ય હતો.

આ સંશોધનયાત્રા દરમિયાન મને પાલી જિલ્લાના સોજત, બિલાવાસ, રેણવાલ, આલૂદા તથા અન્ય અનેક ગામો અને નગરોની મુલાકાત લેવાનો અવસર મળ્યો. દરેક સ્થળની પોતાની આગવી ઓળખ હતી. ક્યાંક ઇતિહાસ જીવંત લાગતો હતો, ક્યાંક સંઘર્ષ સ્પષ્ટ દેખાતો હતો, ક્યાંક પરંપરાઓ ધબકતી હતી અને ક્યાંક ભવિષ્યની નવી આશાઓ જન્મ લેતી જોવા મળતી હતી. આ યાત્રા દરમિયાન અનેક વણકર પરિવારો, સ્થાનિક સમાજના અગ્રણીઓ, ઇતિહાસપ્રેમીઓ અને પરંપરાગત કારીગરો સાથે વિસ્તૃત સંવાદ કરવાનો અવસર મળ્યો. તેમના અનુભવો સાંભળતાં મને સમજાયું કે ભારતીય વણકરોનો ઇતિહાસ માત્ર આર્થિક પ્રવૃત્તિઓનો ઇતિહાસ નથી. તે શ્રમ, સ્વાભિમાન, સાંસ્કૃતિક અસ્મિતા, સામાજિક સંઘર્ષ અને માનવીય ધૈર્યનો પણ ઇતિહાસ છે. મારા માટે આ યાત્રા માત્ર સંશોધનકાર્ય નહોતી; તે એક ભાવનાત્મક અનુભવ પણ હતો. જ્યારે મેં જૂના કરઘાઓને નજીકથી જોયા, વણકર પરિવારોના ઘરોમાં સમય

વિતાવ્યો, તેમના જીવનના પડકારોને સમજવાનો પ્રયત્ન કર્યો અને તેમની આંખોમાં પોતાની પરંપરા પ્રત્યેનો ગૌરવ અનુભવ્યો, ત્યારે મને વારંવાર એવું લાગ્યું કે ભારતની વાસ્તવિક શક્તિ તેના શ્રમશીલ સમાજમાં વસે છે.

આ યાત્રાએ મને એક મહત્ત્વપૂર્ણ પાઠ પણ શીખવ્યો કે ઇતિહાસ માત્ર સ્મારકો અને દસ્તાવેજોમાં જ જીવતો નથી. ઇતિહાસ તો એવા સામાન્ય લોકોના જીવનમાં પણ જીવંત રહે છે, જેઓ કોઈ પ્રસિદ્ધિ કે માન્યતાની અપેક્ષા વિના પોતાની પરંપરા, કૌશલ્ય અને સંસ્કૃતિને પેઢી દર પેઢી આગળ ધપાવતા રહે છે. રાજસ્થાનના વણકર સમાજે મને આ જીવંત ઇતિહાસનો અનુભવ કરાવ્યો.

આ જ અનુભવોમાંથી આ પ્રકરણનો જન્મ થયો છે. આ માત્ર રાજસ્થાનની વણાટ પરંપરાનું વર્ણન નથી, પરંતુ તેવા શ્રમજીવી લોકો પ્રત્યેની કૃતજ્ઞ અંજલિ છે, જેમણે પોતાના પરિશ્રમ, કૌશલ્ય અને સંસ્કૃતિ દ્વારા ભારતની અસ્મિતાને જીવંત રાખી છે. રાજસ્થાનના કરઘાઓની ટક-ટક આજે પણ આપણને યાદ અપાવે છે કે પરંપરાઓ માત્ર ભૂતકાળની યાદ નથી હોતી; તે વર્તમાનમાં ધબકતી અને ભવિષ્યને માર્ગદર્શન આપતી જીવંત શક્તિઓ હોય છે.

પાલી, સોજત, બિલાવાસ, રેણવાલ અને આલૂદા સુધીની સંશોધનયાત્રા, ભારતીય વણકર સમાજના ઇતિહાસના અભ્યાસ દરમિયાન રાજસ્થાનની યાત્રા મારા સંશોધન કાર્યનો એક મહત્ત્વપૂર્ણ અને યાદગાર ભાગ બની. આ યાત્રા માત્ર સ્થળદર્શન પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે ઇતિહાસ, સંસ્કૃતિ, શ્રમ અને જીવંત પરંપરાઓને નજીકથી સમજવાનો એક પ્રયાસ હતો. પાલી, સોજત, બિલાવાસ, રેણવાલ અને આલૂદા જેવા સ્થળોની મુલાકાત દરમિયાન મને એવો અનુભવ થયો કે ઇતિહાસ માત્ર પુસ્તકોના પાનાંઓમાં જ નહીં, પરંતુ લોકોના જીવનમાં, તેમની સ્મૃતિઓમાં અને તેમના કરઘાઓની ટક-ટકમાં પણ જીવંત રહે છે. મારી આ સંશોધનયાત્રાની શરૂઆત પાલી જિલ્લાથી થઈ. રાજસ્થાનના ઇતિહાસ, વેપાર અને હસ્તકલાના ક્ષેત્રમાં પાલીનું વિશેષ સ્થાન રહ્યું છે. સદીઓથી આ વિસ્તાર વેપાર, કાપડ અને કારીગરીની પ્રવૃત્તિઓ માટે જાણીતો રહ્યો છે. અહીંના સામાજિક જીવનમાં શ્રમ અને પરંપરાનું અનોખું સંકલન જોવા મળે છે. પાલીની

મુલાકાત દરમિયાન મને સમજાયું કે રાજસ્થાનના વણકરોની ગાથા માત્ર ભૂતકાળની સ્મૃતિ નથી, પરંતુ આજે પણ અનેક પરિવારોના જીવનમાં ધબકે છે.

પાલી પછી મારી યાત્રા સોજત તરફ આગળ વધી. સોજતનું નામ સાંભળતાં જ સૌપ્રથમ મેહંદી યાદ આવે છે, પરંતુ અહીંની લોકસંસ્કૃતિ અને પરંપરાગત કારીગરી પણ એટલી જ સમૃદ્ધ છે. સોજતના ગ્રામ્ય જીવનમાં આજે પણ શ્રમ અને સર્જનાત્મકતાનું વિશિષ્ટ સ્થાન છે. અહીંના લોકો સાથે થયેલા સંવાદોમાંથી મને સમજાયું કે પરંપરાગત કૌશલ્ય માત્ર આવકનું સાધન નથી, પરંતુ સામાજિક ઓળખ અને આત્મગૌરવનો આધાર પણ છે. સોજતની ગલીઓમાં ફરતાં એવું લાગતું હતું કે અહીંનો દરેક રંગ કોઈ લોકકથા અને દરેક ઘર કોઈ ઇતિહાસની વાર્તા કહે છે. આ યાત્રાનો સૌથી ભાવનાત્મક પડાવ બિલાવાસ હતો. બિલાવાસ ગામમાં પહોંચતાં જ મને એક એવો અનુભવ થયો કે જાણે સમય અહીં ધીમી ગતિએ આગળ વધી રહ્યો હોય. અહીં વર્ષો જૂના કરઘાઓ આજે પણ જીવંત હતા. તેઓ માત્ર ઉત્પાદનનાં સાધનો નહોતા, પરંતુ અનેક પેઢીઓની સ્મૃતિઓ, સંઘર્ષો અને પરંપરાઓના સંરક્ષક હતા.

એક વડીલ વણકરે મારી સાથે વાત કરતાં કહ્યું:

“અમારા પૂર્વજોએ અમને બહુ સંપત્તિ નથી આપી, પરંતુ કરઘો જરૂર આપ્યો છે. એ જ અમારી સાચી મૂડી છે.” તેમના આ શબ્દોમાં માત્ર ગૌરવ જ નહોતું, પરંતુ સમગ્ર વણકર સમાજની ઐતિહાસિક યાત્રાનો સાર સમાયેલો હતો. બિલાવાસમાં મને સ્પષ્ટ અનુભવ થયો કે કરઘો અહીં માત્ર રોજગારનું સાધન નથી; તે જીવનનો અભિન્ન ભાગ છે. મારી સંશોધનયાત્રા પછી રેણવાલ તરફ આગળ વધી. રેણવાલ વિસ્તાર રાજસ્થાનની લોકસંસ્કૃતિ અને પરંપરાગત જીવનશૈલીનો મહત્ત્વપૂર્ણ સાક્ષી છે. અહીંના સમાજજીવનમાં હજુ પણ પરંપરા અને આધુનિકતા વચ્ચેનું સંતુલન જોવા મળે છે. સ્થાનિક લોકો સાથે થયેલી ચર્ચાઓમાં એક બાબત વારંવાર સામે આવી કે બદલાતા સમય અને બજારની સ્પર્ધા છતાં લોકો પોતાની પરંપરાગત કલા ને છોડવા તૈયાર નથી. તેઓ માને છે કે કૌશલ્ય અને સંસ્કૃતિનું સંરક્ષણ આર્થિક લાભ જેટલું જ મહત્ત્વપૂર્ણ છે. આ સમગ્ર યાત્રાનો સૌથી ઐતિહાસિક અને પ્રેરણાદાયી પડાવ આલૂદા ગામ હતો. આલૂદાની ધરતી પર પગ મૂકતાં જ

એવું લાગતું હતું કે હું ભારતના સ્વાતંત્ર્ય આંદોલનના કોઈ જીવંત અધ્યાયમાં પ્રવેશી ગયો છું. અહીં મને એવા પરિવારોને મળવાનો અવસર મળ્યો, જેમની પેઢીઓ રાષ્ટ્રસેવા, ખાદી અને વણાટ પરંપરા સાથે જોડાયેલી રહી છે.

આલૂદામાં થયેલા સંવાદોએ મને સમજાવ્યું કે વણકરોનો ઇતિહાસ માત્ર આર્થિક પ્રવૃત્તિઓનો ઇતિહાસ નથી. તે રાષ્ટ્રપ્રેમ, સ્વાભિમાન અને બલિદાનનો પણ ઇતિહાસ છે. અહીંના લોકોએ મને તે ઐતિહાસિક પરંપરાઓ વિશે માહિતી આપી, જે ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષ સાથે સીધી રીતે જોડાયેલી છે. આ ગામે મને અનુભવ કરાવ્યો કે કરઘા માત્ર કાપડ નથી બનાવતા; તેઓ રાષ્ટ્રની ચેતના પણ વણે છે. પાલી થી આલૂદા સુધીની આ સમગ્ર યાત્રાએ મને એક મહત્ત્વપૂર્ણ સત્ય સમજાવ્યું કે ભારતીય વણકરોનો ઇતિહાસ હજુ પૂર્ણ થયો નથી. તે આજે પણ જીવંત છે. તે લોકોના જીવનમાં, તેમની સ્મૃતિઓમાં અને તેમના શ્રમમાં ધબકે છે. આ યાત્રા દરમિયાન મળેલા લોકો, જોયેલા કરઘાઓ અને સાંભળેલી જીવનગાથાઓએ મારા સંશોધનને માત્ર માહિતીપ્રદ નહીં, પરંતુ અનુભૂતિસભર બનાવ્યું.

જ્યારે હું આ યાત્રાને યાદ કરું છું, ત્યારે મને વારંવાર એવું લાગે છે કે રાજસ્થાનના આ ગામોએ મને ઇતિહાસનો અભ્યાસ કરાવ્યો નથી; તેમણે મને ઇતિહાસ જીવતા લોકો સાથે મળવાનો અવસર આપ્યો છે.

પાલી, સોજત, બિલાવાસ, રેણવાલ અને આલૂદાની આ સંશોધનયાત્રા મારા માટે માત્ર પ્રવાસ નહોતી; તે ભારતની શ્રમશીલ સંસ્કૃતિ, જીવંત પરંપરાઓ અને વણકર સમાજના અવિનાશી સ્વાભિમાનને સમજવાની એક અદભુત યાત્રા હતી.

કરઘા અને રાજસ્થાની લોકસંસ્કૃતિનો સંબંધ, રાજસ્થાનની વણાટ પરંપરાને સમજવા માટે માત્ર કરઘાઓનો અભ્યાસ પૂરતો નથી. અહીં કરઘો માત્ર ઉત્પાદનનું સાધન નથી, પરંતુ લોકસંસ્કૃતિ, સામાજિક જીવન, પરંપરા અને માનવીય લાગણીઓ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. રાજસ્થાનના ગ્રામ્ય જીવનમાં કરઘાનું સ્થાન એટલું મહત્ત્વપૂર્ણ રહ્યું છે કે અનેક ગામોમાં તે પરિવાર, સમાજ અને સંસ્કૃતિના કેન્દ્ર તરીકે વિકસ્યો હતો. રાજસ્થાનના લોકો માટે વસ્ત્રો માત્ર શરીર ઢાંકવાનું સાધન નહોતા. તેઓ ઓળખ, પરંપરા, માન - મર્યાદા અને સાંસ્કૃતિક

અભિવ્યક્તિના પ્રતીક હતા. વિવિધ પ્રદેશો, જાતિઓ અને સમુદાયોએ પોતાની આગવી વેશભૂષા વિકસાવી હતી, જે તેમની સામાજિક ઓળખનું પ્રતિનિધિત્વ કરતી હતી. આ વસ્ત્રોના નિર્માણ પાછળ વણકર સમાજની પેઢીઓની મહેનત અને સર્જનાત્મકતા રહેલી હતી.

રાજસ્થાનના લોકજીવનમાં લહેરિયા, ખાદી, ઊની ધાબળા, પરંપરાગત સાફા, પાગડી, ઓઢણી અને વિવિધ હસ્તવણાટના વસ્ત્રોનું વિશેષ મહત્વ રહ્યું છે. આ દરેક વસ્ત્ર માત્ર કાપડનો ટુકડો નથી, પરંતુ તે કોઈ પ્રદેશની સંસ્કૃતિ, કોઈ સમાજની માન્યતા અને કોઈ લોકપરંપરાની જીવંત અભિવ્યક્તિ છે. રાજસ્થાનના ગામડાંઓમાં લગ્નપ્રસંગો, ધાર્મિક ઉત્સવો, મેળાઓ અને સામાજિક કાર્યક્રમોમાં વિશેષ પ્રકારના વસ્ત્રોનો ઉપયોગ થતો રહ્યો છે. નવવધૂની ઓઢણીથી લઈને વરરાજાની પાગડી સુધી દરેક વસ્ત્રમાં સ્થાનિક કલા, રંગો અને લોકજીવનના સંસ્કારો પ્રતિબિંબિત થતા હતા. આ પરંપરાઓને જીવંત રાખવામાં વણકર સમાજની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

મારી રાજસ્થાન યાત્રા દરમિયાન અનેક વડીલોએ જણાવ્યું કે અગાઉના સમયમાં કરઘા માત્ર એક વ્યક્તિનું કામ નહોતું. આખો પરિવાર ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલો રહેતો. પુરુષો કરઘા પર વણાટ કરતા, મહિલાઓ સૂત તૈયાર કરતી, રંગાઈ અને ધાગાની વ્યવસ્થા કરતી અને બાળકો પણ નાની ઉંમરથી આ કલા સાથે પરિચિત થતા. આ રીતે વણાટ માત્ર વ્યવસાય નહોતો, પરંતુ પરિવાર અને સમાજને જોડતી એક જીવંત પરંપરા હતી.

રાજસ્થાનના લોકગીતોમાં પણ વણાટ અને શ્રમનું વિશેષ સ્થાન જોવા મળે છે. અનેક લોકગીતોમાં વણકરોના જીવન, તેમની મહેનત, રંગો અને લોક પરંપરાઓનું વર્ણન મળે છે. મહિલાઓ જ્યારે સૂત કાતતી અથવા ઘરગથ્થુ કાર્યો કરતી ત્યારે ગવાતા ગીતોમાં શ્રમ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળતો હતો. આ ગીતો માત્ર મનોરંજન માટે નહોતા; આ ગીતોમાં જીવનની મુશ્કેલીઓ, આશાઓ, પ્રેમ, લોકપરંપરા અને શ્રમની ગૌરવગાથા એકસાથે અભિવ્યક્ત થતી હતી.

રાજસ્થાનના લોકજીવનમાં પ્રચલિત એક લોકભાવના આ રીતે વ્યક્ત થાય છે :

"करघो बोले टक - टक रे, धागा बोले प्यार,
बुनकर रचे रंगीलो जीवन, मेहनत रो संसार।"

રાજસ્થાનના વણકરોની વિશેષતા એ રહી છે કે તેમણે સમયની સાથે બદલાતી જરૂરિયાતોને સ્વીકારી, છતાં પોતાની પરંપરાગત ઓળખ જાળવી રાખી. તેમની કલા માં લોકજીવનની સરળતા, રણપ્રદેશની રંગીનતા અને સાંસ્કૃતિક ગૌરવનું અનોખું સંમિશ્રણ જોવા મળે છે. રાજસ્થાનની લોકસંસ્કૃતિનો અભ્યાસ કરતાં સ્પષ્ટ સમજાય છે કે કરઘા અને સંસ્કૃતિ એકબીજાથી અલગ નથી. કરઘો અહીં માત્ર કાપડ બનાવતો નથી; તે લોકસ્મૃતિઓને જાળવી રાખે છે. તે પરંપરાઓને પેઢી દર પેઢી આગળ ધપાવે છે. તે સમાજના સાંસ્કૃતિક જીવનને જીવંત રાખે છે. મને રાજસ્થાનના વિવિધ ગામોમાં ફરતાં વારંવાર એવું લાગ્યું કે અહીંના કરઘાઓ માત્ર ધાગા નથી વણતા; તેઓ લોકસંસ્કૃતિ વણે છે, સામાજિક સંબંધો વણે છે, પરંપરાઓ વણે છે અને એક એવા વારસાને જીવંત રાખે છે, જે રાજસ્થાનની ઓળખનો અભિન્ન ભાગ છે. તેથી રાજસ્થાનના કરઘાઓનો ઇતિહાસ માત્ર હસ્તકલા અથવા વસ્ત્ર ઉત્પાદનનો ઇતિહાસ નથી. તે લોકસંસ્કૃતિ, લોકસ્મૃતિ અને માનવીય સર્જનાત્મકતાની એવી ગૌરવગાથા છે, જેણે સદીઓથી આ પ્રદેશની સાંસ્કૃતિક આત્માને જીવંત રાખી છે.

લહેરિયા, ખાદી અને ઊની વસ્ત્રોની પરંપરા, રાજસ્થાનની વસ્ત્ર સંસ્કૃતિ ભારતની સૌથી સમૃદ્ધ અને વૈવિધ્યસભર પરંપરાઓમાંની એક માનવામાં આવે છે. અહીંના રંગો માત્ર વસ્ત્રોમાં જ નહીં, પરંતુ સમગ્ર જીવનશૈલીમાં સમાયેલા છે. રણપ્રદેશની કઠોર પરિસ્થિતિઓ વચ્ચે પણ રાજસ્થાનના લોકોએ પોતાના જીવનને રંગો, કલા અને સર્જનાત્મકતાથી સમૃદ્ધ બનાવ્યું છે. આ સાંસ્કૃતિક સમૃદ્ધિનું એક મહત્ત્વપૂર્ણ પ્રતિબિંબ અહીંની વણાટ અને રંગાઈ પરંપરાઓમાં જોવા મળે છે.

રાજસ્થાનની બાંધણી (બંધેજ) કલા વિશ્વવિખ્યાત છે. નાનાં - નાનાં ગાંઠો બાંધીને વિવિધ રંગોમાં રંગવામાં આવતું આ કાપડ માત્ર એક હસ્તકલા નથી, પરંતુ ધીરજ, કૌશલ્ય અને કલ્પનાશક્તિનું જીવંત ઉદાહરણ છે. રાજસ્થાનના અનેક વિસ્તારોમાં બાંધણી લગ્નપ્રસંગો, ધાર્મિક વિધિઓ અને સામાજિક પ્રસંગો સાથે ગાઢ રીતે જોડાયેલી છે. નવવધૂની ઓઢણી હોય કે કોઈ શુભ પ્રસંગનો પરંપરાગત પહેરવેશ, બાંધણીનો વિશેષ ઉપયોગ થતો રહ્યો છે. તે જ રીતે લહેરિયા રાજસ્થાનની આગવી ઓળખ બની ગઈ છે. વરસાદી ઋતુ, તહેવારો અને રાજસ્થાની લોકજીવન સાથે લહેરિયાનું વિશેષ જોડાણ છે. તરંગાકાર આકારો ધરાવતી આ રંગાઈ પદ્ધતિ રાજસ્થાનના લોકોની કલાત્મક દૃષ્ટિ અને પ્રકૃતિપ્રેમનું પ્રતિબિંબ છે. વિવિધ રંગોના સુંદર સમન્વયથી તૈયાર થતી લહેરિયા ઓઢણીઓ અને સાફાઓ આજે પણ રાજસ્થાનની સાંસ્કૃતિક ઓળખનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. ખાદીની પરંપરાએ રાજસ્થાનમાં માત્ર વસ્ત્ર ઉત્પાદન જ નહીં, પરંતુ સ્વાવલંબન અને સ્વાભિમાનની ભાવનાને પણ મજબૂત બનાવી છે. સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન ખાદી રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બની હતી. અનેક ગામોમાં આજે પણ ખાદી પ્રત્યે વિશેષ આદરભાવ જોવા મળે છે. ખાદીનું ઉત્પાદન માત્ર રોજગાર પૂરું પાડતું નહોતું, પરંતુ ગ્રામ્ય સમાજને આત્મનિર્ભર બનાવવાનું કાર્ય પણ કરતું હતું. રાજસ્થાનના શીતપ્રદેશો અને પશુપાલન આધારિત વિસ્તારોમાં ઊની વસ્ત્રોની પરંપરાનું વિશેષ મહત્વ રહ્યું છે. ધાબળા, કામળા, ઊની શાલો અને અન્ય પરંપરાગત વસ્ત્રો ગ્રામ્ય જીવનનો અભિન્ન ભાગ રહ્યા છે. ખાસ કરીને રણપ્રદેશ અને પશુપાલક સમુદાયોમાં ઊની વસ્ત્રો જીવનની જરૂરિયાત પણ હતી અને પરંપરાની ઓળખ પણ. આ તમામ પરંપરાઓ માત્ર કાપડ નિર્માણની પદ્ધતિઓ નથી; તેઓ રાજસ્થાનની સાંસ્કૃતિક સ્મૃતિ, લોકજીવન અને સામાજિક અસ્મિતાના જીવંત પ્રતીકો છે.

મહિલાઓની ભૂમિકા, રાજસ્થાનની વણાટ પરંપરાનો અભ્યાસ કરતાં એક મહત્ત્વપૂર્ણ સત્ય સ્પષ્ટ થાય છે કે આ સમગ્ર પરંપરાને જીવંત રાખવામાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહી છે. ઘણી વખત ઇતિહાસમાં કરઘા પર બેઠેલા પુરુષ વણકરોનો ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ વાસ્તવમાં વસ્ત્ર નિર્માણની સમગ્ર પ્રક્રિયા પાછળ મહિલાઓનું અદભૂત યોગદાન રહેલું છે.

ઘરગથ્થુ સ્તરે સૂત તૈયાર કરવું, ધાગા ગૂંથવા, રંગાઈ માટેની તૈયારીઓ કરવી, બાંધણી માટે ગાંઠો બાંધવી, વણાટ માટે જરૂરી સામગ્રી ગોઠવવી અને તૈયાર થયેલા વસ્ત્રોની સંભાળ રાખવી. આ બધાં કાર્યોમાં મહિલાઓ સક્રિય રીતે જોડાયેલી રહેતી હતી મારી રાજસ્થાન યાત્રા દરમિયાન અનેક વડીલ મહિલાઓ સાથે થયેલી ચર્ચાઓમાં જાણવા મળ્યું કે અગાઉના સમયમાં આખો પરિવાર વસ્ત્ર ઉત્પાદન સાથે જોડાયેલો રહેતો. પુરુષો કરઘા પર વણાટ કરતા, જ્યારે મહિલાઓ તેની પાછળની તમામ તૈયારીઓ સંભાળતી. ઘણી વખત તેમની મહેનત દૃશ્યમાન નહોતી હોતી, પરંતુ તેમના વગર ઉત્પાદન પ્રક્રિયા પૂર્ણ થઈ શકે તેમ નહોતી. લહેરિયા જેવી કલાઓમાં તો મહિલાઓની કુશળતા વિશેષ રીતે જોવા મળે છે. હજારો નાનાં ગાંઠો બાંધીને સુંદર ડિઝાઇન તૈયાર કરવી અત્યંત ધીરજ અને કૌશલ્યનું કાર્ય છે. આ કલા એ રાજસ્થાનની મહિલાઓને માત્ર સર્જનાત્મક અભિવ્યક્તિ જ આપી નથી, પરંતુ અનેક પરિવારોની આજીવિકાનો આધાર પણ પૂરું પાડ્યો છે. મહિલાઓ માત્ર ઉત્પાદક જ નહોતી, પરંતુ લોક સંસ્કૃતિની સંરક્ષક પણ હતી. રાજસ્થાનની વણાટ પરંપરાની ગાથા મહિલાઓના યોગદાન વિના અધૂરી છે. તેમણે પોતાના પરિશ્રમ, ધીરજ અને સર્જનાત્મકતાથી આ પરંપરાને પેઢી દર પેઢી જીવંત રાખી છે.

રાજસ્થાનના ગ્રામ્ય જીવનમાં વણાટનું સ્થાન, રાજસ્થાનના ગ્રામ્ય સમાજમાં વણાટ માત્ર એક વ્યવસાય નહોતો; તે જીવનનો અભિન્ન ભાગ હતો. અનેક ગામોમાં વણકરો સ્થાનિક અર્થવ્યવસ્થાના મહત્ત્વપૂર્ણ સ્તંભ હતા. ખેડૂતો જેમ અનાજનું ઉત્પાદન કરતા, તેમ વણકરો સમાજની વસ્ત્ર જરૂરિયાતોને પૂર્ણ કરતા. ગામડાંઓમાં કરઘાની ટક - ટક રોજિંદા જીવનનો પરિચિત અવાજ હતો. ઘણીવાર ઘરના એક ખૂણામાં કરઘો ગોઠવાયેલો રહેતો અને આખો પરિવાર તેની આસપાસ પોતાની ભૂમિકા નિભાવતો. આ રીતે વણાટ માત્ર ઉત્પાદન પ્રક્રિયા નહોતી, પરંતુ સામૂહિક જીવનની એક પરંપરા હતી. દરેક સમુદાય, દરેક વિસ્તાર અને દરેક પ્રસંગ સાથે જોડાયેલા વિશિષ્ટ વસ્ત્રો હોય, જેના નિર્માણમાં સ્થાનિક વણકરોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેતી. રાજસ્થાનના ઘણા ગામોમાં વણાટ અને પશુપાલન, વણાટ અને કૃષિ અથવા વણાટ અને સ્થાનિક વેપાર વચ્ચે ગાઢ સંબંધ જોવા મળતો

હતો. લોકો એકબીજા પર આધારિત જીવન જીવતા હતા. વણકરો, રંગરેજો, પશુપાલકો, વેપારીઓ અને ખેડૂતો મળીને ગ્રામ્ય અર્થવ્યવસ્થાનું એક સશક્ત જાળું રચતા હતા. સમયની સાથે આ પરંપરાગત વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું છે, પરંતુ આજે પણ રાજસ્થાનના અનેક ગામોમાં વણાટની પરંપરા જીવંત છે. બદલાતા સમય અને બજારની સ્પર્ધા છતાં અનેક પરિવારો પોતાના પૂર્વજોની કલા ને જાળવી રાખવા માટે પ્રયત્નશીલ છે.

બિલાવાસના કરઘાનો જીવંત અનુભવ, રાજસ્થાનની મારી સંશોધનયાત્રા દરમિયાન અનેક સ્થળોની મુલાકાત લેવાનો અવસર મળ્યો, પરંતુ બિલાવાસ ગામનો અનુભવ મારા માટે વિશેષ સ્મરણિય અને ભાવનાત્મક રહ્યો. આ ગામની મુલાકાત માત્ર એક સંશોધક તરીકેનો અભ્યાસ નહોતી, પરંતુ ભારતીય વણકર સમાજની જીવંત પરંપરા સાથેનો આત્મીય સંવાદ હતો.



બિલાવાસ ગામમાં પ્રવેશતાં જ મને એવું અનુભવાયું કે જાણે સમય અહીં થોડી ક્ષણો માટે થંભી ગયો હોય. આધુનિકતાની ઝડપી દોડ વચ્ચે પણ અહીં પરંપરાનું સ્પંદન સ્પષ્ટ રીતે અનુભવાતું હતું. ગામના સાંકડા રસ્તાઓ, સાદગીભર્યું ગ્રામ્ય જીવન અને ઘરોમાંથી આવતી કરઘાની ધીમી ટક - ટક એક અલગ જ વાતાવરણ સર્જી રહ્યા હતા. અહીં મને એક પરંપરાગત હસ્તકરઘાને નજીકથી જોવાનો અવસર મળ્યો. વર્ષો જૂનો તે કરઘો માત્ર લાકડું, લોખંડ અને દોરડાંઓનું સંયોજન નહોતો. તે અનેક પેઢીઓના શ્રમ, સંઘર્ષ, અનુભવ અને સંસ્કૃતિનો જીવંત સાક્ષી હતો. તેની સામે ઊભો રહીને મને વારંવાર એવું લાગતું હતું કે આ કરઘાએ કેટલાંય ઋતુઓ, કેટલાંય પરિવર્તનો અને કેટલાંય માનવીય સંઘર્ષોને પોતાની આંખે જોયા હશે. જ્યારે એક વડીલ વણકર કરઘા પર બેસીને વણાટ કરી રહ્યા હતા, ત્યારે મેં લાંબા સમય સુધી તેમની કાર્યપદ્ધતિનું અવલોકન કર્યું. તેમના હાથોની ગતિમાં અદભૂત લય હતી. કોઈ ઉતાવળ નહોતી, કોઈ અશાંતિ નહોતી. દરેક ધાગો જાણે ખૂબ જ સાવધાની અને શ્રદ્ધા સાથે પોતાની યોગ્ય જગ્યાએ ગોઠવાઈ રહ્યો હતો.

તે ક્ષણે મને સમજાયું કે વણાટ માત્ર એક કૌશલ્ય નથી.

તે એક સાધના છે.

તે એક ધીરજભરી પ્રક્રિયા છે.

તે જીવનને સમજવાની એક રીત છે.

વણકર જ્યારે કરઘા પર બેસે છે ત્યારે તે માત્ર કાપડ નથી બનાવતો. તે પોતાની પરંપરા, પોતાના પૂર્વજોની સ્મૃતિઓ અને પોતાના સમાજની ઓળખને આગળ ધપાવે છે. બિલાવાસના અનેક પરિવારો સાથે થયેલા સંવાદોમાંથી જાણવા મળ્યું કે આજે પણ ઘણા ઘરોમાં કરઘા માત્ર રોજગારનું સાધન નથી. તે પરિવારની ઓળખ અને ગૌરવનું પ્રતીક છે. કેટલાક પરિવારો પાસે એવા કરઘાઓ છે જે તેમના દાદા અને પરદાદાના સમયથી ચાલતા આવ્યા છે. આ કરઘાઓ તેમની માટે માત્ર સાધન નથી, પરંતુ પારિવારિક વારસો છે.

એક વડીલ વણકરે મારી સાથે વાત કરતાં કહ્યું:

"કરઘો અમારો વ્યવસાય નથી, કરઘો અમારું જીવન છે. જ્યારે કરઘો ચાલે છે ત્યારે એવું લાગે છે કે આપણા પૂર્વજો હજુ પણ આપણી સાથે છે."

તેમના આ શબ્દોએ મને ખૂબ જ સ્પર્શ્યો. કારણ કે તેમાં માત્ર એક વ્યક્તિની લાગણી નહોતી, પરંતુ સમગ્ર વણકર સમાજની સંવેદના સમાયેલી હતી. બિલાવાસમાં વિતાવેલો સમય મારા માટે માત્ર અભ્યાસનો વિષય નહોતો. તે ભારતના શ્રમશીલ સમાજની આત્મા સાથેનો એક જીવંત પરિચય હતો. અહીં મેં અનુભવ્યું કે ઇતિહાસ માત્ર પુસ્તકોમાં જ નથી મળતો; તે કરઘાની ટક-ટકમાં પણ સાંભળવા મળે છે.

બિલાવાસના કરઘાઓએ મને શીખવ્યું કે પરંપરાઓ માત્ર સ્મૃતિઓથી જીવતી નથી. તેઓ એવા લોકોના પરિશ્રમથી જીવંત રહે છે, જેઓ બદલાતા સમય વચ્ચે પણ પોતાના વારસાને જાળવી રાખે છે. આ ગામ છોડતી વખતે મારા મનમાં એક જ વિચાર વારંવાર આવી રહ્યો હતો કે કદાચ ભારતની વાસ્તવિક શક્તિ મોટા શહેરોમાં નહીં, પરંતુ આવા જ ગામોમાં વસે છે, જ્યાં લોકો હજુ પણ પોતાના શ્રમને સન્માન આપે છે અને પોતાના પૂર્વજોના વારસાને ગૌરવ સાથે જીવંત રાખે છે.

વણકર સમાજનો સ્વાભિમાન, ભારતીય વણકર સમાજનો ઇતિહાસ વાંચતાં અને દેશના વિવિધ વિસ્તારોમાં વસતા વણકર પરિવારો સાથે સંવાદ કરતાં મને વારંવાર એક વાત ખૂબ સ્પષ્ટ રીતે અનુભવાઈ છે કે વણકરોનો સૌથી મોટો વારસો માત્ર તેમનું કૌશલ્ય નથી, પરંતુ તેમનો સ્વાભિમાન છે. સદીઓથી વણકર સમાજે પોતાના શ્રમ દ્વારા ભારતની આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક રચનામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે એવા વસ્ત્રોનું નિર્માણ કર્યું કે જેઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ થયા. તેમણે રાજમહેલોથી લઈને સામાન્ય લોકો સુધી સૌની જરૂરિયાતો પૂર્ણ કરી. તેમણે દેશની સમૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

પરંતુ ઇતિહાસના અનેક પડાવોએ તેમને પડકારો પણ આપ્યા.

ઔપનિવેશિક શોષણ આવ્યું.

મશીન યુગ આવ્યો.

આર્થિક સંકટો આવ્યા.

બજારની સ્પર્ધા વધી.

પરંતુ આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે પણ વણકર સમાજે પોતાના સ્વાભિમાનને જીવંત રાખ્યો. મારા પ્રવાસ દરમિયાન મળેલા અનેક વણકરોની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. ઘણા પરિવારો મર્યાદિત સાધનોમાં જીવન વિતાવી રહ્યા હતા. છતાં તેમની વાતોમાં ક્યાંય નિર્બલભાવ જોવા મળતો નહોતો. તેઓ ગર્વપૂર્વક કહેતા હતા કે અમે વણકર છીએ, અને આ અમારી ઓળખ છે.

આ આત્મગૌરવ જ તેમની સૌથી મોટી શક્તિ છે.

એક વડીલ કારીગરે મને કહ્યું:

"અમે ભલે ધનિક ન હોઈએ, પણ અમારા હાથ ખાલી નથી. આ હાથોએ આખી જિંદગી સર્જન કર્યું છે."

આ શબ્દોમાં વણકર સમાજના સ્વાભિમાનનું સંપૂર્ણ દર્શન થઈ જાય છે.

વણકરો માટે કરઘો માત્ર રોજગાર નથી.

તે તેમની માત્ર ઓળખ નથી.

તે તેમની સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ છે.

તે તેમની અસ્મિતાનો આધાર છે.

તે તેમના પૂર્વજોના પરિશ્રમ, કૌશલ્ય અને સંઘર્ષની અમૂલ્ય સ્મૃતિ છે.

તે પેઢી દર પેઢી સચવાતી આવેલી પરંપરાનો વારસો છે.

તે તેમના અસ્તિત્વની અનુભૂતિ છે.

અને સૌથી મહત્ત્વની વાત એ છે કે,

તે તેમના સ્વાભિમાન, આત્મગૌરવ અને જીવનમૂલ્યોનું જીવંત પ્રતીક છે. વણકર સમાજનો આ સ્વાભિમાન જ તેમને સદીઓ સુધી જીવંત રાખી શક્યો છે.

પરિસ્થિતિઓ બદલાતી રહી, પરંતુ તેમણે પોતાની કલા, પોતાની પરંપરા અને પોતાના શ્રમના ગૌરવને ક્યારેય સંપૂર્ણપણે છોડ્યું નથી.

મારા મત મુજબ, વણકર સમાજની સૌથી મોટી સંપત્તિ તેમના કરઘા નથી, તેમના ઉત્પાદનો નથી, પરંતુ તેમનો સ્વાભિમાન છે. કારણ કે જ્યાં સુધી આ સ્વાભિમાન જીવંત રહેશે, ત્યાં સુધી તેમની પરંપરા પણ જીવંત રહેશે. અને કદાચ આ જ કારણ છે કે આજે પણ જ્યારે કોઈ કરઘાની ટક-ટક સંભળાય છે, ત્યારે તેમાં માત્ર ઉત્પાદનનો અવાજ નથી આવતો; તેમાં શ્રમનું ગૌરવ, પરંપરાનું સન્માન અને સ્વાભિમાનની અવિનાશી ધ્વનિ પણ સંભળાય છે.

નવી પેઢી અને બદલાતો સમય, સમય ક્યારેય સ્થિર રહેતો નથી. સમાજ, અર્થવ્યવસ્થા, ટેક્નોલોજી અને માનવીય જરૂરિયાતો સતત બદલાતી રહે છે. રાજસ્થાનના વણકર સમાજે પણ આ પરિવર્તનોને નજીકથી અનુભવ્યા છે. એક સમય હતો જ્યારે કરઘાની ટક-ટક ગામડાંઓના જીવનનો અભિન્ન ભાગ હતી. બાળકો બાળપણથી જ વણાટની કલા શીખતા, યુવાનો પરિવારના વ્યવસાયમાં જોડાતા અને પેઢી દર પેઢી પરંપરાનું સંક્રમણ થતું રહેતું. પરંતુ આધુનિક યુગે આ પરંપરાગત વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. શિક્ષણના વ્યાપ, શહેરીકરણ, નવી રોજગારીની તકો અને ટેક્નોલોજીના વિકાસના કારણે નવી પેઢીના વિચારો અને જીવનલક્ષ્યોમાં પરિવર્તન આવ્યું છે. આજે અનેક યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે, સરકારી તથા ખાનગી ક્ષેત્રોમાં કારકિર્દી બનાવી રહ્યા છે અને નવા વ્યવસાયિક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે. આ પરિવર્તન સ્વાભાવિક અને સમયની માંગ અનુસાર છે. પરંતુ તેની સાથે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પણ ઊભો થયો છે, જો નવી પેઢી પરંપરાગત વણાટથી દૂર થઈ જશે, તો સદીઓથી સંચિત આ જ્ઞાન, કૌશલ્ય અને સાંસ્કૃતિક વારસાનું શું થશે?

રાજસ્થાનના અનેક ગામોમાં થયેલા સંવાદ દરમિયાન વડીલ વણકરોએ આ ચિંતા વ્યક્ત કરી. તેઓ કહેતા હતા કે આજના યુવાનો કરઘા પર બેસવા કરતાં શહેરોમાં નોકરી કરવાનું વધુ પસંદ કરે છે. કારણ કે પરંપરાગત વણાટમાં મહેનત વધુ છે, આવક મર્યાદિત છે અને બજારની સ્પર્ધા સતત વધી રહી છે. પરંતુ આ સમગ્ર પરિસ્થિતિનું બીજું પાસું પણ છે. નવી પેઢી સંપૂર્ણપણે પરંપરાથી વિમુખ થઈ ગઈ છે

એવું માનવું યોગ્ય નથી. મેં કેટલાક એવા યુવાનોને પણ મળવાનો અવસર મેળવ્યો, જેઓ પોતાના પૂર્વજોની કલા ને નવી ટેક્નોલોજી સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક યુવાનો સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા પોતાના ઉત્પાદનોને નવા બજારો સુધી પહોંચાડી રહ્યા છે. કેટલાક ડિઝાઇન અને ફેશનના ક્ષેત્રમાં નવીનતા લાવી રહ્યા છે. કેટલાક પરંપરાગત વણાટને આધુનિક ગ્રાહકોની જરૂરિયાતો સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ યુવાનો પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સેતુ બની શકે છે.

તેઓ કરઘાની પરંપરાને માત્ર સ્મૃતિ તરીકે નહીં, પરંતુ ભવિષ્યની સંભાવના તરીકે જોઈ રહ્યા છે.

મને એવું લાગ્યું કે પડકારો હોવા છતાં આશા હજુ જીવંત છે. જો યોગ્ય માર્ગદર્શન, તાલીમ, બજાર અને પ્રોત્સાહન ઉપલબ્ધ થાય, તો નવી પેઢી આ પરંપરાને નવા સ્વરૂપે આગળ લઈ જઈ શકે છે. કોઈપણ પરંપરા ત્યારે જ જીવંત રહે છે, જ્યારે તે સમયની સાથે ચાલવાનું શીખે. રાજસ્થાનનો વણકર સમાજ આજે એ જ ઐતિહાસિક પડાવ પર ઊભો છે, જ્યાં તેને પોતાની મૂળ ઓળખ જાળવી રાખીને ભવિષ્ય તરફ આગળ વધવાનું છે.

રાજસ્થાનમાંથી મળેલા સંદેશ, રાજસ્થાનની આ સમગ્ર સંશોધનયાત્રા મારા માટે માત્ર માહિતી એકત્ર કરવાનો પ્રયત્ન નહોતી. તે એક એવી જીવનયાત્રા હતી, જેણે મને ભારતીય સમાજ, શ્રમ, સંસ્કૃતિ અને માનવીય ધૈર્ય વિશે અનેક મહત્ત્વપૂર્ણ પાઠ શીખવ્યા. સોજતના રંગોએ મને શીખવ્યું કે પરંપરા માત્ર ભૂતકાળ નથી; તે જીવનમાં રંગ ભરે છે.

બિલાવાસના કરઘાઓએ સમજાવ્યું કે વારસો માત્ર મિલકત નથી; તે પેઢીઓની સ્મૃતિ અને સ્વાભિમાન છે.

રેણવાલના લોકજીવનએ બતાવ્યું કે આધુનિકતા અને પરંપરા સાથે-સાથે ચાલી શકે છે.

અને આલૂદાએ મને સમજાવ્યું કે વણકર સમાજનો ઇતિહાસ માત્ર આર્થિક ઇતિહાસ નથી; તે રાષ્ટ્રચેતના, સ્વતંત્રતા અને સ્વાભિમાનનો ઇતિહાસ પણ છે.

આ યાત્રા દરમિયાન મેં જોયું કે વણકરોની પાસે ભલે વિશાળ સંપત્તિ ન હોય, પરંતુ તેમની પાસે અમૂલ્ય સાંસ્કૃતિક મૂડી છે. તેમની પાસે પેઢીઓથી સંચિત કૌશલ્ય છે. તેમની પાસે શ્રમ પ્રત્યેની નિષ્ઠા છે. તેમની પાસે સંઘર્ષ વચ્ચે પણ જીવંત રહેવાની શક્તિ છે. મને વારંવાર એવું લાગ્યું કે ભારતના વિકાસ વિશે ચર્ચા કરતી વખતે આપણે ઘણી વખત આ શ્રમશીલ સમાજને ભૂલી જઈએ છીએ. પરંતુ વાસ્તવિકતા એ છે કે ભારતની સંસ્કૃતિ અને આર્થિક ઇતિહાસના પાયા આવા જ કારીગરો, ખેડૂતો, વણકરો અને શ્રમિકોના પરિશ્રમ પર ઉભા છે.

રાજસ્થાને મને શીખવ્યું કે પરંપરા ત્યારે જ જીવંત રહે છે, જ્યારે તેને જીવતા લોકો જીવંત રાખે છે.

તે મને શીખવ્યું કે શ્રમ માત્ર આજીવિકા નથી; તે ગૌરવ છે.

તે મને શીખવ્યું કે કરઘો માત્ર ઉત્પાદનનું સાધન નથી; તે સંસ્કૃતિનો સંરક્ષક છે.

અને સૌથી મહત્ત્વપૂર્ણ વાતએ છે કે સમય બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે, પરંતુ જે સમાજ પોતાની ઓળખ અને સ્વાભિમાનને જાળવી રાખે છે, તેને કોઈ શક્તિ સંપૂર્ણપણે પરાજિત કરી શકતી નથી.

જ્યારે હું રાજસ્થાનની આ યાત્રાને યાદ કરું છું, ત્યારે મારા મનમાં કરઘાની ટક-ટક સાથે એક સંદેશ સતત ગુંજતો રહે છે, "સંસ્કૃતિને જીવંત રાખવી હોય તો તેના સર્જકોને જીવંત રાખવા પડશે."

રાજસ્થાનના વણકરોનો ઇતિહાસ આપણને યાદ અપાવે છે કે કોઈપણ રાષ્ટ્રની સાચી શક્તિ તેના સ્મારકોમાં નહીં, પરંતુ તેના શ્રમશીલ લોકોમાં વસે છે. અને જ્યાં સુધી કરઘાની ટક - ટક સંભળાતી રહેશે, ત્યાં સુધી ભારતની સંસ્કૃતિ, તેનું શ્રમગૌરવ અને તેનો સ્વાભિમાન પણ જીવંત રહેશે.

20 જેબરોલના સંઘર્ષરત કરઘાઓનો મૌન પુકાર



"અમારું જીવન કરઘા સાથે જોડાયેલું છે, પરંતુ જીવિકાનો આધાર આધાર નથી બનતો. અમને સહાયની નહીં, તકની જરૂર છે."

ઇતિહાસથી વર્તમાન સુધી

જેબરોલ ગામ અને આસપાસના વિસ્તારોમાં વણકર પરિવારો પેઠીઓથી કરઘા સાથે જીવન સંઘર્ષ કરી રહ્યા છે, પરંપરા, પરિશ્રમ અને કુશળતા હોવા છતાં આજે આ કરઘાઓ આર્થિક, સામાજિક અને નીતિગત પડકારોનો સામનો કરી રહ્યા છે.

જેબરોલ - એક નજરે

- જિલ્લા - મુરાણા, મધ્ય પ્રદેશ
- મુખ્ય વ્યવસાય – વણકામ
- વસ્તી - અંદાજે 1500+
- વણકર પરિવારો - અંદાજે 250+
- મુખ્ય ઉત્પાદનો – સાડી, દુપટ્ટા, કુશન, ટેબલ કવર, પરંપરાગત કપડાં
- પરંપરાગત કુશળતા - 100+ વર્ષ જુની

વર્તમાન પડકારો

- બાજારમાં યોગ્ય ભાવ ન મળવાથી આવક અનિશ્ચિત.
- કાચા માલના ભાવમાં વધારો અને સમયસર મળવામાં મુશ્કેલી.
- યુવાનોનો અન્ય રોજગાર તરફ વળાવ, કરઘા પ્રત્યે ઉદાસીનતા.
- સરકારી યોજનાઓની માહિતી, માર્ગદર્શન અને લાભનો અભાવ.

પેઠીઓથી ચાલતી કળા અમારી અમૂલ્ય સંપત્તિ.

તાત્કાલિક જરૂરિયાતો

- વણકર સહકારી સંસ્થા અને સમૂહ મજબૂતીકરણ
- સરળ ફાઈનાન્સ અને વ્યાજમુક્ત લોન
- ડિઝાઈન ડેવલપમેન્ટ અને તાલીમ
- ઉત્પાદનોના માર્કેટિંગ અને બ્રાંડિંગ માટે સહાય
- નીતિગત સહાય અને યોજનાઓનો સચોટ અમલ

અમારી પરંપરા, અમારી ઓળખ



- પેઠીઓથી ચાલતી કળા અમારી અમૂલ્ય સંપત્તિ.
- હસ્તકલા છે, મશીન નહીં.
- દરેક વણાટમાં સંસ્કૃતિ, કૌશલ્ય અને સમર્પણ.
- સ્થાનિક કુદરતી રંગો અને પરંપરાગત ડિઝાઈન.

વર્તમાન સ્થિતિ



- જુના કરઘાઓ અને આધુનિક સુવિધાનો અભાવ
- મર્યાદિત આવક, આર્થિક અસુરક્ષા
- મધ્યસ્થીઓમાં ફસાતા, યોગ્ય ભાવ નથી મળતો
- શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓનો અભાવ



આપે જોઈએ સહયોગ

- સરકાર, સંસ્થાઓ અને સમાજનો સહયોગ.
- વણકર ઉત્પાદનોને સ્થાનિકથી વૈશ્વિક બજાર સુધી પહોંચાડવાના પ્રયાસ.
- યુવાનોને કરઘા સાથે જોડવા પ્રોત્સાહન.
- ટકાઉ વિકાસ માટે વણકર સમાજનું સશક્તિકરણ.



અભ્યાસ પદ્ધતિ

- પ્રાથમિક માહિતી એકત્ર
- પરિવાર અને વણકરોના ઈન્ટરવ્યૂ
- સ્થળ મુલાકાત અને અવલોકન
- આર્થિક અને સામાજિક વિશ્લેષણ
- નીતિ અને યોજના અધ્યયન



"કરઘો માત્ર કપાસ નથી વેલતો, આપણું જીવન, આપણા સપનાં અને આપણા અસ્તિત્વને વણે છે."



અમારી ભલામણો

- વણાટગત કરવા માટે ઉત્પાદકોના સીધા પ્લેટફોર્મ.
- ડિઝાઈન, રંગ અને ગુણવતા માટે તાલીમ કેન્દ્ર.
- GI ટેગ અને ભૌગોલિક ઓળખાણ માટે પ્રયાસ
- હસ્તકલા પર્યટન ગામ તરીકે વિકાસ.
- વણકર બાળકો માટે શિષ્યવૃત્તિ અને શિક્ષણ સહાય.

પરંપરા અમારું ગૌરવ છે, કરઘો અમારી આજીવિકા છે, સહયોગ આપશો તો ભવિષ્ય ઉજળું બનશે.

૨૦. જેબરોલના સંઘર્ષરત કરઘાઓની મૌન પુકાર

ભારતીય વણકર સમાજની વર્તમાન સ્થિતિનો એક ક્ષેત્રિય અભ્યાસ

ભારતીય વણકર સમાજનો ઇતિહાસ માત્ર ભૂતકાળની ગૌરવગાથાઓ, ઔપનિવેશિક શોષણ અને સ્વાતંત્ર્ય સંગ્રામ સુધી મર્યાદિત નથી. ઇતિહાસનું સાચું મૂલ્ય ત્યારે સમજાય છે જ્યારે આપણે તેના વર્તમાન સ્વરૂપને પણ સમજવાનો પ્રયાસ કરીએ. એક સમય એવો હતો જ્યારે ભારતના કરઘાઓ વિશ્વની આર્થિક સમૃદ્ધિના પ્રતીક હતા; આજે તે જ કરઘાઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરતા જોવા મળે છે. આ જ હકીકતને નજીકથી સમજવા માટે મધ્યપ્રદેશના મોરેના જિલ્લાના સબલગઢ તાલુકામાં આવેલા જેબરોલ ગામની મુલાકાત લેવાનો અવસર મળ્યો. આ યાત્રા માત્ર એક ક્ષેત્રિય અભ્યાસ નહોતી; તે ભારતીય શ્રમ-સંસ્કૃતિના જીવંત વર્તમાન સાથેનો સાક્ષાત્કાર હતી.

જેબરોલ કોઈ મહાનગર નથી. તે આધુનિક વિકાસના ઝગમગતા નકશામાં વિશેષ સ્થાન ધરાવતું ગામ પણ નથી. પરંતુ ભારતીય હસ્તકરઘા પરંપરાના સંદર્ભમાં તેનું મહત્વ અસાધારણ છે. કારણ કે અહીં આજે પણ કરઘાઓની ટક-ટક માત્ર સાંભળવામાં આવતી નથી; તે જીવનની ધબકાર તરીકે અનુભવાય છે. ગામમાં પ્રવેશતાં જ મારા કાન સુધી જે પ્રથમ અવાજ પહોંચ્યો તે કોઈ વાહનનો નહોતો, કોઈ બજારનો નહોતો, કોઈ મશીનનો નહોતો. તે હતો કરઘાની નિયમિત અને લયબદ્ધ ટક-ટકનો અવાજ. આ જ અવાજે સદીઓ સુધી ભારતની આર્થિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક જીવનને આકાર આપ્યો હતો. ફરક માત્ર એટલો જ હતો કે ક્યારેક આ અવાજ સમૃદ્ધિનો પ્રતીક હતો, જ્યારે આજે તે અસ્તિત્વ માટેના સંઘર્ષનો સાક્ષી બની ગયો છે.

જીવંત પરંપરાના વારસદારો, જેબરોલ પહોંચ્યા પછી મને ગામના અનેક વણકર પરિવારો સાથે સમય વિતાવવાનો અને તેમની જીવનયાત્રાને નજીકથી સમજવાનો અવસર મળ્યો. શ્રી શિવચરણ મહાવર, શ્રી ઘૂલીલાલ મહાવર, શ્રી બંટી મહાવર, શ્રી રાજેશ મહાવર, શ્રી રાકેશ મહાવર, શ્રીમતી ફૂલવતી મહાવર, શ્રીમતી ગુડ્ડી મહાવર, શ્રીમતી રીના મહાવર, શ્રીમતી સીમા મહાવર

તથા શ્રી સુકપાલ મહાવર સહિત અનેક પરિવારોએ પોતાના જીવનના અનુભવો અને સંઘર્ષો મારી સાથે વહેંચ્યા.

તેમની સાથેની ચર્ચાઓ દરમિયાન મને સમજાયું કે અહીં વણાટ માત્ર વ્યવસાય નથી.

તે જીવનપદ્ધતિ છે.

તે સંસ્કૃતિ છે.

તે પૂર્વજોની યાદ છે.

તે પરિવારની ઓળખ છે.

અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે તે સ્વાભિમાનનો આધાર છે.

આખો પરિવાર એક કરઘા સાથે જોડાયેલો

જેબરોલના વણકર પરિવારોમાં ઉત્પાદન પ્રક્રિયા કોઈ એક વ્યક્તિનું કાર્ય નથી.

તે આખા પરિવારનું સામૂહિક યોગદાન છે.

પુરુષો કરઘા પર બેસીને વણાટ કરે છે.

મહિલાઓ સૂત તૈયાર કરે છે.

ધાગા ગોઠવે છે.

રંગાઈમાં સહભાગી બને છે.

ડિઝાઇન અને અન્ય સૂક્ષ્મ પ્રક્રિયાઓ પૂર્ણ કરે છે.

બાળકો પણ બાળપણથી જ આ વાતાવરણમાં ઉછરે છે અને અજાણતા જ આ પરંપરાના વારસદાર બની જાય છે.

આ રીતે વણાટ અહીં માત્ર ઉદ્યોગ નથી; તે એક પારિવારિક અને સામાજિક વ્યવસ્થા છે.

પરિશ્રમ સામે અત્યંત મર્યાદિત આવક, જેબરોલના અભ્યાસ દરમિયાન જે બાબતે મને સૌથી વધુ વ્યથિત કર્યો તે હતો આર્થિક વાસ્તવિકતાનો કડવો ચહેરો. ઘણા વણકરોએ જણાવ્યું કે આખો પરિવાર દિવસભર મહેનત કર્યા પછી પણ માત્ર ૨૦૦ થી ૩૦૦ રૂપિયાની આવક મેળવી શકે છે.

લગભગ દોઢ મીટર કાપડ તૈયાર કરવામાં છથી સાત કલાકનો સમય લાગે છે.

પરંતુ તેના બદલામાં મળતું વળતર શ્રમના મૂલ્યની સરખામણીમાં ખૂબ ઓછું છે.

આ માત્ર આર્થિક સમસ્યા નથી.

આ એક સામાજિક પ્રશ્ન છે.

આ એક નીતિગત પ્રશ્ન છે.

આ એ પ્રશ્ન છે કે શું આપણે આપણા કારીગરોના શ્રમને યોગ્ય સન્માન આપી શક્યા છીએ?

એક વડીલ વણકરની વાત

મારા અભ્યાસ દરમિયાન એક વડીલ વણકર સાથે થયેલી વાતચીત આજે પણ મારા મનમાં અંકિત છે.

મેં તેમને પૂછ્યું:

"આટલા સંઘર્ષ પછી પણ તમે આ કામ કેમ ચાલુ રાખ્યું છે?"

તેઓ થોડું સ્મિત કરીને બોલ્યા:

"આ માત્ર કામ નથી. આ અમારા બાપ-દાદાની નિશાની છે. કરઘો બંધ થઈ જાય તો લાગે છે કે ઘરની શ્વાસો અટકી ગઈ હોય."

આ શબ્દોમાં માત્ર એક વ્યક્તિની લાગણી નહોતી.

તે સમગ્ર ભારતીય વણકર સમાજની આત્માની અભિવ્યક્તિ હતી.

મહિલાઓ પરંપરાની અદૃશ્ય શક્તિ

જેબરોલના અભ્યાસ દરમિયાન એક મહત્ત્વપૂર્ણ સત્ય સ્પષ્ટ થયું કે હસ્તકરઘા ઉદ્યોગની વાસ્તવિક શક્તિ માત્ર કરઘાઓમાં નથી.

તે મહિલાઓના હાથોમાં પણ વસે છે.

ઘણા ઘરોમાં મહિલાઓ જ ઉત્પાદન પ્રક્રિયાનો મુખ્ય આધાર છે.

તેઓ સૂત ગોઠવે છે.

ધાગા તૈયાર કરે છે.

રંગોની પસંદગી કરે છે.

અને ઉત્પાદનની અનેક અગત્યની પ્રક્રિયાઓ પૂર્ણ કરે છે.

તેમનું યોગદાન ઘણીવાર અદૃશ્ય રહી જાય છે, પરંતુ તેમના વગર કરઘાની પરંપરા જીવંત રહી શકે તેમ નથી.

નવી પેઢી સામેનો પ્રશ્ન,

જેબરોલના યુવાનો સાથેની ચર્ચાઓ દરમિયાન એક નવી વાસ્તવિકતા સામે આવી.

નવી પેઢી શિક્ષિત થઈ રહી છે.

તે મોબાઇલ, ઇન્ટરનેટ અને આધુનિક જીવન સાથે જોડાઈ રહી છે.

તેમની સામે રોજગારની નવી તકો ઉપલબ્ધ છે.

પરિણામે પરંપરાગત વણાટ હંમેશા તેમને આકર્ષિત કરી શકતું નથી.

આ સ્થિતિ માત્ર જેબરોલ પૂરતી મર્યાદિત નથી.

આ સમગ્ર ભારતના હસ્તકરઘા ક્ષેત્રોની સામાન્ય સમસ્યા છે.

જો આવનારી પેઢી આ પરંપરાથી દૂર થઈ જશે, તો સદીઓથી સંચિત કૌશલ્ય અને લોકજ્ઞાનનું શું થશે?

પડકારો વચ્ચે નવી આશા,

જોકે પડકારો ગંભીર છે, છતાં આશા હજુ જીવંત છે.

કેટલાક યુવાનો સોશિયલ મીડિયા દ્વારા પોતાના ઉત્પાદનોનું પ્રચાર કરી રહ્યા છે.

કેટલાક ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા નવા બજારો શોધી રહ્યા છે.

કેટલાક ડિજિટલ ટેક્નોલોજીને પરંપરાગત વણાટ સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ પ્રયત્નો દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને બજાર ઉપલબ્ધ થાય તો હસ્તકરઘા ઉદ્યોગ આજે પણ નવી ઊર્જા મેળવી શકે છે.

જ્યારે હું જેબરોલ છોડીને પાછો ફરી રહ્યો હતો, ત્યારે સાંજ ધીમે ધીમે ગામ પર ઉતરી રહી હતી.

કરઘાઓની ટક-ટક હજુ પણ વાતાવરણમાં ગુંજી રહી હતી.

કેટલાક વડીલો પોતાના કાર્યમાં વ્યસ્ત હતા.

મહિલાઓ ધાગા ગોઠવી રહી હતી.

અને બાળકો એ જ કરઘાઓની આસપાસ રમતા હતા, જેમણે તેમની પેઢીઓના જીવનને આકાર આપ્યો હતો.

તે ક્ષણે મને લાગ્યું કે ઇતિહાસ ક્યારેય સમાપ્ત થતો નથી.

તે પેઢી દર પેઢી આગળ વધતો રહે છે.

ક્યારેક તે સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે પ્રગટ થાય છે.

ક્યારેક ખાદી આંદોલન તરીકે.

ક્યારેક સ્વદેશી ચેતના તરીકે.

અને ક્યારેક જેબરોલ જેવા ગામના સંઘર્ષરત વણકર પરિવારોના જીવનમાં.

જેબરોલની ગાથા માત્ર એક ગામની ગાથા નથી.

તે ભારતના લાખો જાણીતા અને અજાણ્યા વણકરોની ગાથા છે.

તે એવા લોકોની ગાથા છે જેમણે પોતાના શ્રમથી સંસ્કૃતિને જીવંત રાખી.

પોતાની કલાથી સભ્યતાને સમૃદ્ધ બનાવી.

અને કઠિન પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાના સ્વાભિમાનને જીવંત રાખ્યો.

''જેબરોલના કરઘાઓની ટક-ટક માત્ર ધાગાઓનો અવાજ નથી; તે એવા શ્રમશીલ હાથોની મૌન પુકાર છે, જેમણે ગરીબીમાં પણ પોતાની કલા, પરંપરા અને સ્વાભિમાનને જીવંત રાખ્યા છે.''

''જો કરઘાઓની આ ટક-ટક થંભી જશે, તો માત્ર એક કલા જ નહીં, પરંતુ ભારતની સાંસ્કૃતિક સ્મૃતિનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાય પણ મૌન થઈ જશે.''

''જેબરોલ આજે આપણને યાદ અપાવે છે કે ભારતની સાચી શક્તિ તેના મહેલોમાં નહીં, પરંતુ તેના શ્રમશીલ હાથોમાં વસે છે.''

વણાટની કલા
''ભારતીય વણકર ધાગા ગૂંથતો નહોતો;
તે સૌંદર્યને આકાર આપતો હતો.''
નાથુ સોસા

21

ભારતની સંસ્કૃતિના સૂત્રધાર
વણકર સમાજ



શ્રમ, સ્વાભિમાન અને સભ્યતાની અમર ગાથા



વણકર સમાજ માત્ર કાપડ બનાવતો નથી, તે તો ભારતીય સંસ્કૃતિ, પરંપરા, સૌંદર્ય, કળા અને માનવ સભ્યતાની અમૂલ્ય ધરોહરનું સર્જન કરતો આવ્યો છે.

> “જેના વિચારોમાં સંસ્કૃતિ, જેના હાથે સર્જન, તે વણકર રાષ્ટ્રના ગૌરવનું જીવંત વસ્ત્ર.”

વણકરનું અતિત - એક નજરે

- પ્રાચીન સિંધુ-સરસ્વતી સંસ્કૃતિથી વણાટ કળાના પુરાવા મળે છે.
- વેદોમાં વણકરો અને તેમના શિલ્પનો ઉલ્લેખ છે.
- મધ્યકાળથી ભારતના કાપડ વિશ્વભરમાં પ્રસિદ્ધ રહ્યા.
- મધ્યકાળમાં હસ્તકલા અને કરઘાનું સુવ્યવસ્થિત સુગઠિત ઉત્પાદન કેન્દ્રો ગામડાં સુધી ગયેલ.
- સ્વાતંત્ર્ય આંદોલનમાં ખાદી, હસ્તકલા અને સ્વદેશી વસ્ત્રોએ મહત્વની ભૂમિકા ભજવી.
- આજના આધુનિક યુગમાં પણ વણકર સમાજ આર્થિક અને સાંસ્કૃતિક રીતે મહત્વનો આધાર છે.

ભારતીય સંસ્કૃતિમાં વણકર સમાજનું યોગદાન



વસ્ત્ર દ્વારા સૌંદર્ય, શુદ્ધતા અને શિસ્ત



લોકકળાઓ, પરંપરા અને પ્રતિભાનું સંરક્ષણ



ધર્મ, ઉત્સવ અને વિધિમાં વસ્ત્રનું મહત્વ



સ્વદેશી, ખાદી અને રાષ્ટ્રીય ચેતનામાં ભૂમિકા



સ્થાનિક કાચા માલનો ઉપયોગ અને પર્યાવરણ સાથે સંતુલન



મહિલાઓની સક્રિય ભાગીદારી -ઘર અને હસ્તકલા બંને સંસ્કૃતિ



ભારતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક ઓળખના પ્રતિક

આજની મુખ્ય સમસ્યાઓ

- મિલ અને પાવરલૂમના સસ્તા કાપડથી સ્પર્ધા.
- કાચામાલના ભાવમાં વધારો.
- નવી પેઢીનો વણાટમાં ઘટતો રસ.
- વેચાણ અને માર્કેટિંગની મુશ્કેલી.
- વિત્ત અને સહાયની અપુરતી માહિતી.
- ડિઝાઈન અને ટેકનોલોજીનો અભાવ.

વણકર સમાજના પડકારો

- પારંપરિક અને યાંત્રિક ઉત્પાદનની સ્પર્ધા.
- કાચા માલના ભાવમાં વધારો.
- મધ્યસ્થીઓની શોષણ અને યોગ્ય ભાવનો અભાવ.
- નવયુવાનોનો વ્યવસાયથી દૂરાવ.
- સરકારી સહાય, માર્કેટિંગ અને ડિઝાઈનનો અભાવ
- સામાજિક સુરક્ષા અને આરોગ્ય સુવિધાનો અભાવ.

વણકર સમાજ - ભારતનો વિસ્તાર



- પંજાબ
- રાજસ્થાન
- ગુજરાત
- મહારાષ્ટ્ર
- કર્ણાટક
- ઉત્તર પ્રદેશ
- મધ્ય પ્રદેશ
- બિહાર
- તામિલનાડુ
- આંધ્ર પ્રદેશ
- ઓડિશા
- પશ્ચિમ બંગાળ

દરેક રાજ્યના વણકરો તેમની અનોખી કળા અને પરંપરાથી સમૃદ્ધ છે.

વણકરનો મૂળ આધાર

શ્રમ, કુશળતા અને ગૌરવ



સૌંદર્ય, ધીરજ, પરિશ્રમ અને પેઢીઓનો અનુભવ- આ બધાનો સંગમ છે વણકર સમાજ.

વિકાસ માટેના માર્ગ

- ડિઝાઈન, ટેકનોલોજી અને તાલીમ દ્વારા આધુનિકીકરણ.
- ટેગ, બ્રાન્ડિંગ અને ઈ-કોમર્સ દ્વારા પ્રોત્સાહન.
- સહકારી સંસ્થા, માર્કેટે લિંકસ અને ન્યાયી ભાવ.
- સરકારી યોજનાઓ અને નાણાકીય સહાય.
- શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સુરક્ષા સુવિધા
- યુવાનોને જોડવા માટે પ્રોત્સાહન અને નવીન પહેલ.

વણકર - સંસ્કૃતિના સર્જક

વણકર માત્ર કાપડ નથી વણતો, તે તો સંબંધો, સંસ્કૃતિ અને સ્વાભિમાનનું વસ્ત્ર પણ વણે છે.



તેના હાથે વણાયેલું વસ્ત્ર, ભારતની ઓળખ છે.

ભારતની વણાટ ધરોહર - ગૌરવના પ્રતિકો



પાટણ પટોળા | મોદેરા | સુરતદાર કોટેજ ઈન્ડસ્ટ્રી | વારાણસી બનારસી | ખંભાત કાંઠા | કચ્છ અજરખબાની | મહારાષ્ટ્ર પૈઠણી | કાંચીપુરમ સિલ્ક

આવતીકાલની સંભાવનાઓ



પર્યાવરણ મિત્ર ઉત્પાદન | વિશ્વ બજારમાં વિસ્તરણ | ઈ-કોમર્સ અને ડિજિટલ માર્કેટિંગ | નવી ડિઝાઈન અને નવોચાર | પ્રશિક્ષણ અને સંશોધન | સહકારી મોડલથી વિકાસ

વણકરને માન, દેશનું ગૌરવ



વણકરને સન્માન આપીએ, તેની કળાને જાળવીએ અને ભારતની સંસ્કૃતિને ગૌરવવાન બનાવીએ.

શ્રમનું ગૌરવ • સ્વાભિમાનની ઓળખ • સભ્યતાની અમર ગાથા

વણકર સમાજ ભારતની સંસ્કૃતિનો આધારસ્તંભ છે.

૨૧. ભારતની સંસ્કૃતિના સૂત્રધારઃ વણકર સમાજ

શ્રમ, સ્વાભિમાન અને સભ્યતાની અમર ગાથા

માનવ સભ્યતાનો ઇતિહાસ જોવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે કોઈપણ સંસ્કૃતિનું નિર્માણ સમાજના શ્રમજીવી વર્ગો, કારીગરો, ખેડૂતો અને ઉત્પાદનકર્તા સમુદાયો રાષ્ટ્રના વાસ્તવિક નિર્માતા હોય છે. ભારતના સંદર્ભમાં જો કોઈ સમુદાયે પોતાની કલા, શ્રમ અને સર્જનશક્તિ દ્વારા દેશની આર્થિક સમૃદ્ધિ, સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક જીવનને ગહન રીતે પ્રભાવિત કર્યું હોય, તો તેમાં વણકર સમાજનું સ્થાન અત્યંત અગ્રણી છે.

ભારતીય વણકરો માત્ર કાપડ બનાવનારા કારીગરો નહોતા.

તેઓ સંસ્કૃતિના સર્જકો હતા.

તેઓ પરંપરાના સંરક્ષકો હતા.

તેઓ આત્મનિર્ભરતાના પ્રણેતા હતા.

અને તેઓ ભારતની શ્રમસંસ્કૃતિના જીવંત પ્રતિનિધિ હતા.

સિંધુ સંસ્કૃતિથી આધુનિક ભારત સુધી

ભારતની વણાટ પરંપરાનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે.

સિંધુ ખીણની સંસ્કૃતિમાં મળેલા પુરાતત્ત્વીય પુરાવાઓ દર્શાવે છે કે ભારતીય સમાજ પ્રાચીન કાળથી જ સૂત કાતવાની અને વસ્ત્ર નિર્માણ કરવાની કલામાં પારંગત હતો. લોથલ, ધોળાવીરા અને અન્ય પ્રાચીન વસાહતોમાંથી પ્રાપ્ત અવશેષો દર્શાવે છે કે વસ્ત્ર ઉત્પાદન માત્ર ઘરગથ્થુ પ્રવૃત્તિ નહોતું, પરંતુ એક વિકસિત આર્થિક વ્યવસ્થા પણ હતી. વૈદિક યુગ, બૌદ્ધ યુગ, મૌર્યકાળ, ગુપ્તકાળ અને મધ્યકાલીન સમયગાળા દરમિયાન ભારતીય વસ્ત્રો વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવતા હતા.

બંગાળની મલમલ,

ગુજરાતનું પટોળું,

બનારસનું રેશમ,

કાશ્મીરની પશ્મીના,

રાજસ્થાનની રંગકારી,

દક્ષિણ ભારતના સુતરાઉ વસ્ત્રો,

આ બધું ભારતીય વણકરોની સર્જનાત્મકતાનું જીવંત સાક્ષ્ય છે.

કરઘાઓએ રચેલી આર્થિક સમૃદ્ધિ,

એક સમય એવો હતો જ્યારે ભારત વિશ્વના સૌથી મોટા વસ્ત્ર ઉત્પાદક દેશોમાં ગણાતું હતું.

ભારતીય વસ્ત્રોની માંગઃ

અરબ દેશોમાં,

પર્શિયામાં,

મિસરમાં,

આફ્રિકામાં,

દક્ષિણ-પૂર્વ એશિયામાં,

અને યુરોપમાં પણ હતી.

સુરત, ખંભાત, મછલીપટ્ટનમ, કાલીકટ અને હૂગલી જેવા બંદરોમાંથી ભારતીય વસ્ત્રો વિશ્વના બજારો સુધી પહોંચતા હતા.

આ વૈશ્વિક વેપારના કેન્દ્રમાં ભારતીય વણકર સમાજ હતો.

તેમના શ્રમથી લાખો પરિવારોનું જીવન ચાલતું હતું.

તેમની કલા એ ભારતને આર્થિક સમૃદ્ધિ આપી હતી.

ઔપનિવેશિક શોષણ અને સંઘર્ષ,

ભારતીય વણકર સમાજની ગાથા માત્ર ગૌરવની ગાથા નથી.

તે સંઘર્ષની ગાથા પણ છે.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પછી ભારતના પરંપરાગત ઉદ્યોગો પર સંકટના વાદળો ઘેરાવા લાગ્યા.

દદની પ્રથા,

બાધ્યકારી કરારો,

અસમાન વેપાર નીતિઓ,

ઔદ્યોગિક ક્રાંતિ,

અને બ્રિટિશ મશીન નિર્મિત કાપડ,

આ બધાએ ભારતીય વણકરોના જીવન પર ગંભીર અસર કરી.

અસંખ્ય પરિવારો ગરીબીમાં ધકેલાયા.

ઘણા કરઘા મૌન બની ગયા.

અને એક સમયનો વિશ્વવિખ્યાત ઉદ્યોગ સંઘર્ષના માર્ગે આગળ વધ્યો.

તેમ છતાં ભારતીય વણકરોએ પોતાની કલા અને સ્વાભિમાનને સંપૂર્ણપણે મરવા દીધા નહીં.

મૌન પ્રતિરોધથી સ્વદેશી ચેતના સુધી

ભારતીય વણકરોનો સંઘર્ષ માત્ર આર્થિક નહોતો.

તે સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય સંઘર્ષ પણ હતો.

તેમણે ઉત્પાદન બંધ કરીને વિરોધ કર્યો.

તેમણે વેપારી અસહકાર કર્યો.

તેમણે પોતાના કરઘાઓને જીવંત રાખ્યા.

અને પોતાના શ્રમના ગૌરવનું રક્ષણ કર્યું.

આ જ ચેતના આગળ જતાં સ્વદેશી આંદોલન, ખાદી ચળવળ અને રાષ્ટ્રીય જાગરણનો આધાર બની. મહાત્મા ગાંધી જ્યારે ચરખાને સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રતીક બનાવે છે, ત્યારે તેની પાછળ ભારતીય વણકરોની સદીઓ જૂની પરંપરા અને સંઘર્ષ રહેલો હતો.

શ્રમની ગરિમા અને સામાજિક ન્યાય,

ડૉ. ભીમરાવ આંબેડકરે શ્રમના સન્માનને લોકશાહીનું મૂળ મૂલ્ય ગણાવ્યું હતું.

તેમના મત મુજબ ઉત્પાદનકર્તા સમાજને યોગ્ય સન્માન અને સમાન તક મળવી જોઈએ.

વણકર સમાજનો ઇતિહાસ આ વિચારને વધુ મજબૂત બનાવે છે.

કારણ કે વણકરો માત્ર ઉત્પાદન કરતા નથી.

તેઓ સમાજનું સાંસ્કૃતિક અને આર્થિક જીવન ઘડે છે.

તેઓ રાષ્ટ્રની સમૃદ્ધિનું સર્જન કરે છે.

અને તેઓ પોતાની કલા દ્વારા પેઢીઓ સુધી જ્ઞાન અને પરંપરાનું સંવર્ધન કરે છે.

સ્વતંત્ર ભારત અને નવી આશાઓ,

સ્વતંત્રતા પછી ભારતે વણકર સમાજના વિકાસ માટે અનેક પ્રયાસો કર્યા.

ખાદી અને ગ્રામોદ્યોગ,

હેન્ડલૂમ બોર્ડ,

સહકારી સંસ્થાઓ,

વણકર કલ્યાણ યોજનાઓ,

અને વિવિધ વિકાસ કાર્યક્રમોએ લાખો પરિવારોને નવી આશા આપી.

તેમ છતાં પડકારો સંપૂર્ણપણે સમાપ્ત થયા નથી.

મશીન યુગ,

પાવરલૂમ,

વૈશ્વિક સ્પર્ધા,

અને નવી પેઢીનું સ્થળાંતર,

આજે પણ વણકર સમાજ સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

બદલાતા સમયમાં નવી સંભાવનાઓ

સમય બદલાયો છે.

તેમણે માત્ર શરીરને ઢાંકવા માટે કપડાં બનાવ્યાં નથી.

તેમણે ભારતીય સભ્યતાને આકાર આપ્યો છે.

આ પુસ્તકનો હેતુ માત્ર વણકર સમાજના ઇતિહાસનું વર્ણન કરવાનો નથી.

તેનો હેતુ એ લાખો જાણીતા અને અજાણ્યા વણકરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો છે, જેમણે પોતાના શ્રમ, સંઘર્ષ અને સર્જનશક્તિ દ્વારા ભારતની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે.

જ્યારે પણ ભારતના ઇતિહાસની વાત થશે,

ત્યારે કરઘાઓની ટક-ટકને પણ યાદ કરવી પડશે.

જ્યારે પણ સ્વાતંત્ર્ય સંગ્રામની વાત થશે,

ત્યારે ખાદી અને વણકરોના યોગદાનને પણ યાદ કરવું પડશે.

જ્યારે પણ આત્મનિર્ભર ભારતની વાત થશે,

ત્યારે શ્રમના ગૌરવને પણ સ્વીકારવું પડશે.

કારણ કે,

ભારતની સંસ્કૃતિ માત્ર ગ્રંથોમાં જીવંત નથી.

તે કરઘાઓમાં જીવંત છે.

તે શ્રમમાં જીવંત છે.

તે વણકરોના હાથોમાં જીવંત છે.

અને જ્યાં સુધી કરઘાઓની ટક-ટક સંભળાતી રહેશે, ત્યાં સુધી ભારતની સંસ્કૃતિ, તેનું સ્વાભિમાન અને તેની સર્જનાત્મક આત્મા પણ જીવંત રહેશે.

"વણકરોએ માત્ર વસ્ત્રો નથી વણ્યા; તેમણે ભારતની સંસ્કૃતિ વણી છે, સ્વાભિમાન વણ્યો છે અને સભ્યતાની એક અમર ગાથા રચી છે."

"ભારતના ઇતિહાસના સાચા સૂત્રધાર તેઓ છે, જેમણે પોતાના શ્રમ દ્વારા રાષ્ટ્રને સમૃદ્ધ બનાવ્યું અને પોતાની કલા દ્વારા તેને ઓળખ આપી."

ધાગામાં સંસ્કૃતિ
"દરેક ભારતીય વસ્ત્રમાં માત્ર રંગ નથી;
એક સમગ્ર સંસ્કૃતિ જીવંત હોય છે."

કારીગરનું ગૌરવ
"કારીગરનું સૌથી મોટું પુરસ્કાર તેની કૃતિ છે, તેની પ્રસિદ્ધિ નહીં."
નાથુ સોસા

22 વિશ્વાસની વારસાગાથા

સોસા પરિવારની ૨૨૫ વર્ષની ઘીરઘાર પરંપરા અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો ઈતિહાસ





સોસા પરિવારની આ ગાથા માત્ર એક પરિવારની નથી, પણ મહેનત, ઈમાનદારી, પરસ્પર વિશ્વાસ અને સમાજ પ્રત્યેની જવાબદારીથી ઉઠેલી એક જીવનમૂલ્યોની પરંપરાની છે. સતત ૨૨૫ વર્ષથી જળવાયેલી આ ઘીરઘાર પરંપરાએ ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂત આધાર આપ્યો છે.

૨૨૫ વર્ષની અખંડ પરંપરાનો ગૌરવમય પ્રવાસ

અનુ. 1800



પૂર્વજ શ્રીયાણા સોસાજીના વ્યવસાયનો પ્રારંભ -ખેત-ઉપજ અને વસ્ત્ર વ્યવહાર.

1850-1900



પ્રામાણિકતા અને ગુણવત્તાથી વિસ્તરતો વ્યવહાર અને લોકોનો વિશ્વાસ.

1900-1930



વણાટ ઉદ્યોગ સાથે સંકલન, ગામમાં રોજગારી અને કૌશલ્યનો વિકાસ.

1930-1960



સામૂહિક સહકાર અને સદ્‌વ્યવહાર થી વેપારમાં સ્થિરતા અને વૃદ્ધિ.

1980-1990



આધુનિક વિચારોનો સ્વીકાર, નવો વ્યવસાય વિસ્તાર અને નવા બજારો સાથે જોડાણ.

1990-આજ સુધી



પરંપરા સાથે પ્રગતિ, ટેકનોલોજીનો ઉપયોગ અને વિશ્વાસની અડગ નેમ.

અમારા મક્કમ સિદ્ધાંતો

- પ્રામાણિક વ્યવહાર
- વચનનોનું માન, વિશ્વાસની કેળવણી
- ગ્રાહક અને સમાજ પ્રત્યે સમર્પણ
- ગુણવત્તા સાથે ક્યારેય સમજૂતી નહીં
- સહકાર, સહઅસ્તિત્વ અને માનવતા

અમારી પરંપરાની વિશેષતાઓ

- ૨૨૫ વર્ષથી અવિરત સેવાભાવ અને વ્યવહાર.
- ગામના લોકો માટે વિશ્વાસપાત્ર સહયોગી.
- વેપાર સાથે સમાજસેવાનું દાયિત્વ.
- સ્થાનિક કારાગરો અને વણકરોને સતત પ્રોત્સાહન.
- પરંપરા અને આધુનિકતાનો સુંદર સંતુલન.

ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં અમારું યોગદાન



વણકરોને રોજગાર અને કૌશલ્ય વિકાસ	સ્થાનિક કાચા માલનો ઉપયોગ અને પ્રોત્સાહન	ખેતી ઉપજ અને નાના ઉદ્યોગોને આધાર	ગ્રામના વિકાસ કાર્યોમાં સહયોગ	શિક્ષણ, આરોગ્ય અને સમાજ કલ્યાણમાં યોગદાન

પરિવારની પેઢી દર પેઢી પ્રતિજ્ઞા

અમે સોસા પરિવારની પેઢી દર પેઢી એક જ મંત્રે વિશ્વાસ, ઈમાનદારી અને સેવા સાથે આ પરંપરાને અગળ વધારવાનો સંકલ્પ કરીએ છીએ.

અમારા કાર્યક્ષેત્ર

વણાટ ઉદ્યોગ	કાપડ વેપાર	કૃષિ સહાય અને ઉપજ	ગોદામ અને વિતરણ	સમાજ સેવા અને વિકાસ

'વિશ્વાસ અમારી મૂડી છે, પ્રામાણિકતા અમારી ઓળખ છે, અને સેવા અમારી પરંપરા છે.'

૨૨૫ વર્ષની સફરમાં આપ સૌનો સાથ અમૂલ્ય છે. આભાર...!

- સોસા પરિવાર



અમારું ગૌરવ • અમારી પરંપરા • અમારી જવાબદારી • અમારા ગ્રામ્ય સમાજનું સમૃદ્ધ ભવિષ્ય

૨૨. વિશ્વાસની વારસાગાથા

સોસા પરિવારની ૨૨૫ વર્ષની ધીરધાર પરંપરા અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો ઇતિહાસ

ભારતીય વણકરો, કારીગરો અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાના ઇતિહાસનો અભ્યાસ કરતાં કરતાં મને એક એવી અનુભૂતિ થઈ, જેણે મારા સંશોધનને માત્ર ઇતિહાસના પાનાઓ સુધી મર્યાદિત રાખ્યો નહીં, પરંતુ મને મારા પોતાના પરિવારના ઇતિહાસ સુધી લઈ ગઈ.

આ પુસ્તક લખવાની પ્રક્રિયા દરમિયાન મને વારંવાર અનુભવ થયો કે ભારતીય સમાજની આર્થિક રચના માત્ર રાજકીય સત્તા, વેપાર કે ઉત્પાદન પર આધારિત નહોતી. તેની પાછળ વિશ્વાસ, પરસ્પર સહયોગ અને સામાજિક જવાબદારીનું પણ એક મજબૂત માળખું કાર્યરત હતું. આ જ સંદર્ભમાં મારા પોતાના સોસા પરિવારની લગભગ ૨૨૫ વર્ષ જૂની ધીરધાર પરંપરા સામે આવી.

હું આ પરિવારની નવમી પેઢીનો વારસદાર છું.

મારા માટે આ માત્ર પારિવારિક ગૌરવની વાત નથી; તે ગ્રામ્ય ભારતની વિશ્વાસ આધારિત અર્થવ્યવસ્થાનો એક જીવંત દસ્તાવેજ છે.

જ્યારે વિશ્વાસ જ બેંક હતી

આજે આપણે બેંકો, નાણાકીય સંસ્થાઓ, ડિજિટલ વ્યવહારો અને આધુનિક આર્થિક વ્યવસ્થાઓના યુગમાં જીવીએ છીએ.

પરંતુ બે સદી પહેલાંની પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ હતી.

તે સમયે ગામડાંઓમાં બેંકો નહોતી.

લોનની વ્યવસ્થા નહોતી.

નાણાકીય સંસ્થાઓનું જાળું નહોતું.

ત્યારે માણસ જ માણસની બેંક હતી.

વિશ્વાસ જ સૌથી મોટી મૂડી હતી.

અને વચન જ સૌથી મજબૂત કરાર હતો.

તે સમયગાળામાં સોસા પરિવાર ધીરધાર અને નાણાકીય સહયોગની એવી પરંપરા સાથે જોડાયેલો હતો, જે માત્ર વ્યવસાય નહીં, પરંતુ સામાજિક જવાબદારીનું કાર્ય પણ હતું.

જૂના સાંગાણાથી શરૂ થયેલી ગાથા,

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલું જૂના સાંગાણા ગામ મારા પૂર્વજોની કર્મભૂમિ રહ્યું છે. પરિવારની પરંપરાગત સ્મૃતિઓ, વડીલોની વાતો અને ઉપલબ્ધ દસ્તાવેજોમાંથી મળે છે કે સોસા પરિવારનો ધીરધાર વ્યવસાય માત્ર નાણાંકીય વ્યવહાર પૂરતો મર્યાદિત નહોતો.

તે લોકોની જરૂરિયાતના સમયે તેમની સાથે ઊભા રહેવાની પરંપરા હતી.

ખેડૂતોને સહાય કરવી.

નાના વેપારીઓને આધાર આપવો.

સ્થાનિક સમાજના આર્થિક જીવનને ગતિ આપવી.

અને વિશ્વાસને વ્યવહારનું કેન્દ્ર બનાવવું.

આ બધું આ પરંપરાનો અભિન્ન ભાગ હતું.

એક ફદિયાની ટિકિટ, ઈતિહાસનો જીવંત પુરાવો

મારા અભ્યાસ દરમિયાન કેટલાક ઐતિહાસિક દસ્તાવેજો અને જૂની ટિકિટો જોવા મળી.

ખાસ કરીને "એક ફદિયાની ટિકિટ" જેવા દસ્તાવેજો આજે પણ એ સમયની આર્થિક વ્યવસ્થાની સાક્ષી તરીકે ઉભા છે.

આ દસ્તાવેજો માત્ર નાણાકીય વ્યવહારના પુરાવા નથી.

તે એક યુગના સાક્ષી છે.

તે દર્શાવે છે કે ગામડાંઓની અર્થવ્યવસ્થા વિશ્વાસના પાયા પર ઉભી હતી.

જ્યાં લખાણ કરતાં વધુ મહત્વ માણસના શબ્દને હતું.

જ્યાં સંપત્તિ કરતાં વધુ મહત્વ પ્રતિષ્ઠાને હતું.

અને જ્યાં સંબંધો વ્યવહાર કરતાં મોટા હતા.

ધનથી મોટું હતું માનવતાનું મૂલ્ય

મારા પૂર્વજો માટે ધીરધારનો અર્થ માત્ર નાણાં આપવો નહોતો.

તે માનવતાનો ધર્મ હતો.

તે સમાજ પ્રત્યેની જવાબદારી હતી.

તે પરસ્પર સહઅસ્તિત્વની પરંપરા હતી.

તેમણે માત્ર મૂડી આપી નહોતી;

તેમણે આશા આપી હતી.

તેમણે માત્ર વ્યવહાર કર્યો નહોતો;

તેમણે વિશ્વાસનું સંવર્ધન કર્યું હતું.

તેમણે માત્ર ધન કમાયું નહોતું;

તેમણે માન - સન્માન કમાયું હતું.

નવમી પેઢી તરીકે મારી અનુભૂતિ

આજે જ્યારે હું આ પરિવારની નવમી પેઢીનો પ્રતિનિધિ તરીકે પાછળ વળી જોઉં છું, ત્યારે મને ગર્વ થાય છે કે મારા પૂર્વજોએ માત્ર પોતાના માટે જીવન જીવ્યું નહોતું.

તેમણે સમાજ માટે જીવવાની પરંપરા સ્થાપિત કરી હતી.

તેમણે સંપત્તિ કરતાં પ્રતિષ્ઠાને વધુ મહત્વ આપ્યું હતું.

તેમણે વ્યવસાય કરતાં વિશ્વાસને વધુ મૂલ્યવાન માન્યો હતો.

અને કદાચ એ જ કારણ છે કે બે સદીથી વધુ સમય પછી પણ તેમની સ્મૃતિ લોકોના હૃદયમાં જીવંત છે.

વણકરો, વેપારીઓ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો સંબંધ, ભારતીય વણકરોના ઇતિહાસનો અભ્યાસ કરતાં સમજાય છે કે ગ્રામ્ય અર્થવ્યવસ્થા એકબીજા સાથે જોડાયેલા અનેક તત્વો પર આધારિત હતી.

ખેડૂત ઉત્પાદન કરતો.

વણકર વસ્ત્ર બનાવતો.

કારીગર સાધનો તૈયાર કરતો.

વેપારી બજાર સુધી માલ પહોંચાડતો.

અને ધીરધાર કરનાર પરિવારો આ સમગ્ર વ્યવસ્થાને નાણાકીય આધાર પૂરો પાડતા.

આ રીતે સોસા પરિવારની પરંપરા પણ ભારતીય ગ્રામ્ય અર્થવ્યવસ્થાના વિશાળ માળખાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો હતી.

સમય બદલાયો છે.

ગામડાંઓ બદલાયા છે.

આર્થિક વ્યવસ્થાઓ બદલાઈ ગઈ છે.

પરંતુ કેટલાક મૂલ્યો એવા હોય છે, જે સમયની સીમાઓને પાર કરી જાય છે.

સોસા પરિવારની ૨૨૫ વર્ષની ધીરધાર પરંપરા મને વારંવાર યાદ અપાવે છે કે કોઈપણ સમાજની સાચી શક્તિ માત્ર તેની સંપત્તિમાં નથી હોતી.

તે તેના વિશ્વાસમાં હોય છે.

તે તેની માનવતામાં હોય છે.

તે તેના સંબંધોમાં હોય છે.

અને તે તેની સામાજિક જવાબદારીમાં હોય છે.

આજે હું આ પરિવારની નવમી પેઢીનો વારસદાર તરીકે ગૌરવપૂર્વક કહી શકું છું કે મારા પૂર્વજોએ માત્ર નાણાંકીય વ્યવહારનો વારસો જ નથી આપ્યો.

તેમણે વિશ્વાસનો વારસો આપ્યો છે.

તેમણે માનવતાનો વારસો આપ્યો છે.

તેમણે સમાજસેવાનો વારસો આપ્યો છે.

અને તેમણે એવી મૂલ્યપરંપરા આપી છે, જે કોઈપણ ભૌતિક સંપત્તિ કરતાં અનેકગણી મહાન છે.

"કેટલાક પરિવારો સંપત્તિનો વારસો છોડે છે, કેટલાક સત્તાનો વારસો છોડે છે; પરંતુ સોસા પરિવારે વિશ્વાસ, માનવતા અને સામાજિક જવાબદારીનો એવો વારસો છોડ્યો છે, જે પેઢી દર પેઢી જીવંત રહે છે."

નાથુ સોસા
નવમી પેઢીનો વારસદાર
લેખક • સંશોધક • સામાજિકચિંતક

ધાગાઓમાં ગૂંથાયેલું ભારત

હિમાલયથી હિંદ મહાસાગર સુધીની સાંસ્કૃતિક યાત્રા

વિશાળ હિમાલયની ગિરિમાળાઓથી લઈને
અનંત હિંદ મહાસાગરના કિનારા સુધી,
રંગબેરંગી ગુજરાતથી લઈને
સુરમય ગંગાસાગર સુધી,

મોહેંજો-દડો અને વેદૂણી રિષઓના સાક્ષી
એક અદૃશ્ય સૂત્ર સતત ગૂંથાતું રહ્યું છે,
જેમાં આપણા વૈવિધ્યસભર સ્વરૂપો
એકતાના બંધનમાં બંધાયેલા છે.

જામદાની અને જામયાવિની સગન ખૂબસૂરતી
કલા ની અદભુત અને જાદુઈ આકૃતિઓ,
એવી છે કે જેને જોઈ
કોઇ મંત્રમુગ્ધ ન થઈ જાય?

પાટણના પટોળાની દ્વિ-ઈકત વણાટ,
દરેક પેઢીના હૃદયને
ભાવવિભોર બનાવી દે છે.

પશ્મીનાની કોમળ ઊન
પોતાની મખમલી હૂંફથી
મન અને આત્માને સ્પર્શી જાય છે.


કુલ્લૂના શાલમાં અનહદ પર્વતીય ખીણોની સુગંધ વસે છે,
અને નાજુક સાડીઓમાં
આપણી સદીઓ જૂની સંસ્કૃતિ અને વારસો
સજીવન ધબકે છે.
જુઓ તો સાચું,

આ વસ્ત્રોના વિવિધ સ્વરૂપોમાં,
આ શાલો અને વણાટોમાં,
ભારતની સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ ઝળહળતું દેખાય છે.

• • •

"ભારતના કરઘાઓએ માત્ર વસ્ત્રો જ સજર્યા નથી; તેમણે હિમાલયથી સમુદ્ર સુધી, પ્રાચીન સભ્યતાઓથી આધુનિક ભારત સુધી અને વૈવિધ્યથી એકતા સુધીના સાંસ્કૃતિક સેતુઓનું નિર્માણ કર્યું છે."

-: નોંધ :-



“જ્યારે પણ ભારતના ઈતિહાસની વાત થશે,
ત્યારે કરઘાઓની ટક-ટકને પણ યાદ કરવી પડશે.
જ્યારે પણ સ્વાતંત્ર્ય સંગ્રામની વાત થશે,
ત્યારે ખાદી અને વણકરોના યોગદાનને પણ
યાદ કરવું પડશે. કારણ કે ભારતની આત્મા માત્ર
સતાના કેન્દ્રોમાં નહીં, પરંતુ શ્રમશીલ
હાથોમાં વસે છે.”

નાથુ સોસા

પુસ્તક વિશે

આ પુસ્તક ભારતીય વણકર સમાજના ઐતિહાસ, સંઘર્ષ, શોષણ, સ્વાભિમાન અને સ્વાતંત્ર્ય ચેતનાની ગાથા છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન વણકરો પર થયેલા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અત્યાચારનો દસ્તાવેજી અભ્યાસ આ પુસ્તકમાં પ્રસ્તુત કરાયો છે. સિંધુ સંસ્કૃતિથી લઈને આધુનિક ભારત સુધીની વણાટ પરંપરા, દઘની પ્રથા, ગોમાસ્તા તંત્ર, મશીન નિર્મિત કાપડની સ્પર્ધા, વણકરોનો મૌન પ્રતિરોધ, સ્વદેશી આંદોલન, ખાદી ચળવળ, ગાંધીજી અને આંબેડકરનું માર્ગદર્શન, સહકારી ચળવળ તથા સ્વતંત્ર ભારતની વિકાસયાત્રા સુધી આ પુસ્તકનો વ્યાપ વિસ્તૃત છે.



પરંપરા



સંઘર્ષ



સ્વાભિમાન



સર્જન

આ પુસ્તકમાં સમાવેશિત વિષયો

- સિંધુ સંસ્કૃતિથી વણાટ પરંપરા
- બ્રિટિશ શાસન અને શોષણનો કાળો ઈતિહાસ
- વણકરોનો મૌન પ્રતિરોધ અને સ્વદેશી ચળવળ
- ગાંધીજી, ખાદી અને સ્વાતંત્ર્ય સંગ્રામ
- ડૉ. આંબેડકર અને શ્રમનો સ્વાભિમાન
- ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બંગાળ ક્ષેત્ર અભ્યાસ
- “સ્વતંત્ર ભારત” : નિતિઓ અને વિકાસ
- બદલાતા સમયમાં વણકર સમાજ
- સંસ્કૃતિના સુત્રધાર તરીકે વણકર સમાજ

શ્રમ, સંસ્કૃતિ અને સ્વાભિમાનની આ ગાથા આપણને આપણા ઈતિહાસ સાથે ફરીથી જોડે છે.

ISBN 9348620010

₹ ૨૫૦/-

નાથુ સોસા
લેખક • સંશોધક
સામાજિકચિંતક